

—卐—સ્વ. તંત્રી : શેઠ દેવચંદ દામજી
—卐— તંત્રી : શેઠ ગુલાબચંદ દેવચંદ

# જૈન

વર્ષ : ૭૦] પર્યુષણ વિશેષાંક [અંક ૩૧-૩૨

જૈન
વીર સંવત : ૨૪૯૯ 卐 શ્રાવણ વદિ ૧૪
તા. ૨૪ ઓગસ્ટ, ૧૯૭૩, શુક્રવાર
વાર્ષિક લવાજમ રૂા. ૧૩-૦૦
વર્ષ : ૭૦ ☆ અંક : ૩૧-૩૨
સ્વ૦ તંત્રી: શેઠ દેવચંદ દામજી કુંડલાકર
તંત્રી: શેઠ ગુલાબચંદ દેવચંદ

# હૃદય અને બુદ્ધિના વિકાસમાં વિવેક સાચવીએ

દેહમાં દેહ માનવનો દેહ : અનેક શક્તિઓને ખીલવી જાણવાનું અને અસંખ્ય સિદ્ધિઓને પ્રગટાવવાનું વિલક્ષણ સાધન. એટલા માટે જ તો માનવદેહનો મહિમા બધા ધર્મસાધકો અને ધર્મશાસ્ત્રોએ સારી રીતે વર્ણવ્યો છે; એ દેહને અતિ દુર્લભ કહીને એનું મૂલ્ય આંકયું છે.

પણ આ શક્તિઓ અને સિદ્ધિઓ હમેશાં સુભગ, મંગલમય અને ઉન્નત જ હોય છે, એવો નિયમ નથી. એમાં તો જેમ કલ્યાણગામી ગુણવિભૂતિના વિકાસની શકયતા રહેલી છે, તેમ વિનાશકારી શક્તિઓને જ્વાળામુખીની જેમ, ભડકી ઊઠવાને પણ પૂરેપૂરો અવકાશ રહેલો છે.

આ રીતે જોતાં તો, માનવદેહ એ દેવાસુર સંગ્રામને માટે જાણે રણભૂમિની ગરજ સારે છે. દૈવી ગુણસંપત્તિ અને આસુરી-દુર્વૃત્તિઓ આ દેહ દ્વારા પ્રગટ થઈ શકે છે. આમાંથી શું કરવું એ માનવીના પોતાના હાથની વાત છે. જેવી નિષ્ઠા અને જેવો પુરુષાર્થ એવી સિદ્ધિ. ઘઉં તો એના એ જ હોય છે. આવડત હોય તો એનાં મીઠા મધુર ઘેબર બની શકે અને આવડત ન હોય તો એની બેસ્વાદ ઘેંશ પણ ન બને, એવી સાદી સમજની આ વાત છે.

પણ સાથે સાથે એ પણ ખરું કે, આ વાત સમજવામાં જેટલી સાદી, સરળ કે સહેલી છે, એટલી જ જીવનમાં ઉતારી જાણવી મુશ્કેલ છે. જીવનના નાના-મોટા બધા વ્યવહાર અને વર્તન સાથે ધર્મમયતા એકરૂપ બની જાય, અને ધર્મ એક દિશામાં ચાલે અને જીવન, ધર્મને ભૂલીને અને મનસ્વી બનીને, પોતાને મનગમતી દિશામાં દોડવા લાગે, એવી દુવિધાનો અંત આવે તો જ આ વાત કે વિચારનો બરાબર લાભ મળી શકે અને સંસારવૃદ્ધિની વૃત્તિને જાકારો અને મોક્ષની અભિલાષાને આવકાર મળે.

દૈવી ગુણસંપત્તિ માનવીને દેવ-પવિત્ર-પૂજ્ય બનાવે અને આસુરી વૃત્તિ માનવીને અસુર કે દાનવ જેવાં આચરણો તરફ દોરી જઈને એને અધોગતિના ઊંડા ખાડામાં નાખી દે. ટૂંકમાં, દૈવી-ગુણસંપત્તિ એટલે સદ્‌ગુણ અને આસુરીવૃત્તિ એટલે દુર્ગુણ. જૈન ધર્મની પરિભાષામાં કહેવું હોય તો આને અનુક્રમે આત્મભાવ અને પુદ્‌ગલભાવ કહી શકાય.

આ બન્ને ભાવો ખરી રીતે જીવમાત્ર સાથે જોડાયેલા છે; આમ છતાં માનવદેહમાં આ બન્ને ભાવોને રહેવા અને વિકસવાનો

વધારે અવકાશ છે માનવ ચાહે તો આત્મભાવના વિકાસની અંતિમ કોટીએ પહોંચી શકે છે, અને એ ઇચ્છે તો પુદ્ગલભાવના સામ્રાજ્યનો ચક્રવર્તી પણ બની શકે છે. માનવીને હૃદયરૂપે અને બુદ્ધિરૂપે મળેલી બે વિશિષ્ટ શક્તિઓ જ મુખ્યત્વે આ ભાવોની પુરસ્કર્તા, પ્રેરક કે નિમિત્ત બને છે.

આમ તો હૃદયશક્તિ અને બુદ્ધિશક્તિ બન્ને ચેતનાનાં જ રૂપો કે આવિર્ભાવો છે. છતાં એનાં પરિણામોમાં ઘણું મોટું અથવા તો પાયાનું કહી શકાય એવું અંતર છે; હૃદયશક્તિનો વિકાસ આત્મભાવના એટલે કે મુક્તિની ભાવનાના વિકાસનું નિમિત્ત બને છે; જ્યારે બુદ્ધિશક્તિનો વિકાસ પુદ્ગલભાવના અર્થાત્ સંસારભાવનાની અભિવૃદ્ધિનું કારણ બને છે. એટલે જીવનનો વિકાસ કરવાનો પ્રયત્ન અને પુરુષાર્થ કરતી વખતે હૃદય અને બુદ્ધિના વિકાસની બાબતમાં વિવેક અને જાગૃતિ રાખવાં જરૂરી બની જાય છે.

હૃદયની એટલે કે સદ્ગુણના આશ્રયસ્થાનની ઉપેક્ષા કરીને કેવળ બુદ્ધિના વિકાસ ઉપર જ ભાર આપવામાં આવે તો આજના વિજ્ઞાનની અવનવી અને અદ્ભુત શોધોએ માનવજાતને અનેક પ્રકારની સવલતો આપવા છતાં એનો સરવાળો છેવટે બાદબાકી રૂપે આવશે અને માનવી પોતે જ ઊભી કરેલી બાહ્ય સિદ્ધિઓની માયાજાળમાં ખતરનાખ રીતે અટવાઈ ગયા વગર નહીં રહે, એવું સ્પષ્ટ દેખાય છે. કદાચ એમ જ કહી શકાય કે માનવીએ વિવેક અને પ્રમાણ ભાન ભૂલીને વિકસાવેલ આ વિજ્ઞાન જ માનવતાનું ભક્ષણ કરીને માનવજાતના અકલ્યાણનું નિમિત્ત બની બેસશે.

વળી, જેઓ ધર્મશાસ્ત્રોના અધ્યયનમાં પણ સદ્ગુણ અને સત્યની શોધક સહૃદયતાને જાકારો આપીને માત્ર બુદ્ધિને જ પ્રાધાન્ય આપે છે, તેઓ કદાગ્રહ, કુતર્ક, વિતંડાવાદ, ખંડનમંડન અને મારું તે જ સાચું એવા એકાંગી વિચારમાં એવા તો અટવાઇ જાય છે કે જેથી સત્યને શોધીને આત્મભાવને જાગ્રત કરવાનું ધર્મ અને ધર્મશાસ્ત્રોની સાધનાનું પાયાનું ધ્યેય જ વીસરાઇ જાય છે. અને માનવી ન માલૂમ કેવી અધોગતિ તરફ પોતેય ખેંચાઈ જાય છે, અને ભોળા-ભદ્રિક જનસમૂહને પણ દોરી જાય છે. ધર્મ એના પ્રાણરૂપ સમતાનું રૂપ તજીને ઝનૂનનું રૂપ ધારણ કરે છે તે આને લીધે જ. તેથી હૃદયવિહોણી બુદ્ધિશક્તિની ખીલવણીને નરક રૂપ કે નરકની પ્રેરક જ સમજવી ઘટે. ખુદ ધર્મને નામે દુનિયાભરમાં ક્લેશો, કલહો અને કતલો થતાં રહે છે, તે આ કારણે જ તો પછી એને નરક ન કહીએ તો બીજું શું કહીએ ?

આ રીતે માનવદેહમાં પ્રગટતી પાશવીવૃત્તિથી ચેતી જઈને જ્યારે માનવી પોતાની હૃદયશક્તિ અને બુદ્ધિશક્તિના વિકાસમાં સમતુલા જાળવવાનો વિવેક દાખવે છે ત્યારે સ્થિતિ કંઇક જુદી જ સરજાય છે. અને તે પોતાને માટે સૌ કોઇને માટે આવકારદાયક અને કલ્યાણકર બની રહે છે. આમ થવાથી, હૃદયબળનો સાથ મળવાને લીધે, બુદ્ધિ ઉન્મત્ત અને વિનાશક બની જવાને બદલે, પાળેલ પશુની જેમ, વિધાયક અને શાણી બની જાય છે. આ સ્થિતિને સુખ-શાંતિભર્યા માનવલોક જેવી ગણવી જોઇએ. આ માટે પણ માનવીએ જાગ્રત રહેવાની જરૂર છે.

પણ આ સ્થિતિ કરતાં પણ વધારે ઉન્નત સ્થિતિ છે, અને તે બુદ્ધિ શક્તિ ઉપરનો વિશ્વાસ ઓછો કરીને હૃદયબળને વધારવા માટે બધી આંતરિક શક્તિઓ અને વૃત્તિઓને વધારે એકાગ્ર કરવી તે. આ પ્રક્રિયાનું અનુસરણ કરતાં કરતાં શરૂઆતમાં બુદ્ધિ હૃદયની પાછળ પાછળ ખેંચાયા કરે. પરિણામે જીવનમાંથી દુર્વૃત્તિઓને દેશવટો મળવા લાગે અને સદ્વૃત્તિઓને આવકાર મળે. રૂપકની પરિભાષામાં કહેવું હોય તો આ સ્થિતિને ધરતીના સ્વર્ગલોકની ઉપમા આપી શકાય.

અને આના કરતાં પણ ચડિયાતી છેલ્લી સ્થિતિ તે બુદ્ધિનું બળ જેમાં નામશેષ જેવું થઇ

## ધર્મવાણીની સરવાણી...........

✱ હે ધીર પુરુષ, આશા-તૃષ્ણા અને સ્વચ્છંદપણાનો તું ત્યાગ કર. તું પોતે જ આ કાંટાઓને અંતરમાં સંઘરી રાખીને દુઃખી થઈ રહ્યો છે.

✱ સત્યની સાધના કરનારો સાધક ચારે બાજુથી દુઃખોથી ઘેરાયેલો હોવા છતાં ગભરાતો નથી કે બેચેન બની જતો નથી.

✱ કોઈ પણ પ્રાણી, કોઈ પણ ભૂત, કોઈ પણ જીવ અને કોઈ પણ સત્ત્વને ન મારવો જોઈએ, ન એના ઉપર અનુચિત અધિકાર ચલાવવો જોઈએ, ન એને ગુલામોની જેવો પરાધીન બનાવવો જોઈએ, ન એને સંતાપવો જોઈએ કે ન એને કોઈ જાતનો ઉપદ્રવ કરવો જોઈએ. આવા પ્રકારના અહિંસાધર્મમાં કોઈ જાતનો દોષ નથી, એ ધ્યાનમાં રાખવું. ખરી રીતે અહિંસા આર્ય સિદ્ધાંત છે.

✱ જેવી રીતે અગ્નિ જૂના સૂકાં લાકડાંને શીઘ્ર બાળી નાખે છે, એ જ રીતે નિરંતર અપ્રમત્ત રહેવાવાળો આત્મનિષ્ઠ નિઃસ્પૃહ સાધક પોતાના કર્મોને થોડીક જ ક્ષણોમાં ક્ષીણ કરી નાખે છે.

✱ જેની કામનાઓ તીવ્ર હોય છે, તે મૃત્યુથી વીંટળાયેલો રહે છે; અને જે મૃત્યુથી વીંટળાયેલો હોય છે, તે શાશ્વત સુખથી દૂર રહે છે; પરંતુ જેની કામનાઓ દૂર થઈ ગઈ છે એ ન મૃત્યુથી ઘેરાય છે અને ન શાશ્વત સુખથી દૂર રહે છે.

—શ્રી આચારાંગસૂત્ર ( સૂક્તિત્રિવેણી )

જઈને કેવળ હૃદયબળ જ સર્વત્ર વિલસી રહે એ સ્થિતિ. હૃદયબળ કે હૃદયશક્તિનો આવો પરિપૂર્ણ વિકાસ એ જ આત્મભાવનો પરિપૂર્ણ વિકાસ કે આત્મપરિણતિનો વિજય સમજવો. આ સ્થિતિ એટલે વિશ્વરૂપતાની પ્રાપ્તિ. આ સ્થિતિ પ્રાપ્ત થતાં માનવી પોતાના આત્માની પૂર્ણ શુદ્ધિને પામે એટલે કે આત્મસાક્ષાત્કારના અપૂર્વ આહ્‌લાદનો અનુભવ કરી શકે; અને સમતા, અહિંસા અને મહાકરુણાની અલૌકિક ભાવનાના બળે વિશ્વના સમસ્ત જીવો સાથે મૈત્રી ભાવનાના દિવ્ય રસાયણથી એકરૂપ-સમરૂપ, બની જાય. આનું નામ જ નિર્વાણ, મુક્તિ કે મોક્ષ—પછી દેહ ટકે કે પડી જાય એમાં કોઈ વિશેષતા નથી રહેવા પામતી.

બુદ્ધિથી સર્જાતા ચમત્કારોના આકર્ષણથી મુક્ત થવું સહેલું નથી. સત્તા, સ્વાર્થ, સંપત્તિ, સુખોપભોગ અને કીર્તિની લાલસા એનાથી જ પોષાય છે; તો પછી એને દૂર કરવાનું કોને ગમે? પણ આ બધાની પ્રાપ્તિ થાય છે, તે બીજાના હિતના ભોગે જ. આ વૃત્તિ તો નરી પશુવૃત્તિની જ સૂચક છે. અને તેથી જ તે તજવા યોગ્ય છે.

હૃદયની વાત આનાથી સાવ જુદી અને અનોખી છે. પોતાના નિમિત્તે બીજાને લેશ પણ દુઃખ ન પહોંચે કે બીજાના હિતને હાનિ ન પહોંચે એની એ સતત ખબરદારી રાખે છે એટલું જ નહીં, વિશ્વના ભલા કાજે એ પોતાનું સમર્પણ કરવા સુદ્ધાં સજ્જ રહે છે. આ જ એનું દૈવીપણું કે અલૌકિકપણું.

આવા અલૌકિકપણાને પામવા પુરુષાર્થ કરવો એ જ માનવજીવનની સાચી સાર્થકતા છે. આ જ યોગસાધના કે આધ્યાત્મિક સાધના છે. ધર્મનો માર્ગ પણ એ જ છે.

# સહિષ્ણુતા અને સમતા કેળવીએ

જીવોનો સમૂહ એનું નામ જ વિશ્વ. અને જ્યાં વિવિધ શક્તિ, વિવિધ રુચિ ને વિવિધ વિકાસરેખા ધરાવતા અગણિત જીવો હોવાના ત્યાં સુખ દુઃખ, નિંદા–પ્રશંસા, હિંસા–અહિંસા, સાચ–જૂઠ, રાગ–દ્વેષ, મિત્રતા–શત્રુતા, સાધુતા–શઠતા જેવા કંઇ કંઇ પ્રકારનાં દ્વંદ્વો અને બીજા પણ જાત–ભાતના ગુણો અને અવગુણો રહેવાના. આવી બધી સારી–માઠી વૃત્તિઓ અને પ્રવૃત્તિઓનો સમુચ્ચય એનું નામ જ સંસાર. અને તેથી જ કોઇને સંસાર સાકર જેવો મીઠો અને સ્વર્ગસમો સુખકર લાગે છે તો કોઇને ઝેર જેવો અકારો અને નરક જેવો વેદનાભર્યો લાગે છે.

જ્યાં માત્ર એકનું જ અસ્તિત્વ હોય ત્યાં ન હિંસા–અહિંસાના, ન સત્ય–અસત્યના કે ન ચોર–શાહુકારના વિચારને અવકાશ રહે છે. કાયા જ ન હોય, ત્યાં પછી છાયા જન્મે જ ક્યાંથી–એવી આ વાત છે.

પણ જ્યારે એકથી વધુ વ્યક્તિઓના અસ્તિત્વની વાસ્તવિકતાથી કામ લેવાનું આવે છે, ત્યાં પરિસ્થિતિ સાવ બદલાઇ જાય છે. અને જેમ જેમ વ્યક્તિઓની સંખ્યામાં વધારો થતો જાય છે, તેમ તેમ એ વ્યક્તિઓ સુખ–શાંતિ અને સુમેળથી રહી શકે અને પોતાનો વ્યવહાર સરખી રીતે ચલાવી શકે એ માટે કંઇક નિયમો, કંઇક નિયમનો અને કંઇક વ્યવસ્થાઓ નક્કી કરવી પડે છે. સમાજવ્યવસ્થા, રાજસત્તા અને ધર્મસ્થાપના એ ત્રણેની પાછળનું પ્રેરક બળ આ જ છે. માનવી અથડામણથી અળગો રહીને એખલાસથી રહી શકે એ આ બધાની પાછળનો ઉમદા હેતુ છે.

ભગવાન ઋષભદેવના વખતનો જ જરાક વિચાર કરીએ. એ યુગમાં આપણી ભરતભૂમિમાં એક જ માનવીનો વાસ હતો એવું તો નહીં, પણ એ યુગ યુગલિક યુગ હતો, અને એ યુગની અસર એ યુગના યુગલિક માનવીઓ ઉપર એવી વિલક્ષણ કે વિચિત્ર હતી કે તે કાળનો માનવસમૂહ જાણે એક જ માનવી હોય એ રીતે, આવા બધાં દ્વંદ્વોથી પર હોય એવા પ્રકારનું એકધારું જીવન જીવતો હતો, અને ન કોઈ કોઇના ઉપર અધિકાર ભોગવતો કે ન કોઇને કોઈનાથી દબાવાપણું રહેતું. યુગલિયાઓનો એ સમૂહ ધર્મ–અધર્મ કે હિંસા–અહિંસાથી અજ્ઞાત હતો, એટલે એમને માટે કોઇ જાતની વ્યવસ્થા કરવાની જરૂર જ ન હતી.

પણ યુગમાં એવું મહાપરિવર્તન આવ્યું અને યુગલિકોના એ જગતમાં એવા અવનવા બનાવો બનવા માંડયા કે જેથી એમાં માનવસમૂહો નિરાંતથી રહી અને જીવી શકે એ માટે અનેક પ્રકારનાં નિયમો, નિયંત્રણો અને કંઇ કેટલા પ્રકારની વ્યવસ્થાઓ કરવી પડે—જાણે નવાયુગના મંડાણના એ કાળે માનવીએ નવી રીતે જીવવાનું અને પોતાના વ્યવહારને સાચવવાનું શીખવાની શરૂઆત કરી. ભગવાન ઋષભદેવ તે કાળે માનવસંસ્કૃતિના સ્થાપક લેખાયા અને સાચા અર્થમાં આદિનાથ તરીકે પૂજાયા. ધીમે ધીમે સમાજવ્યવસ્થા, રાજ્યવ્યવસ્થા અને ધર્મવ્યવસ્થા અસ્તિત્વમાં આવી.

પુરાતનકાલીન પરિસ્થિતિનું અને માનવસંસ્કૃતિના ઊગમકાળનું વર્ણન કરતા આ પૌરાણિક કથાનકના ભાવાત્મક તથ્ય ઉપર ભાર દેતાં આપણે એટલું જ સમજવાનું કે સમાજ, રાજ્ય અને ધર્મની સ્થાપના પાછળનો એક માત્ર હેતુ બળવાન તથા નિર્બળ એવા દરેક સ્તરના માનવીઓ અને માનવસમૂહો ન્યાય–નીતિ અને સુલેહ–શાંતિથી રહી શકે. આવી સુલેહ–શાંતિ અને ન્યાય–નીતિની સ્થાપનામાં ધર્મસંસ્થાએ તો સવિશેષ આગળ પડતો ભાગ ભજવવાનો હતો, એટલું જ નહીં, એણે માનવીના પરલોકની પણ કેટલીક ચિંતા કરવાની હતી.

સમાજ, રાજ્ય અને ધર્મ—એ ત્રણ વ્યવસ્થાની ઉપયોગિતા અને કામગીરીનું કંઈક આ રીતે નિરૂપણ કરી શકાય : બધા માનવીઓ અને જુદા જુદા માનવસમૂહો અંદરો અંદર સરખી રીતે રહી શકે અને "બળિયાના બે ભાગ" જેવો જંગલનો ન્યાય પોતાનો કારમો પંજો ફેરવતો અટકે એ માટે સમાજે કેટલાક વિધિનિષેધો–નિયમોનિયંત્રણો નક્કી કર્યા; અને એનું પાલન સૌએ સ્વેચ્છાથી છતાં નિષ્ઠાપૂર્વક કરવાનું ઠરાવવામાં આવ્યું. આમ છતાં કેટલાક માથાભારે માનવીઓ મનસ્વી રીતે વર્તન કરતાં ન અચકાતા. આવા બેફામ બનેલા માનવીઓને કાબૂમાં રાખવા માટે રાજ્યસત્તાની જરૂર જણાઈ અને એ રીતે એ અસ્તિત્વમાં આવી. આમ છતાં માનવી ન સમજ્યો અને રાજ્યસત્તાની ઉપેક્ષા કરીને પણ પોતાની સ્વાર્થસાધના અને વિલાસીવૃત્તિમાં રાચવા લાગ્યો તે એને તાત્ત્વિક દૃષ્ટિએ દોષ અને એનાં માઠાં ફળોનું દર્શન કરાવવા માટે તથા સમજુ માનવીને સાચા આંતરિક ઉત્કર્ષનો માર્ગ ચીંધવા માટે ધર્મસંસ્થાનો પ્રાદુર્ભાવ થયો.

આ બધુંય થયું અને છતાં માનવીએ એ બધાયથી જરાય શેહ–શરમ કે ભય અનુભવ્યા વગર, મનસ્વી રીતે વર્તવાનું ચાલુ રાખ્યું એટલું જ નથી, આ ત્રણે સત્તાઓનો એણે પોતાના અંગત સ્વાર્થ કે હિતની સાધનાના એક ઉત્તમ સાધન તરીકે ઉપયોગ સુદ્ધાં કરવા માંડ્યો! આ તો વાડ પોતે ઊઠીને ચીભડાં ગળવા લાગે એવી વિચિત્ર સ્થિતિ ઊભી થઈ! પણ આમાં ધર્મ, રાજ્ય અને સમાજ—એ ત્રણની વ્યવસ્થાનો દોષ ન ગણવો જોઈએ; આ વ્યવસ્થાઓ ધાર્યું આવકારદાયક પરિણામ ન નિપજાવી શકી એમાં ખરેખરો દોષ માનવમાં રહેલી ક્લેશ–દ્વેષ ભાવના અને કાષાયિક વૃત્તિનો જ ગણવો જોઈએ. માનવી જેમ ખૂબીઓનો તેમ ખામીઓનો પણ ભંડાર છે, અને એને લીધે એ ગમે તેવી સારી અને ન્યાયી વ્યવસ્થાને પણ દૂષિત કરીને પોતાના અંગત લાભને માટે એનો ઉપયોગ (ખરી રીતે દુરુપયોગ) કરી લે છે. માનવીની આવી સ્વાર્થપરાયણતાનો અંજામ એ આવ્યો છે કે, દીવાની નીચે અંધારું હોય એમ, કોઈ પણ સુવ્યવસ્થા ખામી વાળી બની જાય છે, અને એનો ઉપયોગ વ્યવસ્થાને બદલે ગેરવ્યવસ્થા ઊભી કરવામાં કરી લેવામાં આવે છે. અજબ હોય તો માર્ગભૂલેલા માનવીની અક્કલ, હોંશિયારી અને આવડત! ભૂલ માનવી પોતે કરે છે અને વગોવાય છે ધર્મ, દેશ અને સમાજ. પાડાના વાંકે પખાલીને ડામ દેવા જેવી આ વાત છે, પણ એ સાચી છે.

આ બધા તાત્ત્વિક નિરૂપણના પ્રકાશમાં આપણા ધર્મ અને સંઘની અત્યારની શોચનીય સ્થિતિનો કેટલોક વિચાર કરવા જેવો હોવાથી અમે આ લખવાનું મુનાસિફ માન્યું છે.

આપણી ધર્મવ્યવસ્થા અને સંઘવ્યવસ્થા માટેનાં નિયમો અને નિયંત્રણો કેટલાં બધાં ઉપયોગી અને કારગત બની શકે એવાં છે! સમતા, અહિંસા અને મૈત્રીભાવના અમૃતમય સિદ્ધાંતોની આપણને ભેટ મળી છે. મતભેદોનું મૂલ્ય આંકી શકે, વેરવિરોધનું શમન કરી શકે અને સત્યના એક એક અંશને શોધી શકે એવી અનેકાંત પદ્ધતિ આપણને વારસામાં મળી છે. પલટાયેલી પરિસ્થિતિમાં આચાર–વિચારના નિયમોમાં જરૂરી પરિવર્તન કરીને ધર્મ અને જીવન વચ્ચેની ગાંઠને વધારે દૃઢ કરી શકીએ અને દંભથી બચી શકીએ એટલા માટે દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવને પારખતાં રહેવાનું વિધાન ઠેર ઠેર કરવામાં આવ્યું છે : આ બધું જ છે, છતાં શ્રી શ્રીસંઘમાં શિથિલતાને ચિંતા ઉપજાવે એટલા પ્રમાણમાં પ્રશ્રય મળવા લાગે, સંગ્રહશીલતા માઝા મૂકવા માંડે, દૃષ્ટિરાગ અને રાગદૃષ્ટિને છુટ્ટો દોર મળી જતો દેખાય નાના કે નજીવા પ્રશ્નોને, કાગને વાઘનું રૂપ આપવાની જેમ, વિકૃત અને વિકરાળ રૂપ આપીને સંઘમાં ક્લેશ-કલહનો આતશ ફેલાવવામાં આવે અને

ધર્મ અને એની રક્ષાના નામે જ અધર્મ્ય અને કષાયવર્ધક વૃત્તિઓ તથા પ્રવૃત્તિઓને વધારી મૂકવામાં આવે ત્યારે શું સમજવું ? એનો અર્થ તો એ જ થાય કે આપણને મળેલો આ બધો સંસ્કારવારસો એળે ગયો છે !

આપણા ધર્મ અને સંઘની આવી શોચનીય સ્થિતિ થવાનું કારણ શું હોવું જોઈએ એનો વિચાર કરવાની જરૂર છે. કારણ શોધીએ તો જ સાચો ઇલાજ કરી શકાય. જો આવી શોચનીય સ્થિતિની બધી જવાબદારી કાળબળ કે પાંચમા આરાની પાપમયતાને હવાલે કરવી હોય તો તો કશું કહેવાપણું કે વિચારવાપણું રહેતું નથી. પણ એમ કરવાથી તો ઊલટું સ્થિતિ વધારે ખરાબ થવાનો સંભવ છે. આમ થવાનું મુખ્ય કારણ એ છે કે—શ્રમણસંસ્કૃતિએ ઉદ્બોધેલી સાધના પદ્ધતિના ધ્યેય રૂપ સમતાનાં ગુણગાન પુષ્કળ ગાવા છતાં એ તરફથી આપણું ધ્યાન હઠી ગયું છે; અને જેના વગર સમતાની પ્રાપ્તિ અશક્ય બની જાય એ સહિષ્ણુતાને આપણે જાહેર દેશવટો દઈ દીધો છે! પરિણામે આપણે વાતવાતમાં લડવા ટેવાઈ ગયા છીએ.

જો આપણે ધર્મ અને સંઘને દોષમુક્ત અને પ્રાણવાન બનાવવા હશે તો સહિષ્ણુતાને કેળવીને સમતાની સાધના કરવી જ પડશે. ક્ષમાપનાના મહાપર્વ પર્યુષણ અને સંવત્સરીનો આ જ સંદેશ છે. એ સંદેશને ઝીલવાની અને જીવી જાણવાની ભાવના અને શક્તિ આપણામાં પ્રગટે એમ પ્રાર્થીએ.

---

# સામયિક સ્ફુરણ

## મુનિરાજશ્રી યશોવિજયજીનો એક પત્ર

પાંચેક મહિના પહેલાં દિગંબર જૈન સંઘના અગ્રણીઓ સાહૂશ્રી શાંતિપ્રસાદજી જૈન તથા સાહુ શ્રી શ્રેયાંસપ્રસાદજી જૈન મુંબઈમાં શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘના મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજને મળ્યા હતા, અને એમની વચ્ચે જે કંઈ વાતચીત થઈ એમાં તીર્થોના ઝઘડાઓનો નિકાલ કરવાના નિર્દેશનો પણ સમાવેશ થતો હતો; અને આ અંગેનું સૂચન મુનિવર્યશ્રી યશોવિજયજીએ કર્યું હતું.

આ મુલાકાતના અહેવાલને આધારે સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મુંબઈથી પ્રગટ થતા સાપ્તાહિક મુખપત્રે "જૈન પ્રકાશ"ના તા. ૮–૬–૭૩ના અંકનો અગ્રલેખ "મુનિશ્રી યશોવિજયજી પુરુષાર્થ આદરે" એ નામે લખ્યો હતો.

"જૈન પ્રકાશ"ના આ અગ્રલેખને અનુલક્ષીને અમે અમારા પત્રના તા. ૨૧–૭–૭૩ના અંકમાં "એક જાણવા જેવી અપેક્ષા" શીર્ષક અગ્રલેખ લખ્યો હતો અને એમાં મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજને,ભગવાન મહાવીરના પચીસસોમા નિર્વાણ વર્ષની ઉજવણી માટે રચવામાં આવેલ રાષ્ટ્રીય સમિતિમાં, અતિથિવિશેષ તરીકે નિમાવાનું ગૌરવ મળેલ હોવાથી તેઓ બે બાબતો અંગે પ્રયત્ન કરે એવી અમે માગણી કરી હતી. આ બે સૂચનો આ પ્રમાણે હતાં; એક તો તપગચ્છ સંઘમાં આ ઉજવણીને અનુરૂપ વાતાવરણ ઊભું કરવું; અને બીજું, શ્વેતાંબર–દિગંબરો વચ્ચે તીર્થો અંગેના જે ઝઘડાઓ ચાલે છે તેનો નિકાલ થઈ શકે એવું પગલું ભરવું.

"જૈન પ્રકાશ"નો ઉપર્યુક્ત અગ્રલેખ વાંચ્યા પછી (તથા અમારા "જૈન" પત્રની ઉપર સૂચિત નોંધ છપાયા પછી) મુનિરાજશ્રી યશોવિજયજીએ "જૈન પ્રકાશ"ના તંત્રી શ્રી ખીમચંદ મગનલાલ વોરા ઉપર એક પત્ર લખ્યો છે તે "જૈન પ્રકાશ"ના તા. ૮–૮–૭૩ના અંકમાં પ્રકાશિત થયો છે. એ પત્ર સૌ વાંચી–વિચારી શકે તે માટે અહીં સાભાર રજૂ કરીએ છીએ. મુનિશ્રી લખે છે કે–

"વાલકેશ્વર, મુંબઈ-૬.

"ધર્મશ્રદ્ધાળુ, સેવાભાવિ, ભાઈશ્રી ખીમચંદભાઈ,

"દેવ ગુરુકૃપાથી શાંતિ, તમો શાંતિમાં હશો જ.

"વિ. તમારો પત્ર મળ્યો, જાણીતા અને પુરાણા 'જૈન પ્રકાશ' પત્ર માટે લેખની માગણી કરી જાણ્યું. તમારી સદ્‌ભાવના માટે આનંદ, અનેક કાર્યમાં વ્યસ્ત હોવાથી લેખ લખી શકીશ કે કેમ તે પ્રશ્ન છે, છતાં તમારી માગણીને નજર સામે રાખું છું.

"જૈન પ્રકાશના તા. ૮-૬-૭૩ના અંકમાં મને ઉદ્દેશીને અગ્રલેખ લખ્યો તે વાંચ્યો હતો. એમાં મારા પ્રત્યે સ્નેહ સદ્‌ભાવ વ્યક્ત કરવા સાથે જૈન શ્રીસંઘના મુખ્ય બંને ઘટકોના હિતાર્થે ઉદારભાવે જે પ્રેરણા અભિવ્યક્ત કરી, તે બદલ આનંદ. તમારા પ્રેરણાત્મક લેખે 'જૈન' પત્રને પણ પ્રેરણા આપી એ પત્રે પણ અગ્રલેખ દ્વારા તીર્થના વિવાદોનો અંત લાવવા માટે મારા પર ભાર નાંખ્યો, આમ બંને ફિરકાના અગ્રગણ્ય પત્રોએ મારા પર દ્વિગુણ (ડબલ) ભાર વધાર્યો. તમો બંને લેખક મહાનુભાવોની ભાવનાને હું આવકારૂં છું. એકવાર આ માટે પ્રયત્ન કરવાનો હતો જ. તમોએ એમાં વધુ બળ ઉમેર્યું છે.

"તમારી કલ્પનાના કેમેરાએ મારૂં ચિત્ર ઘણું એન્લાર્જ કરી બતાવ્યું છે, પણ હકીકતમાં એમ નથી. હું એક ઘણો નાનો માનવી છું, ડીગ્રી વિનાનો અને નાનો સાધુ છું. બીજી બાજુ મને મળેલા ખ્યાલ મુજબ તીર્થના વિવાદાસ્પદ બાબતોનો અંત લાવવા વરસોથી મોટા મહારથી પ્રયત્ન કરી ચૂકયા છે. આ સંજોગોમાં હું આ કાર્ય માટે કેટલો ઉપયોગી બની શકીશ તે મારા માટે પ્રશ્ન નહીં, પણ મહાપ્રશ્ન છે.

"એમ છતાં "શુભેયથાશક્તિઃ યતનીયમ્" સત્પુરૂષોની આ યુક્તિને માન આપીને પ્રસ્તુત બાબત અંગે શકય પ્રયત્ન થશે જ. ફલમાં આપણો અધિકાર નથી, પણ પ્રયત્નમાં અધિકાર જરૂર છે જ.

"પરમવંદનીય જિનેન્દ્રદેવની સત્કૃપા, પરમકૃપાળુ ગુરૂદેવોના આશીર્વાદ, સહકાર, તમારા સહુની શુભેચ્છાનું બળ જ્યારે આવે અને સત્પ્રયત્ન કંઇક આશાસ્પદ પરિણામ બતાવે એવી શાસનદેવને પ્રાર્થના કરી, પત્ર સમાપ્તિ કરું છું.

"તા. ક. એક બાબતનો ઉલ્લેખ કરૂં કે, તમો મારા જુના પરિચિત શ્રાદ્ધ છો. સ્થાકવાસી સમાજના જુના જોગી અને અગ્રણી કાર્યકર્તા હોવા છતાં મૂર્તિપૂજક સંપ્રદાયના હિતાર્થે કલમ ચલાવીને સાચા ધર્મબંધુ તરીકેની જે ફરજ બજાવી છે તે બદલ મારે તમને હાર્દિક ધન્યવાદ જ આપવા રહ્યા.

"એક બીજા ફીરકાઓના પત્રકારો પરસ્પરનાં સર્વસામાન્ય હિતોના પ્રશ્નમાં રસ લઇને તટસ્થ રીતે પ્રામાણિકપણે કલમ ચલાવતા રહે તો અંદરોઅંદર પ્રેમ અને મૈત્રીનું સારું એવું વાતાવરણ સર્જાય અને એકતાના ફળની સહુ જે અપેક્ષા રાખે છે તે અપેક્ષા પૂરી થાય. એ તો તમો સારી રીતે જાણો છો કે આજના રાજકારણ, પ્રજાકારણ અને લોકશાહીના વિચિત્ર અને દુઃખદકાળમાં એકતાની આજે જેટલી જરૂરીઆત ઉભી થઇ છે તેટલી કયારેય થઇ નથી. એજ, જવાબ લાંબો થઇ ગયો તે બદલ દિલગીરી.

"ધર્મારાધનમાં ઉદ્યમશીલ બનજો 'જૈનં જયતિ શાસનમ્!'

"મુનિ યશોવિજયના સાદર સસ્નેહ ધર્મલાભ"

મુનિરાજશ્રી યશોવિજયજીએ ઉપરના પત્રમાં જૈનોની એકતાની જરૂર ઉપર જે ભાર મૂકયો છે, અને તીર્થોના પ્રશ્નોના નિકાલ માટે પ્રયત્ન કરવાની જે ભાવના દર્શાવી છે, તે આવકારદારક છે. આ માટે તેઓને આપણાં અભિનંદન અને શુભેચ્છા ઘટે છે.

## એક આવકારપાત્ર ટકોર

અમારા એક સહૃદય વાચક અને વિચારક મિત્રે અમને એક ટકોર કરી છે તે અભિનંદનીય અને આવકારપાત્ર હોવાથી અહીં રજૂ કરીએ છીએ. તેઓ લાગણીપૂર્વક અને દુઃખ સાથે લખે છે કે—

"ભગવાન મહાવીરની પચીસમી નિર્વાણ શતાબ્દીની ઉજવણી માટે રાષ્ટ્રીય તેમ જ પ્રાદેશિક રાજ્યોના ધોરણે જે કમીટીઓ રચાઇ અથવા રચાઈ રહી છે, એ કમીટીઓની રચનાની એક ખાસ બાજુ તરફ ઘણું કરીને આપનું ધ્યાન નથી ગયું, તેમ જ એ બાબતમાં આપે આપની કલમ પણ ચલાવી નથી.

"કમીટીઓના સભ્યો તરીકે રાષ્ટ્રીય નેતાઓ, અમલદારો, પૂજ્ય મુનિરાજો તથા સદ્‌ગૃહસ્થ ભાઇઓ તથા બહેનોને લેવામાં આવેલ છે, પણ કોઈ પણ કમીટીમાં કોઈ પણ પૂજ્ય સાધ્વીજી

મહારાજનું નામ જોવામાં નથી આવતું. જૈનોની દિગંબર પરંપરામાં તો સાધ્વી–સંસ્થાનો જ અભાવ છે, પરંતુ શ્વેતાંબર પરંપરાના બધાં અંગો–સ્થાનકવાસી, તેરાપંથી, તપગચ્છ અને ખરતરગચ્છ વગેરે–માં યોગ્ય, વિદુષી અને શક્તિશાળી સાધ્વીજીઓ મોટી સંખ્યામાં વિદ્યમાન છે.

"ભગવાન મહાવીરના નિર્વાણ શતાબ્દીની બાબતમાં સમસ્ત સાધ્વી સંસ્થાની જ ઉપેક્ષા કરી દેવી એ ખોટી વાત અને ખોટી પરંપરા કહેવાશે. પચીસસો વર્ષ પહેલાંની વિકટ પરિસ્થિતિઓ તથા અંધશ્રદ્ધાઓ વચ્ચે પણ ભગવાને સમગ્ર નારીજાતિનો ઉદ્ધાર કર્યો હતો. સાધનાના માર્ગમાં એમને સમાન દરજ્જો તથા મોક્ષનો અધિકાર પણ આપ્યો હતો. પદદલિત, અવહેલના પામેલી તથા તિરસ્કૃત ભારતીય નારીના પ્રતીકરૂપે તેઓએ વસુમતીમાંથી ચંદનબાળા બનાવી દીધી તથા એમને છત્રીસ હજાર સાધ્વીજીઓનાં વડીલ તરીકેના પદે બિરાજમાન કર્યાં. એ યુગમાં આટલું બધું કરી બતાવવાનું કે કહી બતાવવાનું સાહસ કોઇ બીજા ધર્મસ્થાપક નહોતા કરી શકયા.

"સમસ્ત સાધ્વી સંસ્થાની આ અવહેલનાની સામે આપે લખવું જોઇએ. જ્યારે આ કમીટીઓમાં ચતુર્વિધ સંઘમાંનાં બીજા બધાં અંગોને સ્થાન મળ્યું છે, તો સાધ્વી વર્ગને કેમ નહીં ?"

આ પત્ર લખનાર મિત્રે પત્રમાં વ્યક્ત કરેલ લાગણી અને માગણી એ બન્ને ભગવાન મહાવીરની ધર્મપ્રરૂપણા અને તીર્થસ્થાપનાને અનુરૂપ છે, અને એની પાછળ નારીસન્માન અને માનવતાનો ગૌરવભર્યો ધ્વનિ રહેલો છે એમાં શક નથી. તેઓએ બતાવેલી ક્ષતિ સાચે જ એક મહત્ત્વની ક્ષતિ છે. અને એ તરફ અમારું તેમ જ સૌનું ધ્યાન દોરવા બદ્દલ તેઓને ધન્યવાદ ઘટે છે. ભગવાન મહાવીરના નિર્વાણ મહોત્સવની ઉજવણી માટેની કમીટીઓમાં સાધ્વીજીઓને સ્થાન મળે એના જેવું રૂડું બીજું શું હોઇ શકે ?

પણ તપગચ્છ જૈન સંઘ અત્યારે જેવી બિસ્માર હાલતમાં મુકાઈ ગયો છે, નાના નજીવા મુદ્દાઓને લઇને મોટા કલેશ–કંકાસ જગવવામાં રાચી રહ્યો છે, અને મારા–તારાપણાના ધર્મવિરોધી ભેદોમાં અટવાઈ ગયો છે, તે જોઈને તો આ બાબતમાં આવા નિરાશ જ થઈ જવાય છે.

વળી, આ ઓછું હોય એમ, તપગચ્છનો જ એક વિભાગ આ પુણ્ય અવસરને રાષ્ટ્રીય ધોરણે કરવામાં આવનાર ઉજવણીથી જાણે જૈનધર્મશાસનનું ભારે નુકસાન થઈ જવાનું હોય એવી કલ્પનાના ભૂતોથી પ્રેરાઈને એની સામે ઝનૂનભરી જેહાદ જગાડવામાં જ રાચી રહ્યો છે, એ જોઈને તો ખરેખર અચંબો ઊપજે છે. મનમાં સહેજે સવાલ થાય છે કે કયાં બધાય જીવોને શાસનના રસિયા બનાવવાની ઉદાત્ત ભાવના અને કયાં નરી કલ્પનાના નુકસાનના આધારે ઊભો કરવામાં આવેલો "ધર્મ ભયમાં"નો આ હાઉ ? આ બે વચ્ચે મેળ જ કયાં બેસે છે ?

અને આટલું પણ જાણે ઓછું હોય એમ આપણા સંઘના કેટલાક મહાનુભાવોએ સરકાર સામે રીટ અરજી કરી છે કે—બિનસાંપ્રદાયિક રાજનીતિને વરેલી સરકારને એક સંપ્રદાય કે ધર્મના આરાધ્ય દેવના નિર્વાણમહોત્સવની ઉજવણી માટે ખર્ચ કરવાનો અધિકાર નથી ! બલિહારી છે આપણી ધર્મભક્તિ અને શાસન પ્રીતિની ! સાંપ્રદાયિક માન્યતામાં પૂરેપૂરા ખૂંતેલા આપણે બીજાને બિનસાંપ્રદાયિકતાનો બોધપાઠ આપવા બહાર પડયા છીએ !

ઉપરાંત, તપગચ્છના સાધુ–મુનિરાજોનો અમુક વર્ગ સાધ્વીઓના અભ્યાસ અંગે અને શ્રાવકવર્ગ સમક્ષ વ્યાખ્યાન આપવાની છૂટની બાબતમાં ખૂબ સંકુચિત અને રૂઢિગ્રસ્ત વલણ ધરાવે છે. તેઓ પોતાની આસપાસની વ્યાપક વાસ્તવિકતાને સમજવા તથા સ્વીકારવા તૈયાર થાય અને સાધ્વીસમુદાયનો દરેક રીતે વિકાસ થાય એવી ઉદારતા દાખવવા પ્રેરાય એવી આશા રાખવી અત્યારે તો વ્યર્થ લાગે છે.

આવી વિચિત્ર અને શોચનીય સ્થિતિમાં નિર્વાણ સમિતિઓમાં સાધ્વીજીઓને સ્થાન મળવું જોઇએ એવી અમારા પત્રલેખક મિત્રની માગણી સફળ કેવી રીતે થઇ શકે તે અમને સમજાતું નથી. બાકી એમની માગણીના વાજબીપણામાં અમને જરાય શંકા નથી એટલું જણાવવાની અમે રજા લઇએ છીએ.

# શુશ્રૂષાનું ફલ.

☆ ☆ ☆ ☆ ☆ ☆ લેખક: મહેતા મનસુખલાલ તારાચંદ

બહુ પ્રાચીન કાળની આ કથા છે.

એક નગરમાં છ મિત્રો રહેતાં હતાં. તેઓ ભિન્ન ભિન્ન કુટુંબ અને જ્ઞાતિના હતા. રાજપુત્ર મહિધર, મંત્રીપુત્ર સુબુદ્ધ, શહેરના સુવિખ્યાત ચિકિત્સકનો પુત્ર જીવાનંદ, નગરશેઠનો પુત્ર પૂર્ણભદ્ર, શીલપુંજ અને છઠ્ઠા મિત્રનું નામ હતું કેશવકુમાર. જ્ઞાતિ, કુટુંબ અને વ્યવસાય દરેકના ભિન્ન ભિન્ન હોવા છતાં છ એ વચ્ચે એવી તો ગાઢ અને અતુટ મૈત્રી કે દરરોજ બધા મિત્રો અચુક ભેગા થાય અને નિર્દોષ આનંદ અને કલ્લોલ કરે. દિવસના મોટા ભાગમાં તો સૌ સાથે જ રહે અને અરસ-પરસ એક બીજાની સાથે એવા તો સંકળાયેલા કે, જાણે છ જુદા જુદા દેહમાં એક જ સમાન આત્મા વાસ કરી રહ્યો હોય. સામાન્ય રીતે તો દરેકની પ્રકૃતિ ભિન્ન ભિન્ન, કર્મ પણ ભિન્ન ભિન્ન અને સ્વભાવ પણ તરેહતરેહના હોય છે, પણ આ છ મિત્રો વચ્ચે પૂર્વજન્મનો એવો તો અજબ ઋણાનુંબંધ સંબંધ કે તેઓ સૌમાં દરેક બાબતની સમાનતા મતભેદ કે કલેશનું કદી નામ જ ન મળે.

વર્ષાઋતુમાં એક સાંજે છએ મિત્રો શહેરથી દૂર દૂર કુદરતની લીલા જોવા બહાર નીકળી પડયાં. જયાં દૃષ્ટિ પડે ત્યાં બધે જ કુદરતનું નગ્ન સ્વરૂપ નજરે પડે અને સૌ આનંદ પામે. ફરતાં ફરતાં સૌ એક ઉદ્યાનમાં જઈ પહોંચ્યા અને એક વિશાલ વૃક્ષની ઘટ છાયા નીચે એક દીગમ્બર મુનિને ધ્યાનમાં લીન ઊભા રહેલાં જોયાં દૂરથી જ સાધુને જોઈ સૌનાં મસ્તક નમી પડયાં અને તેની નજીક જઈને જોયું તો જે દૃશ્ય નજરે પડયું તેનાથી સૌ સ્તબ્ધ થઈ ગયા

મુનિ ઉગ્ર તપસ્વી લાગ્યા પણ કુષ્ઠ રોગથી ઘેરાયેલા હતા. એ ભયંકર રોગના કારણે હાથની આંગળીઓ ખવાયેલી જોવામાં આવી. શરીરના ભિન્ન ભિન્ન ભાગમાંથી અત્યંત બદબો આવી રહી હતી અને કેટલાક ભાગમાંથી પરું પણ નીતરી રહ્યાં હતાં. શરીરના કોઈ કોઈ ભાગમાં ઘારા પડી ગયા હતા અને ત્યાં જીવતો તેમજ માખીઓ બણબણી રહી હતી. મુનિ ત્રાસજનક વેદના ભોગવી રહ્યાં હોવા છતાં દેહ અને આત્મા જાણે ભિન્ન ભિન્ન હોય અને દેહની પીડા સાથે આત્માને કશું લાગતું વળગતું ન હોય તેમ સૌમ્ય અને શાંતિપૂર્વક સ્થિર રહ્યા હતા. આવી અસહ્ય વેદના થતી હોય અને તેમ છતાં આટલી હદે શાંતિ રાખી શકાતી હોય એવી કલ્પના પણ ન આવે, પરંતુ તેમ છતાં એવું દૃશ્ય છએ મિત્રોએ પ્રત્યક્ષ રીતે પોતાની સામે જ જોયું.

આવું કરૂણ દૃશ્ય જોઈ છ એ મિત્રોના હૃદય દ્રવી ઊઠયાં. તપસ્વી મુનિની શાંત અને ભવ્ય મુખમુદ્રા જોઇ મુનિ પ્રત્યે અથાગ શ્રદ્ધા અને માન સૌને ઉત્પન્ન થયાં અને સૌ મસ્તક નમાવી ભાવપૂર્વક તેમને વંદીર હ્યા.

થોડીવારે રાજપુત્ર મહિધરે સૌને ઉદ્દેશી કહ્યું: 'મિત્રો! આવા તપસ્વી મુનિને વંદન તો આપણી જેમ અનેક કરી ગયા હશે. પણ આવા વખતે માત્ર તેમની પૂજા કે વંદન કરીને બેસી રહીએ બરોબર નથી. જયાં જે કરવું ઉચિત હોય ત્યાં તેમ કરવું એ માનવમાત્રનો ધર્મ છે.'

મંત્રીપુત્રે વચમાં જ કહ્યું: 'મહીધરજીની વાત તો સાચી છે. આપણે આ તપસ્વી મુનિની વેદના દૂર કરવા યોગ્ય ઈલાજો કરવા જોઈએ અને આ કાર્યમાં ચિકિત્સકના પુત્ર આપણા મિત્ર જીવાનંદે બની શકતી તમામ સહાય કરવી જોઈએ.'

હવે પૂર્ણભદ્રે કહ્યું: 'જીવાનંદ! તારા પિતા તો મડદાને પણ નવું જીવન અર્પી શકે છે. અને એવા તો અનેક પ્રકારના ઔષધો તમારે ત્યાં છે, તો આ મુનિના રોગને દૂર કરી શકાય એવું ઔષધ શું

તમારા ઔષધાલયમાંથી ન મળી શકે ?

જીવાનંદે જવાબ આપતાં કહ્યું: 'મિત્રો ! આપ સૌ જે વાત કરો છો તે સંબંધમાં જ હું પણ વિચારી રહ્યો છું. પરંતુ આદર્શ અને વાસ્તવિકતા વચ્ચે એક ઊંડી ખાઈ રહેલી હોય છે. માત્ર મહાન આદર્શો સેવવાથી કશું વળતું નથી, પણ તેને સાકાર બનાવવા ભગીરથ પ્રયત્નો કરવા પડે છે.'

સુબુદ્ધિએ કહ્યું: 'આપણે સૌ ભેગાં મળીને તો આકાશમાંથી તારાઓને પણ નીચે લાવી શકીએ તેમ છીએ, તો આ દર્દના નિવારણ અર્થે એવી તે કઈ વસ્તુ છે કે જે મેળવી શકવાનું આપણા માટે અશક્ય હોય ?''

રાજપુત્રે કહ્યું : 'જીવાનંદ ! કાળામાથાના માનવી માટે અશક્ય જેવું કશું હોતું જ નથી. જે કોઇ વસ્તુ જોઇએ તે હું પ્રાપ્ત કરી શકું તેમ છું. રાજનો ભંડાર ભરપુર છે, માટે વગર વિલંબે કહે કે આ દર્દના નિવારણ અર્થે કઇ કઇ ઔષધીઓની જરૂર છે ?'

જીવાનંદે કહ્યું: 'મિત્રો ! આ અસાધ્ય દર્દના નાશ માટે ત્રણ વસ્તુઓની જરૂર પડે તેમ છે. એક તો બહુ મૂલ્ય લક્ષપાક તેલ, બીજું ગોશીર્ષ ચંદન અને તે ઉપરાંત એક રત્નકંબલ આ ત્રણ પૈકી લક્ષપાક તેલ તો અમારા ઔષધાલયમાં છે.'

રાજપુત્રે કહ્યું: 'રત્નકંબલ મારા મહેલમાં છે. હવે બાકી રહ્યું ગોશીર્ષ ચંદન !'

જીવાનંદે કહ્યું: 'લાખ બે લાખ સોનામહોરો આપતાં પણ ગોશીર્ષ ચંદન પ્રાપ્ત કરવું એ ભારે કઠિન કાર્ય છે.'

પૂર્ણભદ્રે કહ્યું: 'મિત્રો ! મુનિના દર્દને દૂર કરવાની આપણા સૌની ભાવના એવી પ્રબળ છે કે, આ વસ્તુ આપણને પ્રાપ્ત થયા સિવાય રહેવાની નથી. ', यादृशी भावना यस्य सिद्धिर्भवति तादृशी ।''

પછી તો શીલપુંજને મુનિની સંભાળ અર્થે ત્યાં રાખી પાંચે મિત્રો ગોશીર્ષ ચંદનની શોધમાં શહેરમાં ગયા. બે ત્રણ શહેરોમાં ફર્યા ત્યારે બહુ મહેનતે એક વયોવૃદ્ધ શ્રેષ્ઠીની પાસે ગોશીર્ષ ચંદન હોવાના સમાચાર મળ્યાં અને સૌ ત્યાં દોડી ગયા. વયોવૃદ્ધ શ્રેષ્ઠીએ સૌને આવકાર આપ્યો અને પોતાની પાસે ગોશીર્ષ ચંદન તો છે, પણ તેઓને તે શા માટે જોઈએ છીએ તે પૂછ્યું.

રાજપુત્રે નમ્રતાપૂર્વક કહ્યું: 'શ્રેષ્ઠીવર્ય ! એક અત્યંત પવિત્ર અને સત્કાર્ય અર્થે આ વસ્તુની અમને જરૂર પડી છે અને તેના મોં માગ્યા દામ પણ અમે આપવા તૈયાર છીએ. પરંતુ એક પળના પણ વિલંબ વિના આપ અમને ગોશીર્ષ ચંદન આપો ।'

શેઠે કહ્યું: મહાનુભાવો ! ધનનો મારે ત્યાં ટોટો નથી અને મૂલ્ય લઈને આ વસ્તુનો સોદો કરવા હું ઈચ્છતો પણ નથી. જીવનમાં આજ સુધી પુષ્કળ દ્રવ્ય એકઠું કર્યું છે, એટલે મારી પાસેના સંગ્રહની આ વસ્તુ માટે તો મેં અભિગ્રહ કર્યો છે કે એવા મૂલ્યે તે વેંચવી, કે જેનું મૂલ્ય મારા મૃત્યુ પછી પણ હું મારી સાથે લઈ જઈ શકું. !

શેઠની આવી વિચિત્ર શરત સાંભળી પૂર્ણભદ્રે માર્મિક રીતે હસીને કહ્યું: 'શેઠજી ! આનું જે મૂલ્ય પ્રાપ્ત થાય તે રકમનું સત્પાત્રે આપ દાન કરી દેજો અને એ દાનનું ફળ તમારાં મૃત્યુ પછી તમારો નવો જન્મ થશે ત્યાં સાથે જ આવશે ને ! પણ વિના વિલંબે આપ અમને ગોશીર્ષ ચંદન આપો ! આમાં તો એક મહા તપસ્વી મુનિનાં જીવન મરણનો પ્રશ્ન છે મહા વ્યાધિથી પીડાઇ રહેલાં એક તપસ્વી મુનિ માટે તેના ઔષધ અર્થે આ એક જ વસ્તુ અમે પ્રાપ્ત કરી શકયા નથી. સદ્દભાગ્યે આપની પાસે તે છે અને મોં માંગ્યા દામ આપવા પણ અમે તૈયાર છીએ ! આપની સમક્ષ રાજપુત્ર મહિધર વિનંતી કરી રહ્યાં છે, માટે હવે ગોશીર્ષ ચંદન આપો અને જોઈએ તે મૂલ્ય લઈ લ્યો !

શ્રેષ્ઠીએ હસીને કહ્યું: 'રાજપુત્ર તો મારા મસ્તક ઉપર. રાજસભામાં અનેકવાર મેં તેમના દર્શન કર્યાં છે એટલે ઓળખાણની કશી જરૂર નથી. પણ મને ભય છે કે ગોશીર્ષ ચંદનના મૂલ્ય આપ લોકો નહિં આપી શકો !'

રાજપુત્ર મહિધરે ગંભીરતાપૂર્વક કહ્યુ : 'શ્રેષ્ઠીવર્ય ! આ રાજ્યનો હું ભાવિ વારસ છું. ગોશીર્ષચંદનના બદલામાં આપને સમગ્ર રાજ્ય જોઈતું હોય તો તે પણ આપવાની મારી તૈયારી છે. પરંતુ પેલા મહાત્માનાં

દર્દનું દુઃખ અમ રાથી જોયું જતું નથી, માટે તે વસ્તુ તો અમને આપ જ દો!

શ્રેષ્ઠીએ પણ ગંભીરતાપૂર્વક જવાબ આપતા કહ્યું : 'રાજપુત્ર! આ વસ્તુના ઉપયોગ અર્થેનો મારો અભિગ્રહ આપની સમક્ષ સ્પષ્ટ કરી ચૂકયો છું. આવા તપસ્વી સાધુના દર્દ નિવારણ અર્થે તેનો ઉપયોગ થાય એ જ આ ઔષધનું મૂલ્ય છે. મેં આપને કહ્યું ને કે મારે એના મૂલ્ય તો મૃત્યુ પછી પણ મારી સાથે આવે એ રીતે વેંચવી છે.' શ્રેષ્ઠીએ તો તરત જ તેના માણસને બોલાવી ખાનગી ભંડારમાંથી ગોશીર્ષચંદન મંગાવી આપ્યું અને પાંચેય મિત્રોને અત્યંત ઉલ્લાસ-પૂર્વક આપતાં કહ્યું : 'આજે મારો અભિગ્રહ પૂરો થયો છે અને મારુ જીવન ધન્ય બન્યું છે. મારા આવા સદ્‌ભાગ્યમાં આપ સૌ નિમિત્તરૂપ બન્યાં છો તે માટે કોટિ કોટિ ધન્યવાદ!'

પછી તો પાંચેય મિત્રો ગોશીર્ષચંદન, લક્ષપાક તેલ અને રત્નકંબલ લઈ ઝડપથી પેલા ઉદ્યાનમાં મુનિ-રાજની પાસે પહોંચી ગયા. દર્દની વેદના તો મુનિરાજને થતી હતી, પણ એ કરતાં વિશેષ વેદના તો આ છએ મિત્રો સહી રહ્યાં હતાં અનુકંપાનો આ વિશિષ્ટ ગુણ છે.

મુનિરાજ પાસે જઈ જીવાનંદે વિધિપૂર્વક પોતાના હાથે લક્ષપાક તેલનું મર્દન કર્યું. મુનિના દેહમાંથી વહી રહેલાં પાયમાંથી ભયંકર બદબો આવી રહી હતી, પણ તેમ છત મિત્રો તો એકચિત્તે મુનિની શુશ્રૂષામાં મગ્ન બની ગયા હત. લક્ષપાક તેલની ઉષ્માના કારણે ચામડીના પડ નીચે રહેલાં રોગના જંતુઓ ઉભરાઈ આવ્યા એટલે અત્યંત સંભાળપૂર્વક જીવાનંદે મુનિના શરીરની ચારે બાજુ ઢંકાઈ જાય એ રીતે રત્નકંબલ લપેટી દીધી. થોડી વ રે રત્નકંબલ પાછી લઈને ખંખેરી જેથી કંબલ પર ચોંટેલા જંતુઓ નીચે ખરી પડયાં. આ વિધિ ત્રણ વાર કર્યો અને ત્યાં તો કુષ્ઠ રોગના તમામ સૂક્ષ્મ જંતુઓ બહાર નીકળી પડયાં. પછી આખા શરીરે ગોશીર્ષચંદનને લેપ કર્યો અને શરીરની ચામડી તદ્દન નવા જેવી બની ગઈ.

વૈયાવૃત્ત્ય-વૈયાવચ્ચ અર્થાત્ વિશેષ પ્રકારે કરેલી શુશ્રુષાનું અદ્‌ભુત મહ ત્મ્ય છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ૨૯મા અધ્યયનમાં કહ્યું છે કે 'વેયાવચ્ચેણં તિત્થયર નામગુત્તં કમ્મ નિબંધઈ' અર્થાત્ વૈયાવૃત્ત્યથી તીર્થંકર નામ ગોત્ર કર્મ બંધાય છે. વૈયાવૃત્ત્યના જે દશ પ્રકારો કહેવામાં આવેલા છે તેમાં સાધર્મિક એટલે સમાન ધર્મ પાળનારાઓનું વૈયાવૃત્ત્યનો પણ સમાવેશ થાય છે. શ્રી ગૌતમસ્વામીના એક પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરે સ્પષ્ટ રીતે કહ્યું છે કે 'હે ગૌતમ! જે ગ્લાનીની અર્થાત્ બીમારની સેવા કરે છે એ મારી જ સેવા કરે છે.'

પ્રસ્તુત કથા કહે છે કે કુષ્ઠ રોગથી પીડાતાં પેલા મુનિરાજની છએ મિત્રોએ અત્યંત ભાવપૂર્વક સેવા કરી તેમજ ક્રમશઃ આ રીતે સેવાની સાધના કરતાં કરતાં કેટલાક ભવોને અંતે આવી સેવાના ફળ રૂપે આ છએ મિત્રો અનુક્રમે ઋષભદેવ (જીવાનંદ), ભરત (મહીધર), બાહુબલિ (સુબુદ્ધિ), બ્રાહ્મી (પૂર્ણભદ્ર), સુંદરી (શીલપુંજ) અને શ્રેયાંસકુમાર (કેશવકુમાર) રૂપે જન્મ્યાં અને ઇતિહાસમાં અમર બની ગયા.

FOR SAFETY, SECURITY & PROTECTION
choose
ZENITH BRAND
FIRE PROTECTION PRODUCTS
Complete range of all Fire Equipments
and Accessories available
including $CO_2$ & Dry Chemical Extgs.
Also Undertaken
Servicing, Testing, Refilling & Training
Ap proved Certificates suitable for
Licencing Authorities Issued
For Full Particulars Contacts
ZENITH FIRE SERVICES
127-139 Mody Street, Fort, Bombay-1
Grams : 'Zenithfire'-Tele: 011-4062
Phone : 262416
Our Motto: 'SERVICE AFTER SALES'
Reqd : Agents and Stockists

## હંમેશનો કાર્યક્રમ

જીવોને બચાવવાની સાથે સાથે....

પંખીઓને સારા પ્રમાણમાં ચણ, કુતરાઓને રોટલા....એ હંમેશનો કાર્યક્રમ છે.

આજુબાજુના ગામડાઓના લોકો ઘરડાં તેમ જ અપંગ ઢોરોને વધુ ને વધુ પ્રમાણમાં મૂકી જાય છે. તેનું કારણ પણ અમારી સારી સાચવણ છે.

કાયમી ભંડોળ ઉભું નહિં કરતાં દર વર્ષે આવક કરતા ખર્ચ મોટું આવે છે.

આજસુધીમાં અમારી સંસ્થાને માટે પૂ. આચાર્યભગવંતો આદિ મુનિરાજોએ જહેમત ઉઠાવી તેમ જ જે મહાનુભાવો સહાયક બન્યા છે તેની અમો ખૂબ અનુમોદના કરીએ છીએ.

અમારી નમ્ર વિનંતી એ છે કે ચાલુ સાલે જેમ બને તેમ સારા પ્રમાણમાં ભેટ મોકલી આપે. જે મળેથી પાકી પાવતી તુરત મોકલી આપીશું.

(રજી. નં. ઈ. ૨૦૩ છે.)

મદદ મોકલવાના સ્થળો :–

(૧) શ્રી કીડીયાનગર વાણીયા મહાજન
C/o વોરા હીરજીભાઈ અબજીભાઈ
મું. પો. કીડીયાનગર
તા. રાપર (ભુજ–કચ્છ)

(૨) રવિ ટ્રેડીંગ કંપની
દાદા મંઝલ, ત્રીજે માળે
૬૭/૬૯ મહમદ અલી રોડ
મુંબઈ–૩ (ફોન નં. ૩૨૬૩૪૨)

# પડોશી ધર્મ

લેખક : શાહ રતિલાલ મફાભાઈ– માંડલ

卐 (ક્યારેક નાના ભૂલકાંઓ પણ ધર્મનું ભાન કરાવી જાય છે) 卐

ચંદરિયો નામે એક નાનો વિદ્યાર્થી હતો. પડોશમાં કોઈ દુઃખી હોય, માંદુ હોય યા કોઈનું કામ કરવાનું હોય તો એ તરત જ દોડી જતો. એનો ચેપ એણે બીજા બાલવિદ્યાર્થીઓને પણ લગાડેલો.

પડોશમાં એક કંકુબાઈ નામના ડોસી રહેતાં હતાં. નાનકડું ઘર, નીચું છાપરું અને બહાર મોટી ઓસરી એવું એમનું ઘર હતું. દયણાં–ખાંડણાં કરીને એ જેમ તેમ પેટ ભરતાં હતાં. એક દિવસ વહેલી સવારે બગબગે નીચે ઊતરતાં પગ એમનો લપસ્યો ને ધબાક કરતાં એ નીચે ઊથલી પડયાં. હળવે હળવે માંડ બેઠા થઈ ઉપર ચડયાં અને ઘરમાં જઈ પગ પંપાળવા લાગ્યાં, પણ કળ ઊતરી નહીં પગ તો પીડાએ તૂટી પડતો હતો, જેથી પથારીમાં પડી આળોટવા લાગ્યાં. ઢીંચણનો માર હોઈ પગ આખો કળતો હતો. ઘૂંટીએ પણ મચકોડ પૂરો લાગ્યો હતો. જેથી વખત જતાં સોજો ચડવા લાગ્યો ને એથી એ ચાલવા જ અશક્ત બન્યાં. પગ નીચે મૂકાતો જ નહીં. પગ માંડવા કરે તો રાડ નીકળી જાય એવી વેદના ઉપડી આવતી.

બીજા ઘરોની હારમાં આવેલું ડોસીનું ઘર કંઈક પાછળ હતું. અને સામે ૨–૩ ધનિકોના બંગલા હતા. જે એમની વૈભવ ધમાલમાંથી ઉંચા જ નહોતા આવતા. આથી ન કોઈને ડોસીની ખબર પડી, ન કોઈએ એની સંભાળ લીધી. ઘરમાં પાણી તો હતું તેમજ ગઈકાલનો વધેલો એક રોટલો પણ હતો જેથી ડોસીએ એક દિવસ તો કાઢી નાખ્યો. પણ ઘૂંટણ–ઢીંચણમાં એટલું દર્દ થતું હતું કે એ રાડ પાડી જતાં છતાં એને હળદર કોણ ગરમ કરી આપે ? આથી શરીર ઘસતી ઘસતી ચૂલા પાસે પહોંચી ને મને જ દેવતા પાડી હળદર ખદખદાવી તૈયાર કરી. માર ઉપર એ ભર્યા કરતી પણ દર્દ સહેજ પણ ઓછું થયું નહીં. વળી એ દિવસ તો પર્યુષણના સંવત્સરીનો હોઈ જેથી સહુ કોઈ પોતાની જ ધમાલમાં પડયા હતા. ત્યાં એની કોણ ખબર લે. આથી બીજે દિવસે તો એને ભૂખ્યા જ રહેવું પડયું. મહોલ્લામાં ડોસી જ એકલા બીજી કોમના હતા. વળી એમનું અંતનું કોઈ હતું પણ નહીં. જેથી કોણ એની સંભાળ લે ? કોણ એની દરકાર કરે ?

પાંચમની રાત્રે–સાતમનો વરઘોડો હોઈ– ગામના ચોકમાં ઊછામણી બોલાતી હતી. સુખી માણસોની પૈસા ખર્ચવાની હરીફાઈ જેવા સ્ત્રીપુરુષોની ઠઠ્ઠ જામી હતી. અને તેથી રથ હાંકવાની બોલી કેટલે ગઈ–ભગવાનને લઈ રથમાં બેસવાની કેટલે ગઈ– અષ્ટ–મંગળ –છડીઓ તથા હાથી ઉપર બેસવાનું કોણે લીધું –કેટલે લીધું ' જાણવા સહુ ઉત્સુક હોય મહેલ્લાઓમાં પણ તેના સમાચાર પહોંચી જતા અને બોલીઓ આમ રંગ જામેલો જોઈ

ગેરહાજર રહેલા પણ જલદી આવી પહોંચી મેદાનમાં ઊતરી પડતા.

આમ ચોકમાં એક પ્રકારનું ઉલ્લાસમય વાતાવરણ જામ્યું હતું ત્યારે મહોલ્લાના નાના નાના ભૂલકાં કંકુ ડોસીની લાંબી ઓસરીમાં બેસી કોઈ જુદો જ આનંદ માણી રહ્યા હતા. બાલરાજાઓની દુનિયા જુદી હતી. એ તો પોતાની મસ્તીમાં જ મસ્ત હતા. ત્યાં તો અકસ્માત ચંદરિયાનું ધ્યાન બારણા તરફ ગયું તો અંદરથી ઊંડો ઊંહકાર આવતો સંભળાયો. એણે બધાને ચૂપ રહેવા કહ્યું. ને છોકરા કાન માંડી સાંભળવા લાગ્યા તો ડોસી પથારીમાં પડયા પડયા કણસતા હતા. આથી ચંદરિયાએ પૂછયું કે ' કંકુમા તમે ઊંહકારો કેમ છો ?

" હા, દીકરાઓ ! ગઈ કાલે સવારમાં ઊતરતાં પગથિયું ચૂકી ને પડી ગઈ, ઘૂંટી–ઢીંચણ ખૂબ જ કળ્યા કરે છે. કદાચ પગ ખડી પણ ગયો હોય. હળદર ભર્યું છું પણ જરાયે ફેર નથી."

" તો પછી કહેવું હતું ને તો ડોકટરને, કાં તો હાડવૈદને બોલાવી લાવત. "

" પણ બેટા કહું કોને ? અહીં કોઈ આવે ત્યારે ને ? "

" તો પછી તમે એ દિવસથી એમને એમ પડી રહ્યા છો ?'

" હાસ્તો ! બીજું શું કરૂં ?'

" કમાડ ઊઘાડી શકાશે ?'

" ઉઘાડું જ છે ફક્ત આડું કર્યું છે "

બારણું ઉઘાડી છોકરા અંદર પેઠા. અંદર એક નાનું ટમકું જલતુ હતું. એના અજવાળે સહુ ડોસી ફરતા ગોઠવાઈ ગયા અને ડોસીના ઢીંચણ પર હાથ ફેરવવા લાગ્યા. ચંદરિયે જોયું કે સોજો આવી ગયો છે, એટલે કહ્યું. " મા ! સોજો કંઈક વધારે લાગે છે."

" દોસ્તો."

" ત્યારે અમે ડોકટર કે હાડવૈદને બોલાવી લાવશું."

"ભલે ! તમને ઠીક પડે તેમ કરજો."

" પણ મા ! ત્યારે તો તમે ખાધું પણ નહીં હોય કે કંઈ રાંધ્યું'તું !

" ઊઠાતું જ નથી ત્યાં રાંધે કોણ દીકરા ! કાલે એક રોટલો પડયો'તો તે ખાઈને ચલાવ્યું હતું. પણ આજે તો નકોરડો ઉપવાસ છે.

" તો તો, ચાલ અલા ! આપણે કંઈક ખાવાનું લઈ આવીએ."

× × ×

આથી એક બે જણા ડોસી પાસે બેસી રહ્યા. બાકી બીજા બધા કંઈક ને કંઈક લઈ આવવા દોડયા. પણ બધાયના ઘર બંધ હતા સહુ ઉછામણીમાં ગયા હતા. સ્ત્રીઓ પણ એ જોવા ગઈ હતી. એટલે બધા પાછા આવ્યા. પણ આમ છતા રમલો કયાંકથી ૨–૪ રોટલીઓને છૂંદો લઈ આવ્યો. ચંદરિયો વળી ગાંઠયા અને ગોળ લઈ આવ્યો. અને પછી એ બધા ડોસીને ખવડાવવા મંડયા. ડોસી ખાતી હતી. એ જોઈ બાળકોને હૈયે હરખ માતો નહોતો. કારણ કે એમનું હૈયું એ ન સમજી શકે એવી ધન્યતાની લાગણીથી ભરાઈ ગયું હતું. જમ્યા પછી ડોસીને પાણી પાયું અને સમય થઈ ગયો માજીએ કહ્યું કે " જાઓ,


## જુજ નકલો જ બાકી છે

### શ્રી વીશસ્થાનક તપ
### 卐 આરાધન વિધિ 卐

નવું જ સુંદર પ્રકાશન. જેમાં સંપૂર્ણ વિધિ. વીશસ્થાનકના યંત્ર–મંત્ર ને ચિન્હોના ત્રણ ચિત્રો–અને સાથીયા–ખમાસમણા–દુહા, નવકારવાલી બધું સાથે ગોઠવાયું છે.

કિંમત રૂા. ૫–૦૦ (પોસ્ટેજ અલગ

વિજયલક્ષ્મીસૂરિ કૃત

### શ્રી પર્યુષણા અષ્ટાન્હિકા વ્યાખ્યાન

ઉપર વિવેચનપૂર્વક પૂ. આગમોદ્ધારક આચાર્ય મ૦ ના ગુજરાતિમાં વ્યાખ્યાન.

પ્રતાકાર :– પેજ ૧૬૦

કિંમત રૂા. ૪–૦૦ (પોસ્ટેજ અલગ)

— મળવાના ઠેકાણા —

(૧) કલ્યાણજીભાઈ. વી. મહેતા
૫૨૩, કોટન એક્ષેંજ બિલ્ડીંગ,
પાંચમે માળે, કાલબાદેવી મુંબઇ-૨

(૨) સુરેન્દ્રભાઈ ચુનીલાલ શાહ
ઠે. ફતાસાની પોળ, ભઠ્ઠીની બારી,
૨૨૭ A અદાસાની ખડકી, અમદાવાદ

卐

તા. ક. પુસ્તકો વી. પી.થી ન મંગાવતા રૂબરૂ ઠેકાણેથી લઈ જવા વિનંતી.

卐卐卐卐卐卐卐卐卐卐

જૈન શ્વેતાંબર તીર્થ

શ્રી

# કરેડા પાર્શ્વનાથજી

**ટેશન ભોપાલસાગર રાજસ્થાન**

**યાત્રાર્થે અવશ્ય પધારો**

આ જગતપ્રસિદ્ધ તીર્થ લગભગ ૧૦૦૦ વર્ષનું પ્રાચીન બાવન જિનાલયવાળું અતિ સુંદર શ્રી પેથડશા તથા તેઓના પુત્ર ઝાંઝણકુમારનું બંધાવેલ છે. આ તીર્થ સ્થાનમાં દરેક જાતની યાત્રીકો માટે સગવડ છે. ધર્મશાળા સુંદર બાંધેલ છે ભોજનશાળાની ઉત્તમ વ્યવસ્થા છે. સ્ટેશનથી ૩ ફર્લાંગ પર આવેલ છે અને ચીત્તોડથી ઉદેપુર જતા અગર અમદાવાદ ઉદેપુરથી આવતી-જતી રેલ્વેમાં ભોપાલસાગર આવે છે. તેમ જ અહીં આવવા માટે ૧૪ બસો ઉદેપુર. ચીતોડ, રાસમી, નાથદ્વારા, ગામગુડા, ગંગાપુર, ભીન્ડર, કુરજ, કુવારીયા તરફ જતી–આવતી બસો મંદીરજી પાસે થઈ આવ જાવ કરે છે.

☆

તીર્થદર્શનનો લાભ લેવા અવશ્ય પધારશો.

☆

મંત્રી : વીરચંદ સીરોયા
શ્રી જૈન શ્વેતાંબર
શ્રી કરેડા પાર્શ્વનાથ તીર્થ
વીનીત : કેસરીલાલ (મેનેજર)

卐卐卐卐卐卐卐卐卐卐


દીકરાઓ ! ઊઠો, હવે રાત થઈ છે તો તમને તમારા માબાપ શોધશે."

ઉછામણી હજુ ચાલતી હોઈ ઘર બધાના બંધ હતા. જેથી બાળકોએ ચોકમાં મિટીંગ જમાવી અને ડોસીમા માટે શું કરવું એ પર વિચારણાઓ કરી. એકે કહ્યું કે ડોકટર હજુ જાગતા જ હશે. ચાલોને બોલાવી લાવીએ. બીજાએ કહ્યું કે પેલો લંધો પગ ચઢાવવામાં હોશિયાર છે. મારા ભાઈનો પગ ઊતરી ગયો હતો ત્યારે એણે જ ચઢાવી દીધો હતો, એટલે એને જ પગ બતાવીએ. ડોકટરનું કામ નહીં. ત્રીજાએ વળી કહ્યું કે એનો વિચાર સવારે કરીશું, પણ કાલે એને ખવડાવવાની પહેલી ગોઠવણ કરીએ. એક બે જણે એ કામ માથે લઈ લીધું. સાંજનો વારો બીજાએ ઉપાડી લીધો. આમ આ બાળકો કોઈ સમસ્યા હલ કરવામાં ગૂંથાઈ ગયા હતા. એમને ઉછામણીમાં કોઈજ રસ નહોતો. એમને તો પડોશીને મદદ કરવામાં–માનવતાનું કામ કરવામાં જ રસ હતો. બાળ સુલભ દયા–કરૂણાને કારણે એજ એક માત્ર વાત એમના દિલમાં ઘોળાતી હતી.

× × ×

સવારે વહેલો ઊઠીને ગિરીયો દોડયાં કંકુ ડોસી પાસે. એના પિતાએ ધમકાવ્યો કે "જાય છે કયાં? બસ ઊઠયા એવાજ ભાગ્યા ! આવ્યો હશે પેલો ચંદરિયો બોલાવવા. કંઈ ધંધો છે કે નહીં ? ન દાતણપાણી, ન દૂધ પીવાનું કે ન ખાવાનું. ઊઠયા એવાજ ભાગ્ય રમવા ? કંઈ ભાન છે કે નહીં?"

"હું તો જઉં છું. પેલા કંકુ ડોસી પાસે. બિચારીનો પગ જ ભાંગી ગયો લાગે છે. ઊઠાતું જ નથી. એ દિવસથી બિચારી ભૂખી જ પડી રહી છે. લોછો તમે કોઈ એની સંભાળ ?"

ગિરીયાને માતાએ કહ્યું કે "હા, ડોસી એ દિવસથી દેખાણી જ નથી. નહિ તો જતાં આવતાં એ બોલાવ્યા વિના ના રહે."

છોકરા ડોસી પાસે ભેગા થઈ યયા. ડો. ભટ્ટ સજ્જન અને દયાળુ. ગરીબની ફીજ ન લે. ઊલટથી સામેથી જોવા આવી દવા પણ મોકલાવી દે. આથી છોકરા ડો. ભટ્ટ સાહેબને બોલાવી લાવ્યા. તેમણે કહ્યું કે "હું આ મલમ આપું છું. મરડ હશે તે મટી જશે. નહિં તો પછી પગ બતાવવા વીરમગામ જવું પડશે. ને ફોટો પણ લેવડાવવો પડશે. જેથી કંઈ હશે તે જણાઈ આવશે. બાકી આજનો દિવસ જુઓ, કેમ રહે છે ? નહિ તો પછી કાલે વિચાર કરશું."

મલમ આવ્યો. સહેજ ગરમ કરી બધે ખરડ કર્યો અને પછી ખાવાની વ્યવસ્થા કરી છોકરા સહુ તૈયાર થઈ નિશાળે ગયા. જતાં જતાં ડોસીની એક દૂરની ભાણેજને ખબર આપી ડોસીની સંભાળ લેવાનું કહેતા ગયા.

સાતમની સવારે ડે. ભટ્ટે જણાવી દીધું કે પગમાં ફ્રેકચર હોવાનો સંભવ છે. માટે તાત્કાલિક વીરમગામ લઈ જઈ બતાવી દેવાની જરૂર છે. આ સાંભળી બાળકો બધા ઊંડા વિચારમાં પડી ગયા ડોસીને કેવી રીતે વીમરગામ લઈ જવી, એ માટે કોને કહેવું, કોને મળવું, કેટલો ખર્ચ થશે, કેવી રીતે પૈસા એકઠા કરવા. આ બધા પ્રશ્નો હલ કરવા બાળકોની મહાસભા મળી. એક

કહ્યું કે ' કહીંયે મહોલ્લાવાળાને, પાડોશીની ખબર નહીં લે તો કોની લેશે ? એક નાના બાળકે વળી ચાર-ચાર આના ઉઘરાવી ફાળો કરવાની વાત કરી. ત્રીજાએ સહુના માબાપને કહેવાની વાત મૂકી. તો ચોથાએ કહ્યું કે " મારા મામાની મોટર છે, તો એમની પાસેથી માંગી લઈશું.' આમ બાળકો આ મહાપ્રશ્ન હલ કરવાના વિચારમાં અટવાઈ ગયા હતા.

બીજી બાજુ આજે ભવ્ય વરઘોડો નીકળવાનો હતે. જેથી રથ, હાથી, મોટરગાડીઓ, બગીઓ, ઘોડા વગેરેની વ્યવસ્થા માટે એમને શણગારવા માટે લોકો સવારથી જ દોડાદોડ કરી રહ્યા હતા. પૂ. આચાર્ય મહારાજનું આ વર્ષે ચાતુર્માસ હોઈ આજના વરઘોડાના ઉત્સાહનો પાર નહોતો. સાડા દશ વાગે તો બેન્ડવાજા પણ આવી ગયા હતા. ને તે વગડાવીને બપોરના વરઘોડાની જાહેરાત પણ કરી દીધી હતી. સ્ત્રીઓ સાડીઓ તથા શણગારના સાધનો ભેગા કરવામાં ગૂંથાઈ ગઇ હતી અને યુવાનો યોગ્ય પોશાક મેળવવા મિત્રોને ત્યાં હડીઓ કાઢી રહ્યા હતા.

ભોજનનો સમય થઈ ગયો હોઇ બુદ્ધિલાલે ગિરિયાએ હાક મારી બોલાવ્યો અને પછી ધમકાવવા લાગ્યા કે " રખડો છો કયાં ? તારા માટે તો રથ લીધો છે ને તમને કંઈ ભાન છે કે નહીં ? તે હજુ સુધી રખડયા જ કરો છો ? જાઓ, જલદી જમીને તૈયાર થઇ જાઓ અને પહોંચી જા દેરાસરે."

"તમારે જલસા કરવા છે અને ઉપરથી અમને ધમકાવો છો ? પેલી ડોસી મરી રહી છે. એનું કંઈ ભાન છે ! લો છો કોઈ એની ખબર ! કઈ હોંસે અમને રથે બેસવાની હોંસ થાય ? મારે તો રથે ય નથી બેસવું અને ઘોડેય નથી ચડવું." ઉદાસ ચહેરે ગિરિયાનો જવાબ સાંભળી એના પિતા વિચારમાં પડી ગયા. " અલ્યા આતો ભગવાનનો વરઘોડો છે. ધર્મનો વરઘોડો છે એટલું તો સમજો" કહી એના મોટાપિતાએ પણ ઠપકો આપ્યો.

"ભગવાનનો વરઘોડો હોય-ધર્મનો વરઘોડો હોય તો પછી તમે જ બેસજો ને ! ભગવાનના વરઘોડામાં તો બધાજ સરખા. બાકી અત્યારે અમારે મન તો પડોશીનું કામ કરવું અને તેથી ડોશીની ચિંતા કરવી એજ મોટો સવાલ છે. ડોસીને આમ એક બાજુ સળગી દેવી અને ઘોડે ચડવું એ તો અમને ગધેડે બેસવા જેવું લાગે છે. અમને તો ડોસીની જ ચિંતા છે કે એ બિચારીનું શું થશે ?

રમલાના પિતાએ રમલાને બજારમાંથી શોધી કાઢયો ને વઢવા મંડયા કે " અલ્યા, તમે બધા રખડો છો કયાં ? બાર વાગેય જમવાની ગમ ન પડે ? બધા ભૂત જેવા જ છો ને ! તારે માટે તો વરઘોડામાં અષ્ટમંગલનો થાળ લીધો છે ને ઘોડો પણ ઘરે બાંધ્યો છે. તો જા ઝટ તૈયાર થઇ જા."

" મારે તો ઘોડેય નથી ચડવુ ને હાથી પર પણ નથી ચડવું. તમારે ચડવું હોય તો ચડજો. મારે તો પેલી કંકુ ડોશીની વ્યવસ્થા કરવી છે. તમને કહ્યું છતાં તમે તો કંઇ વાત જ ધ્યાનમાં લેતા નથી. એક ડોસીને સડવા દેઇ


**માગશર મહિનામાં પ્રગટ થશે.**

શ્રી ઉદયવીર ગણિ રચિત

## શ્રી પાર્શ્વનાથ ચરિત્ર

( ભાષાંતર-પ્રતાકારે )

કિંમત રૂપિયા સાત

પ્રેરક :

**મુનિશ્રી શ્રેયાંસવિજયજી**

જૈન ઉપાશ્રય, નાગજીભુદરની પોળ, માણેક ચોક, **અમદાવાદ.**

**દસ નકલ કે તેથી વધુ નકલ માટે દિવાળી સુધીમાં નામો નોંધવનારના નામો પ્રતમાં છપાશે.** (પત્ર ઉપરના સ્થળે લખો.)


## જાહેર ચેતવણી

સર્વે જૈન ભાઈ-બહેનોને ખબર આપવામાં આવે છે કે, જયસુખલાલ વરજીવનદાસ શાહ રહેવાસી રાજકોટના—નામનો માણસ શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ-જગડીયાના નામથી ફંડ ભેગુ કરે છે. તે માણસ અગાઉ એક વરસ આ સંસ્થામાં નોકરી કરતા હતા, હવે તેમને એક વરસથી સંસ્થામાંથી છુટા કરવામાં આવેલા છે. તે માણસ આ સંસ્થાના નામથી જૈન ભાઇઓ પાસે જુઠુ બોલીને પૈસા ભેગા કરે છે. તેમને સંસ્થાના નામથી કોઈ દાતાએ પૈસા આપવા નહિ. અને આપની પાસે આવે તો તેમને પોલીસને સોંપી સંસ્થાની ઓફીસે ખબર આપવા મે. કરશો.

સેક્રેટરીઃ શાહ ચી. છો. (પાલેજ)

॥ સવીજીવકરૂ શાસનરસી ॥
ફોન નં. C/o ૫૭૬૦૫૨
મનુભાઈએચ
પાટણવાળા
રેડીયો સ્ટાર
મુંબઈના જાણીતા
જૈન સંગીતકાર
૧૫૪, ડી. અરૂણા નિવાસ,
ચીલ્ડ્રન હોસ્પીટલ પાછળ,
ગોલ્ડન ટોબેકોની લાઈનમાં,
ઘોડબંદર રોડ,
વિલેપારલા (ઈરલા)
મુંબઈ. નં. ૫૬ AS.
પૂજા, ભાવના, રાત્રિ જાગરણ, સિદ્ધચક્ર પૂજન તથા અઠ્ઠાઈ મહોત્સવ જેવા આપને આંગણે આવેલા મહા મંગલકારી અવસરને દિપાવવા અમારી પાર્ટીને જરૂર યાદ કરો. સુરીલા સંગીતને વિવિધ વાજીંત્રોની રમઝટનો આનંદ મેળવો, બહારગામના આમંત્રણ પર ધ્યાન આપવામાં આવશે.
તા. ક. અમારી પાટણમાં કોઈ જ શાખા નથી. તેની નોંધ લેશોજી.
(ફક્ત મુંબઈમાં જ રહેઠાણ છે)

ભીતીયા તથા બુકલેટ
— પંચાંગ —
માટે પૂછો : જૈન ઓફિસ
વડવા, ભાવનગર

કઈ હોંસે હું ઘોડે ચડું ?

ચંદરિયાનો પણ તેના બાપને તેવો જ જવાબ હતો કે ' તમારામાં તો દયા જ નથી. પડોશી પ્રત્યેનો ધરમ તો સમજ્યા જ નથી. તમારો હાથ ભાંગ્યો ત્યારે ગામ આખાને ભેગું કરી કેવા તાબડતોબ અમદાવાદ પહોંચી ગયા હતા ! અને એ માટે બધાને કેવી દોડાદોડ કરાવી હતી ! વળી એ માટે પૈસા સામુંય જોયું હતું ! તો એ બિચારી ડોસીને કેવું દુઃખ થતું હશે ! પણ તમે છોજ નહોર.

બધા જ બાળકોનો આવો જવાબ સાંભળી ઘરે ઘરે સળવળાટ પેદા થવા લાગ્યો. આચાર્ય મહારાજ સુધી પણ આ વાત પહોંચી ગઈ હતી. ઘરે ઘરે પણ આજ વાત ચર્ચાવા લાગી હતી. વળી બાળકોની વાતમાં પૂરેપૂરં તથ્ય હતું એની તો કોઈથી પણ ના પાડી શકાય તેમ હતું જ નહીં.જેથી આચાર્ય મહારાજશ્રીના બોલાવ્યાથી બધા ઉપાશ્રયમાં ભેગા થયા. એમાં બાળકો પણ હતા. મોટેરાઓ પણ હતા. મહારાજશ્રીએ છોકરાઓને સમજાવવા માંડયું કે " દીકરાઓ વરઘોડામાં વિઘ્ન ન નાખવું જોઈએ. '

અમે વિઘ્ન નથી નાખતા. અમે ઘણીવાર રથે–ઘોડે ચડયા છીએ. તો આ વખતે વડિલોને ચડવા દો. ભલે એ ઘોડે ચડી –રથે બેસી જલસો કરે. પણ અમને એક ડોશી માટે તો કંઈક કરવા દો.

' તમે આને જલસો કહો છો ! દિકરાઓ ! એને જલસો ન કહેવાય. એ તો ધર્મનો–ભગવાનનો વરઘોડો છે. ફક્ત ભપકો અને ઠાઠમાઠ એ તો બહારથી દેખાતો એક વિધિ છે. મૂળમાં તો વરઘોડો ભગવાને શીખવેલા દયાધર્મની–માનવતાની જાહેરાતનો જ વરઘોડો છે. ને [illegible]થી જ એને ધર્મનો વરઘોડો કહ્યો [illegible]. "

" તો પછી એવી જાહેરાત કરવી એ મોટી વાત છે કે દયાનું કામ પહેલું કરવું એ મોટી વાત છે ? "

બાળકોની [illegible]તમાં પૂર્ણ સત્ય હોઈ મહારાજશ્રીએ [illegible]હેરાત કરી કે ' કંકુ ડોસી સાજા થાય ત્યાં સુધીની સંપૂર્ણ જવાબદારી સંઘ ઉપાડી લે છે. ' અને પછી તે મુજબ [illegible]રત જ ડો. ભટ્ટ સાહેબ, મહાજનના મુનીમ તથા અન્ય એક ભાઈ સાથે ડોસીને વીરમગામ દવાખાને મોકલવામાં આવ્યાં.

બાળકો તો આ જાહેરાત અને કરેલી વ્યવસ્થાથી નાચી ઊઠયાં હતાં. અને મળેલા આ મહા વિજયથી એમના મુખ પર કોઇ અનેરો ઉત્સાહ છવાઇ ગયો હતો. આથી જ્યારે વરઘોડો નીકળ્યો ત્યારે ઘોડે ચડેલાં એ ભૂલકાઓને સહુ આંગળી ચીંધીને નીરખી રહ્યા હતા. કોઈ બોલતું : આલો ગિરિયો ! પેલો ચંદરિયો આ રમલો !

આમ જ્યાં આપણે પડોશીધર્મ કે માનવતાનો ધર્મ ભૂલી જઇએ છીએ ત્યાં ઘણીવાર નાના બાળકો દયાધર્મ-પડોશીધર્મ એ શું છે એ ઝટ શીખવી દે છે.

જૈનશાસ્ત્રોમાં હરકોઈની સેવા કરવી એને મહા તપ કહ્યું છે. ભગવાન મહાવીરે તો એટલે સુધી કહી નાખ્યું છે કે, वेयावच्चेण तित्थयरं गोत्तं निबंधई સેવાથી તો તીર્થંકર ગોત્ર બંધાય છે.

# ધર્મરક્ષકની જનેતા ..... .... ..... .....

લેખક : રતિલાલ દીપચંદ દેશાઈ

ત્યારે વીર વિક્રમ રાજાની બારમી સદી પ્રવર્તતી હતી. ગિરિરાજ આબુની આસપાસમાં એક નાનું સરખું પણ નમણું ગામ. નામ દંતાણી ધર્મભાવના એ ગામની રજમાં ભરેલી. એમાં ભગવાન તીર્થંકરના યાત્રાધામ બનેલ અર્બુદગિરિની એને છત્રછાયા મળી. દંતાણી ધર્મનું ધામ બની ગયું.

એ ગામમાં એક દંપતી રહે.

પુરુષનું નામ શ્રેષ્ઠી દ્રોણ. એમનાં પત્નીનું નામ દેદી. જ્ઞાતિએ પોરવાડ. ધર્મે જિનેશ્વરનાં ધર્મનાં આરાધક.

જેવો ગુણિયલ નર. એવી જ ગુણિયલ નારી. આદર્શ એમનું દાંપત્ય દ્રોણ શ્રેષ્ઠીનો વેપાર અને દેદી શેઠાણીનો વ્યવહાર બધે પંકાય.

ઘરમાં સંપત્તિ હતી; અંતરમાં સંતોષ હતો; જીવનમાં ધર્મભાવનાની સુવાસ હતી; સાદાઈથી જીવવાની અને સારા કામોમાં બે પૈસા વાપરવાની ટેવ હતી એમનું જીવન સુખ–શાંતિભર્યું હતું.

પણ સંસાર આખો સુખ–દુઃખની સાંકળે બંધાયેલો છે. પ્રાણીને ક્યારેક સુખ તો ક્યારેક દુઃખ દિવસ પછી રાત અને રાત પછી દિવસની જેમ. આવતાં જ રહે છે. કુદરતનો એ સહજ ક્રમ છે.

દ્રોણ શેઠ અને દેદી શેઠાણી બધી વાતે સુખી હતાં. પણ કુદરતે એમને વંશવેલાને વધારનાર, ખોળાના ખુંદનારની ભેટથી વંચિત રાખ્યાં હતાં. જીવનમાં એ એક ખામી હતી અને બન્નેની ઉંમર તો યૌવનના સીમાડા વટાવી ચૂકી હતી.

દંપતીને આ દુર્ભાગ્ય ક્યારેક સતાવી જતું. મનમાં થતું: ધર્મપ્રતાપે બધું સુખ મળ્યુ અને આટલું સુખ બાકી રહી ગયું ? દેદી શેઠાણી ક્યારેક ચિંતામાં કેતરી જતાં. પણ આવી હતાશાના વખતે અંતરમાં વસેલી ધર્મભાવના એમને આશ્વાશનરૂપ બની જતી ભગવાનની વાણીનું સ્મરણ કરીને તેઓ મનને શાંત રાખવા પ્રયત્ન કરતાં. કરેલું ક્યારેય એળે જતું નથી. અને નહીં કરેલું ક્યારેય ફળતું નથી.

આ એક ઊણપના પડછાયા નીચે દંપતીના દિવસો સુખમાં વીતતા હતા.

*

આજે દંતાણી ગામમાં આનંદ–ઉલ્લાસ પ્રવર્તતો હતો.

જૈન સંઘના આચાર્ય જયસિંહસૂરિ આજે ગામમાં પધારવાના હતા. આખા ગામે રૂપાળા શણગાર સજ્યા હતા અને જૈન સંઘનાં નર-નારીઓ અને બીજા ગ્રામજનો આચાર્યશ્રીના સ્વાગતે સામૈયું લઈને સામે ગયાં હતાં.

પણ એમાં દ્રોણ શેઠ અને દેદી શેઠાણી નજરે પડતાં ન હતાં. આવાં ધર્માનુરાગી શેઠ–શેઠાણી આવાં મોટા ધર્માચાર્યના સામૈયામાં હાજર ન હોય એ કેવું કહેવાય ? તેઓ આવા ધર્મપ્રભાવનાના અવસરે શા કારણે ગેરહાજર રહ્યાં હશે ભલાં ? ઘણાંના મનમાં આ વિમાસણ થઈ આવી. પણ એનો ખુલાસો કોણ આપે ?

સમય થયો અને આચાર્ય જયસિંહસૂરિ ગામમાં પાદરે આવી પહોંચ્યા.

આચાર્યનો ઠાઠ પણ એક રાજગુરૂને શોભે એવો હતો. આગળ છડીદાર ચાલતો અને આચાર્યશ્રી સુંદર પાલખીમાં સુખપૂર્વક બેઠા હતા. કાયાના કલેશને એમણે જાણે દૂર કર્યો હતો. ભગવાન તીર્થંકરના ધર્મના શ્રવણ આવી સુખ–સાહ્યબીના મોહમાં સપડાય, એ સમયની બલિહારી હતી.

હજાર–નવસો વર્ષ પહેલાંના એ સમયમાં ધર્મની ત્યાગ–વૈરાગ્ય અને સંયમ–તિતિક્ષાની ભાવનાને લૂણો લાગ્યો હતો અને આચાર વિમુખતાની બોલબાલા થવા લાગી હતી. ચૈત્યવાસને નામે બદનામ થયેલા એ યુગમાં કોઈ કોઇને કહી કે

રોકી ટોકી ન શકે એવી અરાજકતા જૈન સંઘમાં પ્રવર્તતી હતી.

આચાર્ય જયસિંહસૂરિ પણ એ મોહક–સુંવાળા માર્ગના જ પ્રવાસી બની ગયા હતા; અને એમાં પોતે કશું ધર્મ વિરુદ્ધ આચરણ કરી રહ્યા છે, એવો કોઈ અજંપો એમના ચિત્તને સતાવતો ન હતો ! એ યુગમાં શ્રમણજીવનને આચારહીનતા આટલી બધી કોઠે પડી ગઈ હતી !

દ્રોણ શેઠ અને દેદી શેઠાણી આજે આચાર્યશ્રીના સામૈયામાં ન આવ્યાં તેનું કારણ આ જ હતુ. એમને થયું: વીતરાગ ભગવાનના ધર્મના ઉપાસક આચાર્ય ત્યાગ – સંયમ – અપરિગ્રહનો માર્ગ ચૂકી આવા સુખ–વૈભવમાં આસક્ત બને એ કેવું કહેવાય ? તો પછી ત્યાગ વૈરાગ્યમય ધર્મનું ગૌરવ કોણ ટકાવી રાખશે ? સર્યું આવા શિથિલાચારના પોષક આચાર્યના સ્વાગતમાં જવાથી !

જયસિંહસૂરિ ગામમાં પધાર્યા, એમણે ધર્મદેશના આપી અને સૌ વીખરાયાં.

આચાર્યના જાણવામાં જ્યારે એ આવ્યું કે દ્રોણ શેઠ અને દેદી શેઠાણી આજે સામૈયામાં નહોતાં આવ્યાં, ત્યારે એમના અંતરને જાણે ઠેસ વાગી. આ દંપતીની ધર્મ ભાવનાથી તેઓ પરિચિત હતા. આવાં ધર્મશીલ દંપતી શા કારણે સામૈયામાં નહીં આવ્યાં હોય ? - આચાર્ય વિચારી રહ્યા. એમનું અંતર કંઇક બેચેની અને રોષની લાગણી અનુભવી રહ્યું. સવારે એમની વાત ! ત્યારે ધર્મના રખેવાળો રાજાના જેવો મિજાજ રાખતા થઈ ગયા હતા !

પણ રાતે તો કંઈક એવી ઘટના બની કે આચાર્યનો ગુસ્સો શાંત થઈ ગયો. એમણે સ્વપ્નમાં જોયું કે કોઇક એમને કહી રહ્યું છે કે અત્યારે સંતાન વગરનાં દેદી શેઠાણીની કુક્ષિથી થોડા વખત પછી એવો પુત્ર જન્મશે કે જે ધર્મનો ઉદ્ધારક બનીને આચારધર્મની ફરી પ્રતિષ્ઠા કરશે અને એના ગુરુ બનવાનું ગૌરવ તમને સાંપડશે.

સ્વપ્નની વાતે જાણે આચાર્યના અંતરને વશ કરી લીધું. એમને થયું : ક્યારે સવાર થાય અને ક્યારે આ ધર્મભાવનાશીલ દંપતીને અહીં બોલાવું ?

સંઘનો માણસ સવારના પહોરમાં આચાર્યનો સંદેશો લઈને દ્રોણ શ્રેષ્ઠીને ત્યાં આવી પહોંચ્યો.

દંપતીએ વિચાર્યું : કાલે આપણે સામૈયામાં ન ગયાં, તે માટે આચાર્ય ઠપકો આપવા આપણને બોલાવતા લાગે છે.

પણ પતિ–પત્ની બન્નેમાંથી કોઇના અંતરમાં પોતે કંઈ અકાર્ય કે પાપકાર્ય કર્યાનો ખટકો ન હતો, એટલે એ સ્વસ્થ હતાં. મનમાં જે કંઈ અણગમો કે દુઃખ હતાં, એ તો કેવળ ધર્મવિરોધી આચાર તરફ જ હતાં, તેથી એમનું ચિત્ત આચાર્ય તરફની કઠોર લાગણીથી મુક્ત હતું.

બંને આચાર્યશ્રી પાસે આવ્યાં, વિનય અને ભાવપૂર્વક વંદના કરીને બેઠાં અને નમ્રતાથી આજ્ઞા ફરમાવવા વિનંતી કરી.

મન મનને સ્પર્શી જાય એમ આચાર્યશ્રીનું હૃદય પણ અક્રોધ અને અવિરોધની સુભગ લાગણીમાં તરબોળ બની ગયું એમના અંતરમાં આ દંપતી માટે ભાવ જાગ્યો અને એમણે પ્રસન્નતાથી પોતાને આવેલ સ્વપ્નની વાત કરી અને જે પહેલો પુત્ર જન્મે તે પોતાને ભિક્ષામાં આપી દેવાની માગણી કરી અને બીજો પુત્ર વંશ સાચવશે એમ પણ કહ્યું.

દેદી શેઠાણીને પણ એ રાત્રે કંઈક એવું જ સ્વપ્ન આવ્યું હતું. એમણે આચાર્યશ્રીને કહી સંભળાવ્યું.

દંપતીનું અંતર વાંઝિયામેણું ટળવાની સુખદ લાગણી અનુભવી રહ્યું.

વાતાવરણ પ્રસન્નતાથી ભરાઇ ગયું.

અવસર જોઇને જયસિંહસૂરિએ દંપતીને સામૈયામાં નહીં આવવાનું કારણ પુછ્યું. પણ એમાં સત્તાનો ડંખ ન હતો, સહૃદય જિજ્ઞાસા હતી.

પણ આ સવાલનો જવાબ શું આપવો ? સાચું કહેવામાં વિવેક–વિનયનો ભંગ થાય અને ખોટું કહીએ તો ધર્મનો આત્મા ખંડિત થાય. દ્રોણ શ્રેષ્ઠી ચિંતામાં પડી ગયા. આ કેવું ધર્મ-સંકટ આવી પડ્યું ! એમણે તો ચૂપ રહેવામાં સાર જોયો.

આચાર્યશ્રીએ દેદી શેઠાણી સામે જોયું.

દેદી શેઠાણી શાણાં અને શાંત હતાં પણ લાભ થતો હોય તો કડવું સત્ય કહેવાની નિર્ભયતાનું ધર્મતેજ એમનામાં હતું. આવા વખતે ચૂપ રહીએ અને સાચી વાત કહેતાં ખમચાઈએ તો ધર્મને પામ્યાની ચરિતાર્થતા શી ?

શેઠાણીએ નમ્રતાથી લાગણીપૂર્વક કહ્યું: "મહારાજ, આપ તો સંઘનાયક અને ધર્મના રખેવાળ છો અને આપણા વીતરાગ પ્રભુએ પોતાનો શ્રમણ શ્રમણી સંઘને પંચમહાવ્રતોનું પાલન કરવાનો, અપરિગ્રહી રહેવાનો અને પાદ-વિહાર કરવાનો આદેશ આપ્યો છે; પણ આપ તો પાદવિહારને દૂર કરીને પાલખીમાં ફરો છો અને એવો પરિગ્રહ ધારણ કરો છો. આમાં પ્રભુઆજ્ઞાનું પાલન ક્યાં રહ્યું ? અમે સામૈયામાં ન આવ્યાં તે આ કારણે જ ! ગુરૂદેવ, અવિનય માટે ક્ષમા કરશો, પણ સાચી વાત આ છે."

ગુણાનુરાગી આચાર્યશ્રીને આ શ્રાવિકામાં પોતાને જાગૃત કરનાર આત્માનાં દર્શન થયાં. આવું કડવું સત્ય સાંભળીને પણ દુઃખ કે રોષ અનુભવવાને બદલે એમણે ઉદારતાથી કહ્યું: 'બહેન ! તમારૂ કહેવું સાચું છે. પડતા પંચમ આરાના પ્રતાપે, ધર્મપાલનની કઠોરતાથી પાછા પડીને, અમે આવા ધર્મ વિરૂદ્ધના માર્ગે ચાલવા લાગ્યા છીએ. અમારી એ ભૂલ છે." દંપતી આચાર્યશ્રીની સરળતાને અભિનંદી રહ્યાં.

ધર્મરક્ષા માટે સત્ય બોલવાની આવી નિર્ભયતા બતાવનાર દેદી શેઠાણીની કુક્ષિમાંથી જ ધર્મના ઉદ્ધારક, શિથિલાચારના નિવારક અને વિધિમાર્ગના પ્રતિષ્ઠાપક આર્યરક્ષિતસૂરિનો વિક્રમ સં. ૧૧૩૬માં જન્મ થયો હતો. ધન્ય એ નારી !*

☆

*શ્રી પાર્શ્વકૃત 'અચલગચ્છ દિગ્દર્શન'ને આધારે.


## ધાર્મિક તહેવાર નિમિત્તે સાધર્મિકબંધુઓને વિનંતી

## અનુષ્ઠાનો...આદિ જીનભક્તિ...માટે

અષ્ટોત્તરી સ્નાત્ર, શાંતિસ્નાત્ર, સિદ્ધચક્રપૂજન, ઋષિમંડળપૂજન, અઠ્ઠાઈમહોત્સવ, પ્રતિષ્ઠા આદિ અનુષ્ઠાનોમાં વાપરવા યોગ્ય પવિત્ર ખાત્રીની ચીજો જેવી કે,

કેસર, બરાસ, વરખ, બાદલુ, સુખડ, દશાંગધુપ, અગરબત્તી, વાસક્ષેપ, વાળાકુંચી, મોરપીછી, આંગી માટે બલુન સુખડ પાવડર, ઉન, ચંદનતેલ, અત્તર, સોના–રૂપાના ફૂલ ઈત્યાદી

સાધર્મિક ભક્તિ માટે

કસ્તુરી, અંબર, તપસી આરામ ઔષધ, કાયાકુટીતેલ. ચંદનતેલ, બદામતેલ, કસ્તુરી–અંબર મિશ્રિત અણાહારી ગોળી ઈત્યાદી....ચીજો મેળવવા માટે નોંધી રાખો સ્થળ :—

**ક વો લી ટી ટ્રે ડ ર્સ** ટે. નં. ૨૫૯૧૯૫

(શાંતીલાલ ઓધવજીની કું. વાળા)

૩૩, શામશેટ સ્ટ્રીટ, મોદીનો માળો, મુંબઈ–૨

(ટી. પી. લાલ કું. રાજારાણી સાબુવાળાની નીચે)

# કામીની વિનિપાત

લેખક : મગનલાલ ડી. શાહ (બાજીપુરાવાળા)

માલવપતિ મુંજ જેવો પરાક્રમી હતો તેવો જ મહાન વિદ્યાવ્યસંગી હતો. યુદ્ધકળામાં નિપુણ મુંજ કાવ્યકળામાં પણ પ્રવીણ હતો. એનો દરબાર દેશવિદેશનાં કવિઓને આકર્ષતો. ઉદારતાપૂર્વક કવિઓની કદર કરવામાં પોતાનું અહોભાગ્ય સમજતો. એની કીર્તિની સુવાસ દશે દિશાઓમાં પ્રસરી હતી. તે કવિઓનો અને પંડિતોનો મહાન આશ્રયદાતા હતો.

તૈલંગ દેશના રાજવી તૈલપ સાથે મુંજને હાડોહાડ વૈર હતું. તૈલપને છ વાર હાર ખવરાવ્યા છતાં સાતમીવાર યુદ્ધનાં મેદાન ઉપર પોતાનું પાણી બતાવવાની તે તીવ્ર ઈચ્છા રાખતો હતો. જાણે કે તૈલપને જંપીને જીવવા દેવા માગતો ન હતો. જ્યારે મહામંત્રી રુદ્રાદિત્યને તૈલંગદેશ ઉપર ચઢાઈ કરવાના ઈરાદાની તેણે જાણ કરી ત્યારે મહામંત્રી નિરાશ થયા. તેઓ જાણતા હતા કે મુંજનાં તે સમયનાં ગ્રહબળો ઘણાં નબળા હતા. તેને માટે મહાન અશુભ યોગો શરૂ થઈ ચૂકયા હતા. આથી તેમણે મુંજને ચઢાઇ કરવાનો ઇરાદો માંડી વાળવાની સલાહ આપી. પણ મુંજ ચઢાઇ કરવા માટે તલપાપડ થઇ ગયો હતો. સતત્ વિજય મેળવનાર મુંજ ગ્રહબળોની વાતથી ડરી જઇ ચઢાઈ કરવાનું માંડી વાળે તો તે પરાક્રમી કેમ કહેવાય? વિજેતાઓને હારનાં કારણો સમજવાની તમા હોતી નથી. વિજયની પરંપરા તેમને યુદ્ધ કરવા પાગલ બનાવે છે. અને એજ મહા અનર્થકારી ભૂલમાં હાર છુપાયેલી હોય છે. તેણે સેનાપતિને તૈલંગ ઉપર ચઢાઈ કરવાનો હુકમ કર્યો.

શસ્ત્રાગારમં શસ્ત્રોનો ખણખણાટ થવા લાગ્યો. યુદ્ધની રણભેરં ગગનભેદી નાદ ગજવવા માંડી. સૈનિકોનાં હૃદય ચઢાઇ કરવા થનગની ઉઠયા. ધારાનગરીની શેરીઓમાં યુદ્ધ! યુદ્ધ! અને યુદ્ધ!ની જ વાતો સંભળાતી. પ્રજાને પણ યુદ્ધનો નાદ સાંભળવાનો કેફ ચઢયો હતો. એકધારા વિજયથી પ્રજામાં ભારે વિશ્વાસ ઉત્પન્ન થયો હતો કે યુદ્ધમાં વિજય આપણો જ છે. તૈલપના હાલહવાલ જોવા જેવા થશે. ભૂંડો પરાજય જ તેના નસીબમાં લખાયેલો હશે. માલવદેશનાં પૃથ્વીવલ્લભની યશકલગીમાં એક વધુ પુચ્છ ઉમેરાશે. કવિઓ પરાક્રમની એક વધુ વિજયગાથા રચશે. પ્રજા આનંદને હિલોળે હિંચવા લાગી હતી.

પણ બિચારી પ્રજાને કયાં ખબર હતી કે મુંજને માટે આ યુદ્ધપ્રયાણ પતનને પંથે લઇ જશે?

છ વખત ભૂંડો પરાજય મેળવનાર તૈલપ દુશ્મનની પ્રચંડ યુદ્ધશક્તિને જાણતો હતો. તે સ્પષ્ટ સમજતો હતો કે યુદ્ધનાં મેદાનમાં મુંજ ઉપર વિજય મેળવવો આકાશકુસુમવત્ સંપૂર્ણ અશક્ય હતો. અણગમતા, અણધાર્યા આવી પડેલા યુદ્ધમાં હાર ખાવાની ભારે નામોશીમાંથી ઉગરવાનાં માર્ગો શોધવામાં તેનું મન સતત વ્યસ્ત રહેતું. આખરે તેને માર્ગ જડયો. તેણે કપટકળાનો આશ્રય લેવાનો નિર્ણય કર્યો. નસીબે તેને અજબ યારી આપી. કપટનો ભોગ બની મુંજ કેદ પકડાયો.

બસ! હવે મુંજનાં પતનનું નાટક શરૂ થઈ ગયું અશુભ યોગની ખરાબ અસર થવા લાગી.

ઉંદરને જોતાં જ બિલાડી જેમ તેનો કોળિયો કરવા માગે તેમ મુંજને જોતાં જ તેનો વધ કરવાની તીવ્ર ઈચ્છા થઈ. તેની રગેરગમાં વેર વ્યાપેલું હતું. મુંજ ઉપર દૃષ્ટિ પડતાં જ તે ક્રોધથી સમસમી ઊઠતો. પરંતુ કપટકળા પ્રવીણ તૈલપ ખંધો રાજપુરૂષ હતો. એમ સહેલાઈથી વેર વાળવાનું તેનું મન ના પાડતું. કેટલી વહેલી તક મળે ને એને ઘાણીમાં ઘાલી પીલી નાંખું! મોકો મળે તો એને જીવતો સળગાવી મૂકું! શકય હોય તો એનાથી

ય ભૂંડી રીતે એનું મોત આણું! આમ વધુને વધુ રીબાવીને મારી નાંખવાનાં અનેક પેંતરા મનમાં રચી જોયા. પણ તે સમજતો હતો કે માનવીને એક જ વખત મારી શકાય છે. ફરી સજીવન કરી મારી નાંખવાનો લ્હાવો કદાપી મળતો નથી. તો પછી શા માટે તેને વધુ સમય જીવતો રાખી રીબાવી રીબાવીને મારી નાંખવાનો લ્હાવો જતો કરવો? એકનું દુઃખ બીજાને માટે વૈરીને માટે આનંદનો વિષય છે. વેર-ઝેરથી ખદબદતી દુનિયામાં એનાથી જુદી પરિસ્થિતિ સર્જાવાની કલ્પના જ કેમ કરી શકાય? વૈરી સેતાનપણાનો અને હેવાનીયતનો પૂજારી ન બને તો તે ખંધો વૈરી કેવી રીતે બને? વેરની ભાવનાથી વિકૃત થયેલું મન એમાં જ રચ્યું પચ્યું રહે છે.

ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વેરનો બદલો ચૂકવવા તત્પર થયેલા તૈલપે મુંજને કેદમાં પૂર્યો.

મહાપરાક્રમી મુંજનું ભાગ્ય રૂઠયું અને તેને કારાવાસમાં પૂરાવું પડયું. આવા મહા કેદીની રખેવાળીનું કામ મૃણાલિનીને સોંપવામાં આવ્યું.

મૃણાલિની મૃણાલિની જ હતી. કમળની દાંડી જેવું નમણું, સુકોમળ અને સૌંદર્યવંતું એનું રૂપ હતું. છતાં એની પ્રકૃતિ વિચિત્ર પ્રકારની હતી. દેહથી નારી હોવા છતાં એનામાં નારીવૃંદમાં ભાગ્યે જ જોવા મળે તેવા અનોખા પુરૂષત્વનું પ્રાબલ્ય એટલું બધું હતું કે ગમે તેવો સમર્થ પુરૂષ પણ એને જોતાં જ સ્તબ્ધ બની જતો અને નમી પડતો.

સંજોગોએ એની પ્રકૃતિને જુદો જ ઘાટ આપ્યો હતો. પ્રભુતામાં પગલા માંડયા પછી અલ્પ સમયમાં જ તેનો સૌભાગ્ય ચાંદલો ભૂંસાઇ ગયો હતો. એનું શિર છત્ર વિધાતાએ ઝૂંટવી લીધું હતું. દાંપત્ય સુખ અલ્પજીવી નીવડવાથી સ્ત્રીને સહજ એવી આર્દ્રતા એનામા ન હતી.

મૃણાલિની સામાન્ય નારી ન હતી. તે જુદી જ માટીથી ઘડાયેલી હતી. યુવાવસ્થામાં તદ્દન જ સાહજિક એવી કામવાસનાઓનું મક્કમપણે તેણે દમન કર્યું. મનને બીજી દિશામાં વાળ્યું. રાજકારણમાં તેણે રસ લેવા માંડયો. તેણે તૈલપને પૂરેપૂરો સહકાર આપ્યો. જવાબદારીભર્યા અનેક કાર્યો સફળતાપૂર્વક પાર પાડીને તૈલપનો અનન્ય વિશ્વાસ સંપાદન કર્યો. આમ પુરૂષનાં કાર્યક્ષેત્રમાં સતત્ પ્રવૃત રહેવાથી તેનામાં રહેલું પુરૂષત્વ વધુ પાંગરી ઉઠયું. ભલભલાને ડારી નાંખે તેવા એનાં જાજરમાન અને પ્રખર વ્યક્તિત્વ આગળ તેનાં સંપર્કમાં આવનારો પુરૂષ જાણે કે મૂક શરણાગતિ સ્વીકારતો હોય તેમ નમી પડતો. તૈલપનાં વિશ્વાસને પાત્ર હોવાથી કોઈપણ પુરૂષ તેનાં વ્યક્તિત્વને પડકારવાની હામ ભીડી શકતો નહિ. આવું અનોખું વ્યક્તિત્વ તેનાં શીલનું રક્ષણ કરવામાં બાહ્ય આક્રમણ સામે કવચની ગરજ સારતું.

જેલનો પંખી બનેલો મુંજ જેલમાં પણ પહેલાંનો જ મુંજ રહ્યો હતો. તેનું મન મુંઝવણનાં વમળમાં જરા પણ ગોથા ખાતું ન હતું. એનું એ જ સ્વસ્થ ચિત્ત એનો એ જ ભોગવિલાસી, મોજીલો અને એશઆરામી મુંજ. કેદમાં પણ તે અનહદ આનંદ અનુભવતો. કેદમાં પૂરાવા છતાં આનંદ-પ્રમોદમાં દિવસો વ્યતીત કરવાની તેની લાક્ષણિક ટેવે જરા પણ આંચકો અનુભવ્યો ન હતો. અત્યંત પ્રતિકુળ સંજોગોમાં પણ જે આનંદ માણે તે જ સાચો આનંદી.

મૃણાલિની પણ મુંજની અત્યંત સાવચેતીપૂર્વક ખંતથી રખેવાળી કરતી. નાનામાં નાની અને મોટામાં મોટી બાબતથી પણ તે વાકેફગાર રહેવાનું કદાપી ચૂકતી નહિ. મુંજનાં ભોજનથાળમાં સુંદર, સ્વાદિષ્ટ અને વિવિધ પ્રકારની વાનગીઓ મોકલવામાં આવતી. છતાં મુંજ અલ્પ ભોજન આરોગતો. બાકીનું ઉચ્છિષ્ટ રહેવા દેતો. આ હકીકત મૃણાલિનીની નજર બહાર ન હતી. આથી તેને એક દિવસ મુંજની મુલાકાત લીધી.

આપ પૂરતું ભોજન કરતા નથી જો આ વાનગીઓથી સંતોષ ન થતો હોય તો આપનાં સૂચન મુજબ યોગ્ય ફેરફાર કરીએ."

મુંજે ઇશારે કરી બેસવાનું સૂચન કર્યું. જાણે આજ્ઞાંકિત પાળેલ પ્રાણી પોતાના માલિક સમક્ષ ચૂપચાપ બેસી જાય તેમ મૃણાલિની ચુપચાપ બેસી ગઇ.

મુંજે જવાબ આપ્યો, "ભોજનનો રસ સાચો રસ તેની વાનગીઓમાં નથી હોતો. પરંતુ જે હાથ ભોજન ખવરાવે છે તે હાથના કોમળ સ્પર્શમાં રસ રહેલો છે. મુંજ વાનગીમાં રસ મેળવવાનું મુનાસિબ નથી માનતો. પરંતુ ખવરાવનારા સુકોમળ હાથનાં અદ્દભુત સ્પર્શમાં જ આનંદ મેળવવાનું યોગ્ય લેખે છે.''

મદારીના બંસીનાદે અને ડુગડુગીનાં તાલે ભોજલું નાચ્યા વગર રમી શકતું નથી, શિકારીનાં વાંસળીનું સૂરીલું સંગીત સાંભળવામાં મૃગલું મોત માથે ઝઝુમતું હોય છતાં રસલુબ્ધ બને છે. પ્રેયને વરેલો માનવી શ્રેયને ભૂલી જાય છે. મૃણાલિની પણ મુંજનાં અલ્પ પ્રેમસંભાષણથી ભાન ભૂલી ગઇ. વિવેકને વિસરી ગઈ અને મુંજને સ્વહસ્તે ખવરાવવા તત્પર થઈ.

જેવો તેણે હાથ મુંજનાં મુખમાં મૂક્યો કે તરત જ મુંજે ઓષ્ઠદ્વય વચ્ચે હાથને દબાવ્યો. મુંજની કામકળાનું કામણ ભારે અસરકારક પૂરવાર થયું. મૃણાલિનીએ ભારે રોમાંચ અનુભવ્યો. રોમેરોમમાં પ્રણયવિદ્યુતનો સંચાર થયો. કામવશ બનેલી મૃણાલિની કામવાસનાઓ ભભૂકી ઊઠી. સંયમનો અજેય ગણાતો બંધ તૂટયો અને કામવાસનાનાં ધૂઘવતાં પૂર એકદમ ઊછળવા માંડયા. સંયમનો બંધ ધોવાઈ ગયો. મૃણાલિનીનું મક્કમ મનાતું મન એટલું બધું પામર બની ગયું કે કામવાસનાઓનાં પ્રચંડ જોરને ખાળી શક્યું નહિ.

મુંજ પ્રણયકળામાં ઉસ્તાદ હતો. ગમે તેવી જાજરમાન પ્રકૃત્તિ ધરાવતી અને મક્કમ મન ધરાવતી રમણી પણ પ્રથમ દૃષ્ટિએ જ એનો પ્રણય શિકાર બનતી. એનું સંમોહક વ્યક્તિત્વ અનોખું અને અદ્દભુત હતુ. યુવાવસ્થાથી પ્રૌઢાવસ્થા સુધી ચારિત્ર્ય સંપન્ન રહેલી રમણીને ક્ષણવારમાં જ નમાવી દેવી એ મુંજ જેવા પ્રણયી માટે શક્ય હતું.

પણ !......પણ મૃણાલિનીનાં ચારિત્ર્ય પતનનું આ નિમિત્તમાત્ર હતું. વિશિષ્ટ કારણ તો સાવ જુદું જ હતું. મૃણાલિનીએ કામવાસનાઓનું દમન કર્યું હતું અને મનને જુદી પ્રવૃત્તિઓમાં પરોવ્યું હતું. પરંતુ કામવાસના જન્મજાત સાહજિક વૃત્તિ છે. તેનું ઉર્ધ્વીકરણ થવું જોઈએ. ઉર્ધ્વીકરણને ખપે છે મનસા વચસા કર્મણા પવિત્ર જીવન–જ્યારે રાજકારણ તો કપટ અને પ્રપંચથી ખદબદતું હોય છે.

જળકમળવત્ નિર્લેપ તે જ રહી શકે જેનામાં સમપરિણામવાળા રહેવાની અદ્દભુત અને ઊંડી આધ્યાત્મિક સૂઝ હોય. તે પ્રમાણે જ તેનાં જીવનનું પરિવહન થતું હોય આચારની અસર વિચાર ઉપર પડે છે કે વિચારોની અસર આચાર ઉપર પડે છે? કે પછી બન્ને સાપેક્ષ છે? અહીં જ સાપેક્ષવાદ પતનમાંથી ઉગારે છે અને એ જ સાચી, નરવી આધ્યાત્મિક સૂઝ છે. ભૂખ વગરની સૂઝ ભવની ભાવઠ ભાંગી શકતી નથી. શુભ વિચારો દ્વારા ઉદય પામતી અને શુભ કર્મો દ્વારા પુષ્ટ થતી આધ્યાત્મિક સૂઝ જ માનવીનાં મનને જળકમળવત્ નિર્લેપ રાખી શકે છે. કાવાદાવાઓથી અને પ્રપંચોથી ગળાડૂબ રાજકારણીઓ માટે તે અશક્ય છે. આત્મા સુકાની છે અને મન જહાંજ છે. સૂકાની દિશા ચૂકે તો જહાંજનું પ્રયાણ અવળી દિશામાં જ થવાનું. છતાં કર્મફળદાત્રી સત્તા પૂર્વસંચિત કર્મોનું શુભાશુભ ફળ આપે જ. એમાંથી મુક્ત થવાનો રામબાણ ઉપાય આધ્યાત્મિક પુરૂષાર્થ જ હોઈ શકે કે બીજું કાંઇ ?

મૃણાલિનીએ કદી આ દિશામાં વિચાર્યું પણ ન હતું. તેનામાં ન હતી આધ્યાત્મિક સૂઝ અને ન હતો આધ્યાત્મિક પુરૂષાર્થ.

ભોગ્ય અને ભોક્તા નિકટવર્તી હતા. એકાંત હતું. તેથી કામવાસનાઓ ભોગવવામાં કોઈ અંતરાય ન નડયો.

પણ ! પણ કામવાસનાઓ સંતોષવાથી તૃપ્ત થતી નથી. પણ અગ્નિમાં ઘી હોમવાથી જેમ અગ્નિ વધુ પ્રજ્જવલિત બને છે. તેમ વાસનાઓ પણ સંતોષવાથી વૃદ્ધિ પામે છે. એનો ગુણાકાર જ થાય છે. બાદબાકી થઈને શૂન્યમાં પરિણમતી નથી. અરે, એને સરવાળો પણ ખપતો નથી, ગુણાકાર જ એને પ્રિય છે.

મૃણાલિનીએ મુંજનાં મોહક નયનોમાં રાજકીય કેદીનાં નહિ, તાતા દુશ્મનનાં નહિ, પૃથ્વીવલ્લભનાં નહિ, રમણી વલ્લભનાં નહિ; પરંતુ પ્રાણ વલ્લભનાં જ દર્શન કર્યા હતા. આથી ગુપ્ત રીતે કામભોગ કરવામાં દિન પ્રતિદિન તેઓ આગળ વધવા લાગ્યા. જુઠાણાં, પ્રપંચ, અનેક ખટપટ વગેરેનો આશ્રય પાપ લીલા ઢાંકવા માટે લેવો પડતો. આથી મુંજ આખરે કંટાળ્યો. આવા કંટકાકીર્ણ માર્ગમાંથી તે મુક્તિ ચાહતો હતો. મુક્તપણે ભોગવિલાસ કરવા ટેવાયેલો મુંજ અનુકૂળ પરિસ્થિતિની ઝંખના કરતો હતો.

તેણે એક દિવસ મૃણાલિની આગળ પ્રસ્તાવ મુકતાં કહ્યું, "મૃણાલિની ! કેદી જીવન પ્રણય-માર્ગમાં અંતરાય રૂપ છે. આપણે આ સુરંગ દ્વારા પલાયન થઈ જઈએ અને ધારા નગરી તરફ પ્રયાણ કરીએ. હું તને મારી પટરાણી બનાવીશ."

સ્રીનું મન બ્રહ્મા પણ પારખી શકતા નથી. એ અનુભવવાણી અતિશયોક્તિથી પૂર્ણ ભાગ્યે જ હશે. તેમ છતાં મુંજ માટે તો તે મહાન આપત્તિ-કારક સત્ય નિવડી. નારીનાં મનને માપવામાં તે ઊણો ઉતર્યો. પોતાનાં જ તોલ–માપથી બીજાનાં મનને માપવામાં માનવી અનેકવાર થાપ ખાય છે. મુંજ પણ એવી ભૂલનો જ ભોગ બન્યો.

મુંજની માંગણીથી મૃણાલિનીએ મહાભૂકંપ થયો હોય તેમ ગંભીર આંચકો અનુભવ્યો. તેને લાગ્યું કે મુંજની પ્રણયલીલામાં ફસાઈ જઈને પોતે ગંભીર ભૂલ કરી છે. પતિદ્રોહ, દેશ દ્રોહ, અને ભ્રાતૃદ્રોહ કર્યો છે. પતિતા બની આત્મદ્રોહ પણ કર્યો છે. તેને ભાન થયું કે તેની એક જ ભૂલ અનેક અનિષ્ટ નીપજાવનારી નીવડી છે.

પરંતુ કૂતરો જેમ લાકડી મારનારને નથી કરડતો પણ લાકડીને બચકું ભરે છે. તેમ મૃણા-લિનીએ પોતે ભૂલ કરી હતી છતાં મુંજ ઉપર તે ક્રોધથી સમસમી ઉઠી અને જેલ છોડીને ચાલી ગઈ.

'દોડત દોડત દોડીયો જેતી મનની દોડ'ની અમરપંક્તિ મુજબ મન દોડાવે તેમ માનવી દોડયા જ કરે છે. નારીની પ્રકૃત્તિ, વાણી અને દેહચેષ્ટામાં એક વાકયતા હોતી નથી. છતાં મુંજ જેવો વિદ્વાન રાજવી નારી હૃદયને ન પારખી શકયો તેનાં અસ્થિર પ્રેમને અવિચળ માની બેઠો.

મુંજની અભિસારિકા મૃણાલિની મુંજ ઉપર જ વેર વાળવા તત્પર બની.

તેણે મુંજે યોજેલા પલાયન થવાનાં કાવત્રાની વાત તૈલપને સત્વર જણાવી દીધી. મૃણાલિનીનાં નિવેદને તૈલપનાં ક્રોધાગ્નિમાં ઇંધણની ગરજ સારી.

તેણે મુંજને દોરડાથી બાંધી તૈલંગનાં રાજ-માર્ગો ઉપર ઘેર ઘેર ભીખ માંગવાની ઘણાં દિવસ સુધી કપરી, અપમાનજનક ફરજ પાડી.

ભાન ભૂલેલા મુંજને ભાન થયું. તે મનમાં વિચારતો "અરે રે, મેં પરમહિતેચ્છુ મહામંત્રીની શાણી સલાહ ન માની. નબળા ગ્રહબળો અને અશુભયોગની વાતની વિજય મેળવવાનાં ઉન્માદમાં અવગણના કરી. તૈલંગ પર ચઢાઈ કરવાની ભયંકર ભૂલ કરી. હું મૃણાલિનીને ન સમજી શકયો. તેના ઉપર આંધળો વિશ્વાસ મૂકી નાસી જવાની તેની સમક્ષ માંગણી કરી. તે અભિસારિકા મટી વૈરી બની. નારીના હૃદયને હું પારખી શકયો નહિ. વગર વિચાર્યે તેનાં અસ્થિર પ્રેમને સ્થિર માની બેઠો. હવે આ ઘોરતમ અપમાન અને દારુણ દુઃખમાંથી છૂટવાનો કોઇ માર્ગ સૂઝતો નથી. મૃણાલિનીને પડતી મુકી, સુરંગ દ્વારા એકલો જ નાસી છૂટયો હોત તો ? તો આવી દશા ન થાત. જીવન અંધ-

કારમય બન્યું છે. સુખનું કિરણ ક્યાંય દેખાતું નથી. આવા જીવતર કરતાં તો મૃત્યુ સારું."

આવા અનેક વિચારોથી તેનું મન મહા વ્યથા અનુભવતું હતું.

તેમાં વળી મૃણાલિની આવો દ્રોહ કરશે એવી તેને જરા પણ કલ્પના ન હતી. ધાર્યા કરતાં પરિણામ ઘણું જ વિપરીત આવ્યું. તેથી તે ઘણીવાર કહેતો,

**इत्थीपसंग मत को करो, तिय विलास दुःख पुंज ।**
**घर घर जिणे नचावीओ. जिम मक्कड तिम मुंज ।।**

અર્થાત્ કોઈએ સ્ત્રીનો સંગ કરવો નહિ. તેની સાથેનો ભોગવિલાસ દુઃખનાં સમૂહરૂપ છે. એ જ ભોગવિલાસે મુંજને માંકડાની જેમ ઘેર ઘેર નચાવ્યો છે

મૃણાલિની પણ મુંજ પ્રત્યે ઘણી જ ધૃષ્ઠ બની ગઈ. ભાગ્ય રૂઠે છે ત્યારે શિયાળ પણ સિંહની ક્રુર મશ્કરી કરવાની ચેષ્ટા કરે છે. ઘેર ઘેર ભીખ માગતા મુંજને જોઈને તેનાં ઉપર હૃદયવેધક કટાક્ષબાણો ફેંકતી. પરંતુ મુંજ એના પ્રત્યે જરા પણ રોષ કરતો નહિ. અત્યંત ગંભીરતાપૂર્વક, સ્વસ્થચિત્તે તે કહેતો,

**जा मति पच्छइ सम्पजइ, सा मति पहिली होइ ।**
**मुंज भणइ मृणालवइ, विघन न वेडइ कोइ ।।**

અર્થાત્ જે બુદ્ધિ પાછળથી ઉત્પન્ન થાય છે તે પહેલાં ઉત્પન્ન થાય તો હે મૃણાલિની ! કોઈ દુઃખ ન વેઠે.


## વાંચો ...... અને ...... વંચાવો

**શ્રી જૈન દેરાસરજી માટે શુદ્ધ કેસર, બરાસ, અગરબત્તી, દશાંગીધુપ, વાસક્ષેપ, વાળાકુંચી, માયસોરી સુખડના મુઠા; ચાંદીના વરખ વગેરે જથ્થાબંધના ભાવે છુટક મેળવવા લખો અગર મંગાવો.**

**શા. કીકાભાઈ સકલચંદ સરયા**

ચોક બજાર — સુરત [ ફોન નં. ૨૫૭૪૦ ]

તા.ક.: - એક વખત સેમ્પલ ફ્રી મંગાવી ખાત્રી કરો.


## તપના બે પ્રકાર

જૈન દર્શનમાં તપના મુખ્ય બે પ્રકારો છે– એક બાહ્ય તપ અને બીજું આભ્યંતર. ઉપવાસો આંબેલો આદિ તપ એ બાહ્ય તપનો એક પ્રકાર છે. જ્યારે વૈયાવૃત્ય–ભાવ પૂર્વકની સેવા શુશ્રુષા એ ત્રીજા પ્રકારનું આભ્યંતર તપ છે. બાહ્ય તપ એ સ્થૂળ અને લૌકિક છે અને તેનું મહત્ત્વ આભ્યંતર તપની પુષ્ટિમાં ઉપયોગી થવાની દૃષ્ટિ એ જ મનાયેલું છે. જેમાં શારીરિક ક્રિયાની પ્રધાનતા હોય અને જે બાહ્ય દ્રવ્યની અપેક્ષાવાળું હોવાથી બીજાઓ વડે દેખી શકાય તે બાહ્ય તપ. આભ્યંતર તપમાં માનસિક ક્રિયાની પ્રધાનતા છે. બાહ્ય એ સાધન છે જ્યારે આભ્યંતર સાધ્ય છે, એ તપસ્વી ભાઈ–બહેનોએ હંમેશાં યાદ રાખવા જેવું છે.

સમય પલટાયો એટલે મુંજની ભાવનાઓ અને વિચારધારાઓમાં જબરું પરિવર્તન આવ્યું. પારકાનાં દોષ જોવા કરતાં પોતાનાં જ દોષ જોવાનું શાણપણ તેનામાં આવ્યું હતું. આથી જ તેના કવિહૃદયને કલ્પનાની પાંખે ઉડી પ્રણય કાવ્યો રચવાનું જરા પણ સૂઝતું નહિ; ગમતું પણ નહિ. હવે તેનું હૃદય પોતાની અનેક મૂર્ખાઈઓનો સરવાળો માંડતું. ચલચિત્ર કરતાં પણ અનેકગણી વધુ વૃતગતિએ તેનાં સ્મૃતિપટ પર પોતાનાં મૂર્ખાઈભર્યા કાર્યોનાં દૃશ્યોની પરંપરા જોઈ તે વિચારતો.

"સ્ત્રીના ચિત્તમાં સો, મનમાં સાઠ અને હૃદયમાં બત્રીસ પુરુષો હોય છે. એવી એક સ્ત્રીનો અમે વિશ્વાસ કર્યો, તે માટે અમે ખરેખર, મૂર્ખ છીએ."

કામભોગનાં નિમિત્ત માત્રથી નહિ, પણ તેના પ્રત્યેનાં જાગેલા મોહથી જે કર્મબંધ થયો તેનો પરિપાક મુંજને ભોગવવો પડયો.

કામીનો પ્રેમ નિર્વ્યાજ પ્રેમ નથી હોતો. મુંજ અને મૃણાલિનીનો પ્રેમ નિર્વ્યાજ ન હતો.. આથી જ તેનું પરિણામ વિપરીત આવ્યું.

આખરે તૈલપે મુંજનો વધ કરાવ્યો.

કપટપૂર્ણ પ્રેમની કાલિમા છવાઈ ગઈ.

# ક્ષ મા પ ના

—કુમારપાળ દેસાઈ.

શરીર પર કોઈ વસ્ત્ર નથી. પૃથ્વી પર ક્યાંય વિસામો નથી.

હાથમાં પાત્ર નથી. જબાન પર કોઈની ય સામે કશી ફરિયાદ નથી.

જેવો પ્યાર કોમળ ફુલ પર છે, તેટલો જ ભોંકતા કંટક પર છે.

આવા મહાવીરની પ્રેમવીણા નગરે-નગરે ગૂંજી રહી છે. જાણે સુકાયેલી ધરતીને મહોરાવવા વર્ષા આવી ન હોય ! જાણે શિયાળાની કારમી ઠંડીથી ઠુંઠવાઈ ગયેલી કુદરતને કિલ્લોલ કરાવવા વસંત આવી ન હોય !

સ્વર્ગને ઈંદ્ર મહામાનવ મહાવીરની મોટાઈ ગાય, પણ સંગમ નામના દેવને દેવોની અસ્મિતાનો ભારે ગર્વ ! મનમાં માને કે માનવ ખોટો, દેવ જ મોટો ! મહાવીરની મોટાઈને રાખ બનાવી દેવાના હુંકાર સાથે સંગમદેવ પૃથ્વી પર આવ્યો.

એણે ભયાનક વંટોળિયાનું રૂપ લીધું. ભગવાનનાં નેત્રો ધૂળથી ભરાઈ ગયાં, પણ પોપચાં તો એવાં ને એવાં જ અડગ રહ્યાં. સોય જેવા તીવ્ર દંશવાળી કીડીઓ મહાવીરના દેહ પર રાફડો જમાવી બેઠી. આખો દેહ સૂજી ગયો. ડાંસોએ વસ્ત્ર રહિત મહાવીરના દેહમાંથી પોતાની ઝેરી સૂંઢો વડે અંદરનું લોહી કાઢીને મહેફિલ જમાવી ! ધીમેલો, વીંછી અને નોળિયા આવ્યા, પણ મહાવીરના મુખમાંથી એક આર્તનાદ પણ કેવો ?

બહારની બધળી યાતના નિષ્ફળ ગઈ. આપ્તજનોની અંતરને ખળભળાવનારી વ્યથા આવી રોતા કકળતા સ્વજનો આવ્યા. પ્રાણપોક મૂકીને પત્ની યશોદા રડવા લાગી. ભલભલાનું હૈયું ચીરાઈ જાય ! એવામાં પુત્રી પ્રિયદર્શના અત્યંત વિલાપ કરતી આવી. પણ મહાવીરને આ કશું ય સ્પર્શતું નથી. એકાએક વસંત મહોરી ઊઠી ને નાચતી-કૂદતી પાંચ સુંદરીઓ મહાવીરને વીંટળાઈ વળી, પણ મહાવીર તો


## શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટી : અમદાવાદ

ભારતભરમાં કોઈપણ સ્થળના જીર્ણ જૈન મંદિરોના ઉદ્ધાર અર્થે કમિટી તરફથી તેની સગવડ પ્રમાણે યોગ્ય રકમ મંજુર કરી કમિટીની દેખરેખ નીચે જીર્ણોદ્ધાર કરાવી આપવામાં આવે છે. બત્રીસ વર્ષમાં ૩૬૧ દેરાસરનો જીર્ણોદ્ધાર કરાવેલ છે. તેમાં રૂપીઆ ૨૪૮૪૦૮૮ ખર્ચવામાં આવ્યા છે.

કોઈપણ ગામના સંઘને દેરાસરના જીર્ણોદ્ધાર અંગે સલાહ સૂચનની જરૂર હોય તો તે આપે છે અને જીર્ણ દેરાસરોના એસ્ટીમેંટ તથા નકશાઓ વગેરે ફક્ત તેટલા પુરતું ખર્ચ લઈને કરાવી આપવામાં આવે છે.

જીર્ણોદ્ધારના કાર્ય માટે સંસ્થાઓ કે ગૃહસ્થો તરફથી મદદ સ્વીકારવામાં આવે છે. તેમજ તેમની ઈચ્છા હોય તો તેમના નામે જીર્ણોદ્ધાર કરાવી આપવામાં આવે છે જીર્ણોદ્ધારની જરૂરીયાતવાળા ગામોના સંઘે નીચેના સ્થળે અરજી કરવી.

**શ્રી અમદાવાદ દેરાસર જીર્ણોદ્ધાર કમિટી,** ઝવેરીવાડ, પટણીની ખડકી, **અમદાવાદ-૧.**

અલિપ્ત રહ્યા—કોઈ રસોઈયાએ પગ નીચે ચુલો સળગાવ્યો, તો કોઈ શિકારીએ અડોલ દેહ પર ચંડાળ પંખીના પાંજરાને લટકાવ્યું. મહાવીરને શૂળીએ ચડાવવાનો ઘાટ રચાયો. છ-છ મહિના ભિક્ષાન્ન વગર રહ્યા. લોકો સદોષ વસ્તુ જ સામે ધરે, એ મહાવીર કેમ સ્વીકારે ?

આખરે એક દિવસ એક માનવી આવ્યો. ગળગળા અવાજે બોલ્યો, 'હું સંગમ, આપને સતાવનાર. આપની ક્ષમા ચાહું છું.'

છ–છ મહિનાથી સંગમદેવને કારણે હેરાન–પરેશાન થતા મહાવીરના મુખની એક રેખા પણ ન બદલાઈ. એમનો વરદ હાથ ઊંચો થયો. કમળ જેવાં લોચન વિકસ્યાં. એ લોચનને છેડે બે આંસુ હતાં.

એ આંસુ જોઈને સંગમ નાચ્યો અને બોલ્યો,

'ઓહ, ક્ષમાશીલ પ્રભુનાં કરુણાભીનાં લોચન જરૂર મુજ અપરાધીનું કલ્યાણ કરશે.

આનું નામ વેર સામે અવેર ! દ્વેષ સામે પ્રેમ ! ક્રોધ સામે ક્ષમા !

★

એકવાર જ્ઞાની ગૌતમ અને શ્રાવક આનંદ વચ્ચે વિવાદ થયો. ગૌતમ કહે, 'આનંદ, શ્રાવકને અવધિજ્ઞાન થઈ શકે ખરું. પણ તમને જેટલું દૂરગ્રાહી થતું હોવાનું કહો છો, તેટલું થઈ શકતું નથી. તમે ભ્રાંતકથન કર્યું. આવા ભ્રાંતકથન માટે પ્રાયશ્ચિત્ત જરૂરી છે તમારે એ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ.'

જ્ઞાની ગૌતમને આ રીતે બોલતાં સાંભળીને શ્રાવક આનંદે જરા વેગથી કહ્યું,

'ભગવાન મહાવીરના શાસનમાં સત્ય બોલનારને માટે પ્રાયશ્ચિત્ત છે ખરું ?'

'ના.' જ્ઞાની ગૌતમ બોલ્યા.

'તો દયાળુ, આપે જ પ્રાયશ્ચિત્ત કરવું ઘટે. આપે જ અસત્યકથન કર્યું છે' આનંદના ઉત્તરમાં દૃઢ આત્મવિશ્વાસ હતો.

આ વાતનો નિર્ણય ભગવાન મહાવીર સિવાય કોણ કરે? ભગવાને લેશમાત્ર થંભ્યા વિના કહ્યું,

"ગૌતમ, આ બાબતમાં તમારે પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. વેળાસર ક્ષમાપના માગી લો."

સહુ રોમાંચ અનુભવી રહ્યા. અરે ! ખુદ પ્રભુ જાહેરમાં પોતાના પટ્ટધરને હલકો પાડે. ભૂલ થઈ હોય તો ખાનગીમાં પ્રાયશ્ચિત્ત આપી દે. પણ એક શ્રાવક પાસે ક્ષમાયાચનાની વાત ! ક્યાં જ્ઞાની ગૌતમ અને ક્યાં શ્રાવક આનંદ !

પણ જ્ઞાનનો પહાડ અને સાધુતાનો આગાર તો એક શ્રાવકને ખમાવવા ચાલ્યો. જ્ઞાની ગૌતમે કહ્યું.

"આનંદ, તને સાચા. મારા અસત્ય વિધાન માટે હું મિચ્છામિ દુક્કડમ્–માફી માગું છું."

જ્ઞાનીને શોભતી કેવી ભવ્ય નમ્રતા ! ખમનાર તરી ગયા ! ખમાવનાર તરી ગયા !

જે માગતાં મોટાઈ કે નાનાઈ વડે નહીં, એનું નામ જ મિચ્છામિ દુક્કડમ્.

જે માગતાં મન સહેજે ખચકાર અનુભવે નહીં, એનું નામ ક્ષમાપના.

સંસારમાં હેત–પ્રીતનાં તોરણ બંધાય, અને મોહ, માયા, કંકાસ અને કજિયાના વેરાયેલાં કાંટા નાબૂદ થાય, એનું નામ ક્ષમાપના !

કુમકુમ પત્રિકાઓ કંકાવટીનાં કંકુથી લખાય, પણ ક્ષમાપનાની કંકોતરી તો દિલનાં લોહીથી અને હૃદયનાં આંસુથી લખાવી જોઈએ અને તે ય ખરા દોષીને, ખરા વેરીને, ખરા અપરાધીને.

બાકી સગવડિયા ક્ષમાપનાનો કશો અર્થ નથી. જે ભૂલ, જે દોષ કે જે પાપ માટે પ્રાયશ્ચિત્ત કર્યું, તેનાથી હંમેશને માટે દૂર રહેવાનો સંકલ્પ—એ જ સાચી ક્ષમાપના. એ જ પર્વાધિરાજ પર્યુષણનું સાચું સાફલ્ય.

ભગવાન મહાવીરની તીર્થ સ્થાપના-ભુમિ, અંતિમદેશના-ભુમિ, નિર્વાણ-ભુમિ

# — શ્રી પાવાપુરી તીર્થના ઉદ્ધાર માટે શ્રીસંઘને વિજ્ઞપ્તિ —

## (૧) ગામના મંદિરનો જીર્ણોદ્ધાર

卐 આ પ્રાચીન મંદિરના છેલ્લા જીર્ણોદ્ધારને સવા ત્રણસો વર્ષથીય વધુ સમય થયો. એટલે એનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે. વળી, આ તીર્થનાં યાત્રિકોની સંખ્યામાં દિવસે દિવસે વધારો થતો હોવાથી જીર્ણોદ્ધારની સાથે સાથે મંદિરનો વિસ્તાર કરવાની પણ જરૂર છે. તેથી મંદિરના જીર્ણોદ્ધારનો પ્લાન આ દૃષ્ટિએ તૈયાર કરાવવામાં આવ્યો છે. 卐 આ પ્લાન મુજબ મૂળ ગભારાને કાયમ રાખી એનાં બારણાં મોટાં કરવાનું અને સભામંડપ અત્યારે પાંચસો ચોરસ ફુટ છે, એના બદલે ત્રણ હજાર ચોરસ ફૂટ જેટલો વિશાળ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. અને પ્લાન મુજબ જીર્ણોદ્ધારનું કામ ઝડપથી આગળ વધી રહ્યું છે. 卐 આ મંદિર માટે જુદાં જુદાં સ્થાનોના પથ્થરોનું ઘડતર કામ શ્રીમાન શેઠ શ્રી કસ્તુરભાઈ લાલભાઈની દેખરેખ નીચે થઈ રહ્યું છે; અને એ રીતે આ કાર્યમાં અમને તેઓનો સક્રિય સાથ મળ્યો છે. 卐 ખાસ નોંધપાત્ર વાત એ છે કે જીર્ણોદ્ધાર માટે ખોદકામ કરતાં આ મંદિરની નીચેથી પુરાતન મંદિરના અવશેષો મળી આવેલ છે. એટલે આ સ્થાન ધર્મ, કળા અને ઈતિહાસ—એ ત્રણે દૃષ્ટિએ મહત્ત્વનું છે. આ અવશેષોને સાચવવાનું પણ વિચારવામાં આવ્યું છે. 卐 આ જીર્ણોદ્ધારમાં બારેક લાખ રૂપિયાનું ખર્ચ અંદાજવામાં આવ્યું છે. ઉપરાંત મંદિરને ભગવાન મહાવીરના જીવન પ્રસંગોનાં સુરેખ ચિત્રોથી સુશોભિત કરવાનું પણ નક્કી કરવામાં આવ્યું છે. એમાં એક લાખ રૂપિયા જેટલું ખર્ચ થવાનો અંદાજ છે.

## (૨) જળમંદિરનું કામ

* જળમંદિર એ તો ભગવાન મહાવીરના અંતિમ સંસ્કારની પવિત્ર ભુમિ છે. એના વિશાળ તળાવની ચારે તરફ પથ્થરનો કઠેરો ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. આ કઠેરાની ચારે બાજુની લંબાઈ એક માઈલ જેટલી થાય છે. * વળી, તળાવના ચારે તરફના કિનારાને અડીને ત્રીસ ફુટ પહોળું ઉદ્યાન કરવામાં આવશે. * આ ઉદ્યાનમાં વચ્ચે ૭ ફુટ પહોળો પ્રદક્ષિણાનો પાકો રસ્તો કરવામાં આવશે, વચ્ચે વચ્ચે ભગવાનના ઉપસર્ગોનાં દશ્યો મૂકવામાં આવશે અને ભગવાનનો ઉપદેશ લોકભાષામાં મૂકવામાં આવશે. આના ખર્ચનો અંદાજ દસ લાખ રૂપિયાનો છે.

## (૩) ધર્મશાળાનો ઉદ્ધાર તથા વિસ્તાર

卐 પાવાપુરીમાંની ધર્મશાળા જીર્ણ પણ થઈ ગઈ છે, અને હવે તો બહુ સાંકડી પણ પડે છે. એટલે એનો ઉદ્ધાર તથા વિસ્તાર કરવાની ખાસ જરૂર છે. આ માટે પાંચ લાખ રૂપિયાની જરૂર પડશે એવી ધારણા છે.

## (૪) કુંડલપુર તથા ગુણયાજીનાં જિનમંદિરોનો જીર્ણોદ્ધાર

* કુંડલપુર એટલે જૂનું ગોબ્બર ગામ——શ્રી ગૌતમસ્વામી આદિ ભગવાનના ત્રણ ગણધરોની જન્મભૂમિ. * ગુણીયાજી તે ભગવાન મહાવીરના અગિયારે ગણધરોની નિર્વાણભૂમિ. * આ બન્ને તીર્થોનાં જિનમંદિરોના જીર્ણોદ્ધારની જરૂર છે. અને એમાં બે લાખ રૂપિયાનું ખર્ચ થવાની ગણતરી છે.

જળમંદિર સહિત બધાં જિનમંદિરોના જીર્ણોદ્ધારમાં દેવદ્રવ્યનો જ ઉપયોગ કરવામાં આવશે; અને તે જૈન શ્વેતાંબર મૂર્તિપુજક સંઘમાંથી જ એકત્ર કરવામાં આવશે. આ માટે સરકારની કે બીજા કોઈની પણ સહાય લેવામાં નહીં આવે. ધર્મશાળામાં સાધારણ ખાતાનાં નાણાંનો ઉપયોગ કરવામાં આવશે.

આ ધર્મકાર્યમાં ઉદારતાથી ફાળો આપવાની અમે શ્રીસંઘો, સંસ્થાઓ અને સહધર્મી ભાઈઓ-બહેનોને વિનતિ કરીએ છીએ. ચેક અથવા ડ્રાફ્ટ—*Shree Jain Swetamber Bhandar Tirth Pawapuri* એ નામનો લખવો; અને પત્ર વ્યવહાર પણ આ જ નામથી *P. O. Pawapuri ( Dist. Nalanda, Bihar. )* એ સરનામે કરવો. નિવેદક—

**તીર્થ પાવાપુરી વ્યવસ્થાપક સમિતિ**

# ચંડરૂદ્રાચાર્યના શિષ્ય 卐

—લેખક : મુનિ દાનવિજય

ઘરને આંગણે લગ્ન મંડપ રચાયો હતો. ધવલમંગળ ગીતો ગવાઈ રહ્યાં હતાં. શરણાઇનાં સૂરો ગુંજતાં હતાં. જાનૈયાઓ મોજ કરતાં હતાં, એક બાજુ મહેફીલની રંગત મણાઈ રહી હતી. બીજી બાજુ વરરાજા લગ્નની ચોરી ફરતાં હતાં. લગ્નવિધિ પૂર્ણ થવાની તૈયારી હતી.

કોણ જાણે ભાવિનાં ભીતરનાં શું છુપાયું છે? કોઈ જ જાણતું નથી. લગ્નપ્રસંગ પૂર્ણ થયો. જાનૈયાઓ સૌ પોતાના સ્થાને ગયાં. કન્યાને લઈને સૌ ઘરમાં આવ્યાં. વરરાજા પોતાના મિત્રપરિવારોની સંગતમાં રંગત માણતાં હતાં. એક મિત્રે કહ્યું. "ચાલો આપણે બધાં થોડુ ફરી આવીએ." બીજા મિત્રે ટાપશી પુરી. આઠ–દસ મિત્રોથી ઘેરાયેલાં વરરાજા બહાર ફરવા નીકળ્યાં. સૌ અંદરોઅંદર એકબીજાની મશ્કરી કરતાં, આનંદ માણતા, એક ઉપાશ્રયના ઓટલા ઉપર આવીને બેઠાં.

એક મિત્રે ઉપાશ્રયમાં ડોકિયું કર્યું. અને બોલ્યો કે, "ચાલો આપણે મહારાજ પાસે જઈએ." બીજો બોલ્યો, "અરે નારેના ! અત્યારે શું કામ છે? મહારાજ પાસે." એનાં કરતાં ચાલોને સામેની હોટેલમાં જઇએ. "ત્રીજો બોલ્યો" નારે ના ! ચાલો આપણે મહારાજ પાસે જ જઇએ. ત્યાં આગળ ગયા મારીશું અને સમય પસાર કરીશું." સૌ અંદર ગયાં.

એક વૃદ્ધ મુનિ પાસે બેઠાં. અને તેમાંથી એક જણ બોલ્યો "મહારાજ ! તમે વળી આવા સંસારનાં સુખોને છોડીને શા માટે સંયમ લીધું ?" બીજો બોલ્યો "મહારાજ ! તમને દીક્ષા લેવાનો ભાવ કયાંથી જાગ્યો ?" સંસારમાં શું દુઃખ હતું ? તે તો જણાવો." ત્રીજો બોલ્યો "મહારાજ આ ભાઈના આજે જ લગ્ન થયાં છે. તેને દિક્ષા લેવાની ભાવના છે." સૌ ખડખડાટ હસવા લાગ્યાં.

આવી ઠઠ્ઠામશ્કરી કરતાં હતાં છતાં વૃદ્ધ મુનિ મૌન રહ્યાં. મનમાં વિચાર થયો કે આ બધાને મારાં ગુરુદેવ પાસે લઈ જાઉં. મારાં ગુરૂનાં ક્રોધથી જ તેઓ ડરી જશે. વૃદ્ધ મુનિ તેઓને લઇને ઓરડીમાં ગયાં. આચાર્ય પાસે જઇને ત્યાં બેસાડયાં. થોડીવાર થઈ અને શ્રી ચંડરૂદ્રાચાર્ય ધ્યાનમાંથી પૂર્ણ થયાં અને આવેલાં યુવાનો તરફ જોયું, અને પૂછયું "તમે કયાંથી આવો છો? અત્યારે કેમ આવ્યા છો ?" સૌ એક બીજાને જોઇને હસવા લાગ્યા.

એકે આછુ ગાંભીર્ય ધારણ કરી અને મશ્કરીભર્યા વચને આચાર્યને જવાબ આપ્યો "મહારાજ ! આ ભાઈને સંસાર પરથી વૈરાગ્ય આવ્યો છે તેથી દિક્ષા લેવાની ભાવના થઈ છે, તમે દિક્ષા આપશો ?" આચાર્ય ક્ષણવાર મૌન રહ્યાં. બીજો બોલ્યો "સાહેબ ! શું વિચાર કરો છો શા માટે સમય ગુમાવો છો ? આપી દોને દિક્ષા.' વરરાજા સમક્ષ જોતાં તે બોલ્યો "કેમ લેવી છે ને દિક્ષા ? વરરાજા કંઈ બોલ્યા નહિ. કેવળ મુક્ત હાસ્ય કર્યું. આચાર્ય તો ઉભા થયાં અને હાથમાં રખ્યાની કુંડલી લઈને વરરાજા પાસે જઈ લોચ કરવા મંડી


**JAYANT KUMAR & BROTHERS**

**3F, RUPCHAND ROY STREET, CALCUTTA–7.**

DEALERS IN ALL KINDS OF BALL BEARINGS, SPRINGS LIGHT RAILWAY MATERIALS, MINING, TEA GARDENS & TEXTILE (JUTE & COTTON) MILL REQUISITES.

CASTING, MACHINING UNDERTAKEN AT VERY. COMPETITIVE PRICES.

પડયા. મિત્ર મંડળ તો આ જોઈને ગભરાયા. એક પછી એક ત્યાંથી ભાગ્યા અને પોતાના સ્થાને પહોંચ્યા.

ધન્ય છે એ આત્માને, હતાં એ વરરાજા. તે બન્યા ક્ષણમાં મહારાજ. જે થોડા સમય પહેલાં લગ્નની ચોરીમાં ફેરા ફર્યા હતાં તે અત્યારે જાણે નાણની પ્રદક્ષિણા ફરી ચૂક્યાં અને બન્યા એ અણગાર. નૂતન મુનિ આચાર્ય ચંડરૂદ્રાચાર્યને કહે છે "હે ગુરુદેવ, આપે મને દિક્ષા તો આપી. પણ આપણે અહીંથી અત્યારે જ વિહાર કરીએ, નહીંતર મારા સગાં કુટુંબીઓ હમણાં જ આવશે અને ધમાલ મચાવશે. આપને અને મને બન્નેને હેરાન કરશે. મને પાછો લઈ જશે. માટે જ અત્યારે વિહાર કરીએ." ગુરુદેવે કહ્યું "હે વિનયવંત, તું જુવે છે કે મારી આંખે બરાબર દેખાતું નથી. વૃદ્ધાવસ્થાથી પગ ચાલતાં નથી. સાથે રહેલાં સાધુ પણ વૃદ્ધ છે. કઈ રીતે વિહાર કરીશું ?"

આપને હું ખભે લઈ જઇશ. અને આપને કોઈ પણ જાતનો વાંધો ન આવે તે પ્રમાણે સાચવીને લઈ જઈશ." ગુર મહારાજે કહ્યું "તમે પહેલા રસ્તો જોઈ આવો. પછી વિહાર કરીએ." શિષ્ય રસ્તો જોઇ આવ્યા અને કહ્યું કે બરાબર છે. એકંદરે સારો છે ચિંતા જેવું નથી. આપને હું ખભે લઇ જઈશ.

અને ગુરુ શિષ્યએ વિહાર શરૂ કર્યો !

ભયંકર ઘનઘોર રાત્રિ છે ખાડા ટેકરાવાળો માર્ગ છે. ચોમેર અંધકાર છવાયેલો છે. ગુરુદેવને ખભે બેસાડીને વૃદ્ધ મુનિ સાથે ધીરે ધીરે માર્ગમાં ચાલ્યાં જાય છે. આગળ જતાં મુનિનો પગ એક ખાડામાં પડયો. ઉપર બેઠેલાં ચંડરૂદ્રાચાર્યનો ક્રોધ ભભુકી ઉઠયો. શિષ્યને કહ્યું "જો તો નથી ! હમણાં પડત તો તને અને મને બન્નેને વાગત." શિષ્ય મૌન રહ્યો. છતાં ગુરુદેવને કોઇ બાધા ન પહોંચે તેવી ભાવનાથી ધીમે ધીમે આગળ ચાલવા લાગ્યો.

થોડા આગળ ગયા ન ગયા ત્યાં તો એક મોટા પત્થર સાથે અથડાયા. ત્યારે આચાર્યે ગુસ્સે થઇ શિષ્યના મસ્તક પર દાંડો માર્યો. અને બોલ્યા, "તમે શું આવો જ રસ્તો જોયો તો ? અને ચાલતાં પણ નથી આવડતું, આંખો ફૂટી ગઇ છે ? આટલો મોટો પત્થર છે તે પણ દેખાતો નથી ? ચાલ સીધો ચાલ." "જી ગુરુદેવ, સાચવીને ચાલીશ." શિષ્ય ચાલ્યા જાય છે. માથા પર લાગેલા દાંડાના મારથી લોહી નીકળતું હતું. કપડાં લોહીથી ખરડાવા લાગ્યા. શાંતભાવે વિનય અને વિવેકપૂર્વક ગુરુદેવને કોઇપણ જાતની બાધા ન પહોંચે તેવી ભાવનાથી ચાલ્યાં જાય છે.

અડધે સુધી પહોંચ્યા ત્યાં તો નૂતન મુનિના હૃદય ભાણમાંથી દિવ્ય પ્રકાશ ઝળહળી ઉઠયો.


શ્રીસંઘની એક અને અજોડ સંસ્થા

**શ્રી સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા**

-: પાલિતાણા :-

છેલ્લાં પીસ્તાલીસ વર્ષથી શ્રી સિદ્ધગિરિની યાત્રાર્થે પધારતા સાધુ-સાધ્વી શ્રાવક-શ્રાવિકાની યથાશક્તિ ભક્તિ કરી રહેલ છે. ચોમાસામાં પણ ભોજનશાળા ચાલુ રહે છે તેથી તેને મોટી ખોટ પડે છે. -: મદદના પ્રકાર :-

(૧) કાયમી સહાયક તિથિ રૂા. ૫૦૧)

(૨) કાયમી સહાયક (આખી તિથિ) રૂા. ૨૫૦૧)

(૩) રૂા. ૫૧) શ્રી ભક્તિ ખાતે આપનાર ગૃહસ્થના નામથી પૂ. સાધુ-સાધ્વીજીની એક વખતની ભક્તિ કરવામાં આવશે.

(૪) આપ નાની રકમ અગર અનાજ આપી શકો છો. આપની ભાવના મુજબ ઉદાર ફાળો આપી સંસ્થાના કાર્યમાં મદદ કરશો.

**વિસ્તૃત માહિતી માટે મળો યા લખો:-**

**શ્રી સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા-પાલિતાણા**

-: શ્રી સિદ્ધક્ષેત્ર જૈન ભોજનશાળા :-

C/o. શા. રસિકલાલ મોહનલાલ

કાપડ બજાર, પાંચકુવા, રેલ્વેપુરા, અમદાવાદ.

મુનિશ્રી હવે તો માર્ગમાં સડસડાટ ચાલ્યાં જાય છે. આચાર્ય વિચાર કરે છે "હવે કેવો સીધો ચાલે છે? કેવો છે દાંડાનો ચમત્કાર?"

મુનિશ્રી તો હૃદયમાં ગુરૂભક્તિના અને આત્મ-કલ્યાણનાં વિચારો કરતાં કરતાં ચાલ્યાં જાય છે. ગુરૂદેવને થયું લાવને પુછું તો ખરો કે હવે કેમ સીધો ચાલે છે? રસ્તો તો હજી એવોને એવો જ છે." એમ જ્યારે ગુરૂદેવે શિષ્યને પૂછ્યું ત્યારે વિનયી શિષ્યે જવાબ આપ્યો "ગુરૂદેવ, આપના જ પસાયે ચાલુ છું."

ગુરૂમહારાજ ક્રોધી તો હતાં જ. પણ સાથે શાસનના રહસ્યને જાણનારાં હતાં, વિદ્વાન હતાં, સરળ પણ હતાં. ગુરૂએ કહ્યું "શું તમને કંઈ જ્ઞાન પ્રાપ્ત થયું છે?" શિષ્યે જવાબ આપ્યો. "ગુરૂદેવ! આપના પસાયે જ જ્ઞાન પ્રાપ્ત થયું છે"

ચંડરૂદ્રાચાર્ય તુરત જ ખભા ઉપરથી નીચે ઉતરી ગયાં. શિષ્યની સામે જોયું. જખમમાંથી જે લોહી ટપકતું હતું તે જાણે અમૃત ટપકતું હોય તેવું જણાયું. શિષ્યના મુખારવિંદ ઉપર દિવ્ય તેજ ઝળહળતું જણાયું. ગુરૂદેવ શિષ્યના ચરણે નમી પડયાં અને કરેલાં અપરાધની ક્ષમા માંગવા લાગ્યા.

"અહો! આપને કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલું છે? છતાં હું આપની આશાતના કરી રહ્યો છું. મને ક્ષમા આપો." શિષ્યે બન્ને હાથે ગુરૂને ખભેથી પકડીને ઉભા કર્યા અને બોલ્યાં "ગુરૂદેવ આપ જ ખરા મારાં તારણહાર છો. આપના પસાયે જ આ જ્ઞાન પ્રાપ્ત થયું છે." ધન્ય છે એ આત્માને!

હતા એ સંસારના લગ્ન સમયમાં. ભાવીએ તેને બનાવ્યા સંયમના મગનમાં-અને સંયમ લઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ભાગ્યશાળીઓ મશ્કરી ઘણાં જ પ્રકારે થાય છે, ભાગ્યે જ કોઈ એવી મશ્કરી થાય છે જે આત્માને ધન્ય બનાવી જાય છે.

---

卐

વિ
ન
તિ

卐



## આચાર્યશ્રી જીનેન્દ્રસૂરીશ્વરજી મ૦ સા૦ની જીવનપ્રભા અંગે

રાજસ્થાન આદિના દરેક ગામોના જૈન સંઘો તેમ જ પરિચયમાં આવનાર ગુરૂભકતોને........

**સ્વ. પૂજ્ય આચાર્યશ્રી જિનેન્દ્રસુરીશ્વરજી મ૦ સા૦ની શુભ નિશ્રામાં આપને ત્યાં શ્રી અંજન-શલાકા-પ્રતિષ્ઠા મહોત્સવો, ઉપધાન તપ, છ'રી પાળતા સંઘો, ચાતુર્માસ દરમ્યાન ખાસ કાર્યો વગેરેની સઘળી માહિતી, ફોટાઓ તેમ જ તે પ્રસંગે છપાયેલ મહોત્સવ પત્રિકાઓની નકલ તુરત જ નીચેના કોઈપણ સ્થળે મોકલી આપવા વિનંતી છે. મોકલનારે પોતાનું સરનામું સાથે જણાવવું, જેથી તેનો ઉપયોગ થયે, પરત કરી શકાય.**

(૧) "જૈન" સાપ્તાહિક વડવા, ભાવનગર

(૨) શા ચુનીલાલ ગાંડાભાઈ
૪૮૭-૧૧ જેકોર મારકેટ, રેવડીબજાર, અમદાવાદ-૨

(૩) શા કસ્તુરભાઇ મહેન્દ્રકુમાર
૨૭, મસ્કતી મારકેટ, અમદાવાદ-૨

# કષાયના વિદ્યુતબળની શાંતિ કાજે સંદેશ

સંપાદક : સદ્દગુણશિશુ બાલમુનિશ્રી સાગરચંદ્રવિજયજી કાંદીવલી જૈન ઉપાશ્રય

પર્વના દિવસો આવ્યા છે.... કઈ નવો સંદેશો લાવ્યા છે.... નવો મંત્ર લાવ્યા છે.... જે સંદેશોમાં આત્માની સાધનાના દિવ્ય આદેશો છે—મુક્તિનું મંગલ માર્ગદર્શન છે, અનેક અનુષ્ઠાનોના વિધાનો છે— જેથી આ ભવસાગર સુખે તરી જવાય એવા સંદેશો લઈને આ પર્વની પધરામણી થઈ છે... આ મહાપર્વની આરાધના કરનાર માટે એક મંત્ર પ્રાણસ્વરૂપ છે... એ શું છે? એ તમે જાણશો તો તમારું જીવન પણ દિવ્યરૂપ બની જશે... એ મંત્ર શું છે?

એક મહાન નગર છે. તેનું નામ વિજયનગર તે રાજ્યમાં હરિહર અને બુક્કરાયની ત્રીજી પેઢીએ વિજયકુમારનો રાજ્યગાદી પર રાજ્યાભિષેક થયો. રાજ્યાભિષેક પૂર્ણ થયા બાદ નૂતન રાજવી રાજમાતાને પ્રણામ કરવા રાજમહેલમાં ગયા. રાજમાતાએ મંગલ આશીર્વાદ આપ્યા, અને એક સુંદર સુવર્ણ પેટીક આપી કહ્યું, "બેટા! આ પેટીકામાં વિજય મંત્ર છે, જે આ રાજ્યની આબાદી, અસ્તિ, વૃદ્ધિ અને સમૃદ્ધિનું કારણ છે; તે પ્રમાણે રાજ્ય કરશે તો કદાપિ તું પરાજય નહિ પામે. આ પેટીકા એકાંતમાં ખોલજે" અને રાજવીએ તે પેટીકા પોતાના હાથમાં લીધી અને એની સુંદર કારીગીરી સુવર્ણમય ચિત્રોમાં જડેલાં રત્નો વિગેરે જોઈ તે આશ્ચર્ય પામ્યો. આશ્ચર્યમાં એ ગરકાવ થયો હતો ત્યાં રાજમાતાએ ફરી ગંભીર સ્વરે કહ્યું "બેટા! આ આપણી પરંપરાનો વારસો છે- એની અંદર જે મંત્ર છે તે કદાચ ન સમજાય તો આપણા વૃદ્ધ મંત્રી અપ્પાજી છે તેની પાસે જજે"

નૂતન રાજવી માતાને નમન કરી શીઘ્ર પોતાના એકાંત ખંડમાં આવ્યો. એના મનમાં તે પેટી ખોલવાની તાલાવેલી હતી. શું હશે? પોતાના પલંગ પર તે પેટી મુકી રાજમાતાએ આપેલ ચાવીથી તે પેટી ખોલી જ્યાં પેટી ખોલવા જાય ત્યાં દ્વાર પર એક દૂત આવ્યો અને બોલ્યો રાજન્! મહત્વની મંત્રણા માટે મંત્રીશ્વર આપને મળવા માંગે છે" રાજાએ કહ્યું. "ભલે આવવા દે..." અને તુરત પેટી ચાવીથી બંધ કરી એક કબાટમાં મુકી દીધી.

મંત્રીએ આવીને કહ્યું કે- "દિલ્હીના સુલતાન આપણા વિજયનગરને ઘેરવા આવી રહ્યો છે આપણે સજ્જ થવું પડશે. સૈન્ય હમણાં જે પ્રમાદમાં છે તેને તાલીમબદ્ધ કર્યા વિના છૂટકો નથી. વિજયરાજાએ તુરત એ અંગે જાતે જઈને યુદ્ધની તૈયારીમાં ભાગ લીધો, એટલું જ નહિ દુશ્મનને શીકસ્ત આપવા વિજયનગરથી ૫૦ માઈલ દૂર તેઓએ એવી વ્યુહરચના કરી કે દુશ્મનો ચારેય બાજુથી ઘેરાઈ જાય... એકાદ માસમાં તો ચર મારફત સમાચાર આવી ગયા કે દુશ્મનો હવે માત્ર પોતાની સેનાથી વીશ માઈલ દૂર છે એ ત્રણ દિવસમાં આવી પહોંચશે.... એ ભણકારા વાગી રહ્યા હતા...

વિજયરાજા સજ્જ થઈને બેઠો હતો— અને એકદા દુશ્મનોની વણજાર આવી પહોંચી. જે નેળમાં તેઓ હતા ત્યાંથી તેઓ જેવા નિકળ્યા ત્યારે એક સામટા બાણોના વર્ષાદે દુશ્મનો બેબાકળા બની ગયા... અને માત્ર ત્રણ કે ચાર કલાકમાં જ સુલતાનનું સમગ્ર સૈન્ય ઘેરાય ગયું. કીડીની માફક ચારે બાજુ ફરતા સૈનિકોને જોઈ સુલતાને સફેદ ધ્વજા ફરકાવી, શરણાગતી સ્વીકારી. વિજયકુમાર સુલતાનને બંધી વિજયનગરમાં લાવ્યા. લોકો નૂતન રાજવીની વિજયયાત્રા નિહાળી રહ્યા. સુલતાનને કેદમાં પુરી વિજયરાજા પોતાના મહેલે આવ્યા. એમના મનમાં હતું હવે સુલતાનનો પણ શિરચ્છેદ કરશું અને દીલ્હી પર આપણે વિજય વાવટો ફરકાવશું. એવામાં એમની દૃષ્ટિ સુવર્ણ

પેટીકા પર પડી. તુરત ઉત્કંઠાથી એ પરંપરાગત પેટીકા ઉઘાડી. એમાં એક સુંદર ચિત્ર હતું. એ યોગી પુરુષ એક વૃક્ષ નીચે કાષ્ટઆસન પર બેઠા છે. રમણીય વન પ્રદેશમાં એ યોગીશ્વરની આસપાસ સિંહ, વાઘ, હરણ, પશુ–પક્ષી બધા શાંતભાવે આનંદમાં ઝુલતા યોગીરાજની ભવ્ય શાંત રસપ્રધાન મુદ્રાને નિહાળી રહ્યા છે....” અહો સુંદર ચિત્ર! ભવ્ય કલા! ચિત્ર નીચે લખેલ પંક્તિ પર દૃષ્ટિ પડતાં રાજા ચમક્યો. એમાં આ મંત્ર હતો– ‘क्षमा वीरस्य भूषणम्” પ્રથમ તો એને આ મંત્રનો અર્થ ના સમજાયો. પણ વૃદ્ધ મંત્રી અપ્પાજીએ તેનો અર્થ કહ્યો ત્યાં તેણે તુરત નિર્ણય બદલ્યો. સુલતાનને માન સહિત પોતાના રાજમહેલે બોલાવી તેના કાર્યની ક્ષમા આપી. એટલું જ નહિ તેનું રાજ્ય તેને પાછું આપી તેનું અપૂર્વ બહુમાન કર્યું. સુલતાન પણ આ એક હિન્દુરાજાની ઉદારતા નિહાળી તેનો મિત્ર બની ગયો. ઘણા સમયના વેરની સમાપ્તિ થઈ. મિત્રતાનો ઉદય થયો.

બસ! આ મહાપર્વનો મંત્ર પણ આ જ છે. “ક્ષમા”

આત્માની અંદર પડેલા કષાયના અગ્નિને બુઝાવ્યા વિના પરમ સમાધિ પ્રાપ્ત થતી નથી. ક્રોધ એક ક્ષણ આવે અને હજારો વર્ષના સંયમના ફલને ભસ્મીભૂત કરી દે. એક ક્ષણના આવેગને ઠારવા વર્ષોનું જીવનબળ કેળવવું પડે. વર્ષોની તાલીમ જોઈએ, નિત્યની જાગૃતિ જોઈએ. ક્ષમાનું દાન એ જ અભયદાન છે, મહાદાન છે. આત્મામાં આ ક્ષમાની ઊર્મિ જાગે તો.... કષાયનું વિદ્યુતબળ શાંત થઈ જાય છે.

જે મનુષ્ય જીવનની દરેક પળ ક્ષમા માટે ભાવિની એક શાંત પળ માટે વેઠી લે છે તે સાચી શાંતિ મેળવે છે. ક્ષમાને જીવવી સહજ નથી. આ મહાપર્વના દરેક અનુષ્ઠાનમાં તમો આ મંત્રને અગ્રેસર રાખશો તો દરેક સમયે તમો ધર્મના મર્મને પામશો.

“ક્રોધની આગને સદાને માટે ઠારજો....” “ક્ષમાની તલવારને સદાને માટે ધારજો....”

આ છે આ મહાપર્વનો મહાન સંદેશ, “ઉપદેશમાળા”નો મહામંત્ર. એની સાધના તમે પણ કરશો.

क्षमा खड्गं करे यस्य दुर्जनेः किं करिष्यति। अतृणे पतितो वह्नि **स्वयमेवो** पशाम्यति।।


*With Best Compliments from*

ELITE OPTICAL INDUSTRIES

**Manufacturers & Exporters Of**

QUALITY SPECTACLE FRAMES

SIR SATHYA SAI NAGAR 31, MOUNT ROAD,

*GUINDY :* MADRAS-32

# ભાવનાનું પરિબળ

લેખક : "સુશીલ"
સંપાદક : પોપટલાલ સાકરચંદ

એક ગામમાં બે ભાઈઓ રહેતા હતા. ખાધે પીધે સુખી હતા, સંપથી સાથે વસતા.

આ ગામમાં એક દિવસે એક મુનિ મહારાજ આવી ચડ્યા. ગામમાં બીજું કોઈ સારૂં સ્થાન ન મળવાથી, પેલા ભાઈઓના ઘર પાસે જે થોડી ખાલી જગા પડી હતી ત્યાં મહારાજ બેઠા. મોટોભાઈ બહાર ગયો હતો, નાનો ભાઈ ઘરમાં હતો. તેણે સામે જઈને મુનિરાજને વંદન કર્યું, સારૂ સ્વાગત કર્યું.

એટલામાં મોટોભાઈ આવ્યો. મુનિરાજને જોતાં જ એ ક્રોધે ભરાયો. આખા ગામમાં બીજે કયાંય જગા ન મળી તે અહીં અડંગો જમાવ્યો? આવો વિચાર કરતાં તે ઘરમાં ગયો. "કોણે આ સાધુને અહીં બેસવા દીધાં? મોટોભાઈ ઘરમાં દાખલ થતાં જ તાડૂકયો.

"મેં એમને બેસાર્યા છે, તપસ્વી પુરુષ છે, આપણું શું લઈ જવાના હતા? ખાલી જગ્યા પડી છે ત્યાં બે ઘડી આરામ લેશે અને પછી પોતાના માર્ગે ચાલ્યા જશે. સદ્‌ભાગ્ય સમજોને કે આવા સંત આપણે આંગણે પધાર્યા" નાનોભાઈ બોલ્યો.

"જોયો-જોયો! ધર્મની પૂંછડી થઈ ગયો છે તે! કાઢી મૂક ઘરની બહાર! નહિતર મારો ક્રોધ તો તું જાણે છે ને? પરિણામ સારૂં નહીં આવે!" મોટાભાઈએ યુદ્ધનો શંખનાદ ફૂંકયો.

મુનિરાજે બહાર બેઠાં બેઠાં એ વિવાદ સાંભળ્યો. પોતાના નિમિત્તે કોઈને મનદુઃખ થાય એ અસહ્ય લાગ્યું. તેઓ તરત જ ત્યાંથી ચાલી નીકળ્યા.

ભાઈઓનો વિવાદ વધી પડ્યો. રજમાંથી ગજ થઈ ગયું. કોણ જાણે કેમ આ પહેલીવાર બંને ભાઈઓ વચ્ચે ખુબ વાગ યુદ્ધ મચ્યું. બોલાચાલીમાંથી બન્ને ભાઈઓ મારામારી ઉપર આવી ગયા. ઘરમાં એવું કોઈ મોટું માણસ ન્હોતું કે એમને વારે-સમજાવીને શાંત કરે. મારામારીનું પરિણામ એ આવ્યું કે બંને એક બીજાના મારથી તત્કાળ મૃત્યુ પામ્યા.

બન્ને ભાઈ મરીને પશુનો અવતાર પામ્યા. એક ભુંડ થયો તો બીજો સાવજ થયો. જોગાનુંજોગ બન્ને એક જ જંગલમાં નિવાસ કરતા હતાં.

ફરી એકવાર પેલા તપસ્વી શાંતમૂર્તિ મુનિરાજ એ જ જંગલમાં થઈને જતા હતા. સાયંકાળ થઈ જવાથી અરણ્યમાં રાતવાસો રહ્યા.

સાવજે મુનિરાજને ધ્યાનાવસ્થામાં જોયા અને એનું પૂર્વભવનુ વૈર એકાએક જાગૃત થયું. ભુંડ પણ પોતાના જાતિસ્મરણ જ્ઞાનના પ્રભાવે એ જ વખતે ત્યાં આવી ચડયું. સાવજ અને ભુંડ વચ્ચે તુમુલ દ્વંદ્વ યુદ્ધ થયું. બન્ને બૂરી રીતે ઘવાયા. બન્ને મૃત્યુના મુખમાં હોમાયા. ભુંડનો જીવ મરીને સ્વર્ગે ગયો- સાવજનો જીવ નરકે ગયો. એ ભુંડનો જીવ, વસ્તુતઃ ન્હાનાભાઈનો જીવ હતો. તે મુનિરાજની ખાતર પોતાના મોટાભાઈની સાથે લડ્યો હતો. છતાં તે મરીને ભુંડ કેમ થયો? બીજીવાર એટલે કે ભુંડના ભવમાં તે મુનિરાજને બચાવવા લડ્યો હતો, તે સ્વર્ગે કેમ ગયો? બન્ને વખતે એક જ પ્રકારની ક્રિયા હતી, પરિણામ આટલું વિલક્ષણ કેમ? પહેલીવાર એના અધ્યવસાય જુદા પ્રકારના હતા. મુનિરાજની ખાતર એ નોતો લડ્યો. મુનિરાજનું આગમન તો આકસ્મિક હતું. તે પોતાનો હક્ક સ્થાપવા મોટાભાઈની સાથે ઝુઝયો હતો એ વખતે એની ભાવના પોતાનો હક્ક સ્થાપવાની હતી. મોટોભાઈ ભલે ઘરનો માલિક હોય, પણ પોતે અર્ધભાગનો ભાગીદાર છે એ

એક જ મુદ્દો તે પૂરવાર કરવા માગતો હતો. ધર્મની ખાતર એ ન્હોતો લડયો એટલે એ મરીને ભુંડ થયો. બીજીવાર અરણ્યમાં એ સાચેસાચ મુનિરક્ષા અર્થે લડયો હતો. એનું પરિણામ એ આવ્યું કે તે દેવલોકે પહોંચ્યો.

ઘણીવાર ક્રિયા એક જ હોય જ છે, પણ એનું પરિણામ વિચિત્ર જ આવે છે. ભાવનાના ભેદ કેવળજ્ઞાની પુરુષે જ પરખે છે. આડંબરો અને મોટા આકર્ષક અનુષ્ઠાનોમાં જો અંદરપેટે પવિત્ર ભાવના ન હોય માત્ર અભિમાન અને યશકામના જ હોય તો તેનું પરિણામ વિલક્ષણ જ આવે.

ભુંડના ભવમાં નાનાભાઇનું અભિમાન ઓગળી ગયું હતું. એ વખતે ખરેખર એની ભાવના ધર્મની હતી. અધ્યવસાયને અનુરૂપ જ એને ફળ મળ્યું.

દેખીતું બાહ્યસ્વરૂપ માણસને ઘણીવાર ભૂલાવામાં નાખી દે છે કેટલીક પ્રવૃત્તિઓ અને વિધિઓ એવી હોય છે કે જેને આપણે કેવળ ધાર્મિક જ ગણીએ. પણ એની પાછળ જો શુદ્ધભાવના ન હોય તો ઈષ્ટ પરિણામ ન ફળે. મનુષ્યના કલ્યાણનો આધાર, એની ભાવના, અધ્યવસાય ઉપર છે. દુનિયાની કીર્તિ, વાહવાહ કે માનપાન કેટલીકવાર માણસને છેતરે છે અને પછાડે છે. ભાવના ઉપર જ આપણો ચાંપતો ચોકી પહેરો રહેવો જોઇએ. શુભક્રિયાની પાછળ આપણા અધ્યવસાય પણ નિર્મળ જ રહેવા જોઇએ. લોકો આપણને ધાર્મિક કહે, લોકોમાં આપણી વાહવાહ બોલાય એ ભાવનાથી થતાં શુભકાર્યો પણ કંઈ જ કીંમતનાં નથી.

ભાવના જ મુખ્ય નિયામક છે, શુભક્રિયા કે સદનુષ્ઠાન પાછળ એ એવી જ શુભભાવના હોય તો કોઈ પણ પ્રાણી પોતાનું કલ્યાણ કરી જાય. ભાવનાના બળ પાસે ક્રિયાનું બળ કશી વિસાતમાં નથી. ઉપરોક્ત દૃષ્ટાંતમાં એ જ સિદ્ધાંત જ્ઞાની પુરૂષોએ પ્રરૂપ્યો છે.


# સાવરણી—ફુલઝાડુ—પોંજણી વગેરે

૪૦ વરસથી જૈન ધર્મની અનેક નાની મોટી સંસ્થાઓને, જીવદયા નિમિત્તે રાહતથી વેચનારા અનેક સજ્જનોને, તેમ જ ભારતભરનાં દરેક નાનાં મોટાં શહેરોમાં અમો નીયમીત સાવરણી, ફુલઝાડુ; રંગીન વાંસનાં ફીરકીવાલા તાડપતરનાં પંખા, સુપડા. જુટ (મુંજ), પોંજણી વગેરે ઘણા જ કીફાયત ભાવે સપ્લાય કરીએ છીએ.

**—: ખાત્રી માટે એક વખત ટ્રાયલ ઓર્ડર લખો :—**

**શાહ હીરજી નાગજીની કું.**

**P O ટીટીલાગઢ (ઓરીસ્સા) S.E.RIy.**

**TITILAGARH (Orissa)-767033.**

બ્રાંચ - વિજયવાડા (આંધ્ર પ્રદેશ)

# જૈન સંસ્કૃતિનું પાવન પર્વ

લેખક : સાધ્વી નિર્મળાશ્રી M.A., સાહિત્ય રત્ન

પર્યુષણ-પર્વ, જૈનસંસ્કૃતિ અને જૈન પરંપરાનું એક મહાન પર્વ છે. આ પર્વ એક એવું પર્વ છે કે જેમાં સાધક પોતાની સાધનામાં અગ્રેસર બનીને આત્મ-નિરીક્ષણ કરે છે, મનોમંથન કરે છે અને કરે છે પોતાના અન્તઃકરણનું સંશોધન.

આધ્યાત્મિક-જાગૃતિનું આ એક મંગલકારી પર્વ છે. ભવોભવથી સુપ્ત આત્માને જગાડવાનો આ મંગળમય અવસર છે. સાધકે પોતાના એક વર્ષના જીવનમાં શું મેળવ્યું અને શું ખોયું ? પોતાની જીંદગીનું વહી-ખાતું અને તેનો હિસાબ-કિતાબ સાફ રાખવો એજ પર્યુષણ પર્વની આરાધનાનું લક્ષ્ય છે.

વિચારકોએ જીવનના ત્રણ પ્રકાર કહ્યા છે—આસુરીજીવન દૈવીજીવન અને અધ્યાત્મજીવન. જે જીવન ભોગ-વિલાસ અને તૃષ્ણા ઉપર આધારિત છે, તેને આસુરી જીવન કહે છે. ભૌતિક જીવન આસુરી જીવન છે. જેના મૂળમાં ઇચ્છા, કામના અને વાસના રહે છે. ઇચ્છા આકાશની સમાન અનંત છે, જે કદી પૂર્ણ થતી જ નથી. અતઃ આસુરી જીવનમાં સુખ અને શાન્તિનો અભાવ છે. ધર્મનું ભૂષણ વૈરાગ્ય છે, વૈભવ નહિ. વૈભવ વિલાસમાં પશુતાનો વાસ છે, અને વૈરાગ્યમાં દિવ્યતાનો. જે જીવન અહિંસા, સંયમ અને તપપર આધારિત છે, તેને દૈવીજીવન કહે છે. કારણ આમાં મનુષ્યના અહિંસા, સત્ય, બ્રહ્મચર્યાદિ મૌલિક-વ્રતોના વિકાસ ઉપર બળ અપાય છે. જે જીવન આત્મલક્ષી હોય છે તેને આધ્યાત્મિક જીવન કહે છે. આધ્યાત્મિક જીવનનો વિકાસ ત્રણ તથ્યો પર આધા- છે—સમ્યદર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર આ ગુણોનો સંપૂર્ણ વિકાસ જ વાસ્તવમાં આધ્યાત્મિક જીવન કહેવાય છે.

જૈનધર્મની સાધના અધ્યાત્મભાવની સાધના છે.

With Best Compliments From :

**Monogram Dying Bleaching**
**&**
**Printing Works**

Tele : Ofl. 252484
8/10 Telwadi,
1st Floor,
Bombay—2.

Fact :
Kula gaw
Badalapur.

તેનું અંતિમ ધ્યેય છે વીતરાગદશાની પ્રાપ્તિ, સાધનાનું પ્રથમ સોપાન છે—સમ્યકત્વ. સમ્યકત્વથી પ્રારંભ કરીને વીતરાગદશા સુધી જૈનધર્મની સાધનાનું વિશાલ ક્ષેત્ર છે. સાધનાના આ વિશાલ ક્ષેત્રમાં પ્રત્યેક વ્યક્તિને આવવાનો સમાન અધિકાર છે. ન આમાં દેશનું બંધન છે, ન જાતિનું અને ન આમાં નર–નારીનું પણ બંધન છે. મોહ અને મમતાની નિદ્રાથી જે કોઈ જ્યારે પણ જાગે, તે ત્યારે પણ આ પરમાર્થના પવિત્ર પથ પર આવી શકે છે.

'પર્યુષણ' શબ્દનો અર્થ છે આત્માની સમીપમાં રહેવું. અનંતકાળથી આત્મા મિથ્યાત્વમાં, મોહમાં અને અજ્ઞાનતામાં રહેતો આવ્યો છે. પૂરા એક વર્ષ પછી પુનઃ આ શુભ અવસર આવ્યો છે કે— આપણે બધા ભૌતિકતાથી અધ્યાત્મ તરફ, મમતાની સમતાની તરફ અને વિભાવદશાથી સ્વભાવદશા તરફ વળીએ પર્યુષણ પર્વ ચિત્તશુદ્ધિ અને આત્મશુદ્ધિનું પરમ પવિત્ર પર્વ છે.

આ વિશિષ્ટ પર્વની મધુર ક્ષણોમાં સર્વપ્રથમ ભાવનાશુદ્ધિ પર ધ્યાન દેવું જોઈએ, કારણ ભાવના-શુદ્ધિ પર જ અમારા જીવનની શુદ્ધિ આધારિત છે. આ વિષયમાં "અધ્યાત્મકલ્પદ્રુમ"માં કહ્યું છે—કે

**परहितचिन्ता मैत्री, परदुःख विनाशिनी करुणा ।**
**परसुखतुष्टिर्मुदिता; परदोषेपेक्षणमुपेक्षा ।।**

ભાવનાઓ ચાર છે—મૈત્રી, પ્રમોદ, કરૂણા અને મુદિતા. મનુષ્યના જીવનમાં ઉત્થાન અને પતન મનુષ્યના પોતાના વિચારો પર જ આધારિત છે. ચિત્ત-શુદ્ધિ માટે વિચારશુદ્ધિ આવશ્યક છે. વિચારશુદ્ધિનો પ્રશસ્ત માર્ગ આ ભાવનાઓમાં જ આચાર્યશ્રીએ બતા-વેલ છે. અતઃ આ પર્વ દિવસોમાં આ મૈત્રાદિ ચાર ભાવનાઓની સાધના પર વિશેષ ધ્યાન દેવું જોઈએ. કારણ આરાધનાની સફળતા ભાવનાશુદ્ધિ પર જ આધા-રિત છે. ચિત્તવિકારોના ઉપશમન માટે આનાથી સારો બીજો કયો અવસર મળશે? આળસ અને પ્રમાદનો ત્યાગ કરીને ધર્મની સાધના માટે સજ્જ (ઉદ્યત) થાવ, એ પાવનકારી સંદેશ લઈને પર્યુષણ-પર્વ આપણે દ્વાર પર આવેલ છે.


ઓફિસ : ૩૨૬૯૭૮ ] **ભગુભાઈ સંચાલીત** [ ઘર : ૨૫૨૧૩૨

# શ્રી સમેતશિખરજી-પાવાપુરીજી
# યાત્રા-સ્પેશીયલ ટ્રેન

તા. ૬–૧૦–૭૩ના ૪૫ દિવસના પ્રવાસે ફર્સ્ટ કલાસ તથા થર્ડ કલાસ દ્વારા મુંબઈથી ઉપડશે.

આપ અમારા પ્રવાસમાં ટીકીટો નોંધાવતા પહેલા અત્યારસુધીમાં અમારા પ્રવાસોમાં આવી ગયેલા યાત્રીઓનો અભિપ્રાય જરૂર લ્યો.

સંપર્ક સાધો

૨૬/૨૮ ધનજી સ્ટ્રીટ મુંબઈ–૩. ] **ભગુભાઈ પી. શાહ** [ ૯૦/૧૯ મરીન ડ્રાઈવ "નીતા" મુંબઈ–૨૦.

તા. ક. દર વર્ષની માફક તા. ૧૫–૧૦–૭૩નાં પણ ૩૦ દિવસનાં પ્રવાસે ઉપડશે.

# શ્રી કલ્યાણમંદિર સ્તોત્રનો ગુર્જરાનુવાદ

(સમશ્લોકો)

રચયિતા : મુનિરાજ યશોવર્મવિજયજી—કલકત્તા.
(તીર્થપ્રભાવક પૂ. આ૦શ્રી વિક્રમસૂરિજી મ૦ના શિષ્ય)

કલ્યાણના ઘર અઘો ગણ ભેદનારા
બીધેલ ને અભયદાન કરી ગવાતા
સંસાર અબ્ધિ પડતા સઘલા જનોને
જે યાન શા જિનતણા ચરણે નમીને. ૧
લાગે બૃહસ્પતિ જ વામન કીર્તિ ગાવા
જેના જ સાગર સમા મહિમા કને રે
છો આગ તે કમઠના અભિમાન માટે
તીર્થેશ મૂર્ખ જ ખરે સ્તુતિ હું કરીશ ૨
સામાન્યથી પણ ખરે તવ રૂપ કે'વા
કેમેય શક્ત અમશા જિનના બને રે.
ધીઠો'ય કૌશિક તણો શિશુ જે દિવાન્ધ
શું સૂર્ય રૂપ વદવા કબુ શક્તિશાલી. ૩
મોહ ક્ષયે અનુભવે વિભુ જે મનુષ્ય
તેયે નહિં તવગુણો ગણવા સમર્થ
જે સિન્ધુનું જલ ખરે પ્રલયે ઉછાળ્યું
દેખાય રત્ન પણ કો ગણવા સમર્થ. ૪

ગાવા ગુણો જડ છતા વિભુ! સજ્જ થાતો
દેદીપ્યમાન ગુણની જિન ખાણ તું છે
પ્હોળા કરી નિજ મતે શિશુ હાથને રે
શું ના કહે જલધિ નીય વિશાલતા ને. ૫
પામે ન તાગ ગુણનો જિન! યોગ સિદ્ધો
ક્યાંથી જ શક્તિ અમમા પ્રભુ! સંભવે રે
હાં...હાં...જ તો 'ય' અવિચાર ભરેલ કીધુ
ના..ના..અરે! કલરવો ખગ શું કરે ના! ૬
દૂરે રહો વિભુવર સ્તવનો તમારા
થાયે ભવ ભ્રમણ રક્ષણ નામ લેતા
સખ્ત તપે વ્યથિત યાત્રિક ને ઉનાળે
દે હર્ષ પદ્મ સરનો જલ યુક્ત વાયુ. ૭
સર્પો તજે મલય વૃક્ષ તણાં જ પાશો
આવે મયૂર વનના વિભુ! મધ્ય ભાગે
આવો તમે હૃદયમાં વિભુ જેહના રે
જાતાં જ કર્મ ઝટથી દૃઢ હોય છો ને. ૮
તારૂં અહો દરસ માત્ર મનુષ્ય પામે
જાય બધી ભય ભરેલ મુસીબતો હાં
થતા પલાયન જ તસ્કર ઢોર છોડી
ગોવાલ કે પ્રબલ સૂરજ રાય દેખી. ૯
થાપી તને મન મહિં જન પાર પાતા
તો નાથ! આપ ભવતારક કેમ થાતા
હાં છે જ અન્દર રહેલ હવા પ્રભાવ
દેખાય ચર્મ મસકો તરતી જલે જે. ૧૦

નિસ્તેજ તે જ હરિ શંભુ તણું જ કીધું
તે કામ દેવ પણ પલમા હરાવ્યો
પીધું જ શું ન જલ તે વડવા નલે રે
જે વારિ આગ પલમાં જ બુઝવતું રે. ૧૧
છો તો જિનેશ! ગરિમાધર આપ પામી
લે કેમ? પાર જનતા હૃદયે વહીને
હોયે અચિંત્ય મહિમા મહનીયનો તો
તારે ભવોદધિ થકી લઘુ લાઘવીયે ૧૨
હે નાથ તે પ્રથમ તો ખલ કોપ હાંકયો
ને હાં હણ્યો કરમ ચોર ખરે નવાઈ
સાક્ષાત છે જગતમાં વિભુ એહતો કે
ઠંડો છતાં હિમ ન શું વન વૃક્ષ બાળે ૧૩
યોગી જનો હરઘડી પ્રભુ શોધતા રે
સિદ્ધ સ્વરૂપ તમને હૃદ પદ્મ કોશે
શું સંભવે કમલ મધ્ય જ કર્ણિકાથી
બીજે કહો વિમલ તેજલ બીજ ઠાણ ૧૪
ધ્યાને જિનેશ! જનતા ક્ષણવાર તારા
છોડી જ દેહ પરમાત્મા દશા લહે છે
તાપ પ્રચંડ અડતા જગમાંય સાચું
પાષાણ મિશ્રિત સુવર્ણ વિશુદ્ધ થાતું ૧૫
ધ્યાતા સદા જિનપ જે હૃદયે તમો ને
ભવ્યો તણા તન વિનાશ કરો જ શાને!

મધ્યે રહેલ નરનું બસ આ સ્વરૂપ
કે વિગ્રહો શમન શીઘ્ર કરે જ પૂજ્યો ૧૬

ધ્યાથી તને પ્રભુ અભેદ તણા જ ભાવે
પાવે પ્રભાવ તવ સમો જગના વિષે તે
શ્રદ્ધા થકી અમૃત શું જલનું બનેના
ને તે પ્રભાવ વિષનો હરતું નથી શું ૧૭

શું કાચ કામલિવડે પ્રભુ શંખ ધોલો
દેખે બધા વિવિધ રંગ થકી બનેલો
તમે જ લોક હરિ શંભુ તણી જ બુદ્ધે
હાં આપને જ ભજતા પર ધર્મવાલા ૧૮

ધર્મ પ્રદાન વખતે તવ સાથ પામી
લોકોય નાં જ પણ વૃક્ષ અશોક થાતું
સૂર્યોદયે તરુવરો સહ વિશ્વ આખું
શું નિંદ ભાવ ભજતાં ન લહે પ્રબોધ ૧૯

દેવો કરે કુસુમવૃષ્ટિ બધી દિશાથી
નીચે પડે મુખ કરી સઘલાંય વૃન્તે
સાન્નિધ્ય લે જિન તણું ના દેવતા જે
તૂટે ખરે જ ભવ બન્ધન તેહના રે ૨૦

ગંભીર ઘોષો હૃદયો દધિથી જ થાતો
શ્રોતા કહે અમૃત યુક્ત જ તેહ છે રે
પીને અહા પરમ મોહ જ પામતા રે
ભવ્યો લહે અમરતા પ્રભુ શીઘ્ર તેથી ૨૧

હે નાથ દેવ ગણ જે તમને જ વીંઝે
નીચા નમી ઉપર જાય જ ચામરે તે
તે તો કહે જિન ઉત્તમ જેહ સેવે
નિશ્ચે જ ઉર્ધ્વ ગતિને વરશે જ તેઓ ૨૨

સિંહાસને રતન હેમ તણાં જ બેઠા
ગંભીર ઘોષ તન નીલ ધરા તમોને
જાણે નવો ઘન સુરાદ્રિ શિરે જ ગાજે
તેજો મયૂર જનતા તમને જ દેખે ૨૩

ઉંચી જતી જ તન નીલ તણી પ્રભાથી
નિસ્તેજતા તરુ અશોક જ પામતું રે
સામીપ્યથી જડ લહે પ્રભુ! જો વિરાગ
તો તો સચેતન લહે ન કશી નવાઈ ૨૪

રે રે તજી સકલ આલસ ઓજનો રે
આવી તમે શિવપુરી પ્રતિ દોરનારા
આ દેવ ને જ ભજજો નભ ગાજતી આ
માનું ખરે ત્રિજગ દુંદુભિઓ કથે છે ૨૫

કીધો તમે ત્રણ જગે પ્રભુજી પ્રકાશ
ચાંદોય ઝાંખપ લહે સહ તારલાયે
મોતી સમૂહ સહિતે ત્રણ ઉર્ધ્વ છત્રો
કેરાં મિષેજ રજનીકર હાં જ આવ્યો ૨૬

વ્યાપી ત્રિવિશ્વ ભરમાં જ થયેલ ભેગા
કાન્તિ પ્રતાપ યશ તો ગઢના જ રૂપે
તે હેમ રત્ન રજ તેં જ રચેલ કીલ્લે
ચારે દિશે જિન! તમે અતિ શોભતા રે ૨૭

આ દિવ્ય માલ જ તને નમતા સુરોના
સ્વામી તણા મણિ રચેલ જ મૌલિ બંધો
છોડી રહે પ્રભુ પદે અથવા વળીશું
ક્યાંયે ખરે જિન વિના સુમનો રમેના ૨૮

સંસાર સાગર થકી વિમુખ પ્રભો તું
તારો છતાંય વળગેલ જનો તમે તો
સાચે જ પાર્થિવનિપ પ્રભુ સજ્જનોના
આશ્ચર્ય આપ વિભુ કર્મ વિપાક શૂન્ય ૨૯

તું લોક પાલક ખરે પણ છે દરિદ્રી
હે નાથ અક્ષર છતાં લિપિથી જ મુક્ત
સ્વામી તમે અબુધોને કિલ તારનારા
છે જ્ઞાન તોય તુજમાં જગનું વિકાશી ૩૦

ક્રોધે શઠે અતિ ઘણી રજને ઉડાડી
છાપી બધું ગગન આ કમઠે જ તોયે
ઢંકાઈ ના પ્રભુ અરે તુજ દેહ છાયા
રે વ્યાપ્ત કર્મ રજથી ખુદ તે જ થાતો ૩૧

જે ગર્જતા પ્રબલ મેઘ થકી નચાવી
જોરે પડેલ વિજલી સહ ઘોર ધારે
દૈત્યે જ દુષ્કર કરી જલની જ વર્ષા
તે વારિ થીજ જિન તેજ ભવે જ ડુબ્યો ૩૨

કેશો છુટી વિકૃત આકૃતિ અગ્નિ કાઢે
ને છે ગલે મનુજ મસ્તક નીજ માલા
પ્રેતો બધા તવ પરે કમઠે જ પ્રેર્યા
તેને થયા ભવ ભવે ખૂબ દુઃખદાતા ૩૩

છોડી વિશેષ સઘલા વિભુ કાર્યને રે
ભકતે પ્રફુલ્લિત બની તન રોમ નાચે
પૂજે ત્રિકાલ વિધિશું પદ યુગ્મ તારા
છે ધન્ય વિશ્વભરમાં વિભુ? તેહુ જીવો ૩૪
સ્વામી અપાર ભરસાગરને વિષે તો
માનું તમે શ્રવણુ ગોચરના થયા છો
સુણ્યે છતેય તવ નામ તણો જ મંત્ર
શું આપદા વિષધરી મુજ પાસ આવે ૩૫
વાંછેલ પૂર્ણ કરવા પટુ પાદ તારા
જન્માન્તરે ગણુ ખરે ન અરે જ પૂજ્યા
તેથી જ આ ભવ વિષે મન ભાંગનારા
પામ્યો પરાભવ ઘણા મુનિનાથ નિશ્ચે ૩૬
તે મર્મભેદક મને સઘલા અનર્થો
પીડે જ શું વિવિધ કર્મ તણા વિપાકે
નિશ્ચે કદીય તમને પ્રભુ મેં ન જોયા
મોહાન્ધકાર મય લોચન તો હતા આ ૩૭
સુણ્યા હશે જ નિરખેલ હશે ય પૂજ્યા
તો યે જિનેશ દિલમાં ન હશે જ ધાર્યા
તેથી થયો જ જન બાન્ધવ! દુઃખ પાત્ર
નિશ્ચે ક્રિયા નવ ફલે વરભાવ શૂન્ય ૩૮
દુઃખી જનો પર. દયાલુ તમે શરણ્ય
કારૂણ્ય પાવન ધરી વર સાધુઓમાં
ભકતે નમેલ મુજની જ દયા કરીને
દુઃખાંકુરો જ દલવા પ્રભુ સજ્જ થાજો ૩૯
નિઃશેષ શક્તિ ગૃહને જ અનાથ નાથ
ને દુશ્મનો હનન થી જગ કીર્તિવાળા
પામીય પાદ કમલો નવિ ચિત્ત ધાર્યા
જો વધ્ય છું ભુવન પાવન તો હણાયો ૪૦
દેવેન્દ્ર વન્ધ્ય જગનું સઘલું ય જાણો
સંસાર તારક વિભો જગનાજ નાથ
જાલીમ દુઃખ દરિયે સબડું સદા હું
રક્ષો જ દેવ! કરૂણા સર શુદ્ધ કીજો ૪૧
સ્વામી નિરંતર જ યાદ કજો તણીઆ
ભેગી કરેલ સઘલું ફલ ભક્તિ નું જો
હોયે જ તો શરણુ દાન વિષે પ્રસિદ્ધ
તારૂં ભવે ભવ મને શરણું જ થાજો ૪૨

હર્ષે અને પુલક તે તન રોમ નાચે
તારા જ નિર્મલ મુખે પ્રભુ લક્ષ્ય રાખે
આવી પરે વિધિ થકી ભવિકો જિનેન્દ્ર
જેઓ રચે તવ વિભો સ્તવનો મજાના ૪૩
જન નયન કુમુદ ચંદ્ર
સ્વર્ગની તેજલ સંપદા પામી
તે સવિ મલ રહિત થઈ
પામશે જલ્દી થી જ મોક્ષ ૪૪

## પ્રશસ્તિ

વન્દુ વિશ્વોપકારિ ચરમ જિનવરા વીરને હર્ષ સાથે
તેની પાટે સુધર્મા ગણધર લસતા ભાવથી હું નમું છું
આવ્યા પાટે ઘણાએ ગુરુવર લસતા જ્ઞાનને ધ્યાન ધારી
પાટે તોતેરમીએ ક્રમસર જ થયા શ્રી તપાગચ્છમાંહિ

શ્રી આત્મારામ નામે મુનિવર વિહરે દેશ પંજાબ માંહિ
જ્ઞાને પ્યાસે થયાએ સુવિહિત મુનિજી ઢુંઢિયા પંથ છોડી
જ્ઞાને આકાશ શા છો મતિગુણ ગણના તારકો આપમાં છે
તોયે આશ્ચર્ય કેવું તિમિર નવ કદી આવતું આપ પાસે

તેની પાટે થયાએ કમલ ગુરુવરા દેશ પંજાબ માં રે
તેના તેજસ્વિ રૂપે શરમ ભલભલા પામતા રાય લોકો
છો સાચે આપતો રે દિનકર સમતો શ્રી તપાગચ્છમાંહિ
તોયે આશ્ચય કેવું લવ પણુ ગરમી લાગતી ના કદી રે

શ્રી પાટે લબ્ધિ આવ્યા અતિ મતિ પતિ જે ગુર્જરપ્રાંતન રે
ન્યાયીને વાદિ તેઓ મુનિ ગણુ પતિને ગચ્છધોરી સુહાના
ચાંદાસા ચંદ્રવંશે નિશ દિન ચમકો આપ પૂજ્ય પ્રભાવી
તોયે આશ્ચર્ય આપ ત્રિજગત ભરમાં છો કલંકે જ મુક્ત

શ્રી પાટે શોભતા રે તરક નિપુણ એ ગુર્જર પ્રાંતના રે
જે કાવ્યે ને નયોના ગહન વિષયમાં પામતા જ્ઞાનતાને
છે રે છોતેરમીએ ગુરુવર લસતાં વીરની પૂજ્ય પાટે
મારા તે ધન્ય સાચે પરમ ગુરુવરા વિક્રમાખ્યે પ્રસિદ્ધ
વ્યાખ્યાને શાસ્ત્રનારે ગહન વિષયમાં જે કરે સ્હેલ સાચે
છે જેની આશિષોમાં સકલ સફલતા નેહના જે ખજાના
જ્ઞાને છો સિન્ધુ સારે સકલ જન કહે આપ દાતા મજાના
તોયે આશ્ચર્ય વિશ્વે અતિઅતિ મીઠડા આપ તો છો સદાના

દિવાકર કૃત સ્તોત્રાનુવાદો રચિતો મયા
ગુરુકૃપા પ્રસાદેન યશોવર્માખ્ય સાધુના

# પર્વ પર્યુષણ મહાન .....
# કરજો સૌ સન્માન

(રાગ- દેખ તેરે સંસારકી હાલત)

પર્વ પર્યુષણ આવ્યાં આંગણ, જાગો વીર સંતાન,
આવ્યાં પર્વ પર્યુષણ મહાન;
દાન શિયળ તપ ભાવના ફૂલડે, કરજો સૌ સન્માન,
આવ્યાં પર્વ પર્યુષણ મહાન
અહિંસાનો ઝંડો ફરકાવો,
કરૂણા લાવી જીવો બચાવો;
છઠ્ઠ–અઠ્ઠમ કરી કર્મ ખપાવો,
પ્રતિક્રમણ કરી પાવન થાવો.
પાપને હણવા ધર્મને કરવા,
થઈ જાજો સાવધાન...આવ્યાં.
સાધર્મિકની ભક્તિ કરજો,
દીન દુઃખીયાના દુઃખો હરજો.
ખમી ખમાવીને સૌ ખમજો.
વેરને ભૂલી મૈત્રી કરજો.
નાના મોટા સર્વ જીવોને,
ગણજો મિત્ર સમાન . આવ્યાં.
દેવ–દર્શન ગુરુ વંદન કરજો,
કલ્પ સૂત્રની વાણી સુણજો,
નવકાર મંત્રનું સ્મરણ કરજો,
નિંદા વિકથા પ્રમાદ તજજો.
પ્રભુ ભક્તિની મસ્તી માંહે,
બની જાઓ મસ્તાન...આવ્યાં.
છ'કાય જીવની રક્ષા કરજો,
આરંભના સૌ કાર્યો તજજો.
રાત્રિ ભોજનને પરિહરજો,
પ્રભુ આજ્ઞાનું પાલન કરજો,
માનવ ભવને સફલ કરી લ્યો,
એમ ભાંખે ભગવાન...આવ્યા.
દાન આપી દાનેશ્વરી બનજો.
સદાચારથી શિયળને ધરજો,
સમતા ભાવે તપને તપજો,
ભાવના ભાવી ભવજલ તરજો.
હેમલતાશ્રી કહે છે ધરજો,
પ્રેમે પ્રભુનું ધ્યાન...આવ્યા.

(રચયિતા : અચલગચ્છીય પૂ. સા૦ હેમલતાશ્રીજી)

# પ્રભુ શ્રી મહાવીરની ધૂન

(રાગ–હરે રામા .. હરે રામા...હરે કૃષ્ણ હરે રામ)

વંદે વીરં, વંદે વીરં,
વંદે વીરં, વંદે વીરં,
વંદે વીરં, વંદે વીરં,
વીરં વીરં, વંદે વંદે.
અરિહંતં; ભગવંતં, મહાવીરં વંદે વંદે.
મહાધીરં, ગંભીરં; મહાવીરં વંદે વંદે.
મહાવીરં, મહાવીરં, મહાવીરં વંદે વંદે.
વંદે વીરં, વંદે વીરં, વીરં વીરં વંદે વંદે.

(રાગ–ગોવિંદ બોલો બોલો ગોપાલ બોલો)

મહાવીર બોલો બોલો મહાવીર બોલો,
મહાવીર બોલો બોલો મહાવીર બોલો,
કર્મને તોડો બોલો મહાવીર બોલો,
સહુ સાથ બોલો બોલો મહાવીર બોલો,
જોરસે બોલો બોલો મહાવીર બોલો,
પ્રેમસે બોલો બોલો મહાવીર બોલો,
દીનદયાળુ પ્રભુ પ્રભુ મહાવીર બોલો,
કરૂણાસાગર પ્રભુ મહાવીર બોલો,
સિદ્ધારથ સુત મહાવીર બોલો,
ત્રિશલાનંદન પ્રભુ મહાવીર બોલો,
મહાવીર દેવકી જય જય બોલો,
જિન શાસનકી જય જય બોલો.

(હંમેશ વ્યાખ્યાનમાં બોલાતી શ્રી સૂર્યશિશુ મ૦ની પ્રભુ શ્રી મહાવીરની પ્યારી ધૂન, શ્રી દર્શક)


**ઉપકરણો ... અને ... ઉત્પાદક**

કટાણુસા, ઓધારીયા, આસન, સંથારિયા, દેરાસરની ન્હાવા પછીની ધાબળી આદિ ઉપકરણોના ઉત્પાદક.

સંઘવી વીનયચંદ વીરજીભાઇ એન્ડ કું.
ધાબળાવાળા, સાવરકુંડલા

# જૈન-દર્શન-વિદ્યા-પ્રતિષ્ઠાન વર્ધમાન ભારતી, બેંગલોરનું
## જૈન સંગીતના ક્ષેત્રમાં સર્વપ્રથમ યોગદાન

卐 શીઘ્ર રજૂ થનાર બે અપૂર્વ લોંગ પ્લે ગ્રામોફોન રેકર્ડ 卐

(૧) શ્રીમદ્ રાજચંદ્રજી કૃત, આત્મદર્શન-જૈનદર્શન-નો નીચોડ દર્શાવતું

## "આત્મસિદ્ધિ શાસ્ત્ર
[સંપૂર્ણ ૧૪૨ ગાથાઓ : મૂળ ગુજરાતી સાથે હિંદી - અંગ્રેજી કોમેન્ટ્રી]

—: અર્થ સહાયરૂપે મૂલ્ય :—

☆ પ્રતિ રેકર્ડ રૂા. ૧૦૧/-; તા. ૧૫-૯-૭૩ સુધીમાં અગ ઉથી ભરનારને રૂા. ૯૦/-માં ☆

જે મહાનુભાવ વ્યક્તિઓ કે સંસ્થાઓ એકસો કે વધુ રેકર્ડો માટે અગ્રિમ અર્થસહાય આપી નામ નોંધાવશે તેમના નામ વગેરેનાં લેબલ રેકર્ડો પર લગાવી શકાશે.

(૨) શ્રી. માનતુંગાચાર્ય રચિત સુપ્રસિદ્ધ પરમપ્રભાવક, પરમકલ્યાણકારી

## શ્રી. ભક્તામર સ્તોત્ર
(સંપૂર્ણ ૪૮ ગાથાઓ : મૂળ સંસ્કૃત સાથે હિંદી અનુવાદ, ભાવાર્થ. વધુમાં અન્ય મંત્રો-સ્તોત્રો યુક્ત.)

### વિશેષતાઓ

(૧) શુદ્ધ ઉચ્ચારણ (૨) ધ્યાન-પ્રદાયક, ભક્તિ-ઉદ્‌ભાવક ભાવપૂર્ણ પ્રસ્તુતી-કરણ (૩) પ્રાચીન-આધુનિક વિવિધ રાગ-રાગિણી-છંદ પ્રયોગ (૪) અનેક વિવિધ વાદ્યોયુક્ત મૃદુ, મધુર વૃંદવાદન (*Orchestra*) અને પાર્શ્વસંગીત (Background Music) (૫) પ્રસંગાનુરૂપ એકાકી અથવા સામુહિક ગાન-જૈન સાધક સંગીતજ્ઞો બાલક બાલિકાઓના સ્વરોમાં (૬) અર્થ-ભાવાનુરૂપ પ્રાકૃતિક ધ્વનિઓની પશ્ચાદભુમિ (૭) મૂળ શબ્દો સાથે ભાવાર્થ, સમજૂતિ, કોમેન્ટ્રીયુક્ત નિરૂપણ (૮) એક અંતર્મુહૂર્ત —'સામાયિક'—ના ૪૮ મિનિટની કાલાવધિ (૯) શુદ્ધોચ્ચારનું સ્વયંશિક્ષણ, ભક્તિ, આત્મજાગૃતિ, જ્ઞાનચિંતન, સંગીતાનંદ, સંસ્કાર-શ્રવણ, મંત્રમય મંગલ વાતાવરણ અને સામાધિમરણ-ઈત્યાદિ અનેક ઉદ્દેશ્યોની પુર્તિનું નિમિત્ત-સાધન :

## —: પ્રસ્તુતકર્તા, પ્રવક્તા, પ્રમુખ ગાયક અને સંગીત નિર્દેશક :—

અન્ય અનેક સંગીતજ્ઞો, રેડિયો–ફિલ્મ કલાકારો અને વૃંદવાદકો સાથે —

**પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા :**

એમ. એ. (હિન્દી); એમ. એ. (અંગ્રેજી); સાહિત્યરત્ન, સંગીતજ્ઞ, જેમના જૈન સંગીત કાર્યક્રમો અને વાર્તાલાપો આકાશવાણી પરથી અનેકવાર રજૂ થઈ રહ્યા છે અને જેમના શુક્લ-ધ્યાન સૂચક અભિનવ પ્રયોગ 'ધ્યાન સંગીત' (*Music for Meditation*)ની સ્વતંત્ર રેકર્ડ હાલ અમેરિકામાં તૈયાર થઈ રહેલ છે!

"આત્મસિદ્ધિ" અને "શ્રી ભક્તામર સ્તોત્ર"ની આ બન્ને રેકર્ડોના ઉપર્યુક્ત વિશેષતાઓવાળા, કાળજીપૂર્વકના વિશેષ આયોજનને કારણે અને રેકર્ડ કંપનીની લઘુતમ પાંચસો પાંચસો રેકર્ડો ઉતરાવવા અને અગાઉથી પૈસા ભરવાની શરતને કારણે આ સારીયે યોજના ખર્ચાળ અને જોખમી છે. આથી પ્રત્યેક રેકર્ડના ઓછામાં ઓછા ૩૫૦–૪૦૦ ગ્રાહક ન બની જાય ત્યાં સુધી આ કાર્ય સંપન્ન થવું કઠણ છે. આ અપેક્ષાઓ–આવશ્યકતાઓને લીધે અગાઉથી એડવાન્સ રકમ સાથે ગ્રાહકો નોંધાઈ રહેલ છે; જેઓ "મૂલ્ય"રૂપે નહીં, પરંતુ વર્ધમાન ભારતીને "અર્થ સહાય"રૂપે પોતાનો ફાળો આપે છે. અપેક્ષિત સંખ્યામાં ગ્રાહકો, આગામી દીવાળી પહેલાં નોંધાઈ જાય તેવી આવશ્યકતા હોઈ દિવાળી આસપાસ આ રેકર્ડો ઉતરાવાની સંભાવના અને ધારણા છે. અનુમોદના, શાસનપ્રભાવના પ્રેમી જૈન સમાજ આ ધારણા આથી પણ વહેલી પાર પડાવશે તેવી આશા–અપેક્ષાવધુ પડતી નથી.

આપના નામ સરનામા, અર્થ–સહાયની રકમ ક્રોસ ચેક/ડ્રાફ્ટથી નીચેના નામ–ઠામ પર વિન. વિલંબે મોકલી શાસનના એક અભિનવ કાર્યક્રમને વેગ આપો :—

**વર્ધમાન ભારતી, અનંત, ૧૨, કેમ્બ્રિજ રોડ, અલસૂર,**

**બેંગલોર–૫૬૦૦૦૮ (ફોન નં. ૫૦૪૪૩)**

આ સીધા સ્થાન ઉપરાંત નીચેના શહેરોમાં દર્શાવેલા સ્થળોએ પણ અગ્રિમ અર્થસહાયની રકમ ભરી પાકી પહોંચ મેળવી શકાશે :—

(૧) શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, વનિતા વિશ્રામ સામે, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ–૪.
(૨) શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, ઠે. શાંતિનાથજી જૈન દેરાસર, પાયધુની, મુંબઈ–૩.
(૩) શ્રી ભારત જૈન મહામંડળ, ભારત ઈન્સ્યોરન્સ બિલ્ડીંગ, ૧૫–એ હોર્નબી રોડ, ફોર્ટ મુંબઈ–૧.
(૪) શ્રી સુરેશચંદ્ર સી. શાહ, ૬૭૨, પાંજરાપોળ, રિલીફ રોડ, અમદાવાદ–૧.
(૫) શ્રી સૌરભ પુસ્તક ભંડાર, ૬૧૫, પાદશાહની પોળ સામે, રિલીફ રોડ, અમદાવાદ–૧.
(૬) 'જૈન' સાપ્તાહિક કાર્યાલય, વડવા, ભાવનગર
(૭) શ્રી મનોહરદાસ શાહ, ૧૪, અમરતલ્લા સ્ટ્રીટ, કલકત્તા–૧.
(૮) શ્રી રવિચંદ બોથરા, ૧૨, પારસી બાગાન સ્ટ્રીટ, કલકત્તા–૭.
(૯) શ્રી રમણલાલ શાહ, ૧૧૧, મિન્ટ સ્ટ્રીટ, મદ્રાસ–૩
(૧૦) શ્રી રાજેન્દ્ર દલાલ, ૪૦–બી, રામગોપાલ પેઠ, સિકંદ્રાબાદ–૩ (આંધ્ર)

# લાખેણી વાત

રજુઆત : ડૉ. ઉમરશી દેઢીઆ

અનંત ઉપકારી શ્રી વીતરાગ પરમાત્માની પુણ્ય પ્રસાદીરૂપ **અધ્યાત્મ જ્ઞાન** એ તો સાગરના નીર જેટલું ઊંડું અને અગાધ છે. આપણા જેવા અલ્પ બુદ્ધિવાળા જીવોનું ગજું નથી કે એમાં ડૂબકી મારી અણમોલ રત્નો હાથ કરી લઈએ.

જ્ઞાની મહાપુરૂષોએ વારંવાર ભગીરથ પુરૂષાર્થ આદરી અણમોલ રત્નો હાથ કરીને પોતાનું આત્મકલ્યાણ સાધી આપણા જેવા પામર જીવોના ઉપકાર અર્થે એ રત્નોની ભેટ વારસામાં આપતા ગયા છે.

પૂજ્ય શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજે "અધ્યાત્મ ગીતા"ના માત્ર ૪૭ શ્લોકોમાં જ અધ્યાત્મ જ્ઞાનને ગૂંથી લઈ એક સુંદર માળા તૈયાર કરી છે: એના એક એક શ્લોકમાં અદ્ભુત રહસ્ય ભર્યું પડ્યું છે જ્ઞાનની મહત્તા સમજાવતાં જ્ઞાની મહાપુરૂષોએ કહ્યું છે:—

બહુ ક્રોડયો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ,
જ્ઞાની શ્વાસો શ્વાસમાં, કર્મ ખપાવે તેહ.

કર્મના પિંજરમાં સપડાયેલા આપણા આત્માને આ સંસારની ચારેય ગતિઓમાં રખડપટ્ટી કરવામાં કેટકેટલાં દુઃખો ભોગવવા પડ્યા છે એ તો જો હિસાબ કરવા જઈએ તો પરસેવો છૂટી ચક્કર જ આવી જાય! અને આંખે અંધારા આવે ત્યારે તો દિવ્ય પ્રકાશની ખાસ જરૂર પડે જ!

જેમ જેમ અધ્યાત્મજ્ઞાનનો પ્રકાશ મળતો જાય છે તેમ તેમ આપણાં કાર્યોનો વિનાશ જલ્દી ને જલ્દી થતો જાય છે. આત્માને પરમ આનંદ અને દિવ્ય સુખનો પ્રત્યક્ષ અનુભવ પણ સાથે સાથે થતો જાય છે. આખરે સુખના ધામરૂપ સોહામણા મોક્ષમાં પહોંચી સિદ્ધ ભગવંતોનો મેળાપ થઈ જાય એ શું મહાનમાં મહાન લાભ નથી?

બદામપાક કે સાલમપાક માત્ર શરીરને જ પુષ્ટિ આપી શકે છે, પરંતુ અધ્યાત્મજ્ઞાનરૂપ આ બદામપાક તો આત્માને સુંદર પુષ્ટિ આપે તેવો છે: મોક્ષપુરીના રાજમાર્ગ ઉપર આત્માને દોડતું કરી મૂકે તેવું, ઉત્તમ રસાયણ છે.

લોટરીની એકાદ ટીકીટ ખરીદી પ્રથમ ઈનામ મેળવી લક્ષાધિપતિ થવાના આપણા કોડ પરિપૂર્ણ થઈ શકે કે કેમ એ એક પ્રશ્નાર્થ છે? પણ આ અધ્યાત્મજ્ઞાનરૂપ લોટરી ખરીદી લઈએ તો એના ઉત્કૃષ્ટ ઈનામરૂપ મોક્ષ મેળવવાના કોડ તો અવશ્ય પરિપૂર્ણ થવાના જ છે, એમાં જરાય શંકાને સ્થાન નથી.

અધ્યાત્મજ્ઞાન જેવા ગંભીર વિષયને સહેલાઈથી આપણે સમજી શકતા નથી. "અધ્યાત્મ ગીતા"ના એક એક શ્લોકનો રસાસ્વાદ માણવા આપણે સુગુરૂની સહાય લેવી જ પડે. પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સા૦ ટૂંકમાં એક એક શ્લોકનું રહસ્ય સરળ રીતે સમજાવ્યું છે અને એના અદ્ભુત રહસ્યની પિછાન કરાવી છે. આત્મકલ્યાણની ઈચ્છા રાખનાર માટે તો આ "ગાગરમાં સાગર" જેવા પુસ્તકમાં સુંદર સામગ્રી પ્રાપ્ત થશે જ.

[પૂ. આ૦ મ૦ સા. શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ સંપાદિત "અધ્યાત્મ ગીતા" પુસ્તકના આધારે. આ પુસ્તક પૂ. જિજ્ઞાસુ સાધુ-સાધ્વીઓને ભેટ આપવાનું હોઈ લખો: ડૉ. ઉમરશી પુનશી દેઢીઆ સવાસરનાકે, અંજાર (કચ્છ.)]


હસ્તકલાના કારીગરો,
હેન્ડલૂમ્સની ફેન્સી ચીજોના ઉત્પાદકો, આર્ટીસ્ટો,
ઘરવપરાશની કલાયુક્ત વસ્તુઓના ઉત્પાદકો
પ્લાસ્ટીકની દરેક વસ્તુઓના ઉત્પાદકો.

☆

આપના માલની ભારત બહારની નિકાસમાં તેમ જ સ્વદેશ માટે આપને રસ હોય તો અમોને નીચેના સરનામે આપના માલની વિગતો, કેટલોગો વગેરે મોકલવા વિનંતી છે.

**માણેકલાલ એન્ડ સન્સ** (એક્ષપોર્ટસ)
૧૧૬, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, મુંબઈ–૪૦૦૦૦૩

# "ધ્યાન.—જે 'ધર્મ'નો મર્મ, માર્ગ અને મુકામ પણ છે.....!"

એક અનુભવ-ઝાંખી : —— લેખક : 'અંતર્દર્શી'

પ્રવૃત્તિઓની પાર્થિવ પરિક્રમાઓની વચ્ચેથી અનેકવાર પ્રશ્ન ઊઠતો રહ્યો :

"વીતરાગ પરમાત્મા પ્રણીત સમ્યક્ દર્શન જ્ઞાન ચારિત્ર રત્નત્રય યુક્ત જિનમાર્ગનું મૂળ રહસ્ય, મર્મ, કેન્દ્ર શું હશે ?"

પરંતુ તુરત પ્રત્યુત્તર ન મળ્યો. પ્રશ્ન એમ ને એમ ઊભો રહ્યો. પ્રવૃત્તિઓની પગથાર પર ઊભા રહીને એ પ્રશ્નના અંતર-પ્રદેશમાં પ્રવેશ કરવો અસંભવ હતો. ચેતના હજુ પ્રવૃત્તિઓના સ્થૂળ પડળો પર જ વિચરી રહી હતી..... .

* * *

એક નિરવ નિશાન્તની વેળાએ પ્રતિ-ક્રમણ : પ્રતિ-અવલોકન : 'સ્વ-રૂપ' પ્રતિગમનની પરમ પ્રશાંત પાવન પળો વીતી રહી છે...બાહ્યાંતરની બધી દોડધામો શમી ગઈ છે...મનવચનકાયાના યોગો અંતરમાં સુસ્થિત થઈ ગયા છે અને અંદરના આત્મપ્રદેશના ઊંડાણમાંથી આનંદાનુભૂતિની પ્રસન્ન લહેરો ઉઠી રહી છે...

એ આત્મ-પ્રદેશ કે જ્યાં વિલસતી હતી કેવળ એક પ્રકારની નીરવતા, નીરવશૂન્યતા, નિસ્પંદતા !

અને એ પાવન પળોમાં સ્થળ-કાળના વ્યવધાનોને ભેદીને દૂર સુદૂરથી સમીપ આવી ઉભેલી એક પ્રશમરસ નિમગ્ન, પરમ પ્રશાંત પ્રગલ્ભ, પ્રાજ્ઞ, પુરાણ-પુરુષની પ્રકાશમય પ્રતિમા દર્શાય છે, અરિહંત પરમાત્માની કાયોત્સર્ગલીન 'જિનકલ્પી' દશાની દિવ્યમૂર્તિ દેખાય છે—સજીવ, સચેતન, સાક્ષાત્ ! બહારથી મૌન, અંદરથી પરમ પ્રશાંત. .!! અદ્વિતીય છે એનું મૌન-પ્રવચન, અવર્ણનીય છે એનું દેહસૌંદર્ય, અપૂર્વ છે એના અર્ધનિમીલીત નયનોની જ્યોતિ, અનુપમેવ છે એના આત્મ-તેજની આભા !!! એ અંતરસ્થ છે, મૌન ધ્યાનસ્થ છે, અનંત મોનસ્થ છે...... પરંતુ...પરંતુ એનું એ અનંત મૌનમય દર્શન જાણે અનંત વચનો વદી રહે છે, વણબોલે જ એ ધર્મ-મર્મના દિવ્ય રહસ્યો સમજાવી દે છે અને એ રહસ્યો પામીને આનંદથી ઝૂમી ઊઠે છે, ઉલ્લસી ઊઠે છે આત્મપ્રદેશનો કણ કણ......

એ પરમ મૌનના અનંત સાગરવત્ ગંભીરસ્વરૂપમાં ડૂબી જવાય છે, ખોવાઈ જવાય છે, મૌનના બિંદુથી મૌનના સિંધુમાં ભળી જવાય છે અને... જેવું ભળાયું કે કંઈક 'અદ્‌ભૂત' બની રહે છે. સિંધુના પેટાળમાંથી, અંતસ્તલેથી, રહસ્ય-મોતીઓ ઉપર તરી આવી સમુદ્ર-ફીણો સાથે સાગરતટે ફેંકાય છે. તટે ફેંકાતા મૌનના એ મર્મ-મોતીઓની સાથે અંતરાનંદનો એ સાગર પોતાનો ઘેરો ગંભીર ઉદ્‌ઘોષ ઠાલવી દે છે—

"अहं एको खलु शुद्धो...
निम्मल नाणदंसण संजुओ..."

—આ ઉદ્‌ઘોષના ધ્વનિ-પ્રતિધ્વનિઓ જાણે ગૂંજતા જ રહે છે, ગૂંજતા જ રહે છે ને પછી પ્રવૃત્તિઓના પાર્થિવ પટ પર પણ અથડાવા લાગે છે—એ પ્રવૃત્તિઓને પ્રતિક્ષણ પ્રમાદહીન, અપ્રમત્ત, બનાવતા, એમાંયે પ્રસન્નતા પ્રગટાવતા, એની વચ્ચેથી પોતાનું ભાન ને ભેદ-જ્ઞાન જગાવી રાખતા, બિંદુ-સિંધુ આત્મા-પરમાત્મા : નું સંધાન કરાવનાર 'પરાભક્તિ' જગાવતા...!

* * *

અને ત્યારે પેલા પરિપ્રશ્નનો પ્રત્યુત્તર મળી રહે છે કે—

"આ જ છે વીતરાગ પરમાત્માના રત્નત્રયી સાધના-પથનું મૂળ રહસ્ય, મર્મ, કેન્દ્રસ્થાન, જે આજ સુધી સ્થળકાળની સીમાઓમાં સંતાયેલું રહ્યું...આ જ એ, આ જ...સર્વશક્તિઓનો સ્રોત, સર્વ સંભાવનાઓનો ધોધ, સર્વજ્ઞાનનો બોધ, સર્વ પ્રતિબોધોનો અંતર્બોધ—ધ્યાન : સ્વયંનું ધ્યાન : શુદ્ધ-શુભ્ર-શુક્લ આત્મસ્વરૂપનું ધ્યાન : આત્માની સહજ સ્વભાવ સત્તાગત સિદ્ધદશાનું ધ્યાન : પરમાત્મસ્વરૂપનું ધ્યાન : "આર્ત્ત-રૌદ્ર"ના પતનોન્મુખ પાર્થિવ પ્રદેશોની પેલે પાર અને 'ધર્મ'ના આત્મપ્રદેશથી આગળ વિરલાઓને ગમ્ય એવા 'શુક્લ'ના શુભ્ર, અપાર્થિવ, કેવળ આત્મ-લોકનું ધ્યાન : 'સ્વ'-રૂપનું, 'નિજ'રૂપનું 'જિન'રૂપનું ધ્યાન—ચંદ્રવત્ નિર્મલ,

સૂર્યવત્ વ્યાપ્ત, સાગરવત્ ગંભીર !"

"ધ્યાન—ક્રિયાઓમાં સ્મૃતિ થકી રહેલું, શાસ્ત્રોમાં 'શબ્દો' વડે શોધેલું—બોધેલું, શુક્લધ્યાનના પ્રયોગ—ચંચુપાતોમાં ઉર્ધ્વચેતનાના ઉડ્ડયનમાં અવગાહેલું ! 'પિંડસ્થ', 'પદસ્થ'ની 'આગ્નેવી', 'મારુતી', 'વારુણી' ઈત્યાદિ 'ધારણા'ઓથી અવધારેલું અને અંતે 'રૂપસ્થ'ને પાર કરીને 'રૂપાતીત'માં પરિણમન ઝંખેલું એવું આ દુર્લભ ધ્યાન આજે બિંદુ–સિંધુને: આત્મ–પરમાત્મને : એક કરતું મૌનધ્યાનના વિશાળ સાગરના અંતરાનુભૂતિ પટ પર આવી ઊભું હતું—અનાયાસ, અણધાર્યું, સહજ :

"ध्यानाज्जिनेश भवतो भविन: क्षणेन
देहं विहाय परमात्म-दशां जन्ति ।।'

* * *

અંતરની અનુભૂતિનો આ પટ મૌનધ્યાનના સાગરનું પરિવર્તન કરે છે—જ્ઞાન, દર્શન, ચરિત્રના અતલ ભંડાર સમા ઊંડા આનંદના સાગરમાં ! આ ગંભીર આનંદ–સાગરમાં વીતરાગ–દર્શનનો મર્મ પામીને અંતર્મન ધન્યતા માણી રહે છે, કૃતકૃત્યતા અનુભવી રહે છે, એ ધ્યાન–પ્રદાતા "પંચપરમેષ્ઠિ પરમગુરુ"ઓના ... ચરણોમાં આનંદાનુગ્રહવશ ઝૂકી–ઝૂલી–ડૂબી રહે છે...

* * *

ધ્યાન–સાગરના, આનંદ–સાગરના ઊંડાણેથી લાધેલા આ અનુભવ–મોતીઓનો મર્મ આ છે :—

"ધ્યાન એ રત્નત્રયી સાધનાપથનો કેવળ મૂળ સ્ત્રોત કે 'મર્મ' માત્ર જ નથી, એ એનો 'માર્ગ' પણ છે અને 'મુકામ' પણ ! દર્શનનો મર્મ, માર્ગ, મુકામ એ જ છે; જ્ઞાનનો મર્મ, માર્ગ, મુકામ એ જ છે, ચારિત્રનો મર્મ, માર્ગ, મુકામ પણ એ જ છે અને તપનો તો વાસ્તવિક મર્મ–માર્ગ–મુકામ એ છે ને છે જ !"

પ્રશ્ન સદાને માટે શમી જાય છે, સરી જાય છે. અંદરથી સહાનુભૂતિનો પ્રચંડ, કોમળ ધોધ વહી પ્રગટે છે એક નૂતન પુરુષાર્થ અને ઉઠે છે એક અભૂતપૂર્વ સંકલ્પ :—

"અજવાળે "અંધારું" ભાળું, અંધારે 'અજવાળું'
ધ્યાન તણો અગ્નિ પ્રજવાળું, કર્મ તણા કચરાને બાળું;
દૂર 'સ્વ–રૂપ સ્વ–દેશ' નિહાળું !"

(—'અંતર્દર્શી.')


દેરાસરમાં વપરાતી જર્મન સીલ્વરની સામગ્રી
અમારે ત્યાં હમેશાં હાજર સ્ટોકમાંથી મળશે.

REGD. TRADE MARK
GUARANTEED
C.C.
STAINLESS STEEL
18/8

* ફાનસ
* ચામર દાંડી
* કળશ
* પખાલ કુંડી
* પંખા
* ચંદન વાટકી વિ.

સ્ટેનલેસ સ્ટીલ તથા જર્મન સીલ્વરના વાસણો
ચાવી છાપ જોઈને જ ખરીદો. ☎ ૩૨૯૩૦૯
ચીમનલાલ છગનલાલ ● ૯૧, કંસારા ચાલ, કાલબાદેવી, ● મુંબઈ–૨

## પર્યુષણમાં અભયદાનના પુન્યના ભાગીદાર થવું હોય તો

# શ્રી જીવદયા મંડળીને

### નીચેની રીતે મદદ મોકલો

૧. દર વર્ષે ૧૦૦૦ જીવો છોડાવવા માટે.

૨. પ્રચારકો અને કાયદા માટે પ્રયાસો દ્વારા ધર્મને નામે ચાલતી હિંસાનું ધર્મ પરનું કલંક મીટાવવા.

૩. મંડળીના પ્રયાસોથી ગુજરાત વિધાનસભાએ ધાર્મિક સ્થાનો પર પશુપક્ષીઓનો અપાતો બલિદાન-પ્રતિબંધ કાયદો પસાર કર્યો છે. મંડળીએ સમગ્ર ગુજરાતમાં તે અંગે વ્યાપક પ્રચાર યોજના કરી છે જેથી ધર્મને નામે કપાતાં આશરે ૬૦૦૦૦ જીવોને હંમેશ માટે અભયદાન મળશે. આ પ્રચાર યોજના માટે રૂા. ૧૦,૦૦૦ની જરૂર છે.

૪. યુવક વર્ગમાં દયા-કરુણાના સંસ્કારો ખિલવવા.

૫. જ્ઞાનપ્રચાર માટે સાહિત્ય છપાવવા.

### સંઘો અને દયાળુ દાનવીરો

રૂા. ૧૦૦૧ આપી અભયદાન રીઝર્વ ફંડના દાતા બનો. જેનું વ્યાજ દર વરસે આપેલી તિથિએ જીવ છોડાવવા માટે વપરાય છે.

રૂા. ૧૦૦૧ આપી મંડળીના પેટ્રન બનવાથી તે રકમનું વ્યાજ મંડળીની બધી પ્રવૃત્તિઓમાં વપરાય છે.

રૂા. ૧૦૦ મોકલી જીવદયા માસિકના કાયમી ગ્રાહક બની શકાય છે.

સમય બદલે છે, હિંસા વધે છે. આજે જ ઉદાર મદદ મોકલી અભયદાનના પુન્યના ભાગીદાર બનો.

મંડળીને અપાતાં દાન પર દાતાને ઈન્કમટેક્સની માફી મળે છે.

લિ. **મુંબઈની શ્રી જીવદયા મંડળી**

| | |
|---|---|
| અમદાવાદ ઓફિસ: | મુંબઈ ઓફિસ |
| વૃંદાવન, પટવારી બિલ્ડીંગ, | દયામંદીર, |
| મણીનગર, ચાર રસ્તા, | ૧૨૩-૨૭, મુંબાદેવી રોડ, |
| અમદાવાદ-૮. | મુંબઈ-૨. |

# "પર્વરાજ પધાર્યા શા માટે?"

લેખક : શ્રી સાહિત્યરત્ના-કવયત્રી-વ્યાખ્યાત્રી-શ્રી સૂર્યશિશુજી, મઝગાંવ-મુંબઈ

**શ્રાવણની વિજળી ઝબકે.... અષાઢી મેઘ ગર્જે...**
**વર્ષાની ધારા ગગનેથી સરકે...ને હુયાં અવનવું સર્જે..**

આજ ઉત્સવ મંડાયા છે બારણે.... "શેના"...? પર્યૂષણા પર્વની પધરામણીના...

સજયા છે અમે મંદિર અને ઉપાશ્રયના બારણા. "તેથી શું ? રાજને જરા પૂછો ને ? કે શું તેઓ મંદિરની શોભા નિહાળવા પધારે છે ?"

સહુના મનમંદિરમાં પ્રભુજી પધરાવવાનો સાદ દેવા અને એનો કિમીયો બતાવવા તેઓ પધારે છે...પ્રભુને અંતરઘટમાં પધરાવવા હશે, તો સૌ પ્રથમ શ્રદ્ધાના સાજ સજવા પડશે.

આહો ? હો ? હાં...! ઉત્તમ પરિધાન...અમુલા આભુષણવડે અનેક દેહ શણગારાયેલા નજરે પડે છે.


## કલ્પવૃક્ષ સમાન
## કંબોઇ તીર્થમાં પધારો

ગુજરાતમાં આવેલા કંબોઇન પ્રાચીન તીર્થમાં ભવ્ય ચમત્કારી શ્રી મનમોહન પાર્શ્વ-નાથ ભગવાનની પ્રતિમા શ્રી સંપ્રતિ મહારાજાના સમયની બિરાજિત છે. દેરાસરમાં કાચનું સુંદર કલાત્મક કામ છે. આપ સૌ તીર્થના દર્શને અવશ્ય પધારજો.

અહીં ભોજનશાળાની સગવડ ઉપરાંત કારખાના તરફથી બળદગાડીની વ્યવસ્થા રાખી છે. આ તીર્થ મહેસાણાથી હારીજ તરફ જતી રેલ્વે લાઈનપર આવેલ છે. મહેસાણાથી હારીજ શંખેશ્વર જતી બસની સગવડ છે.

**મનમોહન પાર્શ્વનાથ કારખાના**

મું. કંબોઈ, વાયા : ચાણસ્મા (મહેસાણા)


"ત્યારે શું પર્વરાજ તમારા ઘરની સંપત્તિનો માપ કાઢવા આવ્યા છે ?"...જો જો, એ ઇન્દ્રીરાજીને ભુલી જતાં ! યાદ રાખજો કે શરીર પર લદાયેલા ભુષણો કેવળ બોજરૂપ જ છે

મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ આદિ બાર ભાવનાના કિંમતી ભુષણોની ભેટ ધરવ અમારા પ્યારા રાજ પધારો છો.

"ત્યારે પર્વરાજને રીઝવવા છે ?"

ના...પર્વરાજ તો સંસારતાપના સંતાપથી સીઝાતાં આત્માને શીતલ ભાવનાના છાંટણા કરવા પધાર્યા છે.

આહાહા ! સભા ઠઠ જામી છે....વ્યાખ્યાન સાંભળવા..

"સાચું બોલજો હો ? શું સાંભળ્યું ?"

અવાજ કેટલો હોય...શું સંભળાય...? ગયાં ને એક સામાયિક કરી આવ્યા...

સબૂર, ત્યાં જ ભૂલ્યાં છીએ આપણે કલ્પસૂત્રનો મહિમા.

અચિન્ત્ય પ્રભાવ જેનો કે એકવીસવાર ધ્યાનથી સાંભળનાર ત્રીજા ભવે મોક્ષમાં જાય...તો વિચારો કે એકવીસ વાર ન સાંભળ્યું, સંપૂર્ણ ન સાંભળ્યું, પણ તેનો એક એક અક્ષર જ કાનમાં જાય તો પણ પાપીને પુનિત બનાવે...એ મહાનસૂત્રના એક એક અક્ષરો અણુબોમ્બની તાકાત કરતાં અધિક્તર શક્તિસંપન્ન છે... જો આ ભાવ સૌના હૈયામાં જાગી જાય તો ઘોંઘાટ-અવાજ-હોય ?

કેટલી શાંતતા સભામાં પ્રસરે...શાંતિનો પાઠ મળે,
ગંભીરવાણી વીર મહિમાનીસૂણી..સંસારના બંધન ટળે.

આપણા વાત્સલ્યમય મહાપર્વરાજ પધાર્યા છે, વિનય-વિવેક ને શિષ્ટતાનું ભાન કરાવવા...

અધધધ........! હવે આવ્યું પ્રતિક્રમણ કેટલી સંખ્યા ? "શું વ્હાલા મહેમાન પધાર્યા છે...વસતી ગણત્રી કરવા ?" બાર મહિનામાં શ્રાવકાચારથી વિરુદ્ધ આચરણથી થયેલાં દોષોની શુદ્ધિ માટેના પ્રતિક્રમણની

કિંમત શું આપણે આંકી છે!
કટાસણા પાથરવાની પડા પડી, થાય ઝગડાની ઝડાઝડી. સંસારદાવા આવ્યા ને કરે તડા તડી, ઘેર ગય વાતો કરતાં ચડા ચડી. સાત દિવસ ગયા ને સંવત્સરીએ આવ્યા.... મિચ્છામિ દુક્કડં દીધાં ને પજૂષણ પતાવી દીધાં...

સંવત્સરી પર્વનો મહિમા સંપૂર્ણ ભૂલ્યાં છીએ. ક્ષમા અને પ્રેમના સમન્વયને સાધનારું આ પર્વ...ત્યાં પણ ક્ષમ ને બદલે હમ, ને પ્રેમને બદલે કેમ? સમતાને બદલે ધમતા ..અહો....? ખેદ! ખેદ! ખેદ! આપણી, પામર આ જીવડાની દયા કરૂણા લાવી ક્ષમા સાગર–પધારે છે, પણ ક્ષમાનું બિંદુ પણ ન ગ્રહ્યું. કરૂણાના આગાર–પણ એમાંથી એક કાંકરેટ–સીમેંટનો કણ પણ ન મેળવ્યો. પ્રેમનો તેજપૂંજ–પણ એક કિરણ તેજનું જીવનમાં ન મેળવ્યું .. અહો? કયારે એના સાચા ઉપાસક બનશું...કયારે આ ધમાધમ અટકશે?

કંઈ વર્ષો વીત્યા એ પર્વરાજની ઉપાસનામાં...પણ વાસના ગઈ નહિં તો એ સાધના કયાંથી સિદ્ધિના શીખરે પહોંચશે?
વર્ષો આવ્યા....પર્વો આવ્યા...આવ્યા આવ્યા... ગયા ગયા....
તમે આવો મોટા કે નાના, અમે તો છીએ તેવા ને તેવા.

ઉપરની પંકિત ભૂલાશે નહિં ત્યાં સુધી પર્વનો મહિમા અંતરતલને ટચ કરવાનો નથી. મહિમાના સ્પર્શ વિના મોહ જામ છૂટવાનો નથી. અહં અને મમના ત્યાગ વિના ક્ષમા અને પ્રેમ જાગવાના નથી. પર્વની આરાધના, તેનાં સ્વાગત, ત્યારે જ સફળ થશે કે જયારે....તેના હાર્દને સમજાશે. ચાલો ત્યારે જાગ્યા ત્યારથી સવાર માણો, હારેલી બાજીને સુધારવા આગેકૂચ કરો.

વીર મહિમાનો ગાવો, શાસનનો ધ્વજ ફરકાવો,
જૂઠા ઝઘડા છોડો, પર્વમાં મન જોડો.

卐——卐——卐——卐——卐——卐——卐——卐——卐——卐

## પુ. આચાર્યભગવતો, પુ. મુનિમહારાજો તેમ જ સંસ્થાના ટ્રસ્ટીઓ

## સકળ સંઘને નમ્ર વિનંતી

શ્રી વેરાવળ મહાજન પાંજરાપોળમાં આશરે ૩૫૦ જાનવર છે. તેમાં મોટે ભાગે અશક્ત, આંધળા, લુલા તથા રેલ્વે તેમ જ મોટરોના અકસ્માતના ભોગ થયેલ તથા ટી. બી.ના એટલે કે ક્ષયના રોગવાળા, આવા દરેકની સારવાર, પાટાપીંડી, દરેક જાતની દવા, જરૂર પડે ઈન્ઝીકશન અપાવવા પડે. આ દરેક રોગની સારવાર આ સંસ્થામાં થાય છે. ટી. બી.વાળા સેંકડે ૩૦–૩૫ ટકા સારા થાય છે. ઉપરાંત અમારા ગામમાં મોટા જીવોની કતલ કરવાની વરસોથી મનાઈ છે. જેથી મોટા જાનવરો આવે તે દરેક સંભાળી નિભાવવા જ પડે છે, જેનો ખર્ચ ઘણો મોટો આવે. ચાલુ સાલ દુષ્કાળને લઈ મજુરી, નોકર પગાર, પૌષ્ટીક ખોરાક, દવા તેમ જ વધારે પડતું ઘાસ લેવું. આ બધા ખરચા ખૂબ વધ્યા છે. ચાલુ સાલ પચાસ હજાર રૂપિયાની ઘટ સંસ્થાને છે તો આપશ્રીને વિનંતી છે કે આવા પર્યુષણ પર્વના મહાન દિવસોમાં સારી એવી મદદ મોકલી આવા ૩૫૦ જાનવરોના આશીર્વાદ મેળવો, એવી આશા રાખીએ છીએ મદદ મોકલવાના સ્થળો :–

(૧) શ્રી વેરાવળ મહાજન પાંજરાપોળ
માનલતદાર કચેરી સામે, વેરાવળ

(૨) શાહ ગુલાબચંદ ફુલચંદ
૭૧, બજાર ગેટ, પેલે માળે, મુંબઈ–૧

(૩) શ્રી છોટાલાલ નાનચંદ આણંદજી
દાણાપીઠ, ભાવનગર.

લી૦ વેરાવળ મહાજન પાંજરાપોળના
કાર્યકરોના જયજિનેન્દ્ર વાંચશોજી.

卐——卐——卐——卐——卐——卐——卐——卐——卐——卐

# અકલનીય ગચ્છ ?

[ અત્યન્ત અલ્પબુદ્ધિમયક્ષેત્રમાં શાસ્ત્રોના અર્થોનો ઘણા વિદ્વાનોમાં મતફેર થાય જ. તેમ છતાં ગચ્છના મતભેદો, ખરાખોટા, યોગ્ય–અયોગ્ય વગેરે મતમતાંતરો દૂર કરવા સૂચવતું આ કાવ્ય છે. ]

ભેદાભેદ ગચ્છો તણા નહિં શાસ્તરમાં ભેદ
બુદ્ધિપુર અનુવાદથી વરતે વિધવિધ વેષ ૧.
વરતે વિધ વિધ વેષમાં આણો નહીં અભાવ
ધર્મ કાર્યમાં તત્પર રહો મન રાખી શુદ્ધ ભાવ ૨.
મન રાખી શુદ્ધ ભાવમાં વિહરો વચન વિવેક
અવરશું રાખો ભાવનાં ગુણનો કરી અતિરેક ૩.

વસંત તિલકાછંદ

ગચ્છો ઘણાં ધરમમાં નહીં શુભ દિસે
જેણે કરી વચન વાદવિવાદ આણે
તત્વાર્થ શું મરમનો ધરી જિન વાણી
વાહે અધિક અધિકો ગુરુજ્ઞાન જાણી. ૧.
ગચ્છો ઘણાં વિવિધ વસ્તુ નિરૂપતાયે
જનતા કશું ન સમજે ગુઢતત્વ માંહે
ચાહે સુબુદ્ધ કરવા કંઈ ચંચુપાત
સમજાયનાં ગહનતા વિણ વિતરાગ. ૨.
જિનાગમે તુરત જેમ સુબુદ્ધ ધારે
વ્યાપે તથા કથીત સંયમી અર્થ સારે
ભાંગી પડી સરળતા ગુણ અર્થ કેરી
જેથી બની અવદશા જૈન સઘ કેરી. ૩.
પ્રથમ ભાખીત ઉત્તમ પંચજ્ઞાનીતી
પાઠાંતરે મહોદય ગુણી જ્ઞાનધારી
વાણી અને લખત માંહે પડયો વિરોધ
જેણે કરી સહજભાવે ધર્યો નિષેધ. ૪.
સઘો જુદા હી ભલે નુતન સંઘ સ્થાપે
પણ શાસ્ત્રો તણા અરથને નઇદષ્ટિ આપે
વાકયો તણા અરથ અન્ય ઘણાંએ થાય
તેથી કરી મમત દોષ દહો સદાયે ૫.
ભુષણ ગ્રહે ભુતદયા નિજ ઉર માંહે
વ્યાપે અહિંસાપરમોદય વિશ્વ માંહે
ઉગ્યું પ્રભાત સમજો શુદ્ધ તત્વ કેરૂં
ધારો સદાએ અવલંબ સુકાની કેરૂં ૬.
આશા અનેક ધરીશું શુદ્ધ ધર્મ કાજે
ભારી વિરોધ તજવા ગ્રહો તત્વ સહેજે
કાપો કુપંથ મમતણા અહો 'નેરનાથ'
આપો ત્રિરત્ન "વનુને" ધરિશીર હાથ ૭.

—શાહ વનમાળીદાસ વાલજી—કોલ્હાપુર

# ફરિયાદ રાજુલની

લેખકઃ કાન્તિલાલ સી. વખારીયા

( ઢાળ :– મારા વ્હાલાને વઢીને કહેજો રે...)

કોઈ જઈને કહેજો રે... મારા વ્હાલાને જઈને કહેજો રે....
સંદેશો દેજો રે... શામળિયાને સંદેશો દેજો રે...
પુરાણી પ્રીત વિસારી... મુકી મને બાળ કુંવારી...
અબળા હું ઓશિયાળીરે.. મારા વ્હા.ને જઈને કહેજોરે...
જવું હતું જો ગિરનારે... શાને આવ્યા મારે દ્વારે...
તુમ વિણ કોણ તારે રે.. મારા વ્હાલાને જઈને કહેજો રે...
દયા સૌ જીવોની જાણી, વ્યથા મારી ના સમજાણી...
શાને થયા કેવલનાણીરે, મારા વ્હાલાને જઈને કહેજો રે...
એકવાર પાછા આવો... દાસી પર દયા લાવો...
પૂરો માર મનનો લ્હાવો રે. મારા વ્હા. જઈને કહેજો રે...

( રાગ ..મને એકલી મેલીને રમે છું રાસ... )

મને મુકીને કુંવારી નિરાધાર....
શામળિયા વ્હાલા ચાલ્યા કાં હવે ગિરનાર....
આઠે ભવોની વ્હાલા પ્રીતડી જોડી....
નવમે શું કામ દીધી મને તરછોડી....
મારે એકજ તમારો રે.. આધાર...શામળિયા...
નહિ રે જવા દઉં વ્હાલા ગઢ ગિરનારે....
મુજ અબળાને પછી કોણ ઉગારે....
જશે એળે શું મારો અવતાર... શામળિયા....
જીવો અબોલા તમે દીધા ઉગારી શામળિયા....
રાજુલ પૂછે છે મને શાને વિસારી...
મેં તો માન્ય 'તા ભવના ભરથાર....શામળિયા....
એકલપેટા મેં ન્હોતા જાણ્યારે આવા...
પૂરશે કોણ મારા જીવનના લ્હાવા....
ઉભા રહો તો હું આવું હારોહાર...શામળિયા....
પાછા વળો તો દાસીનો બેડો પાર...શામળિયા....

# ઉપશમભાવ

☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ ☆ મુનિ નિત્યાનંદવિજય

સર્વ દુઃખોના અંત લાવનાર નિર્વાણપદની ઇચ્છા કરનારે સાવધાન થઈને ઉપશમભાવરૂપ શસ્ત્ર વડે રાગ અને દ્વેષરૂપ શત્રુઓનો વિજય કરવો.

**ઉપશમભાવરૂપ પાણીમાં ડૂબકી મારનાર પુરુષનો રાગ અને દ્વેષરૂપ મેલ જલદી દૂર થઇ જાય છે. અને મહાઆનંદની પ્રાપ્તિ થાય છે.**

દ્વેષને દૂર કરવા માટે તેના નુકશાસના વિચારો કરવામાં આવે તો ઉપશમભાવ આવતાં વાર નહિ લાગે, અથવા જેના પર દ્વેષ કરવામાં આવે છે તેનામાં રહેલા કોઇ એકાદ ગુણનો વિચાર કરવામાં આવે તો પણ દ્વેષ જોર કરી શકતો નથી.

જ્યારે એમ લાગે કે 'અમુકે મારું નુકશાન કર્યું.' ત્યારે તેના કરેલા ઉપકારો ભૂલી જઈ નુકશાન કર્યાના વિચારો આવે છે અને પરિણામે દ્વેષ થાય છે. પણ જો તે સમયે તેને ભૂતકાળમાં કરેલા ઉપકારોનું સ્મરણ કરવામાં આવે તો દ્વેષનો વેગ ઓછો થઈ જતાં વાર નહિં લાગે.

આ ઉપર નીચેનું દૃષ્ટાંત વિચારવા જેવું છે.

એકવાર વિક્રમરાજા જંગલમાં ભૂલા પડચા હતા. ભમતાં ભમતાં એક ઝુંપડી જોવામાં આવી. વિક્રમરાજા ભૂખ અને તરસથી વ્યાકુલ થયેલા હોવા છતાં ઝુંપડી જોતાં કંઇક આશા જન્મી અને ઝુંપડી પાસે પહોંચ્યા. ઝુંપડીના માણુસે દયાથી તેમને પાણી આપી સ્વસ્થ કર્યાં. પછી રોટલા બનાવીને ખાવા આપ્યા. ઉચિત સન્માન કરી નગરના માર્ગે ચઢાવી દીધા.

આ ઉપકારનો બદલો વાળવા વિક્રમરાજાએ તે માણસને કહ્યું કે 'તમે કોઈ પ્રસંગે ઉજ્જૈની નગરીમાં આવો ત્યારે મારી પાસે જરૂર આવજો. હું એ નગરીનો રાજાવિક્રમ પોતે છું.' પછી રાજા બતાવેલા રસ્તે પોતાના નગરમાં આવી ગયા.

હવે કેટલાક દિવસે પેલો માણુસ શહેરમાં આવીને વિક્રમરાજાને મળ્યો. વિક્રમરાજાએ તેને ઓળખ્યો અને તેનું સન્માન કર્યું. પોતાની સભાનો સભાસદ બનાવી કાયમ માટે રાખી લીધો. એ પાંચ દિવસે સભામાં તેના ગુણ ગાય છે કે 'આણે અટવીમાં મારો જીવ બચાવી રક્ષણ કર્યું હતું.'

આ માણસને વિચાર આવ્યો કે 'ખરેખર મારો ઉપકાર માની રાજા પ્રશંસા કરે છે કે માત્ર શબ્દોનો આડંબર કરે છે? તેની પરીક્ષા કરવી જોઈએ.'

એક દિવસે લાગ મળતા રાજાના એક નાના રાજકુંવરને ગુપચુપ ઉપાડીને પોતાના મકાનમાં છૂપાવી દીધો.

રાજકુમાર ગુમ થતાં શહેરમાં બૂમાબૂમ થઈ પડી કે કોઇએ રાજકુમારને ગુમ કરી દીધો છે. ઘણી તપાસ કરવા છતાં કાંઈ પત્તો મળ્યો નહિં.

કેટલાક દિવસ બાદ પેલા માણસે કુંવરનું એક આભૂષણ નોકરને આપ્યું અને કહ્યું કે 'બજારમાં જઈને આ વેચી લાવ.' નોકરે બજારમાં જઈ એક બે દુકાને બતાવ્યું. આભૂષણ રાજાના કુંવરનું હોવાની શંકા જતાં દુકાનદારે પોલીસને ખબર આપી. નોકર પકડાઈ ગયો. તેને રાજા પાસે હાજર કરવામાં આવ્યો. નોકરે પોતાના શેઠનું નામ આપ્યું. એટલે તુરત પોલીસો તેને ઘેર જઇ પકડી લાવ્યા.

રાજાએ પૂછયું કે 'આ શું! તમારી પાસે આ આભૂષણ કયાંથી આવ્યું? જે હકીકત હોય તે જણાવો.'

તે માણસ આંખમાં શ્રાવણ–ભાદરવો વરસાવતો બોલ્યો કે 'મહારાજ! તમારા કુંવરનાં શરીર ઉપર રહેલાં

આભરણો જોઈ મને લઈ લેવાની કુબુદ્ધિ થઈ, આથી કુંવરને મેં ઉપાડી લીધો. પરંતુ આટલેથી કુબુદ્ધિ અટકી નહિં. આગળ વધીને કુંવ નું ખૂન થઈ ગયું છે.'

આ સાંભળતાં આજુબાજુ બેઠેલા સામંત આદિની આંખમાંથી અગ્નિ ઝરવા લા ી. એકે કહ્યું કે, 'આવા કૃતધ્નીને બરાબર શિક્ષા કરવી જોઈએ. તેનાં શરીરનાં રાઈ રાઈ જેવડા ટુકડા કરી પક્ષીઓને બલી આપી દેવો જોઈએ.' બીજો બોલ્યો કે 'આવાને તો લીલા કાંટામાં સુવાડી બાળી નાંખવો જોઈએ.' કોઈએ કહ્યું કે 'આને જીવતો જ જમીનમાં દાટી દેવો જોઈએ.' વળી કોઈ બોલ્યું કે 'હાથીના પગ નીચે ચુંદી નાંખવો જોઈએ.' આ પ્રમાણે સૌ પોતપોતના અભિપ્રાય પ્રગટ કરવા લાગ્યા.

રાજાએ શાંત ચિત્તે સભાને ઉદ્દેશીને કહ્યું કે 'આના ઉપર દ્વેષ કરવો જરા પણ યોગ્ય નથી, કેમ કે જ્યારે હું જંગલમાં ભૂલો પડ્યો હતો, ત્યારે એણે જ મને પાણી અને ભોજન આપી શહેરમાં પહોંચાડયો હતો. માટે તેનો આ ગુનો માફ કરું છું.'

રાજાનો હુકમ થતાં તે માણસને છૂટો કરવામાં આવ્યો. જે પરીક્ષા કરવી હતી તે થઈ ગઈ. રાજા ખાલી શબ્દોના સાથિઆ પૂરતો ન હતો, પણ હૃદયથી ઉપકારી માનતો હતો તેની ખાતરી થઈ ગઈ. પછી પોતાના ઘેર જઈ કુંવરને લઈને સભામાં હાજર કર્યો. સૌ આ જોઈને તાજુબ થઈ ગયા. આમ કરવાનું કારણ પૂછયું.

તે માણસે કહ્યું કે 'સાંભળો, રાજા સભામાં વારંવાર મારી પ્રશંસા કરતા હતા તેથી મને થયું કે, તેઓ મારો સાચો ઉપકાર માને છે કે ખોટો? આ જાણવા માટે મેં આ પ્રમાણે કર્યું હતું.'

આ પ્રસંગ ભયંકર દ્વેષ થાય તેવો હતો છતાં વિક્રમરાજાએ તેનો ઉપકાર યાદ કરી દ્વેષ થવા દીધો નહિં. ઉપરથી તેનો ગુનો માફ કરી છોડી દીધો. આ પરથી સુજ્ઞજનોએ દ્વેષ થાય તેવા પ્રસંગે કેવી રીતે ક્ષમા રાખવી તેનો બોધપાઠ આપે છે. સૌ કોઈ દ્વેષને નિષ્ફળ બનાવી આત્મશ્રેય સાધે એજ શુભેચ્છા.


**શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળના નીચે જણાવેલા અતિઉપયોગી પ્રકાશનો તમારા ગ્રંથાલયમાં ન વસાવ્યા હોય તો આજે જ વસાવો**

**જૈન સાહિત્ય વિકાસ મંડળના પ્રકાશનોથી જૈનસંઘ પરિચિત છે સુંદર અને આકર્ષક બાહ્ય દેખાવ ઉપરાંત સરળ અને સમજાય તેવું તલસ્પર્શી વિવરણ જૈન સાહિત્ય વિકાસ મંડળની વિશિષ્ટતા છે. સરળ અને સંઘને ઉપયોગી થાય તેવા અને મૂલ્યમાં અન્ય પ્રકાશનોથી સસ્તા.**

**આપની નકલો માટે આજે જ લખો.**

[ ૧ ] નમસ્કાર સ્વાધ્યાય ( સચિત્ર ) સંસ્કૃતવિભાગ ગુ. અનુ. સાથે મૂલ્ય રૂા. ૧૫ ૦૦ પાના ૩૩૬
[ ૨ ] યોગશાસ્ત્રના અષ્ટમપ્રકાશનું સવિસ્તર વિવરણ. વિભાગ ૧લો. મૂલ્ય રૂા. ૧૫–૦૦. પાના ૩૪૩
[ ૩ ] સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય ભાગ ૧ લો. મૂલ્ય રૂા. ૨૦–૦૦. પાના ૧૭૫
[ ૪ ] ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય ( સચિત્ર–સયંત્ર ) મૂલ્ય રૂા. ૧૦–૦૦. પાના ૫૭+૧૮૪
[ ૫ ] પંચ પરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાલા તથા અધ્યાત્મ સારમાલા (સચિત્ર). મૂલ્ય રૂ ૧૦–૦૦. પાના ૬૩+૨૮૧
[ ૬ ] સામ્યશતક તથા સમતાશતક (સાનુવાદ) મૂલ્ય રૂા. ૨–૦૦. પાના ૨૦+૯૪

લખો :– મંત્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ
૧૧૨, સ્વામી વિવેકાનંદ રોડ, ઈરલા, વિલેપારલા (વેસ્ટ) મુંબઈ ૪૦૦૦૫૬ ( A. S. )

દિલને લાગ્યો આઘાત....
ઉપન્યું એને દર્દ....
કર્યો એણે પુકાર.... એટલે જ....

# દર્દ કરે પુકાર

લેખક :- શ્રી વૈજયન્ત

જિનશાસનનું હાર્દ જ્યાં સુધી સમજાય નહીં ત્યાં સુધી ધર્મ-સાધના જે રીતે થવી જોઈએ તે રીતે થઈ શકતી નથી ..

'દર્દ કરે પુકાર' એજ મુદ્દા પર ઉપસ્થિત થયું છે.... જે મુદ્દા પર ગંભીર વિચારણા કરીને બગડતી બાજીને સુધારવાની છે.

(૧) આપણા મહાન જિન-મંદિરોમાં પ્રભુપૂજનમાં ભયંકર આશાતના થઈ રહી છે... એ પૈસાના નોકરોના હાથમાં મંદિર જાણે સોંપાઈ ગયેલા દેખવામાં આવે છે જે ખુબ જ લજ્જાસ્પદ છે.... અને અત્યંત દર્દજનક હકિકત છે.

મંદિરોના સરસામાન પૂજારીઓના હાથમાં ઉપાશ્રયની ચાવી પૂજારીની કટી-તટે બંધાયેલી હોય... ઉપાશ્રય કે મંદિર સંબન્ધી જે કંઇ કાર્ય હોય તે બધું જ લગભગ પૂજારીઓને સ્વાધીન કરવામાં આવ્યું છે. .

પૂર્વના મહાન ઈતિહાસનું જો આપણે અવલોકન કરીશું તો ખબર પડશે પૂર્વના કરોડપતીઓ અને અબજોના સ્વામીઓ... રાજા-મહારાજા અને ચક્રવર્તીઓ પણ પ્રભુની કેવી પૂજા કરતા હતા... ? મેરૂ-શિખર નવરાવે ના પરમ સુઘોષ સાથે જ્યારે પ્રક્ષાલની ક્રિયા કરવામાં આવે ત્યારે ભક્તિના સાગરમાં કેવી ભરતી ચઢી આવે..! પણ અફસોસ...!

આજના ભક્તોને જ્યારે નિહાળવામાં આવે છે ત્યારે ઉલ્લાસ વધવાને બદલે દુઃખ-દર્દ ઉત્પન્ન થઈ જાય છે...?

પુજારી ...! પ્રક્ષાલ થઇ ગયો...! અંગલુંછણુ થઈ ગયા...! કેસર તૈયાર છે કે....? બધી વાતે જ્યારે ભગવાન તૈયાર બની ગયા હોય ત્યારે અમારા આજના જિનભક્તો કટોરીમાં કેસર લઈને પ્રભુના દેહ પર નવ-તિલક લગાવી દે છે...?

રે....! ભગવાન કોના...! તમારા કે પુજારીના. પ્રભુના ભક્ત તમે કે પુજારી ..? જેમની પરમ કૃપાથી સેવનાથી માનવજીવનની આપણને અણમુલી ભેટ મળી, આર્ય-દેશ જૈનકુલ અને જિનધર્મની અદ્વિતીય પ્રાપ્તિ થઈ... એવા એ નાથને જ શું વિસરી જવાના...!

પ્રગતિવાદના આ યુગમાં આપણી પ્રગતિ થઈ રહી છે. અવગતિ... તે તો અત્યંત વિચારણીય વાત છે. બધી વાતે વૃદ્ધિ કેવળ ધર્મ-ભાવના અને સાધનામાં જ આટલી બધી હીનતા...!

જેમને ધર્મપ્રત્યે અંતરનું બહુમાન હશે એ લોકો તે સહેજે સમજી શકતા હશે કે પુજારીઓના હાથે ભગવાનની પૂજા કઇ રીતે થાય છે...! બગડતી પ્રભુપૂજાના થોડા નમુના જ અહિં લખી દઉં....!

એક હાથે પંચ ધાતુની પ્રતિમા અને બીજા હાથથી સિદ્ધચક્રજીના ગટાને ઉપાડવા... જઇને અસ્વચ્છ પાટલાપર સ્થાપન કરવામાંય કોઈ સંકોચ નહીં... આ શું ભગવાનનું બહુમાન છે કે અપમાન...?

પ્રભુ પ્રતિમા પર કેસર લાગ્યું હોય ત્યારે તે સ્વચ્છ કરવા માટે ભીનું વસ્ત્ર વાપરવાને બદલે સોય જેવી ધારવાલી વાળા-કુચીઓને ઘસી દેવામાં આવે, આપણા શરીર પર આ રીતે ઘસવામાં આવે તો આપણે ઘસવા દઇએ ખરાને...?

ક્યાંક કેસર રહી ગયું હોય તો લે સળી. અને લાગ ઘોંચવા.... જેમ આવે તેમ સળીના પ્રહાર કરતા પુજારીઓ અચકાતા નથી... આપણા દેહપર આવી સળીનો એક જ પ્રહાર કરવામાં આવે તો આપણે કંઈ હાયવોય તો નહીં કરીએ ને...?

અંગલુંછણાના દેદાર જોયા છે...? ચૂલા નજીક જે વસ્ત્ર રાખવામાં આવે છે લગભગ એવા જ સૌન્દર્યને ધારણ કરનારા આજના પ્રભુને લુંછવાના વસ્ત્ર દેખવામાં આવે છે... આજનો સામાન્ય ગણાતો માનવી પણ આવા વસ્ત્રોનું પરિધાન કરતો હશે ખરો...? નહીં જ...

એક બે સ્થાને તો એવા દશ્ય જોવામાં આવ્યા કે જોતાં જ હૈયુ રડી ઉઠયું... પૂજાના વસ્ત્રો પહેરેલા અને

આભરણો જોઈ મને લઈ લેવાની કુબુદ્ધિ થઈ, આથી કુંવરને મેં ઉપાડી લીધો. પરંતુ અટલેથી કુબુદ્ધિ અટકી નહિં. આગળ વધીને કુંવરનું ખૂન થઈ ગયું છે.'

આ સાંભળતાં આજુબાજુ બેઠેલા સામંત આદિની આંખમાંથી અગ્નિ ઝરવા લાગી. એકે કહ્યું કે, 'આવા કૃઘ્નીને બરાબર શિક્ષા કરવી જોઈએ. તેનાં શરીરનાં રાઈ રાઈ જેવડા ટુકડા કરી પક્ષીઓને બલી આપી દેવો જોઈએ.' બીજો બોલ્યો કે 'આવાને તો લીલા કાંટામાં સુવાડી બાળી નાંખવો જોઈએ.' કોઈએ કહ્યું કે 'આને જીવતો જ જમીનમાં દાટી દેવો જોઈએ.' વળી કોઈ બોલ્યું કે 'હાથીના પગ નીચે ચુંદી નાંખવો જોઈએ.' આ પ્રમાણે સૌ પોતપોતના અભિપ્રાય પ્રગટ કરવા લાગ્યા.

રાજાએ શાંત ચિત્તે સભાને ઉદ્દેશીને કહ્યું કે 'આના ઉપર દ્વેષ કરવો જરા પણ યોગ્ય નથી, કેમ કે જ્યારે હું જંગલમાં ભૂલો પડચો હતો, ત્યારે એણે જ મને પાણી અને ભોજન આપી શહેરમાં પહોંચાડયો હતો. માટે તેનો આ ગુનો માફ કરૂં છું.'

રાજાનો હુકમ થતાં તે માણસને છૂટો કરવામાં આવ્યો. જે પરીક્ષા કરવી હતી તે થઈ ગઈ. રાજા ખાલી શબ્દોના સાથિઆ પૂરતો ન હતો, પણ હૃદયથી ઉપકારી માનતો હતો તેની ખાતરી થઈ ગઈ. પછી પોતાના ઘેર જઈ કુંવરને લઈને સભામાં હાજર કર્યો. સૌ આ જોઈને તાજુબ થઈ ગયા. આમ કરવાનું કારણ પૂછયું.

તે માણસે કહ્યું કે 'સાંભળો, રાજા સભામાં વારંવાર મારી પ્રશંસા કરતા હતા તેથી મને થયું કે, તેઓ મારો સાચો ઉપકાર માને છે કે ખોટો? આ જાણવા માટે મેં આ પ્રમાણે કર્યું હતું.'

આ પ્રસંગ ભયંકર દ્વેષ થાય તેવો હતો છતાં વિક્રમરાજાએ તેનો ઉપકાર યાદ કરી દ્વેષ થવા દીધો નહિં. ઉપરથી તેનો ગુનો માફ કરી છોડી દીધો. આ પરથી સુજ્ઞજનોએ દ્વેષ થાય તેવા પ્રસંગે કેવી રીતે ક્ષમા રાખવી તેનો બોધપાઠ આપે છે. સૌ કોઈ દ્વેષને નિષ્ફળ બનાવી આત્મશ્રેય સાધે એજ શુભેચ્છા.


**શ્રી જૈન સાહિત્ય વિકાસ મંડળના નીચે જણાવેલા અતિઉપયોગી પ્રકાશનો**
**તમારા ગ્રંથાલયમાં ન વસાવ્યા હોય તો આજે જ વસાવો**

**જૈન સાહિત્ય વિકાસ મંડળના પ્રકાશનોથી જૈનસંઘ પરિચિત છે. સુંદર અને આકર્ષક બાહ્ય દેખાવ ઉપરાંત સરળ અને સમજાય તેવું તલસ્પર્શી વિવરણ જૈન સાહિત્ય વિકાસ મંડળની વિશિષ્ટતા છે. સરળ અને સંઘને ઉપયોગી થાય તેવા અને મૂલ્યમાં અન્ય પ્રકાશનોથી સસ્તા.**

**આપની નકલો માટે આજે જ લખો.**

[ ૧ ] નમસ્કાર સ્વાધ્યાય ( સચિત્ર ) સંસ્કૃતવિભાગ ગુ. અનુ. સાથે મૂલ્ય રૂા. ૧૫ ૦૦. પાના ૩૩૬
[ ૨ ] યોગશાસ્ત્રના અષ્ટમપ્રકાશનું સવિસ્તર વિવરણ. વિભાગ ૧લો. મૂલ્ય રૂા. ૧૫–૦૦. પાના ૩૪૩
[ ૩ ] સૂરિમંત્ર કલ્પ સમુચ્ચય ભાગ ૧ લો. મૂલ્ય રૂા. ૨૦–૦૦. પાના ૧૭૫
[ ૪ ] ઉવસગ્ગહરં સ્તોત્ર સ્વાધ્યાય ( સચિત્ર–સયંત્ર ) મૂલ્ય રૂા. ૧૦–૦૦. પાન ૫૭+૧૮૪
[ ૫ ] પંચ પરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાલા તથા અધ્યાત્મ સારમાલા (સચિત્ર). મૂલ્ય રૂા ૧૦–૦૦. પાના ૬૩+૨૮૧
[ ૬ ] સામ્યશતક તથા સમતાશતક (સાનુવાદ) મૂલ્ય રૂા. ૨–૦૦. પાના ૨૦+૯૪

લખો :– મંત્રી જૈન સાહિત્ય વિકાસ મંડળ
૧૧૨, સ્વામી વિવેકાનંદ રોડ, ઈરલા, વિલેપારલા (વેસ્ટ) મુંબઈ ૪૦૦૦૫૬ ( A S. )

દિલને લાગ્યો આઘાત....
ઉપન્યું એને દર્દ....
કર્યો એણે પુકાર.... એટલે જ....

# દર્દ કરે પુકાર

લેખક :– શ્રી વૈજયન્ત

જિનશાસનનું હાર્દ જ્યાં સુધી સમજાય નહીં ત્યાં સુધી ધર્મ–સાધના જે રીતે થવી જોઇએ તે રીતે થઈ શકતી નથી...

'દર્દ કરે પુકાર' એજ મુદ્દા પર ઉપસ્થિત થયું છે.... જે મુદ્દા પર ગંભીર વિચારણા કરીને બગડતી બાજીને સુધારવાની છે.

(૧) આપણા મહાન જિન–મંદિરોમાં પ્રભુપૂજનમાં ભયંકર આશાતના થઈ રહી છે... એ પૈસાના નોકરોના હાથમાં મંદિર તણે સોંપાઇ ગયેલા દેખવામાં આવે છે જે ખુબ જ લજ્જાસ્પદ છે.... અને અત્યંત દર્દજનક હકિકત છે.

મંદિરોના સરસામાન પૂજારીઓના હાથમાં ઉપાશ્રયની ચાવ પૂજારીની કટી–તટે બંધાયેલી હોય.. ઉપાશ્રય કે મંદિર સંબન્ધી જે કંઇ કાર્ય હોય તે બધું જ લગભગ પૂજારીઓને સ્વાધીન કરવામાં આવ્યું છે...

પૂર્વના મહાન ઇતિહાસનું જો આપણે અવલોકન કરીશું તો ખબર પડશે પૂર્વના કરોડપતીઓ અને અબજોના સ્વામીઓ... રાજા–મહારાજા અને ચક્રવર્તીઓ પણ પ્રભુની કેવી પૂજા કરતા હતા...? મેરૂશિખર નવરાવે ના પરમ સુઘોષ સાથે જ્યારે પ્રક્ષાલની ક્રિયા કરવામાં આવે ત્યારે ભક્તિના સાગરમાં કેવી ભરતી ચઢી આવે...! પણ અફસોસ...!

આજના ભક્તોને જ્યારે નિહાળવામાં આવે છે ત્યારે ઉલ્લાસ વધવાને બદલે દુઃખ–દર્દ ઉત્પન્ન થઈ જાય છે...?

પુજારી....! પ્રક્ષાલ થઇ ગયો...! અંગલુંછણ થઇ ગયા...! કેસર તૈયાર છે કે....? બધી વાતે જ્યારે ભગવાન તૈયાર બની ગયા હોય ત્યારે અમારા આજના જિનભક્તો કટોરીમાં કેસર લઈને પ્રભુના દેહ પર નવ તિલક લગાવી દે છે...?

રે....! ભગવાન કોના...! તમારા કે પુજારીના. પ્રભુના ભક્ત તમે કે પુજારી...? જેમની પરમ કૃપાથી સેવનાથી માનવજીવનની આપણને અણમુલી ભેટ મળી, આર્ય–દેશ જૈનકુલ અને જિનધર્મની અદ્વિતીય પ્રાપ્તિ થઈ... એવા એ નાથને જ શું વિસરી જવાના...!

પ્રગતિવાદના આ યુગમાં આપણી પ્રગતિ થઈ રહી છે. અવગતિ... તે તો અત્યંત વિચારણીય વાત છે. બધી વાતે વૃદ્ધિ કેવળ ધર્મ–ભાવના અને સાધનામાં જ આટલી બધી હીનતા...!

જેમને ધર્મપ્રત્યે અંતરનું બહુમાન હશે એ લોકો તે સહેજે સમજી શકતા હશે કે પુજારીઓના હાથે ભગવાનની પૂજા કઇ રીતે થાય છે...! બગડતી પ્રભુપૂજાના થોડા નમુના જ અહિં લખી દઉં....!

એક હાથે પંચ ધાતુની પ્રતિમા અને બીજા હાથથી સિદ્ધચક્રજીના ગટાને ઉપાડવા... જઇને અસ્વચ્છ પાટલાપર સ્થાપન કરવામાંય કોઈ સંકોચ નહીં... આ શું ભગવાનનું બહુમાન છે કે અપમાન...?

પ્રભુ પ્રતિમા પર કેસર લાગ્યું હોય ત્યારે તે સ્વચ્છ કરવા માટે ભીનું વસ્ત્ર વાપરવાને બદલે સોય જેવી ધારવાલી વાળા–કુચીઓને ઘસી દેવામાં આવે, આપણા શરીર પર આ રીતે ઘસવામાં આવે તો આપણે ઘસવા દઇએ ખરાને...?

ક્યાંક કેસર રહી ગયું હોય તો લે સળી. અને લાગ ઘોંચવા.... જેમ આવે તેમ સળીના પ્રહાર કરતા પુજારીઓ અચકાતા નથી... આપણા દેહપર આવી સળીનો એક જ પ્રહાર કરવામાં આવે તો આપણે કંઇ હાયવોય તો નહીં કરીએ ને...?

અંગલુંછણાના દેદાર જોયા છે...? ચૂલા નજીક જે વસ્ત્ર રાખવામાં આવે છે લગભગ એવા જ સૌન્દર્યને ધારણ કરનારા આજના પ્રભુને લુંછવાના વસ્ત્ર દેખવામાં આવે છે... આજનો સામાન્ય ગણાતો માનવી પણ આવા વસ્ત્રોનું પરિધાન કરતો હશે ખરો...? નહીં જ...

એક બે સ્થાને તો એવા દશ્ય જોવામાં આવ્યા કે જોતાં જ હૈયુ રહી ઉઠયું... પૂજાના વસ્ત્રો પહેરેલા અને

એનાથી જ લઘુશંકાનું નિવારણુ...! પૂજાના જ વસ્ત્રો અને એનાથી જ જલપાન...! જોતાં જ આંખે તમ્મર આવી જાય... પ્રભુ આશાતનાનું આથી વધુ કયુ ઉદાહરણુ હોઈ શકે...!

પ્રક્ષાલ થતો હોય... મુખ-બંધન ખસી જાય તો પણુ પ્રક્ષાલ થતો જ રહે... ભલે પોતાની નાશિકાના ગન્દા શ્વાસોશ્વાસ ભગવાનને સ્પર્શી જાય...!

પંચધાતુના પ્રતિમાજીઓને ફાવે તેમ મુકતા કોઈ દુઃખ નહીં.. અને આ રીતે બનવાથી કેટલીયવાર જોવામાં આવે છે... ધાતુના પ્રતિમાજીઓ ખંડિત થઈ જાય છે. વાળા-કુંચીના ગોદાઓથી નાશિકા વગેરે તૂટી પડે છે... પ્રતિમાજીનો રંગ બદલાઇ જાય છે.

આ છે... પુજારીઓના હાથે પ્રભુપૂજનથી થતાં થોડાશા ચમકારા...! આવા તો અનેક દાખલાઓ ઢેર ઢેર નિહાળવામાં આવે છે...

જૈનો . ! તમે જાગો...કુંભકર્ણી નિન્દમાંથી હવે તમે જાગ્રત બની જાઓ... પ્રભુ પ્રતિમાની મહાન ઉપાસનામાં તમે એક મન બની જાઓ...! પછી જુઓ પ્રભુ-પ્રતિમાની ઝલક અને દમક કેવી ભવ્ય બની જાયતે...!

પુજારીઓ રહે એમાં મારો કોઇ વિરોધ નથી... ભલે તેઓ મંદિરની સ્વચ્છતામાં કામ કરે, પરન્તુ પ્રભુની સમગ્ર રીતે સેવનામાં તો તમે જ લાગી જાઓ...શું પ્રક્ષાલ કે શું અંગલુંછણુ...! બધી જ ક્રિયાઓને તમે સ્વ-જાતે કરતા થઈ જાઓ પછી જુઓ ભક્તિના સાગરમાં કેવી ભરતી આવે છે !

# શાંતિનો સંદેશ

— સાખી —

ભભકતી આગ જવાળામાં જગત સળગી રહ્યું જયારે;
અશાંતિ ને અજંપાના ચડચાતા વાદળા ત્યારે... ૧
સુતા સહુ ઘોર નિદ્રામાં, હતી અજ્ઞાનની આંધી
સુકાની થઈને સંભાળી, કિનારે નાવને બાંધી... ૨

તર્જ: આવો આવો દેવ.. .....

લઈને શાંતિનો સંદેશો મહાવીર અવની પર આવ્યા,
આપવા અહિંસાનો આદેશ મહાવીર અવની પર આવ્યા...૧
વેર ઝેરના દાવાનળથી, જલતા જીવ નિહાળ્યા,
હિંસા હોળી બંધ કરાવી, શાંતિથી સમજાવ્યા...મહા૦૨
ક્ષમા તજી સમસેરો લીધી, દયા તજી દુભાવ્યા;
એવાને પ્રતિબોધી પ્રભુએ, પ્રેમ જળે નવરાવ્યા...મહા૦૩
વધ બંધન એ મૂળ મોહની, કર્મ કઠોર બતાયા,
ખમે ખમાવે સમતા ધારે, એ નર અમને ભાવ્યા...મહા૦૪
પ્રેમ તણા પયગંબર પ્રભુએ, પ્રેમના પાઠ ભણાવ્યા,
વર્ધમાનને વંદી "ચન્દુ", હૈયામાં હરખાયા...મહા ૫

શ્રી ચંદુભા રતનસિંહજી જાડેજા મેરાઉ (કચ્છ)


ઉપકરણો...અને...ઉત્પાદક

કટાણુસા, ઓધારીયા, આસન, સંથારિયા, દેરાસરની ન્હાવા પછીની ધાબળી આદિ ઉપકરણોના ઉત્પાદક.

સંઘવી વીનયચંદ વીરજીભાઇ એન્ડ કું.
ધાબળાવાળા, સાવરકુંડલા

પર્વાધિરાજના... પુનિત... પ્રસંગે... સર્વે... જીવોને... અમારી... ક્ષમાપના.

મે. સમ્પતલાલ પદમચંદ (કાપડના વેપારી)

સમ્પતલાલ
હસ્તીમલ
જેઠમલ
ગુલાબચંદ
ભાગચંદ

નવા માધુપુરા, અમદાવાદ-૧ ફોન: ૨૫૬૩૧

# સતના (મધ્ય પ્રદેશ)ના શ્રી કુંથુનાથ જિન-મંદિર માટે શ્રીસંઘને વિજ્ઞપ્તિ

મધ્ય પ્રદેશના વિંધ્યક્ષેત્રમાં અઠ્ઠાવીસ લાખની વસ્તી અને શ્રી દિગંબર જૈન સંઘ તથા અન્ય ધર્મોના સુંદર મંદિરો હોવા છતાં, એ સાતસો કીલોમીટર જેવા વિશાળ ક્ષેત્રમાં આપણા શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનું એક પણ જિનમંદિર ન હતું; અને અમારા શહેરમાં એકસો વર્ષ જૂનું, શેઠશ્રી સોમચંદભાઇ ધારસીભાઈનું કેવળ એક ઘર દેરાસર જ છે. આટલા વિશાળ ક્ષેત્રમાં આપણા સંઘનું એક પણ ભવ્ય જિનમંદિર ન હોય, એ ખામી અમને લાંબા વખતથી ખટકયા કરતી હતી. દક્ષિણમાંથી શ્રી સમ્મેતશિખરજી મહાતીર્થની યાત્રાએ જતાં પૂજ્ય સાધુ ભગવંતો તથા પૂજ્ય સાધ્વીજી મહારાજો પણ અવારનવાર આ માટે અમને પ્રેરણા આપતા રહેતા હતા. આ ઉપરથી અમારા શ્રી સંઘે અમારા શહેરમાં ત્રણ ગભારાનું એક ભવ્ય જિનમંદિર બાંધવાનો નિર્ણય કર્યો અને એ માટે વધુ રકમ ખર્ચીને મોકાસરની અને શુદ્ધ જમીન ખરીદીને આ ધર્મકાર્યની મંગળ શરૂઆત કરવામાં આવી.

દોઢેક વર્ષ પહેલાં, પરમ પૂજ્ય સ્વર્ગસ્થ આચાર્ય મહારાજ શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્નો પરમ પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયજયંતસૂરિજી તથા પરમપૂજ્ય આચાર્ય મહારાજ શ્રી વિજયવિક્રમસૂરિજી મહારાજ આદિ, હૈદ્રાબાદથી શ્રી સમેતશિખર મહાતીર્થના છ'રી પાળતા સંઘ સાથે, અમારા શહેરમાં પધાર્યા, તે વખતે તેઓશ્રીની નિશ્રામાં તા. ૯–૨–૭૨ના રોજ અમારા નૂતન જિનમંદિરનો શિલારોપણ વિધિ ઉજવવામાં આવ્યો હતો.

**જમીનના ખર્ચ સાથે આ જિનમંદિર માટે પાંચેક લાખ રૂપિયા જેટલું ખર્ચ થવાનો અંદાજ છે. આ આટલું મોટું ખર્ચ કરવાની અમારા સંઘની શક્તિ નહીં હોવા છતાં આપણા આણંદ કલ્યાણ શ્રી સંઘની ધર્મશ્રદ્ધા તથા ઉદારતા ઉપર વિશ્વાસ રાખીને શાસનપ્રભાવનાનું આ પવિત્ર કાર્ય હાથ ધર્યું છે.**

અત્યાર સુધીમાં આ કાર્યમાં ત્રણેક લાખ રૂપિયા વપરાઇ ગયા છે, એમાં અમારા સંઘે, અમારી શક્તિ મુજબ, નમ્ર ફૂલપાંદડી રૂપે એક લાખ રૂપિયાનો અને બહારગામના સંઘોએ ઉદારતાથી આપેલ બે લાખ રૂપિયાનો સમાવેશ થાય છે અને અમારે બે લાખ રૂપિયા ભેગા કરવાના બાકી છે. તેથી જુદાં જુદાં સ્થાનોના શ્રી સંઘોને તથા ધર્મભાવનાશીલ ભાઈઓ બહેનોને અમારી વિનંતી છે કે તેઓ આ ધર્મકાર્ય માટે અમને ઉદારતાથી દાન આપે.

**આ ત્રણ ગભારાના જિનમંદિર માટે પ્રાચીન જિનપ્રતિમાઓ જોઇએ છે. તેની વિગત આ પ્રમાણે છે :—**

[૧] મૂળનાયક શ્રી કુંથુનાથ ભગવાનની ...૨૭ ઇંચની
[૨] મૂળનાયકની એકબાજુ શ્રી મહાવીરસ્વામીની ...૨૧ ઇંચની
[૩] મૂળનાયકની બીજી બાજુ શ્રી પાર્શ્વનાથ ભગવાનની ...૨૧ ઇંચની
[૪] એક બાજુના ગભારામાં શ્રી શાંતિનાથ ભગવાનની ...૨૭ ઇંચની
[૫] બીજી બાજુના ગભારામાં શ્રી આદિશ્વર ભગવાનની.. ૨૭ ઇંચની

ફાળો મોકલવાનું, પત્ર વ્યવહારનું તથા પ્રતિમાઓ સંબંધી માહિતી મોકલવાનું સરનામું :—

**શ્રી શ્વેતાંબર જૈન સંઘ ટ્રસ્ટ** (ટ્રસ્ટ રજિસ્ટ્રેશન નંબર STA/1/B113/729)

ઠે. ધારસીભાઈ માર્ગ; ગુજરાતી માર્કેટ : પોસ્ટ બોક્સ નં. ૨૮ મું. સતના (M. P.)

લિ૦ સંઘ સેવકો : ચુનીલાલ જીવરાજ પારેખ, પ્રમુખ. કાંતિલાલ ખેતશીભાઈ શેઠ, મંત્રી.

# આરાધક બનવા માટે

卐

મુનિ શ્રી જયન્તવિજયજી " મધુકર "

જે નીતિનું પાલન, સંસ્કૃતિનું સંરક્ષણ અને નૈતિકતાની વૃદ્ધિ કરે એને કહેવાય છે...**શાસન.**

જેનાથી જીવનનું નિર્માણ થાય, વિકાસ વેગવંતો બને અને વૈશિષ્ઠ્ય ઝળકી શકે એને કહેવાય... **અનુશાસન !**

જેના કારણે પૌદ્ગલિક પરિણમન મંદ બને, ઈન્દ્રિયજન્ય સુખોથી નિવૃત્તિની પરિણતિ તીવ્ર બને અને સાધના માટેની દૃષ્ટિ નિર્મળ બને એને કહેવાય... **આત્માનુશાસન !**

જે જીવમાત્રને જીવવાનાં હક્કનો ઉદ્‌ઘોષ કરે, જીવમાત્રને સંસારથી મુક્તિ મેળવવાનો અધિકાર જાહેર કરે અને જે પ્રત્યેકને ચરમ અને પરમપદની પ્રાપ્તિ માટે પ્રેરણા નિયમિત આપે તેને કહેવાય " **જૈનશાસન** " !

વ્યવસ્થિત સંચાલન માટે જોઈએ **શાસન !**

જીવનને ઝગમગતું રાખવા માટે જોઈએ **અનુશાસન !**

અંતરશુદ્ધિ-વિશુદ્ધિને આવશ્યક છે **આત્માનુંશાસન**

તેમજ મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવનાને સાકાર બનાવવા માટે અત્યંત આવશ્યક છે જૈન **શાસન !**

કષાયોથી મુક્તિ મળે અથવા કષાય મુક્તિનાં માર્ગે આત્માતળે ત્યારે જ મૈત્રીય ભાવનાનો ઉદ્‌ભવ થઈ શકે છે આ હૃદયનાં ક્ષેત્રમાં.

ગુણાનુરાગી બનીને ગુણીજનોના ગુણદર્શનથી પ્રફુલ્લિત થવાય, ત્યારે જાગ્યો કહેવાય પ્રમોદભાવ. એ ભાવ કષાય ક્ષયમા બળ આપનારો થાય અને મૈત્રીય ભાવને પુષ્પિત-પલ્લવવિત્ત અને ફલિત કરનારો થાય !

દીન-હીન જનોને દેખતા, અસહાય જીવાત્માઓના સામે દૃષ્ટિ પડતા જ કારૂણ્ય ભાવનો શ્રોત વહેવા માંડે ત્યારે જ સમજી શકાય કે પ્રમોદભાવની પુષ્ટિ આત્મપ્રદેશમાં થઈ રહી છે.

પોતાની હઠધર્મી ન છોડનારા એવા નાસ્તિક જીવો પ્રત્યે પણ દ્વેષભાવ ન જાગે અને એવાઓના તરફ પણ હિતબુદ્ધિથી માધ્યસ્થભાવનો અવિર્ભાવ થાય ત્યારે જાણવું કે કારણ્યભાવના અન્તરપ્રદેશમાં વસેલી છે.

મૈત્રી, પ્રમોદ, કારૂણ્ય અને માધ્યસ્થ ભાવને સંવરેલો આત્મા આરાધનાના અનુપમ માર્ગે આગળ વધે અને સાધનાના પુનિત પંથનો અમરયાત્રી બની શકે.

આ ભાવોને આત્મસાત્ કરવા માટે પ્રબલ પ્રેરણા આપનાર છે પર્વાધિરાજ પર્યુષણ !

એ, જાગો, ઉઠો ! અને આગળ વધોનો શંખનાદ કરનાર છે.

ભવ્યોની ભવ્યતાને છતી કરવા અને આરાધનાના મંગળમળ માર્ગે પ્રયાણ કરવાની હાકલ કરતા પર્વાધિરાજ જણાવે છે કે, તમારા જીવનની સ્થિતિના દર્શન કરો અને નિહાળો તો ખરા કે, તમે ક્યાં છો ? તમારી ભૂમિકા કેવી છે ? અને તે કયાં સુધી વ્યવસ્થિત છે ? આ દિગ્દર્શનના માટે જ પર્વાધિરાજનાં પુનીત પ્રસંગે સાબદા થાઓ ! પછી જ શાસન, અનુશાસન, આત્માનુશાસન અને જૈન શાસનની આરાધનાના ભાગી બની શકશો.


**શ્રી ઇડર પાંજરાપોળ સંસ્થાને મદદ કરો**

**અહિંસાના અવતાર મહાનુભાવ દાનવીરોને નમ્રભાવે અપીલ કરીએ છીએ કે :—**

ઘણા વર્ષોથી આ સંસ્થા માંદા, અપંગ, વૃદ્ધ, નિરાશ્રીત પશુઓને બચાવી તેમના સુખરૂપ જીવનનિર્વાહનો પ્રબંધ કરે છે. હાલ સંસ્થામાં ૫૫૦ જેટલાં જીવોની સંખ્યા છે. સંસ્થાથી સુવ્યવસ્થા અને ખ્યાતિના કારણે દરરોજની ઢોરોની આવક ચાલુ જ છે.

દુષ્કાળ પરિસ્થિતિને લીધે જીવોના રોજીંદા ખર્ચને પહોંચી વળવું બહુ મુશ્કેલ બનેલ છે. ખોરાક-ઘાસ પણ ખુટી જવા આવેલ છે. આવા કપરા સમયમાં જીવોના નિભાવ માટે મુશ્કેલી ઉભી થઈ છે. તો મુંગા જીવો માટે યોગ્ય દાન મોકલી-મોકલાવી પુણ્ય ઉપાર્જન કરશો એવી વિનંતી.

લી૦ ઈડર પાંજરાપોળ સંસ્થા ઠે. જુના બજાર, ઈડર (જી. સાબરકાંઠા)

# નીતોડા જૈન તીર્થ

વિધવિધ પ્રકારે આરાધના કરી પોતાના જીવનને ધન્ય બનાવશે.

અરે એટલું જ નહિ કોઇ આંગી, પ્રભાવના, વરઘોડો, સાધર્મિકભક્તિ તેમજ શ્રુતોપાસના કરશે. ઉપાશ્રયમાં ક્યાંયે જગ્યા ન હોય તેવી માનવમહેરામણની ભીડ જામી હશે.

દેવદ્રવ્યની ઉછામણીમાં તો જોઇ જ લો ! તેમાં મહાવીર પ્રભુના જન્મદિને પૂજ્ય ગુરુદેવ જન્મવાંચન કરશે. બાળ વૃદ્ધ સહુના હૈયામાં અમાપ આનંદ. સાંવત્સરિક દિને–સહુ ક્ષમાપના કરશે. વેર–ઝેરને ભૂલી જઈ આત્મા ને કષાયથી મુક્ત કરશે.

"ખમો ને ખમાવો" એ જિનશાસનનો સાર છે. આવી રીતે આપણા પર્વાધિરાજને દિપાવશે. પોતાના જીવનને ધન્ય કરશે.

આ છે આપણું પનોતુ પર્વ **પર્વાધિરાજ પર્યુષણ !**


### અત્યંત સસ્તી કિંમતે સંસ્કારી વાચનની

# શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટની

### વાર્ષિક લવાજમ યોજના.

સાક્ષરશ્રી જયભિખ્ખુના માનવતાસભર અને જૈન-ધર્મની મહાન ભાવનાઓને સચોટ રીતે પ્રગટાવતા પ્રાણવાન સાહિત્યથી સમસ્ત જૈન–સમાજ સારી રીતે પરિચિત છે. શ્રી જયભિખ્ખુ હમેશાં આકર્ષક છાપકામવાળા, ઉત્તમ કોટિનાં પુસ્તકો સસ્તી કિંમતે આપવાનો આગ્રહ રાખતા હતા. એમની એ ભાવનાને લક્ષમાં રાખીને સસ્તી કિંમતે સંસ્કારી વાચનનો પ્રસાર કરવાની એક યોજના શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટે ઘડી કાઢી છે. તે મુજબ પ્રથમ વર્ષે પોણા સોળ રૂ.ના પુસ્તકોનો એક સેટ માત્ર દસ રૂ.માં ગ્રાહક થનારને આપવામાં આવ્યો. આ યોજનાને એટલી બહોળી લોકચાહના સાંપડી કે તમામ સેટ માત્ર એ મહિનાના ટૂંકા ગાળામાં જ વેચાઈ ગયા. આ વર્ષે એનાથી આગળ ધપીને સત્તર રૂ.ની કિંમતના પુસ્તકો માત્ર દસ રૂ.માં આપવાનું નક્કી કર્યું છે.

આ વર્ષના સેટમાં વિક્રમાદિત્ય હેમુ અને શહેનશાહ અકબરના શાહી શાસનની રોમાંચક તવારીખ આલેખતી "વિક્રમાદિત્ય હેમુ" (કિં. ૭–૭૫) નામની નવલકથા, ઓગણીસ આર્ટપ્લેટ અને ભગવાન મહાવીર ને ભગવાન પાર્શ્વનાથની ત્રિરંગી આર્ટપ્લેટથી મઢેલું ભગવાન મહાવીરનું અપૂર્વ, પ્રમાણભૂત ચરિત્ર "ભગવાન મહાવીર" (કિં. ૪–૫૦) અને ચોટદાર શૈલીમાં લખાયેલી હૃદયસ્પર્શી વાર્તાઓનો સંગ્રહ 'આંખ નાની, આંસુ મોટું' કિં. ૩–૫૦) આપવાનું ઠરાવ્યું. શ્રી જયભિખ્ખુનાં આ ત્રણ પુસ્તકો ઉપરાંત શ્રી કુમારપાળ દેસાઇએ લખેલું અને ભારત–સરકાર તરફથી પારિતોષિક મેળવનાર "બિરાદરી" (કિં. ૧–૨૫) ભેટપુસ્તક તરીકે અપાશે. આમ કુલ સત્તર રૂ.ના આઠસોને સાઠ પાનાનું વાચન ધરાવતા પુસ્તકોનો સેટ માત્ર દસ રૂ.માં આપવામાં આવશે. અમદાવાદ, ભાવનગર, સુરેન્દ્રનગર, લીંબડી, આણંદ ને રાણપુર જેવાં સ્થળોએ આ સેટ ઘેર બેઠાં પહોંચાડવાની વ્યવસ્થા કરવામાં આવી છે. તેઓએ દસ રૂ.નું મનીઓર્ડર કરવું. આ સિવાયના સ્થળોએ રહેનારે પોસ્ટેજ ખર્ચના સવા બે રૂ. સહિત સવા બાર રૂ.નું મનીઓર્ડર કરવું. આ માટેનું સરનામું છે— માનદ્ મંત્રીશ્રી, **શ્રી જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ**, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ, આનંદનગર, **અમદાવાદ–૭**

# શાન્તાબેન ઝવેરચંદ મહેતા જૈન ક્લીનીક

શેઠ મોતીશા લાલબાગ જૈન ધર્મશાળા બીલ્ડીંગ, માધવબાગ પાછળ, ભુલેશ્વર, સી. પી. ટેંક રોડ, મુંબઈ-૪

૧ હાલની અસહ્ય મોંઘવારી અને મુંબઈના ધમાલિયા જીવનમાં જરૂરીયાતની દરેક શારીરિક તપાસ મધ્યમવર્ગને પરવડી શકે તેવા ઓછા ખર્ચથી, એક જ સ્થાન ઉપર થાય એ શુભ ભાવનાથી છેલ્લા લગભગ ચાર મહીનાથી આ કલીનીક શરૂ કરવામાં આવેલ છે.

૨ આ કલીનીક વડે પથોલોજી, એકસરે તેમજ આંખ, કાન, ગળા, નાક વિગેરે દરકોઈ શારીરિક તપાસ માટે જરૂરી અદ્યતન બધા સાધનો વસાવવામાં આવ્યા છે, અને તે તે વિષયના સેવાભાવી નિષ્ણાત ડોકટરોની પણ વ્યવસ્થા કરવામાં આવેલ છે. ઓગષ્ટની પહેલી તારીખથી કોઈપણ દર્દીની પહેલી વખતની તપાસ ફી ફક્ત રૂા. ૧ રાખવામાં આવેલ છે.

૩ કોઈપણ સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબની શારીરિક તપાસ ખૂબ જ કાળજીપૂર્વક સેવા-ભકિતના શુભાશયથી સારામાં સારી રીતે કરવાનું આ કલીનીકના સંચાલકોએ નક્કી કરેલ છે.

૪ આ કલીનીકના સંચાલન માટે વ્યવસ્થિત ટ્રસ્ટી મંડળ અને મેડીકલ સલાહ, સુચના માટે સુપ્રસિદ્ધ સેવા ભાવિ ડોકટરોની કમીટી પણ નક્કી થએલ છે.

૫ પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ અને તેમના શિષ્યો પૂ. મુનિશ્રી યશોવિજયજી, પૂ. ગણીવર્ય શ્રી જયાનંદવિજય મહારાજ સાહેબોના સદુપદેશથી ઝવેરચંદ નેમચંદ મહેતાની પ્રશંસનીય સખાવત, શેઠ મોતીશા લાલબાગ જૈન ચેરીટીઝ ટ્રસ્ટના ટ્રસ્ટીઓના સુંદર સહકારથી અને નામાંકિત ડોકટરોની સેવા ભાવનાના શુભ સંયોગથી હાલમાં શારીરિક તંદુરસ્તીના પ્રાથમિક સાધનરૂપે આ કલીનીકનો પ્રારંભ કરવામાં આવેલ છે. દર્દી ભાઈઓ તથા બ્હેનો વધુમાં વધુ સંખ્યામાં આ કલીનીકને લાભ ઉઠાવે અને શ્રીમંત વર્ગ સુંદર આર્થિક સહકાર આપી ભવિષ્યમાં આ કલીનીકને વટવૃક્ષ જેવું બનાવે એજ પરમાત્માને પ્રાર્થના.

---

## આ મહાપર્વ શા માટે ?

લે૦ સાધ્વી શ્રી સુલોચનાશ્રીજી
અમદાવાદ

શાસ્ત્રોમાં મુનિભગવંતોને ક્ષમાશ્રમણ કીધાં, સંયમ શ્રમણ કેમ નહીં ? ક્ષમા એ આત્મિક વિકાસનો પાયો છે. મોક્ષનું બીજ છે. સર્વ ધર્મોમાં સર્વોપરિ ક્ષમા તે જ સંયમ ધર્મની કસોટી છે. ક્ષમા ધર્મ એ માત્ર મિચ્છામિ દુક્કડમ્ કહેવાથી જીવનમાં આવી નથી જવાનો ! સરળતા અને અને નિર્લોભકતા પૂર્વકની ક્ષમા તે જ સાચે ક્ષમાશ્રમણ બનવા દે છે. 'क्षमा वीरस्य भूषणम्' સેંકડો હજારો યુદ્ધો ખેલવાથી કે સત્તાના સિંહાસન પર માત્ર બેસી જવાથી વીર નથી બનાતું, બલ્કે ઉદયી રાજર્ષિની જેમ કટ્ટર શત્રુને પણ સામે ચાલીને ક્ષમાનું દાન કરી મિત્રતાનો ચાંદ અર્પી શત્રુને મિત્ર બનાવવાની ખાસિયત એ જ સાચા વીરનું લક્ષણ છે. પૃથ્વી પરનાં આ જે તત્ત્વો ટકી રહ્યાં દેખાય છે તે ક્ષમા ગુણને જ આભારી છે. કુટુંબ, શેરી મહોલ્લા ગામ, નગર આદિનું અસ્તિત્વ ક્ષમા ધર્મના પાયા પર જ છે. ક્ષમા છે તો ગુર્વાદિકના સંબંધો છે અને ક્ષમા છે તો 'वसुधैव कुटुम्बकम्'ની ભાવના છે. મૈત્ર્યાદિ ભાવનાનો પાયો ક્ષમા-ગુણમાં રહેલો છે. ક્ષમા માતા, પિતા પુત્ર, પુત્રી, ગુરૂ શિષ્ય બધુ જ બની શકે છે. અર્થાત્ જેની પાસે ક્ષમા અમોઘ શસ્ત્ર છે તે અજય બની શકે છે. આ ક્ષમાને જીવનમાં સાધ્ય બનાવવા માટે જ

←

સાંવત્સરિક મહાપર્વ છે.

આત્માના ઉત્કર્ષ માટે જ્ઞાન દર્શન, ચારિત્રની સાધના માટે ક્ષમાના મહાદાનની યથાર્થતા સમજી પુષ્કરાવર્તના મેઘની જેમ જગતમાં ક્ષમાના નીર વ્હાવી દઈ આત્માને પ્રકાશિત બનાવી દઈએ. એજ શુભ કામના.

## દરીશણુ પાયો

લે૦ હિરાચંદ સ્વરૂપચંદ ઝવેરી

દરીયાનું પાણી ખળખળ વહેતું હતું. ચંદ્ર સહસ્ત્ર કિરણોથી અમીધારા વરસાવતો હતો. રજની રાણી સુંદર સાળુ પરીધાન કરી સોહામણું સ્મિત રેલાવતી – સંતાકુકડી રમતી હતી. ઊંચી ભેખડ ઉપર બેસી સાગરના જળમાં હું તેને શોધતો હતો.

જીવનની કોઈ ધન્ય અને ભસુગ પળે, મંગલમય ચોઘડીયે અને શુભ મુહુર્તે અપાર્થીવ જ્ઞાનના ઝગમગતા દિપકને લઈ આપ આવી પહોંચ્યા.

પ્રભાતના પ્રથમ કિરણમાં પંખીના મીઠા કલરવને સાંભળતા સાંભળતા–બંધનમાંથી મુક્તિ અપાવનાર સંસાર સાગરમાંથી પાર ઊતારનાર અનંત આશીર્વાદની ધારા વરસાવનાર જ્ઞાનના પ્રકાશમાં જીવનપથ ઉજાળનાર બંધનમાંથી મુક્તિ અપાવનાર–આપનાં દર્શન થયા.

આકાશના તારા આપનું અભિવાદન કરે છે. ઉષા રાણી તારી છડી પૂકારે છે. સાગરનાં મોજાં ઉછળી ઉછળી તારો સત્કાર કરે છે. કમળનાં પુષ્પો નૃત્યુ કરી હર્ષ વ્યક્ત કરે છે અને મારૂં સમગ્ર ચેતન આનંદનો સાક્ષાત્કાર કરે છે.

કારણુ

ભવમાં...ભમતાં...મે દરીશણુ...પાયો.


# શ્રી જૈન ધાર્મિક શિક્ષણ

[ સ્થાપક...... ...... ....... .......

■ તત્ત્વજ્ઞાનની વિશિષ્ટ ભવ્ય ઈનામી નિબંધ સ્પર્ધાઓ યોજીને તથા ધોરણ ૧ થી ૧૫ સુધીની ધાર્મિક પરીક્ષાઓ દર વર્ષે લઈને ભારતભરમાં જૈન ધાર્મિક શિક્ષણ અને જૈન તત્ત્વજ્ઞાનનો પ્રચાર કરી માતબર રકમનાં ઈનામો આપનાર એક માત્ર સંસ્થા ........

દ્વારા આયોજિત ઈનામી **નિબંધ સ્પર્ધા**માં

## જોડાઓ અને લાભ મેળવો

વિષય :— **જૈન દર્શનમાં સ્યાદ્વાદ**

શ્રી સોસાયટી તરફથી આ વર્ષે જૈન દર્શનમાં "**સ્યાદ્વાદ**" જેવા તત્ત્વજ્ઞાનના ગંભીર વિષય ઉપર ભવ્ય અને અદ્વિતીય ઈનામી નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

**પ્રથમ** પાંચ નંબરોમાં ઉત્તીર્ણ વિજેતાઓને પ્રથમ પાંચ કક્ષાઓનાં કુલે રૂા. ૬૦૦૦) જેટલી માતબર રકમનાં ઈનામો જાહેર સમારંભમાં બહુમાન પૂર્વક આપવામાં આવશે.

| | | | | |
|---|---|---|---|---|
| પ્રથમ... | કક્ષામાં ઉત્તીર્ણ થનારને... | | રૂા. | ૧૫૦૦ |
| દ્વિતીય... | ... | ... ... | રૂા. | ૧૫૦૦ |
| તૃતીય... | ... | ... ... | રૂા. | ૧૦૦૦ |
| ચતુર્થ.... | ... | ... ... | રૂા. | ૭૫૦ |
| પંચમ... | ... | .... ... | રૂા. | ૫૦૦ |

■ **મર્યાદા નિબંધ અંગેની સમય મર્યાદા ૧૯૭૪ માર્ચ સુધીની રાખવામાં આવેલ છે**

—: નિબંધ સ્પર્ધાનું ધ્યેયલક્ષી પ્રયોજન :—

આ ઈનામી ભવ્ય નિબંધ સ્પર્ધાના આયોજન દ્વારા જૈન દર્શનના મૌલિક તત્ત્વજ્ઞાનના પ્રચારથી જીવનમાં એક ઉત્તમ કોટિની દૃષ્ટિ ખૂલે કે જેનાથી વિચારશુદ્ધિ અને આચારશુદ્ધિ દ્વારા જીવન પવિત્ર અને અંતર્મુખ બને કે જેના પરિણામે ધ્યેયને પૂર્ણ રૂપે પામી શકાય.

# સોસાયટી-મુંબઇ

...... ...... ......પોપટલાલ કેશવજી દોશી]

આ ઈનામી નિબંધ સ્પર્ધા અંગે વિસ્તૃત માહિતી પ્રદ પત્રિકા સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવેલ છે.

આ પત્રિકામ નિબંધ સ્પર્ધા અંગેની વિગતપૂર્ણ વિસ્તૃત માહિતી તેમ જ તે અંગેના નિયમો-સૂચનાઓ તેમ જ માર્ગદર્શક ગ્રંથો અને માર્ગદર્શક મુદ્દાએ તે અંગેનું દૃષ્ટિકોણ પૂર્ણ નિવેદન સર્વેક્ષકો-પરીક્ષકો-કાર્યવાહકો તથા કાર્યાલય અંગેની તમામ માહિતી દર્શક વિગત સંસ્થા દ્વારા બહાર પાડવામાં આવેલ છે.

આ વિષયના અભ્યાસી તેમ જ તેમાં ભાગ લેવા ઈચ્છનાર જિજ્ઞાસુ ભાઈ-બહેનો તથા પ. પૂ. સાધુ-સાધ્વીજી મ૦ સાહેબોએ નીચેના સ્થળે પત્ર-વ્યવહાર કરી સંપર્ક સાધવો અગર રૂબરૂ મળી જવા વિનતિ છે.

## —: ભવ્ય ઇનામી ધાર્મિક પરીક્ષાઓ —

દર વર્ષે ધોરણ ૧ થી ૧૫ સુધીની ધાર્મિક પરીક્ષાઓ સંસ્થા દ્વારા જાન્યુઆરી માસમાં નિયમિત રીતે વ્યવસ્થિત પરીક્ષાઓ ભારતના વિવિધ પ્રાન્તોનાં શહેરો અને ગામોમાં લેવામાં આવે છે. જુદા જુદા અભ્યાસી વિદ્વાનોનાં પેપરો દ્વારા આ પરીક્ષાઓ લેવાય છે. જેમાં દર વર્ષે લગભગ રૂા. ૧૨૦૦૦)ની મ તબર રકમનાં ઈનામો વહેંચવામાં આવે છે. માટે દરેક શહેર તથા ગામની પાઠશાળાઓએ અમારી સંસ્થામાં રજીસ્ટર્ડ થઇને જોડાઈ પરીક્ષા અપાવી લાભ લેવા વિનતિ છે.

પોપટલાલ ભીખાચંદ ઝવેરી
પ્રમુખ
શેઠ દેવચંદ જેઠાલાલ-ખજાનચી
પોપટલાલ કેશવજી દોશી
દેવીદાસ પરમાણંદ શાહ
માનદ્ મંત્રીઓ

પત્ર વ્યવહાર કરવાનું સ્થળ —
કાર્યાલય મંત્રી: પંડિત પુનમચંદ કેવળચંદ શાહ
**શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટી**
*C/o.* શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી
૮૦-એ/બી ઝવેરી બઝાર,
મહાજન એસોસીએશન, ત્રીજા માળે, મુંબઈ-૨

## બે ચેલા

એક ગુરૂના બે શિષ્યો પોતાના ગુરૂના બંને પગ વહેંચી લઇ તેની સેવા કરતા હતા. એક વખત પગ ઉપર પગ જોઇ નીચેના પગના રક્ષકે ઉપરના પગને ધોકો માર્યો. આ જોઈ ઉપરના પગના રક્ષકે નીચેના પગને ધોકો મારી ગુરૂને લૂલા કર્યા. તેમ વર્તમાનકાળની તકરારો અને કલેશો એટલા બધા વધતા ગયા છે કે સંસારના કજીયાનું કારણ લઇ લોકો ધર્મના કામમાં પણ માંહોમાંહે એકેકના પગ પર ધોકા નથી મારતા, પણ કુહાડાં મારે છે. અને તેથી પરિણામે ધર્મનો નાશ થાય છે.

## શક્તિ પ્રમાણે પ્રવૃત્તિ

લહીઆ તરીકે દર વરસે આશરે દશ હજાર રૂપિયા મારવાડી બ્રાહ્મણો લઈ જાય છે, તેઓ લખવાનું કામ કરે છે, પણ શુદ્ધાશુદ્ધ તેઓ કયાંથી જાણતા જ હોય ? તેવી જ રીતે પાત્રાં, તરપણી, પુંઠીઆ વગેરેનો પૈસો પણ મોચી, મુસલમાન, સુતાર પાસે જાય છે; પણ જો આવા હુન્નર તમારા જૈનોને શિખવવામાં આવ્યા હોય તો હજારો રૂપિયા તમારા જૈનોમાં જ રહે અને ગરીબ જૈનોને માટે ટીપ કરવાની જરૂર ન રહે. આપણા ગરીબ જૈનો આગેવાન પર આધાર રાખે છે, પણ હવે એવા આગેવાન રહ્યા નથી. માટે દરેકે ભીખારીની ટેવ મુકી પોતાની શક્તિ પ્રમાણે પ્રવૃત્તિ કર્યા કરવી તોજ તમારી ઉચ્ચ દશા થશે.

# સંઘનાયકોને પ્રાર્થના

ભારતવર્ષીય તપાગચ્છ સંઘના બહુમાનનીય શહેરોમાં વસનાર શ્રીમંતો !

ચતુર્વિધ સંઘની સેવા કરવામાં સાવધાન !

મધ્યમવર્ગીય શ્રાવક સમુદાયનાં હિતેચ્છુઓ !

ભૂતકાળના ભયાનક ઇતિહાસને જાણ્યા પછી વર્તમાનકાળમાં પોતાનું સ્વકર્ત્તવ્ય સમજનારા !

રાક્ષસ જેવી સમાજઘાતિની મોંઘવારીમાં સપડાયેલી જૈન સમાજની વિનાશક પરિસ્થિતિના વેદકો !

શાસનની સેવા કરવામાં શ્રદ્ધાવન્તો !

કથળેલા તપગચ્છ સંઘને સદ્દબુદ્ધિના સહકારથી વિવેક પૂર્વક સુધારવા માટેની ધગશ રાખનારાઓ તથા તન, મન અને ધનના બલિદાને પણ જે ક્રિયાથી સમાજ અને શાસનની શાન વધે તે ક્રિયાઓને જાણનારાઓ!

હે બુદ્ધિશાળી શ્રાવકો ! તમે જરાધ્યાન રાખીને મારા જેવા નાના સાધુની પણ થોડીક વાત સાંભળો, વિચારો અને કર્ત્તવ્ય ભણી આગળ વધો !

એક બાજુ ભયાનક અંધારા જેવું છતાં એ બુદ્ધિજીવી શ્રદ્ધાવન્તોને સાફ દેખાય-અનુભવાય તેવું અજ્ઞાન આપણા સમાજમાં ભૂખ્યા રાક્ષસની જેમ વધી રહ્યું છે. જેના પ્રતાપે આપણે સૌ (વકતાઓ-લેખકો-પંડિતો-મહાપંડિતો અને શ્રીમંતો) વ્યક્તિ વિશેષના રાગી બનીને કર્ત્તવ્યહીન થઈ ગયા છીએ.

પોતાના ગુરૂને ઝંડો જ ઉંચો રહે. અને મહાવીરસ્વામીના શાસનનો તથા તે શાસનદાતાના ઝંડાને ગમે તે થાય. આમ ભૂલ્યા ભટકેલા મુસાફર જેવી જ આપણી સ્થિતિ અત્યારે સ્પષ્ટ દેખાઇ રહી છે. માટે જ શાસન અને સમાજના આગેવાનોમાં જ સંપ-સંગઠન તથા શાસનના હિત માટેની વિચારણાનો અભાવ ભાદરવાના ભીંડાની જેમ સીમાતીત વધી ગયો છે.

ખૂબ સમજી લેજો કે સંપનો અભાવ ભાવહિંસા જ છે. જે દ્રવ્યહિંસાની જનેતા છે.

કેમ કે :- વૈર-ઝેરને વધવાં દેવું, તેવાં વ્યાખ્યાનો કરવાં અને સાંભળવાં એ બધા હિંસાના ફળો છે. જેનાથી કલહ, અભ્યાખ્યાન, પૈશૂન્ય, રતિ-અરતિ. પરપરિવાદ અને માયામૃષાવાદ જેવાં કનિષ્ઠ પાપો આપણાં હૈયામાં મેલેરીયા તાવના કીટાણુઓની જેમ ખૂબ વધ્યા છે.

પોતાની ચર્મચક્ષુએ માનેલ એક આચાર્યને તથા તેમનાં શિષ્યોને માન્ય કરીને તપાગચ્છ સંઘના બીજા આચાર્યોને તથા તેમના શિષ્યોને નિંદવામાં શાસન ઘાતનો પાપ લાગે છે. એટલું પણ આપણે ધ્યાનમાં રાખી શકયા નથી.

નવદીક્ષિત જુવાન સાધુ તથા સાધ્વીજીઓનાં સંયમસ્થાનો દઢતર બનાવવાં માટે સંસ્કૃત-પ્રાકૃત તથા આગમશાસ્ત્રોના અભ્યાસ માટેની અનુકૂળતા કરવી જોઈતી હતી. પણ હાય રે કલિયુગ ! સમાજના નેતાઓ જ જ્યારે વૈર-ઝેર તથા એક બીજાની સામે વ્યૂહ રચનામાં લપટાઈ ગયા હોય ત્યારે આણે સૌ કિંકર્ત્તવ્ય મૂઢ બનીએ એમાં શું આશ્ચર્ય !


## અલભ્ય મહાન ગ્રન્થ બહાર પડી ચૂકયો છે

ચતુર્દશ પૂર્વધર શ્રી ભદ્રબાહુસ્વામી પ્રણીત "શ્રી કલ્પસૂત્ર એમશાહી" જે ઘણા સમયથી અલભ્ય હતો તે ગ્રન્થ ડહેલાવાળા પૂજ્ય આચાર્ય શ્રી અશોકચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબની જહેમતથી તાજેતરમાં જ બહાર પાડવામાં આવ્યો છે.

અગાઉથી ગ્રાહક થનારે પોષ્ટેજ ખર્ચના રૂા. ૫-૦૦ મોકલી નીચેના શિરનામેથી પોતાની નકલ મંગાવી લેવી.

(૧) મેનેજર હુરગોવનદાસ કાનજીભાઈ
ઠે. દોશીવાડાની પોળ, ડહેલાનો ઉપાશ્રય
મુ. અમદાવાદ

(૨) મહેતાજી માધુભાઈ
જવાહરનગર, જૈન ઉપાશ્રય, ગોરેગામ (વેસ્ટ)
પ્લોટ નં. ૮૬ મુંબઈ-૬૨

આચાર્યભગવંતનું ગૌરવવન્તુ સ્થાન વાયસરોય (રાષ્ટ્રપતિ)ના તુલ્ય છે.

ગોરી સલ્તને પણ એક જ વાયસરાયના માધ્યમથી ભારત ઉપર ૧।। શતાબ્દી સુધીનું અખંડ રાજ્ય કર્યું છે; જ્યારે આપણો સમાજ પદવીઓને વધારવાંના મોહમાં સપડાયો છે, ત્યારે જ સૌની દેશનાઓ જુદી જુદી થઈ છે. જેમ કે :—

૧. અમારૂ શિષ્ય મંડળ જ સુવિદિત છે અને અમારો એક એક સાધુ સુસાધુ છે.

૨. મોક્ષ મેળવવાં માટે અમારા જ સાધુઓ વન્દનીય છે. બીજા સંઘાડામાં ૫૦-૬૦ વર્ષના દીક્ષિત આચાર્ય હોય, તપસ્વી હોય તો પણ વન્દનીય નથી.

૩. અમારી જ દેશના શાસન માન્ય છે.

૪. આખુએ શાસન અમારૂં જ છે, તમારૂં નહી.

સુધર્માસ્વામીના પાટ ઉપરથી આવા પ્રકારની કડવી તુંબડીના કડવા ઝેર જેવા રસના પ્યાલા આપણને પીવા મળ્યા છે.

સર્વત્ર વૈર-વિરોધની હોળી સળગી છે. પાપમય, પાપવર્દ્ધક અને અંગત વૈરમાંથી ઉદ્‌ભવેલી તિથિચર્ચાએ આખા તપાગચ્છ સંઘને કફોડી સ્થિતિમાં મૂકી દીધો છે.

જેને લઇને પંડિતોના, લેખકોના, વક્તાઓના, સંઘના આગેવાનોના, પંન્યાસોના. મુનિરાજોનાં, સાધ્વીજીઓનાં તથા સામીયણોમાં પણ એક જ ઘાએ બે ટૂકડા જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. એ બધાએ મુદ્દાઓ ઉપર ખૂબ ચિન્તન કરીને હે ભાગ્યશાળિઓ! તમે બધાએ શાસનના હિતને માટે, તથા સમાજના યોગક્ષેમને માટે સદ્‌બુદ્ધિપૂર્વક વિચાર કરીને દુષ્ટ રાક્ષસ જેવા તિથિચર્ચાના દુર્વાદને મૂળમાંથી ઉખેડી નાખો. જરાક તમારી છાતી ઉપર હાથ મૂકીને તમે પોતે વિચારો કે :—

એક ટોળાનું પ્રતિક્રમણ, પડિલેહણ. પૌષધ, ઉપધાન, રથયાત્રા, પ્રતિષ્ઠા વગેરેના કાર્યો જો વૈધાનિક હોઈ શકે છે તો બીજા આચાર્યભગવંતો દ્વારા કરાતાં એ પવિત્ર અનુષ્ઠાનો અવૈધાનિક કેવી રીતે બનશે? બુદ્ધિથી વિચારશો તો તપાગચ્છ સંઘને બગાડવા માટેનો આ એક વિતંડાવાદ જ છે. જેના મૂળમાં મહમ્મદઅલી જીણાના જેવી 'વૈર કર્મની વૈતરણું' સિવાય બીજું કશું પણ નથી

માટે તમે પોતે વિવેકના પ્રકાશમાં સમાજની ભયાનક પરિસ્થિતિનું અવલોકન કરો. આત્મઘાતક ખોટા દાક્ષિણ્યને છોડી દો. આ પ્રમાણે દુઃખી માનસમાંથી પ્રગટેલી પ્રેમપૂર્વકની આ પ્રાર્થના તમે સાંભળો, બીજાને સંભળાવો અને વિચારો. અન્યથા તમારી ભાવી પ્રજા જ તમને નિંદશે, તમારી અવહેલન કરશે, અને ધૃષ્ટ બનીને ઉંધે રસ્તે જશે.

આવું ન થાય એ જ શાસનદેવને પ્રાર્થના.

પ્રાર્થક:-પંન્યાસ પૂર્ણાનન્દવિજય (કુમાર શ્રમણ)
૧૧૧, ગુરૂવાર પેઠ-પૂનાસિટી.


## પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી

| | | |
|---|---|---|
| १ | प्राकृत पिंगल भाग १-२ | रु. ३१-०० |
| २ | अंगविज्जा | २१-०० |
| ३ | चउप्पन्न महापुरिसचरियं | २१-०० |
| ४ | आख्यानकमणिकोस | २१-०० |
| ५ | पउमचरियं (हिन्दी अनुवाद के साथ) भाग १-२ | ४०-०० |
| ६ | पाइय सदमहाणवो (प्राकृत हिन्दी कोष) લાઈબ્રેરી | ३०-०० |
| ७ | पासनाहचरिउ | २५-०० |
| ८ | नन्दी चूर्णि | १०-०० |
| ९ | नन्दी वृत्ति | १५-०० |
| १० | वज्जालग्ग | २१-०० |
| ११ | पाकृतसर्वस्व | २०-०० |
| १२ | मूल शुद्धिप्रकरण भाग-१ | २०-०० |
| १३ | दशवैकालिक (अगस्त्यचूर्णि) पुस्तक | ४५ ०० |
| १४ | „ „ प्रत आकारे | ३५-०० |
| १५ | पृहवीचन्दचरिय | ३०-०० |

પ્રાકૃત ટેક્સ્ટ સોસાયટી
લા. દ. વિદ્યામંદિર, અમદાવાદ-૯

ગીત ગીતમાં ગુંજી ઉઠે....

# ધર્મરત્નની સાધના

લેખક :
**શ્રી વૈજયન્ત**

ગીત છે... મરણુ ન છુટે પ્રાણીઆ...

ગુંજન છે .. વૈરાગ્યની રસધારા...

સર્જક છે... કવિપ્રવરશ્રી ધર્મરત્નજી...

જ્યાં જુઓ ત્યાં તુફાન મચ્યા છે આરમ્ભ-સમારમ્ભના... કામ અને અર્થના... માલ અને મહત્તાના...અસન્તોષ અને અશાન્તિના....

પ્રધાનોની નજર ખુરશીની પ્રાપ્તિકાજે ફરતી હોય છે...વ્યાપારિયોની દ્રષ્ટિ ગરીબોને પણ છેતરવામાં મંડાયેલી છે...

કતલખાનાઓની સ્થાપના પ્રાયઃ પ્રત્યેક શહેરમાં થઈ ગઈ છે... સિનેઘરોના મંડાણ જગ્યાએ જગ્યાએ બેસાડી દેવામાં આવ્યા છે...

કોઈ કારણ એનું...? બસ...બીજુ કોઈ કારણ નથી...કારણ તે કેવળ આ જ છે એમની નજર સામે મૃત્યુ ઉપસ્થિત થયું નથી...

આ લોકો સમજી બેઠેલા છે કેઃ— જાણ્યે અમારે મરવાનું જ નથી, જીવનભર શોખ કરવા છે અને મસ્તી માણવી છે...

બસ...આજ એક હેતુથી તેઓ પોત પોતાના સ્વાર્થકાજે ઘૂમતા રહે છે....યદિ મરણ સામે હોય તો શું આટલા બધા વિલાસના સાધનો વધી શકે ખરા...? જવાનેનું મન શું પ્રભુમન્દિરમાં જવાને બદલે સિનેમન્દિરોનું જવાને થાત...? હરગીજ નહીં...

મનુષ્ય...! સમજી રાખ....

તૂં માન યા ન માન...પરન્તુ અવશ્ય તારે એક દિવસ મરવાનું જ છે... આ વિનશ્વર સુખ-સાહ્યબીનો ત્યાગ કરીને જવાનું છે....

શું તને ખબર નથી ભગવાન મહાવીરદેવના અંતિમસમયની વાત... ઈન્દ્ર ગદ્દગદ્દ વચને પ્રભુને વિનવવા લાગ્યો.... પરમાત્મન્...! થોડા સમય માટે જ આપ આયુષ્યને વધારી દ્યો... ઈન્દ્રની આ પ્રાર્થના બાદ પ્રભુએ શું કહેલ તે તને ખબર છે...? દેવેન્દ્ર....! એક સમય માત્ર પણ આયુષ્ય વધારવાને કોઈની તાકત નથી...

અંગુઠાના એક પ્રહારથી વિશાલકાય મેરૂપર્વતને ધ્રુજાવી દેનાર પરમાત્મા મહાવીર હતા.... પરન્તુ મૃત્યુની આગલ તેઓનું પણ કંઈ ચાલી શકે તેમ નથી.

અરે ભાઈ....!

શું સુર કે શું નર...શું વિદ્યાધર કે ગણપતિ કામકુમાર....! બધાનો માર્ગ એક જ છે આયુષ્ય પૂર્ણ થયે મરણને શરણ બનવું...

કદાચ તારા મનમાં આ વિચાર હશે કે કાળા માથાનો માનવી શું નથી કરી શકતો...! લોખણ્ડને સુવર્ણ બનાવી દેનાર પારસ પત્થર પણ આ વિશ્વમાં છે....ઈચ્છિત અર્થને સંપાદન કરી આપનાર ચિન્તામણી રત્નો પણ છે...તો શું આ મૃત્યુને અટકાવનાર કોઈ મંત્ર-તંત્ર નથી...? મંત્ર-તંત્રોથી તો અનેક કઠિનમાં કઠિન કાર્યો પણ સરલ બની જાય છે તો મૃત્યુને દબાવી દેવું એમાં શું મોટી વાત છે ..? પરન્તુ સજ્જુર . ! ક્ષણભર માટે તૂં આ તારી વિચારધારાને પ્રશાન્ત કરી દે અને મારી વાત સાંભળી લે.

શું દેવતાઓ પાસે મંત્રો જંત્રોની કોઈ કમીના છે...? તપસ્યા-સંયમજનિત લબ્ધિવન્ત મુનિપ્રવરો પાસે તાકત શું ઓછી હતી એમ....? હરગીજ નહી...અપાર શક્તિ-સામર્થ્ય એમના અંશે અંશમાં ભરેલુ હતુ....! છતાં પણ તેઓ મૃત્યુને ન જ અટકાવી શક્યા...

ઠીક ત્યારે તૂં એમ સમજતો હશે કે કોઈ પણ ચાતુરી કરવા દ્વારા મરણને ભ્રમણામાં મૂકી દઈશુ...! પરન્તુ ભલાભગત! તારી આ સમઝણ ભૂલભરેલી છે... ચતુરાઈના ભર્યાચોકમાં આ જમડો લુંટીને ચાલ્યો જાય છે... કોઈ એને રોકનાર નથી કે કોઈ એને ટોકનાર નથી...

વિરાટ વનમાં નિશ્ચિન્ત મને ઘૂમનાર વનરાજને અટકાવવાની કોઈની હિમ્મત છે ખરી...? સંસાર એક વન છે અને તેમાં ફરનાર આ જમરાજ એક કેસરી છે...

પાગલ....!

જીવનભર કાળા કામ કરીને જે આ સંપત્તિ એકઠી કરી છે તેમાંથી તારી સાથે મરતા એક પણ વસ્તુ નહી આવે... અરે....! સગી નારી પણ ઘરના બારણા સુધી વળાવીને પાછી ફરી જશે.... રોતા રોતા સહુ પહોંચશે મસાણની ધરતિમાં....સળગાવશે આગ અને પધરાવશે તારા દેહને....!

અરે ભાઇ....!

તું શાશ્વત છે....સંસારની સુખ-સાહ્યબી વિનશ્વર છે....આ બેની જોડી તો કેમ બેસી જ શકે...? એક ગભરૂ સસલું છે બીજો નિર્ભયી સિંહ છે... બન્નેની દોસ્તી કેમ સંભવી શકે...?

તું સમજી જા ભાઈ! સમજી જા....! દુનિયાના આનન્દ લુંટવાનું છોડી દે... આ સુખ તો ચાર દિવસની ચાંદની માત્ર છે....એમાં ગરક બની જનારો શું પાગલ નહીં કહેવાય....?

ત્યારે કરવું શું....? એમ તારો પ્રશ્ન છે ને...! ઠીક ત્યારે મેળવી લે એનો ઉત્તર...! જે નાશવંત વસ્તુઓ છે એને છોડી દઈને અવિનાશી વસ્તુઓનું આરાધન ચાલુ કરી દે....

દુનિયામાં પ્રકાશ ફેલાવનારા આ રત્નો તો અશાશ્વત છે પરન્તુ આત્મધરત્ત પર પ્રકાશપુંજ ફેલાવનાર ધર્મરત્ન અવિનાશી છે... શાશ્વત અને સુખદાયી છે...

બસ...આ ધર્મરત્નની તું આરાધના-સાધના ચાલુ કરી દે... તન તોડીને તૂં તપ-ત્યાગમાં લાગી જા.... મન મોડીને વિષય વાસનાથી પાછે હટી જા...ધન છોડીને દાનધર્મનો સુખદ આસ્વાદ માણી લે...


*Grams* : JAYANTCO.    Phone : 22735

**JAYANTILAL & CO.**

**31, Mahal, 1st Street,**
**Post Box No. 178, MADURAI-1,**
Our Varieties

Jayant TOWELS (REGD.)

Turkish Towels, Turkish Napkins
Towels, Napkins, Jacquard Towels
Canvas Pieces, Lungies *etc.*

**'SARADA'**

*SAREES*

5, 5½ Yds and

Pathals 9 Yds.

ધર્મરત્ન છે ચાર પ્રકારનું.... દાન-શીલ, તપ અને ભાવ.... ધન-માલ જવાના સ્વભાવવાળા છે એને છોડી દઈને શાશ્વત એવા દાન ધર્મને તું જીવનમાં અપનાવ...

વિષય-વાસના ક્ષણભર વૈષયિક સુખને અર્પનારી છે એને ઠોકરે લગાવીને અવિનાશી શીલ-ધર્મનું આરાધન કરવામાં લાગી જા...

ખાન-પાન વગેરે થોડા સમયને માટે દેહની પુષ્ટિને કરનારા છે એને તિલાંજલી આપી દઈને સુન્દર એવા તપધર્મની સાધનાને કરતો થઈ જા....

આત્મમલિનતા વધે એવા વિચારોને ફગાવી દઈને આત્મભાવનામાં સ્થિર થઈ જા....બાર ભાવનાઓની મંગલ વિચારધારાઓથી જીવનને ઉજ્જવલિત બનાવી દે ...

બસ...સમજી ગયો...! તારે શું કરવાનું છે તે... આ ચાર પ્રકારના ધર્મરત્નનું આરાધન જીવને સંસારમાંથી ઉચકી દઈને મુક્તિ નિલય સુધી પહોંચાડી શકે છે એમાં બીલકુલ સંશય નથી....

હવે તારો પ્રશ્ન આ આવીને ઉભો રહે છે કે, આ ધર્મરત્નની સાધના કરવાથી શું મૃત્યુના સકંજામાંથી છુટી શકાશે ખરૂં....! જનમ-મરણના ફેરા ટળી જશે કેમ...?

હાં..! ધર્મરત્ન તો ધર્મરત્ન જ છે. વિશ્વની એવી એક પણ શક્તિ નથી કે જે આ સંસારમાંથી છુટાવી શકવાને સમર્થ બને, સિવાય ધર્મરત્નની સાધના... આરાધના...! અને એની જ મંગલ કામના...!

'મરણના વીર પંજામાંથી જે લડવૈયાઓ પણ છુટી શક્તા નથી એ પંજામાંથી ધર્મરત્નના સાધકો થોડા જ સમયમાં છુટી જાય છે. અનન્ત અવ્યાબાધ શાશ્વત સુખનો સ્વામી બની જાય છે...જમરાજ તો તેનાથી દૂર દૂર જ ભાગતો રહે છે, નજીક આવવાની તેની શક્તિ નાશ પામી જાય છે...

ઠીક ત્યારે ચાલો આપણે લાગી જઈએ ધર્મરત્નની સાધનામાં...

**જય ધર્મરત્ન...**


શાસ્ત્રવિશારદ-યોગનિષ્ઠ-કવિરત્ન

**શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી**

કૃત

# પૂજા સંગ્રહ ભાગ ૧-૨

ગુજરાતી ભાષામાં પ્રથમ વખત

— પ્રગટ થવા પામેલ છે —

સાથે અન્ય મુનિભગવંતો રચિત વિવિધ પૂજાઓ પણ આપેલ છે.

૨૬ ફર્માનું પુસ્તક કિંમત રૂા. ૫-૦૦

★

યોગદિપક...ત્રીજી આવૃત્તિ...કિંમત રૂા. ૫-૦૦

ઘંટાકર્ણ મહાવીરદેવ ..નવી આવૃત્તિ...કિં. રૂા.૧-૦૦

**'પૂજાસંગ્રહ' અને 'યોગદિપક'ની પચીસથી વધુ નકલ લેનારને ૨૦% કમીશન કાપી આપવામાં આવશે.**

—: લખો :—

**શ્રી પોપટલાલ પાદરાકર**

**મંત્રી : અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ**

આજીંક્ય જનરલ નર્સિંગ હોમ

ત્રીજે માળે, મુંબઈ નં. ૪

# પર્વાધિરાજ પ્રતિક્રમણ અને ઘીની બોલીઓ

લેખક : ' સમાજ સેવક '–મુંબઈ

પર્વાધિરાજ પર્યુષણા પર્વનું આગમન થયું છે. વસ્તી વધારો થવાના કારણે ઉપાશ્રય ભર્યા ભર્યા લાગે છે. રાત્રે પણ તેમ જ લાગે છે. રાત્રે પ્રતિક્રમણ કરવા જતા જગ્યા રહેતી નથી. આઠે આઠ દિવસ આજ હાલત હોય છે. તેમાં સંવત્સરી પ્રતિક્રમણ વખતે તો મોટા મોટા ઉપાશ્રય પણ નાના પડે છે.

પ્રતિક્રમણની ક્રિયા શરૂ થાય તે પહેલાં મહત્વના દરેક સૂત્રનું ઘી બોલાય છે. પ્રાયઃ સ્નાતસ્યા અજિતશાંતિ અને મોટી શાંતિ સૌથી વધારે ગેય સૂત્રો હોઈ કોઈ હોંશીલા શેઠીયા જેમને ખાસ ગાવાનો મુહાવરો નથી, તેઓ ઘી બોલીને આ સૂત્રો બોલવાનો આદેશ લેતા હોય છે. સમય આવે ત્યારે તેઓ પોતાને જેમ આવડે તેમ તે સૂત્ર–સ્તોત્ર બોલી જાય છે.

પ્રતિક્રમણની સભામાં રત્નો પણ હોય છે. તેઓ જ્યારે મહત્વના સૂત્ર–સ્તોત્ર–સ્તવન બોલે ત્યારે સભાની પ્રત્યેક વ્યક્તિમાં રોમાંચ ઉભા થઈ જાય છે. મારા એક મિત્ર, ફક્ત અતિ સુંદર રીતે બોલતા સ્નાતસ્યા, અજિતશાંતિ અને મોટી શાંતિ સાંભળવા જ હંમેશા પાક્ષિક પ્રતિક્રમણ કરવા જતા હતા. પણ આપણે જ્ઞાનદ્રવ્યની વૃદ્ધિના લોભમાં વરસમાં ફક્ત ૮ દિવસ–છેલ્લો એક દિવસ આવવાવાળા આત્માઓને આવા રોમાંચક લાભથી વંચિત રાખીયે છીએ તે અત્યંત ખેદની વાત છે

કોઈએ કીધું છે કે *Jains are Gumbler of Contradictions.* કદાચ આ ઉક્તિમાં તથ્ય લાગે છે. જે બાળકોને સમાજ પીપરમેન્ટ–પેંડાની લાલચ આપે પાઠશાળા તરફ ખેંચવા પ્રયત્ન કરે છે, જે બાળકોને સમાજ મફત રહેવાની અને ભોજન કરવાની સગવડતા આપી શિક્ષાયતનો–જ્ઞાન–સત્રોમાં ખેંચવામાં આવે છે, જે બાળકોને સૂત્રો–સ્તવનોની પ્રતિયોગિતામાં પહેલો નંબર આવતા ઇનામ મળે છે તે જ બાળકો મોટા થાય ત્યારે પ્રતિક્રમણ સૂત્રો બોલવા માટે તેમની પાસેથી આપણે ઘીની બોલી બોલાવી જ્ઞાનદ્રવ્ય ભેગું કરીએ છીએ. પરિણામ એ આવે છે કે મધ્યમવર્ગના આ બાળકો ઘી ની બોલી બોલી શકતા નથી અને તેમને પોતે તૈયાર કરેલા સૂત્રો બોલવા મળતા નથી. ફલત : તેઓ ધીરે ધીરે સૂત્રો–સ્તોત્રો ભૂલતા જાય છે.

મારા એક મિત્ર છે. જેઓ હંમેશા ગોડીજી પાક્ષિક પ્રતિક્રમણ કરવા જતા. ગોડીજીમાં પોસાતીઓ તો હોય જ. તેથી તેમને કોઈ દિવસ 'વંદિત્તાસૂત્ર' બોલવાનો આદેશ જ ન મળ્યો. ઘર ૧૦×૧૦નું હતું એટલે ઘરે પ્રતિક્રમણ કરી ન શકે. આજે આ ભાઈ વંદિતા સૂત્ર ભૂલી ગયા છે. હવે તેમને જ્યારે પ્રતિક્રમણ કરવું હોય ત્યારે રાત્રે લાઈટ કરીને આડશ કરીને 'વંદિતા સૂત્ર' વાંચી જવું પડે છે.

પ્રતિક્રમણ કરવા આવનાર મહાનુભાવોને આપણે બે વિભાગમાં વહેચી શકીયે :

૧. જે ભાઈઓએ પ્રતિક્રમણ સૂત્રના અર્થો કરેલા છે. તેમને પ્રતિક્રમણ શરૂ થાય એટલે તેમનું મન લાગી જાય. કારણ જેમ જેમ સૂત્રો બોલાતા જાય છે તેમ તેમ તેમનું મન તે તે સૂત્રોના ભાષાતર કરવામાં (મનમાં) લાગી જાય છે તેમનું મન ધર્મકાર્યમાં રોકાયેલું રહે છે, જે પ્રતિક્રમણ જેવી ધાર્મિક ક્રિયાનો એક હેતુ છે. આ વર્ગની હાલ આપણે વિચારણા નહિ કરીયે.

૨. જે ભાઈઓએ પ્રતિક્રમણ સૂત્રના અર્થ કર્યા નથી. આવો બહુ મોટો સમુદાય છે. તેઓ

પ્રતિક્રમણ કરવા શ્રદ્ધાના કારણે—ભગવાનની આજ્ઞાના કારણે ૮ દિવસ અને સંવત્સરીના દિવસે ખાસ અને મોટી સંખ્યામાં આવે છે. તેથી ૮ દિવસ માટે જો પ્રતિક્રમણ સૂત્રોની કર્ણપ્રિય રીતે રજુઆત કરવામાં આવે તો દરેક આરાધકનું મન તેમાં જોડાયેલું રહેશે. અન્યથા તેઓ પ્રતિક્રમણ ઝોલા ખાતા ખાતા પુરૂં કરે છે. આથી ભણેલો નવો વર્ગ એમ વિચારે છે કે ઝોલા ખાતા ખાતા પ્રતિક્રમણ કરવા કરતા પ્રતિક્રમણ ન કરવું સારૂં. આથી દિવસે દિવસે પ્રતિક્રમણ કરવાવાળાની સંખ્યા ઘટતી જાય છે.

આ પરિસ્થિતિમાંથી નીવેડો લાવવા આપણે પર્યુષણા પર્વમાં જ્ઞાન દ્રવ્યની ઉપજ માટે જે ઘી બોલીએ છીએ તેને તિલાંજલી આપવી જરૂરી છે. કોઈ ને એમ થાય કે જ્ઞાનદ્રવ્યને નુકશાન થાય છે, તે ખોટું કહેવાય. તો જ્ઞાન-દ્રવ્ય માટે ટીપ કરવી જોઈએ પણ ઘી તો બોલવું નહિ જોઈએ.

ઉપરાંત નીચે મુજબ કરી શકાય :

દરેક મહાત્માએ ચાતુર્માસ માટે કોઈ પણ ગામના પધારે ત્યારે પ્રતિક્રમણના ઉપરના સૂત્રો કોણ કોણ મહાનુભાવો સુન્દર રીતે બોલી શકે છે, તેમના નામો મેળવી પરીક્ષા લેવી. જે જે મહાનુભાવો સુંદર રીતે સૂત્રો બોલી શકતા હોય તેમને દરેક પાક્ષિક પ્રતિક્રમણમાં સૂત્રો બોલવા માટે આમંત્રણ આપવું. આથી ધીરે ધીરે પ્રતિક્રમણ કરવા આવવાવાળા મહાનુભાવોની સંખ્યા વધશે. વળી પ્રતિક્રમણ કરનારા બાળ-કોને–યુવાનોને–પ્રૌઢોને સૂત્રો બોલવાનો ચાન્સ મળવાનો હોઈ તેઓ તે તે સૂત્રો સરસ રીતે તૈયાર કરીને આવશે. સુંદર રીતે બોલતા સૂત્રોથી આરાધક આત્માઓને ખૂબ જ ઉલ્લાસ વધે છે. આથી લોકોને પ્રતિક્રમણની ક્રિયામાં રસ વધી જશે.

આવો, આપણે ઘી ની બોલી બંધ કરી પ્રતિક્રમણની ક્રિયાને વધુ આકર્ષક બનાવીએ. જેથી વધારેને વધારે આત્માઓ તેમાં જોડાતા જાય.


ચોમાસાની ભેજવાળી ઋતુમાં વધુ પ્રમાણમાં
ઝાડો, મરડો તથા સંગ્રહણી એ
શારીરિક જોખમકારી નિવડે છે.
એની બિમારીમાંથી સત્વરે મુક્ત થવા

ઊંઝા ફાર્મસી, ઊંઝાની 'હાથી છાપ'

# એન્ટી ડીસેન્ટ્રોલ

(આયુર્વેદનો એક શીઘ્ર ગુણકારી યોગ)

ખોરાકને પાચન કરી આંતરડાને શક્તિ આપી ઝાડાને વહેલી તકે વિદાય આપે છે. તેમ જ ટુંક સમયમાં રાહતનો આશ્ચર્યકારક અનુભવ કરાવે છે.

—: શાખાઓ :—

૮/૬ જમુના ભૈરાં, બેલન ગંજ, આગ્રા–૪.
ભુલેશ્વર, મુંબઈ–૪.
ન્યુ ઈતવારી રોડ, નાગપુર–૨.

—: એજન્ટ :—

મે. ગાંધી મેડીકલ હોલ, પ્રતિણચંદ્ર રોડ, ભાવનગર
મે. જયંત આયુર્વેદ ભવન, સર લાખાજી રાજ રોડ, રાજકોટ.

# સ્થિરતા પ્રાપ્તિ માટેનું પર્વ

લેખક: ડૉ. શ્રી વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી

મનની આત્માને વિષે વિલયતા થવાથી જે સ્થિરતા પ્રાપ્ત થાય છે તેને જ સ્થિરતાનું પર્યુષણનું પર્વ કહેવામ આવે છે. પર્યુષણના આઠ દિવસ આપણે આત્મધ્યાન દ્વારા મનઃશાંતિ અને આત્મ-સ્થિરતા મેળવવી જોઈએ.

શ્રાવણ-ભાદ્રપદની સંધિના સમયમાં–પર્યુષણમાં વાતાવરણ સ્વચ્છ, હવા નિરોગી હોય છે. વરસાદ પાણી હોઇ લોકોના મન પણ શાંત હોય છે. આથી બાહ્ય–આભ્યંતર મનની સ્થિરતા સ્વાભાવિક હોય છે. અને તેમાં સત્સંગાદિ નિમિત્ત દ્વારા આત્મધ્યાન કરવામાં આવે છે. તો પછી મનઃશાંતિની અપૂર્વતા માલૂમ પડે છે. અને આત્મસ્થિરતા સંપ્રાપ્ત થાય એમાં નવાઈ પણ નથી.

આ પર્વથી મનુષ્યમાં અદીનતાનો ગુણ પ્રાપ્ત થાય છે. જીવયોનિ ખમાવ્યાથી મનમાં અદીનતા સાથે અંતઃકરણમાં નિર્મળતા આવે છે. જિનાલયો દ્વારા સૌંદર્યનું ભાન થતાં પ્રાણજપ, મનોજપ, કરી શકાય છે. અભેદ ભાવનાં ભાવતાં અખિલ વિશ્વમાં જ્ઞાનમય આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર થાય છે. તે ઉપરાંત શ્રી કલ્પસૂત્રાદિક શ્રવણધારા શ્રી મહાવીરસ્વામી આદિ મહાપુરુષોના જીવન ચરિત્રોનું શ્રવણ થતાં કઈ રીતે વર્તન કરવાથી મોક્ષની પ્રાપ્તિ થાય તે સમજી શકાય છે. મહાવીર પ્રભુના વારસદાર તરીકે આપણી પ્રવૃત્તિનો કાંઇક આછો ખ્યાલ આપણે કરી જોઇએ. વારસામાં મળેલી સંપત્તિ વધારનારા બીજા એ સંપત્તિને જેમની તેમ સાચવી રાખનારા અને ત્રીજા વારસામાં મળેલ સંપત્તિને ઘટાડનારા યા ઉડાવી દેનારા. વારસદારો એટલે સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. ઉપરના ત્રણ પ્રકારના વારસદારોમાં કઇ કોટિએ આપણે આવીએ છીએ તે પર્વ દરમ્યાન આપણે વિચારવું જોઈએ.

અહિંસ, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ તથા અન્યાયને તોડવાની પ્રબળશક્તિરૂપી સંપત્તિ આપણને વારસામાં આપી છે. આપણે તેને વધારી છે? જેમની તેમ સાચવી છે? અગર ઘટાડી છે? મને લાગે છે કે, આપણે શ્રાવક–શ્રાવિકાઓએ તો એ સંપત્તિ વધારી નથી, સાચવી પણ નથી કિંતુ ઘટાટી નાખી તેને ઉડાડી દીધી છે; એમ કહીએ તો તેમાં ખોટું નથી પરમ ઉપકારી, દીર્ઘ દૃષ્ટિ મહાનપુરુષોએ યુગયુગના સમાજને દીવાદાંડીરૂપ બને તેવા ઉદ્દેશથી વર્ષ દરમ્યાન એક અઠવાડિયું એવી રીતે યોજ્યું છે કે તેના કાર્ય ઉપર વિચાર કરવા પૂરો અવકાશ મેળવી શકીએ.

ભગવાને પોતાની કઠોર સાધના દ્વારા જે સત્યો અનુભવ્યા હતા. અને તેમણે પોતે જે સત્યોને સંસારના જીવોનું સાચું કલ્યાણ સાધવા અમલમાં મૂકયા હતાં, તે સત્યો સંક્ષેપમાં ત્રણ છે. (૧) બીજાના દુઃખોને પોતાનું દુઃખ લેખી જીવન વ્યવહાર ઘડવો. જેથી જીવનમાં સુખ, શીલતા અને વિષમતાના હિંસક તત્ત્વો પ્રવેશ ન પામે. (૨) પોતાની સુખ–સગવડનો સમાજના હિતના અર્થે પૂર્ણ ભોગ આપવો જેથી પરિગ્રહ બંધન મટી લોકોપકારમાં પરિણમે. (૩) સતત જાગૃતિ અને જીવનનું અંતઃનિરિક્ષણ કરતાં રહેવું. જેથી અજ્ઞાન કે નબળાઈને કારણે પ્રવેશ પામતા દોષોની ચોકી કરી શકાય અને આત્મપુરુષાર્થમાં ઓટ ન આવે.

સૂક્ષ્મ નિરિક્ષણ દ્વારા આપણે જોઈએ તો આપણને જણાયા વિના નહિ રહે કે આપણે મહાવીર ભગવાનના સિદ્ધાંતથી બહુ દૂર ચાલી ગયા છીએ. અને કેટલીક પ્રવૃત્તિઓમાં તો ધર્મનું વાસ્તવિક પાલન માની આત્મવંચના કરી રહ્યા છીએ.

ભગવાને પ્રરૂપેલી અને આચારમાં મૂકેલી અહિંસા અંત: અને બાહ્ય બંને સ્વરૂપ સારા રીતે આપણે સમજી શકયા હોત તો આપણી અહિંસા તેજસ્વી હોત, અને આપણે કાયર ન દેખાત.

તપશ્ચર્યાનો ઉત્તમ હેતુ તો રસના ઈન્દ્રિય ઉપર કાબુ મેળવવાનો છે અને તે કાબુ જીવનમાં જેમ વધારે કેળવાય તેમ સંયમ વધારે રાખી શકાય. એક દિવસ ન ખાવું, અને બીજે દિવસે દશગણી ચીજો ખાવી, એમાં તપની મહત્તા નથી. સામાન્ય રીતે રસના ઈન્દ્રિય ઉપર સજજડ કાબુ આવે તો જ કરેલા તપની સફળતા છે.

આવું પર્વાધિરાજ માંગલિક પર્વ વર્ષમાં એક જ વખત આવે છે, માટે તે સંપૂર્ણપણે હૈયાના શુદ્ધ ભાવથી ઉજવવું, ધાર્મિક ક્રિયાઓ ઉત્સાહપૂર્વક કરવી, અભેદ દૃષ્ટિ–થાય, સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ રહે અને સતત આત્માભિમુખ ઉપયોગ રહ્યા કરે તે પ્રકારે મનને જોડવાથી શ્રી પર્યુષણ પર્વનું સુંદર આરાધના કરી શકાશે.


Phone : 3174

*Top-Most Shopping Centre For Better Selections in:*

☆ *Raymond* ☆ *Dinesh* ☆ *Dhariwal* ☆ *Digjam* ☆ *Gwalior* ☆ *Lal-Imli*

*Wool & Tery-Wool Suitings & Terylene Terycat Shirtings*

**Sha Hirachand Vanechand & Co.**

*Wholesale & Retail Cloth Merchants*

HIREPETH,

**HUBLI** (*Mysore State*)

*Stockists of:*

*Mafatlal Tata, group of Mills, Davangere.*
*Mettur Mulls & Long Cloth, Calico,*
*Binny & Fabrics of Renowned Mills.*

Phone 34644

*With Best Compliments Of:*

**SHA GANESHMAL PRAGCHAND & Co.,**

*FANCY GOODS and GENERAL MERCHANTS*

*26/409. HOSPITAL LANE, RAJA STREET,*

**COIMBATORE 641001**

# જીહ્વાને જીતવાનો અમુલ્ય અવસર

● લેખક : વાચસ્પતિવિજયજી

ચાતુર્માસ શરૂ થતાં પૂ. મુનિભગવંતો પોતાની ધર્મની દુકાન શરૂ કરે છે. આ ધર્મનો વેપાર ભાદરવા સુદિ ચોથ સુધી ધમધોકાર ચાલે છે. બજારમાં વેપારી વેપાર કરવા રોજ દુકાન ખોલે છે પણ મોસમ તો બે કે અઢી મહીનાની જ હોય છે. એ દિવસોમાં બાર મહીનાની કમાણી પીઢ અને અનુભવી વેપારી સારામાં સારી કરી લે છે નબળા વેપારીનો તે સમયે વેપાર થોડા અંશે થાય તો ખરો. તેવી જ રીતે ધાર્મિક આરાધનાની મોસમમાં પણ સારો પીઢ સેલ્સમેન–સાધુ હોય તો તેની વેપારની–ધર્મની દુકાન ધમધોકાર ચાલે. જેવો સેલ્સમેન હોય તેવો તેનો ધંધો ચાલે. ધર્મની મોસમમાં ગમે તેવો સેલ્સમેન હોય તો પણ તેનો ધંધો બે મહીના ચાલ્યા વિના રહે નહિ એ ધર્મની પેઢી શરૂ થતાં અનેક પ્રકારની તપશ્ચર્યાઓ, વ્રતો અનુષ્ઠાનો શરૂ થાય છે. એમ કરતાં કરતાં આપણા માનવંતા મોંઘેરા પર્યુષણા આવી પહોંચે છે.

પર્યુષણ પર્વ એટલે—અમારી પડહ વગડાવવાની અણમોલ તક, વૈર વિરોધનો ત્યાગ કરી પરસ્પર ક્ષમા માગી ક્રોધ કષાયથી હળવા થવાનો અવસર ! આપણા સાધર્મિક બંધુઓની ભક્તિ કરવાનો, તપશ્ચર્યા કરી કર્મના ભારથી હળવા થવાનો, બાર મહીનામાં લાગેલા પાપોની અંતઃકરણની શુદ્ધિપૂર્વક આલોચના કરવાનો પરમ પવિત્ર દિવસ.

આ પર્વને સર્વ પર્વમાં શીરોમણિ કહેલ છે. આ પર્વ નજીક આવતાં સહુના હૈયામાં ધર્મની ભાવના વિશેષ પ્રકારે પ્રગટ થાય છે. આ પવિત્ર દિવસોમાં વિશાળ ઉપાશ્રયો પણ સાંકડા થઈ પડે છે. સહુ કોઈ આરાધના કરવા માંડી જાય છે. એ આરાધનાનાં ચાર દિવસ પસાર થયા બાદ પાંચમા દિવસે મહાવીર જન્મ-વાંચન આવે છે. બંદારના સમયે કેટલો આનંદ હોય છે, કેટલો ઉત્સાહ હોય છે, સ્વપ્ના ઉતરતા જાય ને રૂપિયાનો વરસાદ વરસાતો જાય અને જ્યાં શ્રીદેવી હજુ ઉપરથી ઉતર્યા ન હોય તે પહેલા ચઢાવો જોરશોરથી શરૂ થાય છે, આ બધો મહિમા આ પર્વનો છે. જે મહાનુભાવો બાર મહિનામાં બે દિવસે ઉપાશ્રય ચઢતા હોય તે લોકોના દર્શન આવા દિવસે જ થાય છે. આવા બે દિવસે આવીને પણ જો આરાધના બરાબર કરતા હોય તો પણ તે ખરેખર કલ્યાણનાં અધિકારી છે.

આજે તો ખાવાપીવાની પ્રવૃત્તિ એટલી બધી વધી ગઈ છે કે ત્યાગ તરફ ભાવ જાગે જ નહિ; કારણ કે રસનેન્દ્રિય ઉપર કાબુ રાખવો તે બહુ આકરી વાત છે, બધી ઈન્દ્રિયોને દોડધામ કરાવનાર ફક્ત એક જીભ્હા છે. આહાર ઉપર અંકુશ આવી જાય એટલે ગમે તે, ગમે તે વખતે ભક્ષાભક્ષણનું જોયા વિના જે ખાવાની પ્રવૃત્તિ હોય તે અટકી જાય છે. તે પ્રવૃત્તિ અટકી એટલે બાકીની ચારેય ઇન્દ્રિઓ ઓટોમેટિક કાબુમાં આવી જાય છે. પછી તેને સિનેમાં જોવા જવું કે સુંદર સિનેમાંના ગાયનો સાંભળવાનું મન થશે નહિં, કેવું સુંદર કામ બને છે? એક જ આહાર ઉપરનાં અંકુશથી કેવું એક કામ થાય છે. ડોકટરોનાં ડોઝ પણ લેવા પડતા નથી,


॥ खामेमी सव्वे जीवा ॥

**પૂજાની જોડ બનાવનાર રજનીકાંત એન્ડ કું.**

અમારે ત્યાંથી જથ્થાબંધ તથા છુટક પૂજાની જોડ તેમ જ આર્ટિફીસલ સીલ્ક સાડીઓ તથા બ્લાઉઝ પીસ મળશે.

| | |
|---|---|
| પ્યોર સીલ્ક પૂજાની જોડ (જરી બોર્ડર) | રૂા. ૨૦૦ |
| પ્યોર સીલ્ક પૂજાની જોડ (રેશમ બોર્ડરની) | રૂા. ૧૭૫ |
| આર્ટ સીલ્ક પૂજાની જોડ (સફેદ ને બોસ્કી કલરમાં) | ૫૦ |
| સ્ટેપલ પૂજાની જોડ | રૂા. ૪૦ |
| બચ્ચાઓની પૂજાની જોડ | રૂા. ૨૫ |

દરેક પૂજાની જોડમાં ૪॥ વાર ધોતી અને ૩ વાર ખેસ આવશે. બાળકોની પૂજાની જોડમાં ૩ વાર ધોતી અને ૨ વાર ખેસ આવશે.

**રજનીકાંત એન્ડ કું. ચીકપેટ, બેંગલોર–૫૩.**

દવાના બીલો ચુકવવા પડતા નથી, શરીર સારૂ રહે છે. શરીરમાં સ્ફૂર્તિ રહે છે, અને આરાધના સારી થાય છે. જેમ સેનાપતિને જીતવાથી સૈન્ય જેમ જિતાઇ જાય છે તેમ રસનેન્દ્રિયને જીતવાથી બાકીની ચારે ઈન્દ્રિયો જીતાઈ જાય છે; જેને જીભડી ઉપર વિજય મેળવ્યો તે જુદા જુદા વ્રતો વગેરે કરી શકે છે.

હવે પછી પર્યુષણાપર્વનો છેલ્લો દિવસ આવે છે સંવત્સરી મહાપર્વ.

બાર મહીનામાં લાગેલા પાપોની ખરાભાવથી માફી માગવાની છે. શુદ્ધિપૂર્વક પાપોને યાદ કરી ક્ષમા જો માગવામા આવે તો જરૂર પાપકર્મ ધોવાઈ જાય છે, અને જેની સાથે પરસ્પર વૈર-વિરોધ થયા હોય તેની સાથે ક્ષમા માગવામાં આવે તો ચોક્કસ આપણે પાપથી હળવા બની જઈએ છીએ.

બાર મહીનામાં એક જ દિવસ પ્રતિક્રમણ શુદ્ધિપૂર્વક થાય તો પણ એ પ્રતિક્રમણનું ફળ અવશ્ય પ્રાપ્ત થાય છે. તે દિવસે ઘણાખરા મહાનુભાવોને ઉપવાસ હોય છે, તે ઉપરાંત કેટલાક ભાગ્યશાળી આત્માઓ આઠ, સોળ વળી માસક્ષમણની તપશ્ચર્યા કરે છે, મોટી તપશ્ચર્યા ન બનતી હોય તો અઠ્ઠમ કે છેલ્લ ઉપવાસ કરે છે. આવી નાની કે મોટી તપસ્યા સાથે પૂ. મુનિભગવંતો પ્રતિક્રમણનું રહસ્ય સમજાવે, વચ્ચે, વચ્ચે સૂત્રોનાં રહસ્યો સમજાવે તો જરૂર પ્રતિક્રમણમાં રસ પ્રગટ થાય, બે હાથ જોડી સૂત્રોનું શ્રવણ પણ કરે, આમ કરવાથી ચિત્ત બોલનાર વ્યક્તિ તરફ જ રહે છે ને છેવટે શુદ્ધ પ્રતિક્રમણ કર્યું એ જાતનો અનુભવ કરીને ઘરે પહોંચે છે.

બાકી આઠ દિવસ જ એવા છે કે સહુને આરાધના કરવાનું મન થાય છે, માટે આરાધના કરનારે આરાધનામાં ઝુકાવી દેવું એ જ પરમકર્તવ્ય છે. એમ થશે તો જરૂર આત્મા કર્મના ભારથી હળવો થશે અને પર્યુષણાપર્વની ઉજવણી કરી સફળ લેખાશે.


INSIST ON RAIPUR FABRICS



OUR SPECIALITIES:

0 TERENE' COTTON CHECK SHIRTINGS & POPLINS
0 2 X 2 BUTTA, VOILES & CAMBRICS
0 SUPERFINE DHOTIES & SAREES
0 PRINTED POPLINS
0 LAWNS & LENOS
0 PAIJAMA CLOTH

THE RAIPUR MFG.CO., LIMITED
AHMEDABAD—21
Registered User of The Mark: 'SANFORIZED'

શ્રી ત કમલ જૈન મોહનમાળા (વડોદરા)નું

એક અત્યન્ત ઉપયોગી અને અતિ સમૃદ્ધ પ્રકાશન

# જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ (ભાગ ત્રીજો)

લે૦ પ્રો. શ્રી હીરાલાલ ર. કાપડીઆ

ક્રાઉન ૧૬ પેજી, પેજ સંખ્યા ૫૦૦, ભાષા–ગુજરાતી, કિંમત રૂા. ૧૦, પોસ્ટેજ અલગ.

## પ્રેરક : પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ

જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ એટલે જેમાં સંસ્કૃત ભાષામાં ઉપલબ્ધ થએલાં મોટા ભાગના સંસ્કૃત ગ્રન્થોનો, ગ્રન્થકાર, રચના, સમય અને વિષય વગેરે બાબતો અંગેનો ગુજરાતી ભાષામાં પરિચય હોય તે.

## પ્રગટ થયેલો ત્રીજો ભાગ

**ભાગ ત્રીજો—જેમાં દાર્શનિક સાહિત્યમાં દર્શન શાસ્ત્રોને લગતાં જૈન ગ્રન્થો, તર્ક, ન્યાય અને યોગને લગતા ગ્રન્થો, અનુષ્ઠાન સાહિત્યમાં ચરણકરણાનુયોગ, મન્ત્રશાસ્ત્રને લગતા ગ્રન્થો, કલ્પો, પ્રાકૃત ભાષા ઉપરની ટીકાઓ, ઉત્કીર્ણ લેખો વગેરેનો ટુંક પરિચય આપવામાં આવ્યો છે. આ ઉપરાંત પરિશિષ્ટો, શબ્દસુચિ, વિસ્તૃત વિષયસુચિ વગેરે આપેલ છે. પેજ ૫૮૦ લગભગ.**

★ ★ ★

ભાગ પહેલો : પૃષ્ઠ ૫૫૬, કિંમત રૂા. ૬, પોસ્ટેજ અલગ.

જેમાં–જૈન વ્યાકરણ, કોશ, છંદ, અલંકાર, સંગીત, જ્યોતિષ, સામુદ્રિક, સ્થાપત્ય, વૈદ્યક, પાકશાસ્ત્ર, વિજ્ઞાન વગેરે વિષયના ગ્રન્થોનો પરિચય આપ્યો છે.

ભાગ બીજો : પૃષ્ઠ–૬૪૦, કિંમત રૂા. ૧૨, પોસ્ટેજ અલગ.

આની અંદર જૈન પુરાણો, ચરિત્રો, પ્રબન્ધો, કાવ્યો, સ્તુતિ, સ્તોત્રો, વિજ્ઞપ્તિ પત્રો, જૈન–અજૈન ટીકાઓ પ્રાકૃત કાવ્યો, વગેરે વિષયક ગ્રન્થોનો પરિચય છે. બંનેના લેખક ઉપર પ્રમાણે છે.

પ્રત્યેક વિદ્વાન સાધુ તથા ગૃહસ્થે તેમ જ સંશોધકોએ વસાવી લેવો જોઈએ.

ત્રણેય ભાગ સાથે મંગાવનારને રૂા. ૨૩માં મળશે. ટપાલ ખર્ચ અલગ.

—: મંગાવવાનાં સ્થળો :—

શ્રી પનાલાલ લાલચંદ શાહ
રાવપુરા, કોઠી પોળ, નંદકુંજ, વડોદરા

સરસ્વતી પુસ્તક ભંડાર
રતનપોળ, હાથીખાના, અમદાવાદ.

---

## સંવચ્છરી પ્રતિક્રમણની સળંગ વિધિ (૪૦ રંગીન ચિત્રો સાથે)

પૂ. મુનિશ્રી યશોવિજયજીએ તૈયાર કરેલી, દરેક સૂત્રો વગેરેની સમજણ સાથેની, વાંચતા જાવ અને પ્રતિક્રમણ થતું જાય તે જાતની વિધિની બીજી આવૃત્તિ પ્રગટ થઈ છે. કીં. રૂા. ૨–૫૦ છે. અને તે મુંબઈ પાયધુની ગોડીજી જૈન દેરાસર, અને વાલકેશ્વર જૈન દેરાસર, રીજ રોડ, મુંબઈથી મળી શકશે.

## ત્રણ ઉપાસકો

લેખક : રાજયશવિજયજી

ત્રણ જુદા જુદા ધુની એક સાથે થઇ ગયા. ત્રણે ધુની એક બાગમાં પહોંચ્યા. એક જ સમયે ત્રણેની દૃષ્ટિ ફૂલ પર ગઈ.

પહેલા એ દોડી ગયા. એક જણે ફૂલ ચૂંટવા હાથ ઉપાડયો. બીજાએ તોડયા વિના સૌરભ લેવા નાક નજીક કર્યું. ત્રીજો ત્યાંજ ઊભો રહ્યો અને બોલ્યો. "હું તો અહીંથી જ સુંઘીશ અહીંથી જ નિહાળીશ. મારી માફક સારીય સૃષ્ટિને સુંઘવાનો-નિહાળવાનો અધિકાર છે.

પહેલો સુંદરતાનો ઉપાસક છે. માટે જ આક્રમક છે. વસ્તુના અસ્તિત્વનો પડકાર=સૌંદર્ય છે.

બીજો ફૂલની ગંધ અને રંગનો સ્વીકાર કરે છે. સત્યનો સંશોધક બને છે. સ્વીકાર=સત્ય

પણ ત્રીજો સૌંદર્ય સુગંધ મેળવે છે. વૃક્ષથી વિખૂટું ન પડે ત્યાં સુધી જ ફૂલ છે. સત્યનો સ્વીકાર છે. અને બધાને મળવું જોઇએ એ ખ્યાલ કરે છે = પરોપકાર. આ જ શિવ છે

સુંદર, સૌંદર્ય = અસ્તિત્વને પડકાર.

સત્ય=અસ્તિત્વનો સ્વીકાર.

શિવ = પડકાર+સ્વીકાર+પરોપકાર.

વચમાં રહેલું શિવ સત્ય અને સૌંદર્ય બંનેમાં વ્યાપક છે, બંનેમાં છુપાયેલું છે. દીપકની માફક સત્ય અને સૌંદર્યનું જ્ઞાન કરાવે છે. ત્રાજવાના ધડાની માફક સત્ય અને સૌંદર્ય બંનેને ઉંચકી લે છે.

# શ્રી જૈન શ્વેતામ્બર

# દાન માટે..... .....

છેલ્લા છ દાયકાથી ભારતભરમાં જૈન ધાર્મિક શિક્ષણના પ્રચારનું કાર્ય કરતા શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડને પર્યુષણ પર્વમાં ઉદાર દિલે દાન આપીને શ્રુતજ્ઞાનની ભક્તિનું પુણ્ય ઉપાર્જન કરો.

■ બોર્ડ દર વરસે એક થી છ ધોરણની તેમજ વિનિત, વિશારદ અને ભૂષણની લેખિત પરીક્ષાઓ લે છે.

રૂા એક લાખનું કાયમી ફંડ...

બોર્ડની આર્થિક પરિસ્થિતિ છેલ્લા કેટલાક સમયથી ચિંતાજનક હતી. થોડાક ઉદાર શ્રુતજ્ઞાનપ્રેમીઓના પ્રોત્સાહનથી બોર્ડને એક નવું બળ મળ્યું છે. અને બોર્ડને આર્થિક ચિંતામાંથી કાયમ માટે મુક્ત કરવાની પ્રેરણા મળી છે. એજ્યુકેશન બોર્ડ તેની જૈન ધાર્મિક શિક્ષણ પ્રવૃત્તિને વધુ વિકસાવી શકે અને વ્યવસ્થિતપણે ચલાવી શકે તે હેતુથી બોર્ડે રૂા. એક લાખ રૂપિયાનુ કાયમી ફંડ કરવાનો નિર્ણય કર્યો છે.

ઉદાર દાતાઓ સિવાય શ્રી જૈન સંઘ પોતાના જ્ઞાનખાતામાંથી, સંસ્થાઓ અને ટ્રસ્ટો પોતાના શૈક્ષણિક ફંડમાંથી પણ થોડી રકમ ફાળવીને બોર્ડના હાથ મજબૂત બનાવી શકે છે.

આપ આપનો ફાળો આજે જ નોંધાવો અને શ્રુતજ્ઞાન દાનનું મહાપુણ્ય ઉપાર્જન કરો.

## એજ્યુકેશન બોર્ડ-મુંબઈ

## ..... ....અપીલ

■ પ્રથમ પાંચ નંબરના સફળ વિદ્યાર્થીને પારિતોષિકો તેમજ બીજાઓને પણ પ્રોત્સાહક ઈનામો આપે છે.

■ વરસે રૂા. ૩૫૦૦ જેટલી રકમના વિવિધ ઈનામો અપાય છે. પરીક્ષકોને પણ પુરસ્કાર અપાય છે.

...કરવાનો નિર્ધાર. સહકાર આપો અને અપાવો.

સમાજમાંથી માત્ર સો જ દાતાઓ રૂા. ૧૦૦૧નું બોર્ડને દાન કરે તો બોર્ડનો આ લક્ષ્યાંક સિદ્ધ થવો મુશ્કેલ નથી. આ માતબર રકમના દાન સિવાય પણ રૂા.૫૦૧ આપી પેટ્રન બનીને રૂા. ૨૫૧ આપી પ્રથમ વર્ગના લાઈફ મેમ્બર બનીને રૂા.૧૦૧ આપી દ્વિતિય વર્ગના લાઈફ મેમ્બર બનીને બોર્ડની સમ્યક્ પ્રવૃત્તિને વેગ આપી શકાય તેમ છે.

— નિવેદકો —

ડૉ. જયંતિલાલ સુરચંદ બદામી [પ્રમુખ]
શાંતિલાલ મગનલાલ શાહ [માનદ મંત્રી]

**શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બોર્ડ**

૨૦, ગોડીજી બીલ્ડીંગ, બીજે માળે, વિજયવલ્લભ ચોક, મુંબઈ-૨

## ધર્મનું પાલન શું ?

લેખક : લબ્ધિશિશુ

શ્રી પરમોપકારી શ્રી જિનેશ્વર ભગવંતો સર્વ જીવોના કલ્યાણ માટે શ્રી જિનધર્મની સ્થાપના કરે છે. તેમાં પ્રધાન રુપે અભયદાન ધર્મનું કથન કરે છે. દેવોમાં જેમ વીતરાગ, ગુરુઓમાં નિર્ગ્રન્થ મુનિઓ, ધર્મમાં શ્રી જિન કથિત ધર્મ, તીર્થોમાં જેમ શ્રી શત્રુંજય, ગિરિવરોમાં મેરૂપર્વત, ન્યાયનિષ્ઠોમાં શ્રી રામચંદ્રજી, તારામાં ચંદ્ર, મંત્રોમાં શ્રી નવકાર, પંખીમાં ઉત્તમ હંસ, કુલોમાં શ્રી ઋષભદેવનો વંશ, ક્ષમાવંતમાં શ્રી અરિહંત, સતીઓમાં સીતા વિ. પર્વોમાં શ્રી પર્યુષણપર્વ તેમ ધર્મોમાં શ્રી અભયદાન એ શ્રેષ્ઠ છે ! અભયની ઈચ્છાવાળાને સઘળાયે જીવોને અભય આપવું પડશે, આપણને ભય-બીક ગમતા નથી તેમ દુઃખ-મરણ, આધિ વ્યાધિ ઉપાધિ વિ. ત્રાસજનક હોવાથી ગમતા નથી. તેમ આપણા તરફથી પણ પ્રાણી માત્રને ભય, બીક, દુઃખ, મરણ, આધી-વ્યાધિ, ઉપાધિ વિ. થવી ન જોઈએ. અભય આપ્યા સિવાય કોઈપણ વ્યક્તિ અમરપદ (મોક્ષ)ને પામી નથી.

આ પર્વની ઉત્તમ કોટિની આરાધના કરી જીવ માત્રની રક્ષા પોષણ માટે આપણે સૌએ પ્રયત્નશીલ રહેવું જ જોઈએ. જેથી ઉત્તમોત્તમ અનંત અવ્યાબાધ સુખને પ્રાપ્ત કરી શકીએ.

# ઈ[redacted]ટ[redacted]માં ઈમારત!

: લેખક :
મુનિશ્રી પૂર્ણચન્દ્રવિજયજી

આકાશમાં ઘનઘોર વાદળ-દળ ગોરંભતાં હતાં. મુશળધારે વરસતાં વાદળોએ, ચોમેર જળ-બંબાકાર સરજ્યો હતો. નદીઓ બે કાંઠે વહી રહી હતી. રૂપેણનાં પાણી, કનોડામાં ઘૂસ્યાં હતાં ને રાજમાર્ગો પાણીમાં અદૃશ્ય બની ગયા હતા !

એક બે ને ત્રણ દિવસ !

વરસાદ હજી સાવ અટક્યો નહોતો. આકાશ હજી સાવ નિરભ્ર ન હતું.

આવી આ વર્ષા-ઋતુમાં એક નારી, વારંવાર બારીએ ડોકાતી હતી ને ચોમેર વરતાઈ રહેલાં જળબંબાકારને જોઈને એ મનોમન બોલતી હતી :

"ઓ ! મેઘરાજા ! હવે તો ખમૈયા કરો. મારી પ્રતિજ્ઞાની નૈયા તમારા હાથમાં છે. આજે ત્રણ દિવસ વીત્યા, ન મેં ખાધું છે, ન મેં પીધું છે !"

ને આસપાસ-ચોપાસ ઘૂઘવતાં પાણીને જોઈને એ નારી પાછી પોતાની સાધનામાં ખોવાઈ જતી.

પ્રતિજ્ઞા પથ્થરની રેખ જેવી હતી, ત્રણ-ત્રણ દિવસ વીત્યા છતાં નારી દિલ ડગ્યું ન હતું. આખો દિવસ એ ધર્મ-સાધના કરતી ને મનોમન એ મેઘરાજાની મહેરબાની માનતી : મેઘ ! મહેરબાની તારી ! તેં આવી રીતેય મને સાધનાની તક આપી.

સાત-આઠ વરસના જસવંતનો, તો આખો દિવસ જ આ મેઘલીલા જોતાં વીતી જતો. એ આકાશને પ્રાર્થતો : રોજ-રોજ વાદળને મોકલજે. આ પાણીમાં મારી નાવડી કેવી તરે છે ?

પણ, જસવંતને ખબર ન હતી કે આ વરસાદ તો પોતાની 'મા' માટે ઉપસર્ગ હતો. છેલ્લાં બે-ત્રણ દિવસથી એ જોતો કે, મા જમવા નથી આવતી ! પણ, માની ધર્મભાવના, એને બીજો કોઈ વિચાર કરવા ન દેતી. એ સમાધાન કરી લેતો : માને કોઈ વ્રત-પચ્ચખાણ હશે ?

ચોથા દિવસની બપોરે પણ જ્યારે, મા વિનાનું રસોડું જોયું ત્યારે, જસવંતનું હૈયું હાથ ન રહ્યું. પીરસેલાં ભાણાંને પડતું મૂકીને, એ મા પાસે દોડી ગયો. એણે ગળગળા સાદે પૂછ્યું :

"મા ! મા ! તું જમતી કેમ નથી ? આજે ચોથો દિવસ થયો. તારા વિના મને ખાવું ભાવતું નથી. મા વિના સૂનો સંસાર, જેમ ગોળ વિના ફિક્કો કંસાર !"

સૌભાગદે આ બાળરમત પર હસી ગઈ. એને થયું : બાળક વળી બાધામાં શું સમજે ! છતાં પુત્રપ્રેમ એની પાસે દિલ ખોલાવી ગયો :

"બેટા ! પહેલી પ્રતિજ્ઞા ! પછી પેટ ! તને તો ક્યાંથી ખબર હોય કે, રોજ ગુરુ મુખે ભક્તામરસ્તોત્ર સાંભળીને પછી જ હું દાતણપાણી કરૂં છું. ભક્તામરસ્તોત્ર સાંભળીને પછી જ ભોજન કરવાનો મારો નિયમ છે. બેટા ! તું ભણ્યો હોત તો તારી આ માને આજે ઉપવાસ ન કરવા પડત !"

મા-સૌભાગદેવીની આ ભીષ્મ-પ્રતિજ્ઞાનો ખ્યાલ આવતા જ જસવંતના જિગરમાં એક વિચાર ઝબૂકી ગયો. આમ, તો એ રોજ માની આંગળી ઝાલીને દેરાસરે ને ઉપાશ્રયે જતો ને મા ભક્તામર સાંભળી રહે ત્યાં સુધી એ શાંતિથી બેસી રહેતો. પણ, માને આવી પ્રતિજ્ઞા હશે, એનો ખ્યાલ એને આ પળે જ આવ્યો.

જસવંત જરા ગંભીર બની ગયો. આંખ મીંચીને જાણે એણે કંઈક યાદ કરી લીધું. પછી, માના ખોળામાં બેસતાં એ બોલ્યો :

"મા ! મા ! તેં આ વાત આટલા દિવસ સુધી મારાથી છાની-છુપી રાખી, એમ ને ? જા, આજે તો તારા વિના હું નહિ જ જમું ! ભક્તામર તો લાવ, હું સંભળાવી દઉં !"

માને થયું : આ બાળક વળી ભક્તામરમાં શું સમજે ? એણે વાત્સલ્યથી બેટાનો બરડો પંપાળ્યો. પછી એણે કહ્યું :

"બેટ ! આવી હઠ ના કરીએ ! જા, જમી લે. રસોઇ ઠંડી થાય છે. આકાશમાં જરા ઉઘાડ થાય એટલી જ વાર છે. પછી હું જમવાની જ છું ને ?"

પણ, જસવંતે વાત ન મૂકી એણે હઠ લીધી :

"મા પણ, હું ભક્તામર સંભળાવી દઉં પછી, તને જમવામાં વાંધો શું છે ? મારૂં ભક્તામર તને ગમતું હોય તો કંઇ નહિ ! જા, આજે હું નહિ જમું !"

સૌભાગ્દેને નમતું જોખવું પડયું. મનોમન તો એ બબડી : આ વળી મારી પ્રતિજ્ઞા પૂરી કરશે ? ભગવાનનું નામ લો ! પણ, બાળહઠ નામ કોનું ? એ બોલી :

"બેટા ! ચાલ, સંભળાવ, ભક્તામર ! એક શબ્દ પણ ઓછો-વત્તો હશે તો હું નહિ જમું હોં !"

"હાં, હાં, કબૂલ, કબૂલ ! એક મીંડુ રહી જાય તો પણ તારે નહિ જમવાનું, બસ !"

જસવંત નાચી ઉઠયો. હસતો-રમતો એ માની સામે બેસી ગયો.

માને વિશ્વાસ ન હતો : આ દૂધિયો દીકરો વળી મારી પ્રતિજ્ઞા શું પૂરી કરવાનો ?

જસવંતને આત્મવિશ્વાસ હતો : મારાં ભક્તામરમાં મીંડાની પણ ભૂલ કેવી ?

ભક્તામરનો પાઠ શરૂ થયો; એક ગાથા, બે ગાથા ને ત્રણ ગાથા ! માના અચરજનો પાર ન રહ્યો : આ છોકરો વળી કયાંથી પંડિત બની આવ્યો.


# શ્રી સમેતશિખરજી-પાવાપુરી જૈન યાત્રા પ્રવાસ

卐 卐 卐

દીવાળી-પાવાપુરી] ૪૫ દિવસનો ભરચક કાર્યક્રમ [કાર્તિક પુનમ-કલકત્તા...

☆ કલ્યાણક ભૂમિઓ અને ઐતિહાસિક સ્થળોની યાત્રાનો અમૂલ્ય અવસર.

☆ અમદાવાદથી સંપૂર્ણ સગવડતાવાળા રીઝર્વ ડબામાં ઉપડશે.

☆ મર્યાદિત ટીકીટો લેવાની છે. વિગત માટે મળો અગર લખોઃ-

**શાહ જૈન ટ્રાવેલર્સ**
૧૨૬૪, રાયપુર, શામળાની પોળ
**અમદાવાદ-૧**
સંચાલકઃ **કાંતીલાલ કે. શાહ**
(સ્પેશ્યલવાળા)

વધુ જાણ માટેઃ-
**શાહ જૈન ટ્રાવેલર્સ**
દોશીવાડાની પોળની પાસે
જૈન આરામ મંદિર,
**અમદાવાદ**

卐 卐 卐

આપના યાત્રા પ્રવાસ માટે જરૂરી રેલ્વેના ડબ્બા તેમજ રાજસ્થાની લકઝરી બસ વગેરેની તમામ વ્યવસ્થ યોગ્ય મહેનતાણું લઇ અમો કરી આપશું.
પ્રવાસ યાત્રામો યાત્રામાં સરળ અને સુખદાયી કરી આપવા માર્ગદર્શન પણ આપીશું.

મીંડાની ભૂલ નહિ, ઉચ્ચારની અશુદ્ધિ નહિ, જાણે પંડિત પઢી રહ્યો।

એક પણ ભૂલ વિના, જ્યારે જસવંતે ભક્તામરનો પાઠ પૂર્ણ કાર્યો, ત્યારે મા પોતાના આ બાળની બુદ્ધિ પર ઓવારી ગઈ. એનું માથું ચુમતા એ બોલી :

" બેટા ! તું મારાથીય છાનું-છુપું રાખે છે ?"

"કેમ મા આવું બોલે ?"

જસવંતે આશ્ચર્ય બતાવ્યું.

" મારા ખોળામાં બેસાડીને હું તને રોજ ભણાવું છું. હજી તો બે પ્રતિક્રમણથી તું આગળ વધ્યો નથી ને આ ભક્તામર તને કયાંથી આવડી ગયું ?

આશ્ચર્ય સાથેનો માનો આનંદ જોઈને જસવંત નાચી ઉઠયો. એ બોલ્યો :

" મા ! કેમ વળી તું ભૂલી ગઈ ! તારી સાથે ઉપાશ્રયે હું રોજ-રોજ આવતો ને ભક્તામર સાંભળતો, એટલે મને એ યાદ રહી ગયું. ચાલ, હવે તો જમવા આવીશ ને ?

જસવંતે માનો પાલવ ખેંચ્યો.

સૌભાગદે ઊભી થઈ ગઈ. પ્રતિજ્ઞા હવે પૂરી થઇ ગઇ હતી.

ભવિષ્યની મહાન ઇમારત, એક ઇંટમાં સૂતેલી હોય છે. સાગર શી વિશાળ સરિતાનું ઉગમ શરૂઆતમાં તો એક નાના શા ઝરણ જેવું જ હોય છે. ખરે જ ઇંટમાં ઈમારત-આ સત્ય સૌભાગદેને આજે સમજાયું હતું.

આ જસવંત, આગળ જતાં ઉપાધ્યાયજીશ્રી યશોવિજયજી ગણિવરમાં પલટાયો !

[ તાજેતરમાં પ્રસિદ્ધ થયેલ પુસ્તક 'શ્રી અમર ઉપાધ્યાયજી'માંથી


દરેક ઉદ્યોગોને ઉપયોગી

એનોડાઇઝ એલ્યુમીનીયમની અવનવી-કલાત્મક-રંગબેરંગી

એડવર્ટાઇઝીંગ નોવેલ્ટીઝ અને મેટલ બેબલ્સ

માટે લખો :

# એક્ષેલ પ્રોસેસ પ્રા. લી.

૨૨-ડી. પારસીબજાર સ્ટ્રીટ, મુંબઈ-૧.

ટેલીફોન : ૨૫૯૧૮૧

# શ્રી સ્તંભતીર્થમાં અજોડ આરાધના

અતિપ્રાચીન તીર્થભૂમિરૂપ શ્રી ખંભાત શહેરના શ્રી સંઘના પ્રબળ પુણ્યોદયે શ્રી સંઘની અતિઆગ્રહ ભરી વિજ્ઞપ્તિથી પ. પૂ. શાસનસમ્રાટ પરમગુરૂદેવ આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજશ્રીની જન્મશતાબ્દીના ચાલુ વર્ષના ચાતુર્માસ માટે તપાગચ્છનાયક આચાર્યશ્રી વિજયનન્દનસૂરીશ્વરજી મ.શ્રી, પંન્યાસ પ્રવરશ્રી સૂર્યોદયવિજયજી ગણિવર્યાદિ મુનિરાજો પધાર્યા છે.

મેઘના આગમનથી મયૂરને, ચંદ્રના ઉદયથી સમુદ્રને, અને સૂર્યના ઉદયથી સમગ્ર જગત્‌ને જેમ અપાર આનંદ-ઉલ્લાસ થાય છે, તેમ અમારા શ્રીસંઘમાં પણ પૂજ્ય ગુરૂદેવના આગમનથી અવર્ણનીય આનંદ-ઉલ્લાસ અને ઉત્સાહની છોળો ઉછળી રહી છે.

પૂજ્યશ્રીની પાવનકારી છાયામાં અજોડ આરાધનાઓ પણ થઈ રહી છે. અષાડ શુદિ પાંચમે પૂજ્યપાદ આચાર્ય ભગવંતે સ્વયંમુખે શ્રીનંદીસૂત્રની દેશનાનો મંગલ પ્રારંભ કર્યો. અને પૂ. પંન્યાસજી મહારાજે ભાવનાધિકારે શ્રીમણિપતિરાજર્ષિ ચરિત્રનું વ્યાખ્યાન પ્રારંભ્યું. આ–અમારાં મહાન્ ભાગ્યના ઉદયે પ્રાપ્ત થયેલા અણમોલ અવસરનો લાભ લેવા માટે આખો યે સંઘ પુલકિતચિત્તે ઉત્સુક, જાગૃત બન્યો. અષાડ શુદ પાંચમના દિવસે સૂત્રપ્રારંભના મંગલ પ્રસંગને ઉનુલક્ષીને શ્રી જ્ઞાનપદની આરાધનાના આંબેલ તપ કરાવવામાં આવ્યાં. પછી તો એક પછી એક આરાધનાઓ શરૂ થઈ.

શ્રાવણ શુદ ચોથથી આઠમ સુધી શ્રી સ્વર્ગસ્વસ્તિક તપની અનુપમ આરાધના થઈ. એમાં લગભગ ૧૧૧ ભાવિકો જોડાયાં હતાં. આજ દિવસોમાં શ્રી ઓસવાળ જૈન સંઘના ઉપાશ્રયે અષ્ટમહાસિદ્ધિ તપ કરાવવામાં આવ્યો. તેમાં પણ સારી સંખ્યામાં આરાધકોએ લાભ લીધો.

એકાસણાં કરનારને પ્રતિદિન જુદી જુદી મીઠાઈઓની લ્હાણી કરવામાં આવતી હતી. તપના આરાધકોને બીજી પ્રભાવનાઓ પણ થયેલ. અષ્ટમહાસિદ્ધિ તપ કરનારા ભાવિકોને છેલ્લાં પાંચ દિવસ સામુદાયિક એકાસણા કરાવાયા હતાં.

પૂજ્યપાદ ગુરૂદેવના વૈરાગ્ય રસભરપુર, અમૃત કરતાં યે મધુર, પ્રેરણાદાયક વ્યાખ્યાનો હંમેશા ચાલુ જ હતાં. તેઓશ્રીએ અઠ્ઠમતપનો અનેરો મહિમા વર્ણવ્યો. આરાધક જીવે વર્ષ દરમીયાન 'એક અઠ્ઠમ'નું તપ અવશ્ય કરવું જ જોઈએ, એ પણ ફરમાવ્યું. આથી અમારા શ્રીસંઘમાં સામુદાયિક અઠ્ઠમ તપ આરાધવાની ભાવનાનો આવિર્ભાવ થયો. એ


યશોભારતી જૈન પ્રકાશન સમિતિ તરફથી બહાર પડેલ

ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી વિરચિત

"वैराग्य रति"

[ કિં. રૂા. ૮, પોસ્ટેજ અલગ ]

( ૬ હજાર શ્લોક, ૩૦૦ પૃષ્ઠ, ક્રાઉન ૮ પેજી )

સંશોધક, પૂ. પં. શ્રી રમણિકવિજયજી ગણિ

મંગાવાનું સ્થળ : યશોભારતી જૈન પ્રકાશન સમિતિ

૪૮, ગોવાલીયા ટેન્ક રોડ. મુંબઈ–૨૬

તથા સરસ્વતી પુસ્તક ભંડાર, રતનપોળ, હાથીખાના, અમદાવાદ

ભાવનામાં પૂજ્યપાદ ગુરૂદેવે ફરમાવ્યું કે :– 'પાલિતાણા–શત્રુંજય મહાતીર્થની પાસે 'શ્રી શત્રુંજયા ડેમ તીર્થ'ની પવિત્ર સ્થાપના ગતવર્ષે થઇ છે. તેમાં મહામહિમશાલી કલિકાલ કલ્પતરૂ સમા સહસ્રફણા શ્રી શત્રુંજય પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા થઈ છે. તે શ્રી પ્રભુની આરાધના નિમિત્તે અખંડજાપ સહ અઠ્ઠમ તપ કરો'.

પૂજ્યપાદશ્રીના આ ઉપદેશને સંઘે વધાવી લીધો, અને તરત જ આરાધકોના નામ લખવા શરૂ થયા. જોતજોતામાં તો ૨૫૦ની અજોડ–અનુપમ સંખ્યા થઈ ગઈ. આમાં ૫૪ તો નાનાં બાળક–બાળિકાઓ હતાં. સૌએ શ્રી શત્રુંજય પાર્શ્વનાથના નામનો ચમત્કાર નજરે જોયો. સૌએ ઉલ્લાસભેર નામો નોંધાવ્યા પાંચે નાતના આરાધકો આમાં હતા.

શ્રાવણ શુદિ બારસે સાંજે શેઠ બુલાખીદાસ નાનચંદ તરફથી અત્તરવારણા કરાવવામાં આવ્યા. અને શ્રાવણ શુદ પ્ર. ૧૩ થી અઠ્ઠમની આરાધના શરૂ થઈ. સવારે સ્તંભતીર્થ તપાગચ્છ જૈન સંઘના–લાડવાડાના ઉપાશ્રયમાં વ્યાખ્યાન હોલમાં શ્રી શત્રુંજય-પાર્શ્વનાથ પ્રભુની મનમોહિની છબી વધરાવવામાં આવી. તેનું ૪૦ મણ ઘી થયું. તે છબીને ફૂલમાલ પહેરાવવાનું અને અખંડદીપ સ્થાપનનું પણ સારૂં ઘી થયું. બાદ શ્રી મહાવીર સ્નાત્ર મંડળે પ્રભુ-ભક્તિની ધૂન મચાવી દીધી. અને ૮ વાગે પૂ. ગુરૂદેવોના સાંનિધ્યમાં દેવવંદન–જાપ–ખમાસમણા, કાઉસગ્ગાદિ ક્રિયાઓ થઈ.

અઠ્ઠમના ત્રણે દિવસ દરમ્યાન પર્યુષણા જેવું આરાધનામય વાતાવરણ બની રહ્યું. રોજ સવારે ૭ થી ૯ ઉપાશ્રયમાં ધૂન–ક્રિયા, ત્યાર પછી ૧ાા કલાક વ્યાખ્યાન શ્રવણ. અને ત્યારબાદ શ્રી સ્તંભન પાર્શ્વનાથના જિનાલયે સ્નાત્રમહોત્સવ ૧૧ા વાગે શરૂ થાય, તે ત્રણ વાગ્યા સુધી ચાલે. મહાવીર સ્નાત્ર મંડળના સંસ્કારી કિશોરોની ભક્તિ નિરૂપમ હતી. હંમેશા આરતી–મંગલ દીવો–શાંતિકળશનું સારાં પ્રમાણમાં બોલાતું.

સ્નાત્ર પછી જાપ, અને સાંજે પ્રતિક્રમણ.


*Grams : SABUWALA* *Phone : 3419*

# AJEETRAJ & CO.,

IMPORTERS & EXPORTERS
SAGO, STARCH, TAMARIND, SEEDS & SAGO WAFERS
MARCHANTS & COMMISSION AGENTS.
60 Suramangalam Main Road,
Leigh Bazar, SALEM-9

*Associated Concern:*

**Padma Sago Wafer Industries**

*Dealers in*

STARCH, SAGO, & SAGO PAPAD
60, Suramangalam Main Road,
*LEIGH BAZAR*, SALEM-9 636009

ત્રણે દિવસ અખંડ જાપ રાત–દિન શરૂ હતો. ખંભાતના જૈન જૈનતરોમાં આ તપની પ્રભાવના–અનુમોદના ઘણી જ સારી થઈ.

શ્રાવણ શુદિ પુનમના દિવસે સવારે શેઠ સોમચંદ પોપટચંદ તરફથી સામુદાયિક પારણાં સુંદર રીતે કરાવવામાં આવ્યાં. તે વખતે શ્રી શત્રુંજય પાર્શ્વનાથના ફોટાની, રૂપિયાની, સાકરના પડાની, પેંડાની, હલવાસનની, વ. અનેક પ્રભાવનાઓ જુદાં જુદાં ભાવિકો તરફથી થઈ હતી.

દર રવિવારે પ. પૂ. પંન્યાસજી મ. શ્રી સૂર્યોદયવિજયજી ગણિવર્યનું 'જાહેર પ્રવચન' બપોરે ૩ થી ૪–૧૫ ચાલુ જ છે. જેનો લાભ અસંખ્ય જિજ્ઞાસુ શ્રોતાઓ લે છે. પૂજ્યશ્રી આ પ્રવચનોની શ્રેણિમાં 'આત્મ કથા' વિષય પર આત્માની સિદ્ધિ અનેક પ્રકારના પ્રમાણો–યુક્તિઓ પુરઃ સર રોચક શૈલીમાં કરે છે, અને એ સાથે તરંગવતી–તરંગલોલાની જીવનકથા પણ સરસ રીતે ફરમાવે છે. સારાંશ કે પૂજ્યપાદ પરમદયાળુ આચાર્ય ગુરૂદેવ આદિના ખંભાતમાં પધારવાથી શ્રીસંઘમાં અપાર આનંદ–મંગળ વર્તાઈ રહ્યાં છે.

પર્યુષણા પર્વ પછી અન્યાન્ય મહોત્સવોની સાથે સાથે પ. પૂ. શાસનસમ્રાટ ગુરૂભગવંતની જન્મશતાબ્દીનો ભવ્ય મહોત્સવ ઉજવવાનો નિર્ણય શ્રીસંઘમાં લેવાઇ ગયો છે. આયોજન ચાલુ છે.


## ❋ વ્યાપાર કૌશલ્ય ❋

જેમાં રળવાના એકસો માર્ગો બતાવ્યા છે.
મુલ્ય રૂા. ૨–૮૦ પોસ્ટ ખર્ચ અલગ.
**જૈન કાર્યાલય, ભાવનગર.**

અવશ્ય વાંચો "જૈન" સાપ્તાહિક–વા.લ. રૂા. ૧૩



# શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ

હેડ ઓફિસ : અમદાવાદ

શાખા : પાલિતાણા

અમદાવાદમાં સ્થપાયેલ આ સંસ્થાની શાખા પાલિતાણામાં છેલ્લા એક વર્ષથી શ્રી શ્રમણ વૈયાવચ્ચનું કાર્ય શરૂ કરી, શ્રી શત્રુંજય તીર્થાધિરાજમાં બિરાજમાન સાધુ–સાધ્વીજી મહારાજોની સગવડો–સુવિધાઓ કરી આપી સેવાભક્તિનો લાભ લઈ રહેલ છે. દવાઓ વગેરે પ્રકારની સુવિધાઓમાં માસિક રૂપિયા એક હજારનો ખર્ચ કરવામાં આવે છે.

સર્વે સાધર્મિક ભાઈ–બહેનોને વિનતિ છે કે પૂ. શ્રમણ વૈયાવચ્ચનું કાર્ય સમયસર અને વ્યવસ્થિત ચાલે, તે માટે યોગ્ય સાથ–સહકાર આપવા વિનંતી છે. જરૂરી સલાહ સૂચનો માટે સસ્થાની ઓફિસની મુલાકાત લેવા વિનંતી છે, સલાહ માટે મળેલ રકમની પાકી પાવતી સત્તાવાર મોકલી આપવામાં આવે છે.

શ્રી લાલભાઈ એલ. પરીખ
સંચાલક
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ
( હેડ ઓફીસ )
પરીખ બીલ્ડીંગ, એલીસબ્રીજ
અમદાવાદ. ૬

લી. સેવકો :
ડૉ. ભાઈલાલ એમ. બાવીશી–પ્રમુખ
એમ. બી. બી. એસ.
સોમચંદ ડી. શાહ –મંત્રી
પં. કપુરચંદ આર. વારૈયા–સહમંત્રી
શ્રી શ્રમણ વૈયાવચ્ચ સંઘ (શાખા)
ઠે. મગનલાલ મોદીની ધર્મશાળા
પાલિતાણા (સૌરાષ્ટ્ર)

# પૂ. આચાર્યશ્રી વિજયસુદર્શનસૂરીશ્વરજી મહારાજનું નાસિકમાં ચાતુર્માસ અને ઉત્સાહ સાથે થયેલ વિવિધ ધર્મપ્રભાવનાઓ

સુવિશાલ ગચ્છાધિપતી આચાર્ય શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજના પરમ વિનયી અખંડ વૈરાગ્યના ઉપદેશક આચાર્ય વિજયસુદર્શનસૂરીશ્વરજી મહારાજની પરમ પાવનકારી શુભ-નિશ્રામાં વ્યાખ્યાન શ્રેણીથી થયેલ અપૂર્વ ઉત્સાહભેર ધર્મઆરાધના.

વ્યાખ્યાન શ્રેણીથી નવયુવકોમાં સારો એવો ઉત્સાહ જણાવાથી સવારના વ્યાખ્યાન સમયે દુકાનો બંધ રાખવામાં આવે છે. વ્યાખ્યાનમાં સ્થાનકવાસી, વૈષ્ણવો, વકીલો તથા વૈદ્યો વિગેરે ઘણા સારા જ પ્રમાણમાં ભાગ લે છે. વ્યાખ્યાનમાં પર્યુષણ જેવો ઉત્સાહ જાગેલ છે.

જેઠ વદ ૨ના દિવસે અહિંના મહાવીર સોસાયટીના સંઘના આગ્રહથી પૂ. આચાર્યદેવ આદિ મુનિવરો ચતુર્વિધ સંઘ બેન્ડ સાથે વાજતે ગાજતે પધારતા પાઠશાળાના વિદ્યાર્થીઓએ ઘણો જ સારો લાભ ઉઠાવેલ. રસ્તાઓમાં અનેક જગ્યાએ ગહુંલીઓ થઈ હતી. અને દેરાસરના દર્શન કરી માંગલીક સંભળાવવામાં આવ્યું હતું. વ્યાખ્યાન માટે ભવ્ય મંડપ બાંધેલ તથા દરવાજા, કમાનો વગેરેથી સુશોભિત કરેલ. વ્યાખ્યાન બાદ સારી પ્રભાવના કરેલ. પ્રભુજીની લાખેણી આંગી રચવામાં આવેલ. જેના દર્શનનો લાભ સારો લેવાયેલ.

અષાઢ સુદ ૧ના વ્યાખ્યાન હોલમાં સૂત્ર વાંચન માટે શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર તથા શ્રી જૈન રામાયણને ઘરે લઇ જવા માટે ચઢાવા બોલાવેલ અને તેનો સારો એવો લાભ શ્રી ચન્દ્રકાન્ત મણિલાલે તથા ગુરૂપૂજનનો ચઢાવો શ્રી રમેશ ભુરાલાલે લીધેલ. જ્ઞાનપૂજન, ગુરૂપૂજન આદિના ચઢાવા ઘણા જ સારા થએલ. તે દિવસે સૂત્ર આગળ રાત્રિ જાગરણ તથા ભાવના પણ થયેલ અને ભાવનામાં જીનભક્તિ મંડળે સારો એવો રંગ જમાવ્યો હતો.

અષાઢ સુદ ૨ના સવારે પૂજ્ય આચાર્ય વિજય-સુદર્શનસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા ૪ તથા સાધ્વીજી શ્રી મોક્ષલત્તાશ્રીજી આદિ ઠાણા ૪ ચતુર્વિધ સંઘ બેન્ડ સાથે વાજતે ગાજતે શ્રી ચન્દ્રકાન્ત મણિલાલને ત્યાં પધાર્યા. ત્યાં તેઓના કુટુમ્બ જનોએ ગુરૂપૂજન કરી કાંબળી વગેરે વહોવવાનો લાભ લીધો હતો, અને સંઘના ભાઇ–બહેનોનું કંકુનો ચાંદલો કરી બહુમાન પૂર્વક એક એક રૂપિઆની પેરામણ કરવામાં આવી હતી. રસ્તામાં ગહુંલીઓ આદિ ઘણી સારી થએલ. પૂર્વ અવસ્થાના તેઓશ્રીના પિતાશ્રી હાલ શ્રી મણિ-શેખરવિજયજી આદિનું પણ ગુરૂપૂજન થએલ. તથા સાધ્વીજી મહારાજનું પૂજન કરી કપડા આદિ વહોરાવવામાં આવેલ. આ પછી ઘણી ધામધુમથી સૂત્રનો વરઘોડો કાઢી ઉપાશ્રયમાં ઉતર્યો હતો. ચઢાવા બોલનારે પૂ. આચાર્ય મહારાજને સૂત્ર વેરાવ્યા બાદ ગુરૂપૂજન, જ્ઞાનપૂજન વગેરે ક્રિયા થઈ. તે જ દિવસે વાચનની શરૂઆત કરવામાં આવી હતી. લોકોની સારી મેદની જામી હતી.

અષાઢ સુદ ૯ના રવિવારે "માનવતાનો સંદેશ" આ વિષય ઉપર જાહેર પ્રવચન અહિંના જૈન વર્ધમાન સ્થાનકના વિશાળ ઉપાશ્રયમાં ગોઠવવામાં આવ્યું હતું. તે અંગે પેપરો દ્વારા તથા માઈક દ્વારા જાહેરાત કરવામાં આવેલ. પરંતુ વરસાદના કારણે તે જાહેર પ્રવચન અત્રે જ જૈન નવા ઉપાશ્રયમાં રાખવામાં આવેલ. ત્યાં જગ્યા ન મળવાથી સેંકડો લોકોને દુ:ખી હૃદયે પાછા જવું પડયું. આ સર્વ પ્રચાર તથા વ્યાખ્યાન બાદ પ્રભાવનાનો લાભ સ્થાનકવાસી શેઠ મોહનલાલજી લક્ષ્મીચંદજી પારેખે લીધેલ.

અષાડ સુદ ૧૦ ના મુંબઈવાળા શ્રી ચંન્દ્રકાન્ત પટવા તરફથી વ્યાખ્યાનમાં સંઘપૂજન થયેલ. તેમાં તેઓશ્રીએ આચાર્યદેવેશનું નવ અંગે ચાંદીના

સિક્કાથી ગુરૂપૂજન તથા અન્ય મુનિઓનું, તેમજ સાધ્વીજી મહારાજનું પૂજન કરવામાં આવ્યા બાદ શ્રી સંઘને કંકુનો ચાંદલો કરી એક એક રૂપિયાની પહેરામણિ કરવામાં આવી હતી.

અષાઢ વદ ના દિવસે શ્રી કેશવલાલ નથુભાઈના કુંટુંબીજનોના અતિ આગ્રહથી તેમના વાડામાં બીજું જાહેર વ્યાખ્યાન "માનવતાનો સંદેશ" ઉપર રાખવામાં આવેલ. ત્યાં ભવ્ય વ્યાખ્યાન મંડપ તથા દરવાજાઓને બહારથી સુશોભિત કરેલ. પૂ. ગુરૂદેવ આચાર્ય મહારાજ, ચતુર્વિધ સંઘ એન્ડ સાથે વાજતે ગાજતે પધાર્યા હતા. વ્યાખ્યાન પીઠપર આચાર્યદેવ વગેરે મુનિરો બીરાજમાન થયા બાદ તેઓના કુટુંબીજનોએ પૂ ગુરૂદેવનું ગુરૂપૂજન તથા જ્ઞાનપૂજન કરી ઘણા જ સારા પ્રમાણમાં લાભ લીધેલ. પ્રભાવના વગેરે તેઓ તરફથી થયેલ. તેજ દિવસે વર્ધમાન તપની ઓળીના પાયાની શરૂઆત થતાં તેમાં લગભગ સવાસો આયંબીલ થયેલ. પાયામાં ૭૫ ભાઈ-બહેનો જોડાયા હતા. જેમણે જીંદગીમા આયંબીલ ન કરેલા એવી વ્યકિતઓ પણ પાયામાં જોડાઈ હતી. નાની ઉમરના તેમજ નવયુવકોએ તેમાં જોડાઈને સારો લાભ લીધો હતો.

અષાઢ વદ ૬ના દિવસે શ્રી કેશવલાલ નથુભાઈને ત્યાં ખીરસમુદ્રનો તપ હોવાથી પૂજ્ય આચાર્ય શ્રી ચતુર્વિધ સંઘ એન્ડ સાથે વાજતે ગાજતે પધાર્યા હતા. અને ત્યાં જ વ્યાખ્યાન રાખવામાં આવેલ. બાદ આચાર્યદેવનું ગુરૂપૂજન, જ્ઞાનપૂજન વગેરે થયેલ. પ્રવચન પછી પ્રભાવના પણ કરવામાં આવી હતી.

પૂજ્ય આચાર્ય શ્રી વિજયસુદર્શનસૂરીશ્વરજી મહારાજશ્રીના વૈયાવચી શિષ્ય મુનિરાજ શ્રી પ્રમોદવિજયજી મહારાજને ઓગણત્રીસમી વર્ધમાનતપની ઓળી શાંતિ પૂર્વક ચાલે છે.

વાડામાં ચંદનબાળાના અઠ્ઠમ હોવાથી આચાર્યદેવ સંઘ સાથે વાજતે ગાજતે ત્યાં પધારેલ. ત્યાં ગુરૂપૂજન તથા પ્રભાવના વગેરે થએલ અને માંગલિક પણ સંભળાવેલ.

વ્યાખ્યાનમાં છસોથી સાતસોની મેદની જામે


## મીસ્ત્રી કાલીદાસ અંબાલાલ

ઠે. સાબરમતી, રામનગર જૈન દેરાસર પાછળ, અમદાવાદ-૫

**જૈન ભાઈઓને ખુશ ખબર**

જૈન દેરાસરમાં પ્રભુજીની આંગી, મુગટ, ત્રીગડાં, નવી ડીઝાઈનના ચૌદ સુપનાવાળા ભંડારો, ગોળ સિંહાસન તથા આધુનિક ઢબના આકર્ષક રથ અને પરમપુજય આચાર્ય શ્રી વિજય નંદનસૂરીશ્વરજી મહારાજે મંજુર કરેલી ડીઝાઈનના પુજનના પાટલાઓ તેમજ એકસો આઠ દીવાની ફોલ્ડીંગ આરતી વગેરે બનાવનાર :—

卐 એક વખત અવશ્ય મુલાકાત લેવા કૃપા કરશો.

卐 અમોને ઓર્ડર મળ્યા પછી તુરત જ ટુંકા ગાળામાં સંતોષપૂર્વકના કામ સાથે માલની ડીલીવરી મળશે.

છે. સાંજે પ્રતિક્રમણમાં પણ સારી સંખ્યા થાય છે. ઘણા વરસોમાં નહિ બનેલ તેવા પ્રસંગો આ વરસે આ ચોમાસામાં થઇ રહ્યાં છે. આ વખતે નવયુવાનોમાં જે જોમ આવ્યું છે એ પૂજ્યપાદ આચાર્યશ્રીનો જ પ્રભાવ કહેવાય. ખરેખર આવા મહાત્માઓના સમાગમે આ ચાતુર્માસમાં વૈષ્ણવો અને ઇતર જાતિના લોકોએ માંસ, મંદિરનો અને બ્રહ્મચર્યપાલન, રાત્રીભોજન, પરસ્ત્રીગમન વગેરે અનેક વ્રત નિયમો લીધેલ. જેનાથી સૌને સહજ આશ્ચર્ય થયું હતું. પૂજ્ય ગુરૂદેવના ઉપદેશ પ્રભાવથી અહીંના એક અગ્રણ્ય સ્થાનકવાસી શેઠશ્રી મોહનલાલ લક્ષ્મીચંદજી પારેખે તેમની દુકાન પર વૈષ્ણવ તેમ જ ઈતરજાતિના લોકોના પગારમાં વધારો કરી તેમને દારૂ, માંસ આદિના નિયમો આચાર્ય ભગવંત પાસે અપાવ્યાં. કેટલાકે તો રાત્રીભોજનના પણ નિયમો લીધા છે. આ અનુપમ પ્રભાવ તેઓશ્રીના વ્યાખ્યાનનો જ છે. શેઠ તેમ જ તેમના સર્વે નોકરો જીનમંદિરના દર્શન તથા વ્યાખ્યાનનો રોજ લાભ લે છે. અને પછી જ દુકાનો ઉઘાડે છે.

અહીંના બાળગોપાળના મુખમાંથી એક જ અવાજ કે આવું કદી બન્યું નથી. અહીં રોજ વ્યાખ્યાનમાંતથા પ્રતિક્રમણમાં જુદા જુદાં સદ્‌ગૃહસ્થો તરફથી પ્રભાવના થાય છે. બહાર ગામથી પધારેલ સાધર્મિકબંધુઓની સાધર્મિક ભક્તિનો લાભ જુદા જુદા સદ્‌ગૃહસ્થો ઉઠાવે છે અને તેની જાહેરાત–વ્યાખ્યાનમાં થાય છે. આજુબાજુના પરાઓવાળા પણ વ્યાખ્યાન આદિનો લાભ સારા પ્રમાણમાં લે છે.

શ્રાવણ સુદ ૭ના રવિવારે શ્રી સંઘના અતિ આગ્રહથી ત્રીજું જાહેર પ્રવચન "જીવનમાં ધર્મની જરૂરીઆત" આ વિષયે અહિંના સાર્વજનિક વાચનાલયના વિશાળ હોલમાં રાખવામાં આવેલ. ત્યાં નાકા ઉપર વિશાળ દરવાજો ખડો કરી આચાર્યભગવંતના નામોના બોર્ડોથી સુશોભિત બનાવવામાં આવ્યું. પૂ. ગુરૂદેવ આદિ મુનિવરો ચતુર્વિધ સંઘ બેન્ડ સાથે વાજતે ગાજતે સવારના નવા ઉપાશ્રયમાંથી નીકળી વ્યાખ્યાન સ્થાન પર પધાર્યા હતા.

Grams : TRACTOR

Phone : 75823

Shah Mangilal Sagarmal

GOLD THREAD & SILK CLOTH MERCHANTS

शा मांगीलाल सागरमल जरीवाला

बेंगलोर-२

52, Jumma Masjid Road
BANGALORE-2

રસ્તામાં અનેકાનેક ગહુંલીઓ થઈ હતી. ત્યાં પૂ. ગુરૂદેવે આ વિષય પર સાદી અને સરળ શૈલીમાં હિંદીમાં પ્રવચન આપ્યું હતું. આ વ્યાખ્યાનની પૂર્વ તૈયારીરૂપ સંઘના સેવકોએ તેના હેન્ડબીલો છપાવી અને સ્થાનિક છાપાઓમાં જાહેરાતો આપી હતી અને સારો એવો પ્રચાર કર્યો હતો. તેથી વ્યાખ્યાનમાં સારી એવી મેદની જામી હતી. અને લોકોને એવો રસ લાગ્યો હતો કે, કેટલાંકે તો છેલ્લે સુધી ઊભા પગે વ્યાખ્યાન સાંભળ્યું હતું. માનવ-મેદની એક હજારથી અધિક ઉપસ્થિત હતી. ત્યાં શ્રીસંઘ તરફથી સર્વેને પ્રભાવના આપવામાં આવી હતી.

## નાસિકસિટિમાં શ્રી ચતુર્વિધ સંઘપુજા

પૂજ્યપાદ અ૦ શ્રીમદ્ વિજયસુદર્શનસૂરિજી મ૦ સાહેબ આદિની શુભ નિશ્રામાં શેઠશ્રી હીરજી વીરજીભાઈ, જેઓ ટ્રાન્સપોર્ટના મોટા વેપારી હોઈને તેમનું મન દ્રવિત થતાં, તેઓએ વીસ દિવસના તપ વર્ધમાનતપની ઓળીના પાયામાં પોતાની ધર્મપત્ની માનબાઈ સાથે જોડાયા. આવી ઉમરમાં અને જીંદગીમાં ઉપવાસ પણ કરેલ નહિ. એવાઓનો પણ મહારાજશ્રીના ઉપદેશ દ્વારા ઓળીનો પાયો નિર્વિઘ્ને પૂર્ણ થતાં શ્રી ચતુર્વિધ સંઘની પૂજા કરવાનું અપૂર્વ વિર્યોલ્લાસ જાગવાથી શ્રાવણ સુદ ૮ના દિવસે સવારે વ્યાખ્યાન સમયે પૂ.પાદ આચાર્ય ભગવંતનું સુવર્ણની ગીનીયો તથા ચાંદીના સિક્કાઓથી નવે અંગે પૂજન કરવામાં આવેલ. તથા અન્ય મુનિઓ તથા સાધ્વીજી મહારાજનું પણ પૂજન કરવામાં આવ્યું હતું. ત્યાર પછી શ્રી સંઘને કંકુનો ચાંદલો તથા એક એક રૂપિઆથી ભક્તિ કરવામાં આવી હતી. આમ આ સંઘપૂજા ત્રીજી થવા પામી હતી.

શ્રાવણ સુદ ૯ને દિવસે વર્ધમાનતપની ઓળીના પાયાવાળાઓના ૮૫ નિર્વિઘ્ને પૂર્ણ થતા તેમના પારણા કરાવવાનો લાભ શેઠ શ્રી હીરજી વીરજીભાઈએ લીધેલ. સવારના વ્યાખ્યાન બાદ પૂ. ગુરુદેવ, ચતુર્વિધ સંઘ અને વર્ધમાન તપની ઓળીઓ કરનાર તપસ્વીઓનો વરઘોડો કાઢી બેન્ડ સાથે વાજતે ગાજતે શ્રી ધર્મનાથજી દેરાસરે દર્શન કરી. શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનના દેરાસરે પધાર્યા. ત્યાં દેવદર્શન કરી ગુરુપૂજન કરી માંગલિક સંભળાવવામાં આવ્યું. બાદ બધાને પ્રભાવના કરવામાં આવેલ. પાયાવાળા તપસ્વીઓ, ઓળીવાળા, વરસીતપ, શ્રેણીકતપ, સિદ્ધિતપ આદિ તપસ્વીઓને પારણા કરાવી દરેક પાયાવાળાને રૂપિયો અને શ્રીફળની પેરામણી કરી હતી. આ રીતે તેમણે ઘણો મોટો લાભ લીધો હતો, જે અનુમોદનીય બન્યો હતો. આ ઉપરાંત શેઠ માધવજીભાઈ તારાચંદ તરફથી પાયાવાળાઓને પુજાની પેટીની પ્રભાવના કરવામાં આવી હતી. તેઓશ્રી પણ તેમના ધર્મપત્ની રંજનબેન સાથે પાયાની આરાધનામાં જોડાયા હતા, જેઓએ આ ઉંમર સુધી એક પણ આયંબિલ કર્યું ન હતું. શ્રી કુરેશભાઈ સુમતીલાલભાઈ તરફથી પાયાવાળા દરેક તપસ્વીઓને કટાસણાની પ્રભાવના કરવામાં આવી હતી. આ રીતે જુદા જુદા સદ્‌ગૃહસ્થો તરફથી પણ અનેક પ્રભાવનાઓ થયેલ.

આજરોજ અત્રેના શ્રી વર્ધમાન જીનમંદિરની વર્ષગાંઠ શ્રાવણ સુદ ૧૧ની હોવાથી તે નિમિત્તે પંચાન્હિકા મહોત્સવ શેઠશ્રી કેશવલાલ નથુભાઈના કુટુમ્બીજનોએ નક્કી કરેલ. તેમાં અહીંનું શ્રી જીનભક્તિ મંડળે પૂજામાં તથા રાત્રે ભાવનામાં રાગ રાગણી સાથે સારો એવો રંગ જમાવેલ. આ દિવસે ઘરદીઠ બુંદી વહેંચવામાં આવી હતી. 卐


"પ્રાચીન ધાતુના પ્રતીમાજી પૂજા માટે નકરા વગર પધરાવવા આપવાના છે.

ખૂબ જ કલાત્મક, દેરાસરને ઉપયોગી, કોતરણીથી ભરપૂર આરસની થાંભલીઓ, હાથીઓ, પૂતળીઓ, વીગેરે આપવાના છે.

લખો : શ્રી હરીભાઈ સોમપુરા
રતનપોળ, હાથીખાના
અમદાવાદ-૧.
ફોન નં. ૨૪૫૪૨

# અમદાવાદમાં ચાતુર્માસ બિરાજમાન સાધ્વીઓજીઓની સ્થાન સાથેની યાદી.

[ જેઓ ક્યા સમુદાયના છે, તેની માહિતી અમોને પ્રાપ્ત થઈ શકી નથી. ]

## અલગ અલગ સમુદાગના બાકી રહેલા પૂ. સાધુ મહારાજો

પં. શ્રી ચરણપ્રભવિજયજી ઠા. ૨ ભગવાનદાસ ટેકરો
પં. શ્રી પ્રભાકરવિજયજી ઠા. ૨ નારાયણપુર
પં. શ્રી રંજનવિજયજી ઠા. ૨ મંગળપારેખનો ખાંચો
મુનિશ્રી રત્નપ્રભવિજયજી ઠા. ૨ ઊસ્માનપુરા
,, આણંદવિજય ઠા. ૨ અરૂણુ સોસાયટી
,, નીરંજનવિજય આદિ મણીનગર (જૈન સોસાયટી નહીં)

## અલગ અલગ સાધ્વી સમુદાય

| | | | |
|---|---|---|---|
| સાધ્વીશ્રી | વિમળશ્રીજી | ઠા. ૫ | દોસીવાડાની પોળ |
| ,, | મહેન્દ્રશ્રી | ઠા. ૫ | ,, |
| ,, | રમણીકશ્રી | ઠા. ૧ | ,, |
| ,, | પ્રવીણશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | પુષ્પાશ્રી | ઠા. ૬ | હાજાપટેલપોળ |
| ,, | મનોરમાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | અમૃતલતાશ્રી | ઠા. ૪ | ,, |
| ,, | સુબોધયાશ્રી | ઠા. ૩ | ,, |
| ,, | ચંદ્રાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | રત્નપ્રભાશ્રી | ઠા. ૪ | ,, |
| ,, | મનોગુપ્તાશ્રી | ઠા. ૧ | ,, |
| ,, | સુનંદાશ્રી | ઠા. ૧૧ | ભંડારી પોળ |
| ,, | ચરણશ્રી | ઠા. ૨૪ | પતાસાની પોળ |
| ,, | ભુવનશ્રી | ઠા. ૩ | ,, |
| ,, | નિર્મળાશ્રી | ઠા. ૯ | ઝાંપડાની પોળ |
| ,, | અમરશ્રી | ઠા. ૫ | કાળુશાની પોળ |
| ,, | પદ્માશ્રી | ઠા. ૧ | તોડાની પોળ |
| ,, | જયંતિશ્રી | ઠા. ૪ | લક્ષ્મીનારાયણ પોળ |
| ,, | મંગળશ્રી | ઠા. ૨ | પાડા પોળ |
| ,, | કલ્પલત્તાશ્રી | ઠા. ૨ | ,, |
| સાધ્વીશ્રી | અનંતશ્રી | ઠા. ૪ | મનસુખભાઈની પોળ |
| ,, | વિજ્ઞાનશ્રી | ઠા. ૧૦ | સારંગપુર |
| ,, | મનહરશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | ચંદ્રોદયાશ્રી | ઠા. ૨ | રામેશ્વરની પોળ |
| ,, | અમરશ્રી | ઠા. ૨ | વાઘેશ્વર પોળ |
| ,, | સુવ્રતાશ્રી | ઠા. ૭ | શામળાની પોળ |
| ,, | રાજેન્દ્રશ્રી | ઠા. ૪ | ઢાળની પોળ |
| ,, | દીનેશ્વરશ્રી | ઠા. ૩ | દેવી ખડકી |
| ,, | સુનંદાશ્રી | ઠા. ૭ | ઘાંચીની પોળ |
| ,, | કલ્યાણશ્રી | ઠા. ૩ | ખેતરપાળની પોળ |
| ,, | ઇન્દ્રાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | મહીમાશ્રી | ઠા. ૯ | માંડવીની પોળ |
| ,, | દોલતશ્રી | ઠા. ૮ | હરકીશન શેઠની પોળ |
| ,, | સુલોચનાશ્રી | ઠા. ૪ | પતાસાની પોળ |
| ,, | ચંદ્રપ્રભાશ્રી | ઠા. ૧ | ,, |
| ,, | જ્યોતિપ્રભાશ્રી | ઠા. ૧૧ | ,, |
| ,, | યશોધરાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | મનોજ્ઞાશ્રી | ઠા. ૩ | ,, |
| ,, | સુજ્ઞાનશ્રી | ઠા. ૧ | ,, |
| ,, | વસંતશ્રી | ઠા. ૫ | ,, |
| ,, | ત્રિલોચનાશ્રી | ઠા. ૬ | ,, |
| ,, | મલયાશ્રી | ઠા. ૧૩ | માકુભાઇશેઠનો બંગલો |
| ,, | સુશીલાશ્રી | ઠા. ૩ | મંગળપારેખનો ખાંચો |
| ,, | રાજીમતીશ્રી | ઠા. ૪ | ,, |
| ,, | મહાનંદાશ્રી | ઠા. ૫ | ,, |
| ,, | સૂર્યપ્રભાશ્રી | ઠા. ૬ | સુનારાનો ખાંચો, શાહપુર |
| ,, | વિવેકપ્રભાશ્રી | ઠા. ૪ | શાહપુર |
| ,, | મુક્તાશ્રી | ઠા. ૪ | ,, કુવાવાળી પોળ |
| ,, | વિશ્વપ્રભાશ્રી | ઠા. ૫ | હઠીભાઈની વાડી |
| ,, | ઇન્દ્રજયાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | લલિતાશ્રી | ઠા. ૧ | ,, |

| | | | |
|---|---|---|---|
| સાધ્વીશ્રી | ભદ્રાશ્રી | ઠા. ૪ | પંચભાઈની પોળ |
| ,, | પ્રીતીશ્રી | ઠા. ૪ | જુનો મહાજન વાડો |
| ,, | મંગળશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | અશોકશ્રી | ઠા. ૭ | ધનાસુતારની પોળ |
| ,, | રંજનશ્રી | ઠા. ૪ | ,, |
| ,, | જયપ્રભાશ્રી | ઠા. ૬ | દેવશાનો પાડો |
| ,, | ચંદ્રપ્રભાશ્રી | ઠા. ૩ | પાંજરા પોળ |
| ,, | પ્રભાશ્રી | ઠા. ૯ | ,, |
| ,, | ઈંદ્રશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | મહોદયશ્રી | ઠા. ૬ | ,, |
| ,, | મંગળશ્રી | ઠા. ૩ | પાંજરા પોળ |
| ,, | નીરંજનાશ્રી | ઠા. ૨૫ | ,, |
| ,, | મહીમાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | વસંતશ્રી | ઠા. ૪ | શેખનો પાડો |
| ,, | સુધર્માશ્રી | ઠા. ૪ | રામનગર |
| ,, | મહીમાશ્રી | ઠા. ૪ | ,, |
| ,, | તિર્થશ્રી | ઠા. ૧૧ | ,, |
| ,, | સૂર્યોદયાશ્રી | ઠા. ૪ | આંબાવાડી |
| ,, | ચંદ્રગુપ્તાશ્રી | ઠા. ૫ | આમ્રકુંજ |
| ,, | સુલસાશ્રી | ઠા. ૭ | રામનગર |
| ,, | ચંદ્રોદયાશ્રી | ઠા. ૩ | ,, |
| ,, | હેમલત્તાશ્રી | ઠા. ૮ | શાંતિનગર સોસાયટી |
| ,, | જીતેન્દ્રશ્રી | ઠા. ૫ | ,, |
| ,, | કીર્તિપ્રભાશ્રી | ઠા. ૩ | દેવકીનંદન સોસાયટી |
| ,, | તિલકશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | વિજ્ઞાનશ્રી | ઠા. ૫ | શ્રીપાળનગર સોસાયટી |
| ,, | ચંદ્રોદયાશ્રી | ઠા. ૧૫ | સ્વસ્તીક સોસાયટી |
| ,, | હર્ષલત્તાશ્રી | ઠા. ૪ | એલીસબ્રીજ, લાલભાઈનો બંગલો |
| ,, | સુમંગળાશ્રી | ઠા. ૨ | આરોગ્ય ભુવન |
| ,, | નીરૂપમાશ્રી | ઠા. ૯ | જૈન સોસાયટી |
| ,, | કુસુમશ્રી | ઠા. ૬ | સંજીવનની રોડ |
| ,, | સરસ્વતીશ્રી | ઠા. ૧૧ | જૈન મરચન્ટ સોસાયટી |
| ,, | અરૂણશ્રી | ઠા. ૧ | વૃષભ સોસાયટી |
| ,, | સુશીલાશ્રી | ઠા. ૪ | પદ્મપ્રભ સોસાયટી |
| ,, | ૐકારશ્રી | ઠા. ૩ | વીતરાગ સોસાયટી |

| | | | |
|---|---|---|---|
| સાધ્વીશ્રી | લાવણ્યશ્રી | ઠા. ૮ | વિજયનગર સોસાયટી |
| ,, | ભુવનશ્રી | ઠા. ૪ | વીરધર્મયુગ સોસાયટી |
| ,, | જયંતિશ્રી | ઠા. ૧ | અરૂણ સોસાયટી |
| ,, | સુલશાશ્રી | ઠા. ૧ | વટવા આશ્રમ |
| ,, | કાંતગુણાશ્રી | ઠા. ૩ | શેઠ આ.ક બ્લોક |
| ,, | રોહીતશ્રી | ઠા. ૬ | ગીરધરનગર |
| ,, | લલિતાશ્રી | ઠા. ૩ | ,, |
| ,, | નીત્યાનંદશ્રી | ઠા. ૧૨ | ,, |
| ,, | પુન્યપ્રભાશ્રી | ઠા. ૩ | ચંદનવાડી, સરકીટ હા. |
| ,, | ભદ્રંકરાશ્રી | ઠા. ૩ | નરોડા ઉપાશ્રય |
| ,, | પ્રવીણશ્રી | ઠા. ૨ | સૈજપુર બોઘા |
| ,, | સુમંગળાશ્રી | ઠા. ૬ | ઝવેરીવાડ |
| ,, | બીન્દુપ્રભાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | કૌશલ્યાશ્રી | ઠા. ૨ | ,, |
| ,, | અરૂણશ્રી | ઠા. ૬ | ,, |
| ,, | પ્રશાંતશ્રી | ઠા. ૪ | ,, |
| ,, | મુક્તાશ્રી | ઠા. ૯ | ,, |
| ,, | ઈન્દુરેખાશ્રી | ઠા. ૪ | ,, |
| ,, | મોહજીતાશ્રી | ઠા. ૧ | ,, |
| ,, | ચંપકશ્રી | ઠા. ૬ | ,, |
| ,, | લલીતાશ્રી | ઠા. ૪ | ગોલવાડ (ત્રીસ્તુતી) |
| ,, | જિનેન્દ્રશ્રી | ઠા. ૨ | રામનગર, સાબરમતી |

H Office : Phone : 356104
MALEGAON-Phone : 13 Office : 326272

*Motilal Virchand Shah*

*Agents for* ;
SHRI PRITHVI COTTON MILLS Ltd.
AMAR DYE-CHEM LTD.
AMRITLAL & Co. PRIVATE LTD
INDEOKEM P. Ltd. (I. D I COLOURS)
Bankers, Colour & Chemicals Merchant

Vadgadis Office :
296, Samuel Street,
BOMBAY 3.

Cigaretwala Bldg, 5th Floor,
364, Sir V. P. Rd, Sandhurst Rd.,
Opp. Central Bank, Bombay. 4

## ખતરગચ્છીય સમુદાયની યાદી

સુરત ગણિવર્યશ્રી હેમેન્દ્રસાગરજી ઠા.૨
શીતલવાડી, ગોપીપુરા
મહાસમુંદ આર્યપુત્ર ઉદયસાગર. ઠા.
નાગોર મુનિશ્રી તીર્થસાગર ઠા.૨
મોકલસર ,, વિમલસાગર ઠા.૨
નવાપરારાજીમા, કલ્યાણસાગર ઠા. ૧
જયપુર મુનિશ્રી સ્થીરમુનિ ઠા.૧
ભીવરી ,, કીર્તિસાગર ઠા.૧
મહીદપુર ,, મુક્તિમુનિ ઠા.૨
ગઢસીવાણા,, શાન્યાનંદમુનિ ઠા.૨
માંડવીકચ્છ,, પ્રેમમુનિજી ઠા.૧

સાધ્વી સમુદાય

ફલોધી સાધ્વીશ્રી પ્રમોદશ્રીજી ઠા.૪
આગ્રા ,, ચંદ્રોદયશ્રીજી ઠા.૨
અમલનેર ,, જીતશ્રીજી ઠા.૮
જબલપુર ,, સમતાશ્રીજી ઠા.૯
મહાસમુન્દ,, મનોહરશ્રીજી ઠા.૨
રાયપુર ,, કીર્તિપ્રભાશ્રીજી .ઠા૩
રાયપુર ,, તરુણપ્રભાશ્રીજી ઠા.૩
ધમતરી ,, ચરણપ્રભાશ્રીજી ઠા.૩
પાલી ,, અનુભવશ્રીજી ઠા.૫
બીકાનેર ,, વિપુલશ્રીજી ઠા.૨
બીયાવર ,, શુભશ્રીજી ઠા ૩
પાલી ,, હસ્તીશ્રીજી ઠા. ૪
ખડગપુર ,, ચંદ્રશ્રીજી ઠા.૩
જોધપુર ,, ત્રીભુવનશ્રીજી ઠા ૨
રતલામ ,, લબ્ધિશ્રીજી ઠા.૧

× × ×

ગઢસીવાણા સા૦શ્રી ચંપાશ્રીજી ઠા.૫
દીલ્હી ,, વિચક્ષણશ્રી ઠા.૧૦
અમદાવાદ ,, પુણ્યશ્રીજી
અજમેર ,, વનીતાશ્રીજી ઠા.૨
બીકાનેર ,, વિજયેન્દ્રશ્રી ઠા.૩
બાડમેર ,, મનોહરશ્રીજી ઠા.૬
જયપુર ,, સુરજનાશ્રીજી ઠા.૨
જયપુર સાધ્વીશ્રી કલ્યાણશ્રીજી ઠા.૩
કલકત્તા ,, સજ્જનશ્રીજી ઠા.૪
વડોદરા ,, પ્રવીણશ્રીજી ઠા.૭
મહીદપુર ,, જૈનશ્રીજી ઠા.૩
ફલોધી ,, ધર્મશ્રીશ્રી ઠા.૪
કતરાસગઢ ,, રંભાશ્રીજી ઠા.૨
ફલોધી ,, જસશ્રીજી ઠા.૨
જોધપુર ,, રાજશ્રીજી ઠા.૨
બીકાનેર ,, સુરેન્દ્રશ્રીજી ઠા.૨
નીંબાહેડા ,, વીકાસશ્રીજી ઠા.૧
નીમચ ,, કસ્તુરશ્રીજી ઠા.૨
ભાનપુર ,, વિનોદશ્રીજી ઠા.૧
દાઢી ,, સુવ્રતાશ્રીજી ઠા.૨
જોધપુર ,, વિચક્ષણશ્રીજી ઠા ૫
બીકાનેર ,, ભક્તિશ્રીજી ઠા.૩

## આ૦શ્રી દાનસુરિજી મ૦ના

સમુદાયમાં રહી ગયેલ ચાતુર્માસ સ્થળો

અહમદનગર આ. ત્રિલોચનસૂરિ ઠા.૮
અમદાવાદ પં.શ્રી પુષ્પવિજયજી ગણિ
ઠા.૪ અરુણ સોસાયટી,
પુના મુનિશ્રી મતિવિજયજી ઠા. ૨
( સોલાપુર બજાર )
મુંબઈ મુનિશ્રી નિરંજનવિજયજી ઠા.૨
અમદાવાદ ,, મતિધનવિજયજી ઠા.૮
દશા પોરવાડ સોસાયટી
માંડવી (કચ્છ) ,, અમરેન્દ્રવિ. ઠા.૪
અમદાવાદ ,, ચંદ્રશેખરવિ. ઠા.૮
પાદરલી ,, જિતેન્દ્રવિજયજી ઠા.૫
રતલામ ,, જગચ્ચંદ્ર વિ. ઠા.૨
ઈડર ,, આનંદઘનવિજયજી
અમદાવાદ,, મનોગુપ્તાવિ. ઠા.૨
ગઢસિવાણા,, ગુણરત્નવિજયજી ઠા.૫
અમદાવાદ,, અમરગુપ્તવિ. ઠા.૧૦
જ્ઞાનમંદિર,
,, હેમચંદ્રવિજયજી ઠા.૩
લક્ષ્મી વર્ધક સોસાયટી

## સિવાણામાં જૈન ધાર્મિક શિબિરનું ઉદ્‌ઘાટન

પરમ પૂજ્ય મુનિરાજશ્રી ગુણરત્નવિજયજી મ૦ની નિશ્રામાં યુવાનો અને વિદ્યાર્થીઓના ધાર્મિક જ્ઞાન માટે દર રવિવારે અને દીવાળીની રજાઓમાં દરરોજ (તા. ૪-૧૧-૭૩ સુધી) શિબિર ભરવા માટે આયોજન થયું છે. તેનું ઉદ્‌ઘાટન તા. ૫-૮-૭૩ રવિવારે હાઈસ્કૂલના પ્રધાન અધ્યાપકે પૂ. મુનિરાજશ્રીને શિબિર પાઠ્યપુસ્તક અર્પણ કરીને કરેલ છે. શિબિરમાં ૧૨૫ વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. ભાવિ પેઢીમાં આધ્યાત્મિક જ્ઞાન અને ક્રિયાના સંસ્કાર શિબિરોથી નંખાય છે, તે અંગે હર્ષ વ્યક્ત કરી અનેક વક્તાઓએ પોતાના વિચાર રજુ કર્યા. પ્રારંભમાં પૂજ્ય મુનિરાજશ્રીનું મંગલાચરણ થયા બાદ વિદ્યાર્થીઓ અને અત્રેના ધાર્મિક અધ્યાપકે સ્વાગતગીત ગાયેલ.

શિબિરમાં પ્રતિક્રમણ સૂત્રોના રહસ્ય, આત્મા, પરમાત્મા, કર્મ, ધ્યાન, જૈનાચાર, જૈન તત્ત્વજ્ઞાન, જૈન ઈતિહાસ આદિનું વિવેચન મુનિશ્રી ૧ વાગ્યાથી ૫ વાગ્યા સુધી મનોવૈજ્ઞાનિક પદ્ધતિથી આપે છે.

ધોરણ ૭ થી ૧૧ સુધીના વિદ્યાર્થીઓને પ્રવેશ મળી શકશે. અરજી પત્રક ભરી તુરત મોકલો.

શ્રી તપાગચ્છ જૈન ઉપાશ્રય
ગઢસિવાના (જિ. બાડમેર રાજ.)

પૂ. મુનિરાજશ્રીની નિશ્રામાં શ્રાવણ સુદ ૩-૪-૫ના દિવસે શ્રી સીમંધરસ્વામીના નવ લાખ જાપ પૂર્વક અઠ્ઠમતપની આરાધના થઈ હતી.

## જોધપુરમાં પૂ. સાધ્વી શ્રી નિર્મળાશ્રીજીના પ્રવચનોની ધુમ

આપશ્રીના પ્રેરક અને મધુર વ્યાખ્યાનોથી પ્રભાવિત થઈને ક્રિયાભુવનના કાર્યકર્તાગણે શનિ-રવિ બે જાહેર વ્યાખ્યાનોનું આયોજન કરેલ. રાતાનાડા, શાસ્ત્રીનગરમાં પણ જાહેર વ્યાખ્યાનોનું આયોજન થયેલ. વિશેષ દિવસોમાં તથા પ્રત્યેક રવિવારે વધુ જનતાને લાભ મળે એ હેતુથી કાર્યકર્તાગણ તરફથી વ્યાખ્યાન- વિષયના પેમ્ફલેટો વ્હેંચાય છે. વ્યાખ્યાન હોલ નાનો પડતાં ભેરુ બાગ તીર્થના પ્રાંગણમાં વિશેષ મંડપનું આયોજન થાય છે. બુદ્ધિજીવી વર્ગ તથા સામાન્ય જનતા પણ મંત્રમુગ્ધ બની પ્રવચનનો લાભ લે છે. રવિવાર આદિ વિશેષ વ્યાખ્યાનોના કાર્યક્રમમાં પાઠશાળાના બાળકો મંગલાચરણ આદિ કરે છે. રેડિયો કલાકાર કુ. પન્ના શાહના ભજનો જનતામાં ભક્તિ અને આનંદની લહેર સર્જાવે છે. અંતમાં સામુહિક પ્રાર્થના પૂર્વક વ્યાખ્યાન સમાપ્ત થાય છે. વિશેષ દિવસોમાં પ્રભાવનાઓ ચાલુ જ છે. એક વૈષ્ણવભાઈ તરફથી પણ પ્રભાવના થઈ હતી.

પૂ. સાધ્વીશ્રીની પાવન નિશ્રામાં ધર્મપ્રેમી આત્માઓએ શાન્તિ જાપ, અઠ્ઠાઈઓ માસક્ષમણો આદિ તપશ્ચર્યા પૂર્ણ કરી અને પ્રારંભ પણ કરેલ છે.

[અનુસંધાન પેજ નં ૫૬૭ પર]

## અચલગચ્છ સમુદાયની યાદી

આ૦શ્રી ગુણસાગરસૂરિજી સમુદાય

દેઢીયા આ૦શ્રી ગુણસાગરસૂરિ ઠા.૫
ભુજપુર આગમપ્રજ્ઞ કીર્તિસાગર ઠા.૨
શેરડી મુનિશ્રી વિદ્યાસાગરજી ઠા. ૧

સાધ્વી સમુદાય

કોટડા સા૦શ્રી પદ્મશ્રીજી ઠા. ૪
માંડલ ,, દીપશ્રીજી ઠા. ૩
મોટાઆસંબીયા ,, આણંદશ્રીજી ઠા.૪
માંડવી (કચ્છ) ,, શીતલશ્રીજી ઠા.૪
માંડવી જૈન આશ્રમ રિદ્ધિશ્રીજી ઠા.૧
મુંબઈ જુહુ ,, હરખશ્રીજી ઠા.૩
ભાભરાઈ ,, ગીરીવરશ્રીજી ઠા.૨
ગઢસીસા ,, હંસશ્રીજી ઠા.૨
બાડા ,, અશોકશ્રીજી ઠા.૧
મોટાઆસંબીયા ,, વિદ્યાશ્રીજી ઠા.૧
ડુમરા ,, મુક્તાશ્રીજી ઠા.૨
તલવાણા ,, જયંતીશ્રીજી ઠા.૧
ડોણ ,, રમણીકશ્રીજી ઠા.૧
વરાડીયા ,, ઈન્દ્રશ્રીજી ઠા.૧
તુંબડી ,, નરેન્દ્રશ્રીજી ઠા.૨
અમદાવાદ કાંતિશ્રીજી ઠા.૨
મુંબઈ– સાધ્વીશ્રી હેમલતાશ્રીજી ઠા.૪
બાડમેર ,, પ્રીયવંદાશ્રીજી ઠા.૩
લાયજા ,, ખીરભદ્રાશ્રીજી ઠા.૩
ભુજ ,, ગુણોદયાશ્રીજી ઠા.૩
નવાગામ ,, હીરપ્રભાશ્રીજી ઠા.૩
મુંબઈ–લાલવાડી,, મહેન્દ્રશ્રીજી ઠા.૧
મુંબઈ મુલુંદ ,, પુણ્યોદયશ્રીજી ઠા.૩
રાયણ ,, ચારૂલત્તાશ્રીજી ઠા.૪
કાંડાગરા ,, વસંતપ્રભશ્રી ઠા.૨
મુંબઈ-પાલાગલી ,, અરૂણોદયાશ્રી ઠા ૨
ભીનમાલ ,, કનકપ્રભાશ્રીજી ઠા.૧
વસઈ ,, અરૂણપ્રભાશ્રીજી ઠા.૨
બીદડા ,, કલ્યાણોદયશ્રી ઠા.૬
ગોધરા ,, કલ્પલતાશ્રીજી ઠા.૩
મુંબઈ માટુંગા ,, પૂર્ણાનંદશ્રીજી ઠા.૩
,, લાલવાડી , સદ્‌ગુણાશ્રીજી ઠા.૪
પુનડી ,, મનોરમાશ્રીજી ઠા.૧
નાનાઆસંબીયા,, મહોદયાશ્રીજી ઠા.૨
મેરાઉ ,, નિર્મળગુણાશ્રી ઠા.૩
મોથાળા ,, જ્યોતિપ્રભાશ્રી ઠા.૨
નળીયા સા૦શ્રી વિચક્ષણાશ્રીજી ઠા.૨
વાડાપધર ,, નીર્મળાશ્રીજી ઠા.૨
અમદાવાદ ,, નીર્મળપ્રભાશ્રીજી ઠા.૨
નાનાસોપારા ,, દૈર્યપ્રભાશ્રીજી ઠા.૨
સાયરા ,, ચારૂલત્તાશ્રીજી ઠા.૨
બાડા ,, તત્વપ્રજ્ઞાશ્રીજી ઠા.૨

આ૦શ્રી દાનસૂરિ સમુદાય

જામનગર મુનિશ્રી લબ્ધિસાગર ઠા.૨
,, સા૦શ્રી કંચનશ્રીજી ઠા.૨
નાગલપુર ,, કેસરશ્રીજી ઠા.૪
ભુજ ,, હેમપ્રભાશ્રીજી ઠા.૧
સુથરી ,, ચંદનશ્રીજી ઠા.૨
મુંબઈ ભાંડુપ ,, પ્રભાશ્રીજી ઠા.૧
ગોધરા (કચ્છ) , ચારિત્રશ્રીજી ઠા.૧
જખૌ ,, કંચનશ્રીજી ઠા.૧
મુંબઈ-માટુંગા,, ધર્માનંદશ્રીજી ઠા.૧

ઉપા. રવિચંદ્રજી સમુદાય

ધુણીયા મુનિશ્રી હીરાચંદ્રજી ઠા.૨
તલવાણા સા૦શ્રી ઝવેરશ્રીજી ઠા.૪
ગઢસીસા ,, તારાશ્રીજી ઠા.૪
હાલાતપુર ,, રામશ્રીજી ઠા.૩

### સુધારો

પીંડવાડા મુનિશ્રી મહાનંદસાગર ઠા.૩
(ઉ.શ્રી ધર્મસાગરજીના શિષ્ય)
,, સા૦શ્રી શુભંકરાશ્રીજી ઠા ૨
(આ૦શ્રી નિતિસૂરિ સમુદાયના)
પાનસર મુનિશ્રી આણંદવિજયજી
(મુનિશ્રી આનંદવિજયજી નહિ)
[આ૦શ્રી કેસરસૂરિના આજ્ઞાવર્તી]
મુંબઈ–૮૬ મુનિશ્રી કંચનસાગર ઠા.૨
[મુંબઈ- ૭૭ નહિ પણ ૮૬]

## આ૦શ્રી નેમિસૂરિજી મ૦નો સમુદાય

[ આ સમુદાયના વડા પાસેથી અમોને યાદી પ્રાપ્ત થઈ નથી. જે સ્થળો અમારી જાણમાં હતા, તે જ આપેલ છે. ]

આ૦શ્રી વિજયનંદનસૂરિ આદિ ખંભાત
આ૦શ્રી મેરૂપ્રભસૂરિ ઠા.૬ ભાવનગર
આ૦શ્રી દક્ષસૂરિ ઠા.૫ સુરેન્દ્રનગર
આ૦શ્રી સુશીલસૂરિ ઠા.૧૦ ઊદેપુર
આ૦શ્રી જયાનંદસૂરિજી ઠા.૩ ગારીયાધાર
આ૦શ્રી પરમપ્રભસૂરિજી આદિ ડભોઈ
આ૦શ્રી કીર્તિચંદ્રસૂરીજી આદિ વડોદરા
પં.શ્રી નીતિપ્રભવિજયજી ગણિ ઠા.૨ વડવા જૈન ઉપાશ્રય ભાવનગર
મુનિશ્રી વિદ્યાનંદવિ. આદિ કોઠગાંગડ
,, નયકીર્તિવિ. ઠા.૨ ધોલેરા
,, ચંદનવિજયજી ઠા.૨ ચાચેડી (રાજસ્થાન)

સાધ્વી સમુદાય—ભાવનગર

સાધ્વીશ્રી કાંતાશ્રીજી રાધનપુરી બજાર
,, મંગળશ્રીજી ઠા.૨ દાનશાળા
,, કુમુદશ્રી ઠા. નીચી ધર્મશાળા
,, દક્ષયશાશ્રીજી ઠા.૭ ગાંધીડેલો
,, હેમપ્રભાશ્રી ઠા.૧ ,,
,, હર્ષપ્રભાશ્રી ઠા.૩ દાદાસાહેબ
,, મંજુલાશ્રીજી ઠા.૧ ,,
,, સંયમશ્રી ઠા ૧ ,,
,, રંજનશ્રી ઠા.૧ ચાંચોડી (રાજ.)

**આ૦શ્રી વિજયધર્મસૂરીશ્વરજી સમુદાય**

પં. પૂર્ણાનંદવિજય ગણિ ઠા.૩ પુના
,, પ્રભાકરવિ. ઠા.૧ મધુવન (શીખરજી)

**મુનિશ્રી કપુરવિજયજી સમુદાય**

પં. મનોહરવિજયજી ઠા.૨ સાવરકુંડલા
મુનિશ્રી મેરૂવિજય ઠા.૨ મહુવાબંદર

## આ૦શ્રી આનંદસાગરસુરિજી મ૦નો સમુદાય

આ૦શ્રી માણેકસાગરસૂરિજી આદિ વડાચૌટા સુરત
આ૦શ્રી હેમસાગરસૂરિજી સુરત
આ૦શ્રી દેવેન્દ્રસાગરસૂરિ નંદરબાર
પં. વિમળસાગર આદિ કપડવંજ
મુનિરાજશ્રી ચિદાનંદસાગર આદિ ,,
મુનિશ્રી વસંતસાગરજી રાંદેર (સુરત)

**પં. શ્રી ધર્મવિજયજી ડેલાવાળા સમુદાય**

આ૦શ્રી રાજેન્દ્રસૂરિ આદિ પાલનપુર
પં.શ્રી ભદ્રંકરવિજયજી ઠા.૩ પાટણ
પં.શ્રી સ્વયંપ્રભવિ. આદિ હરસોલ
મુનિશ્રી નેમવિજયજી ઠા.૩ ગોહીલી
,, ભુવનવિ. ઠા.૧ મઢી (સુરત)
સાધ્વીશ્રી સૂર્યોદયાશ્રી ઠા.૨ ડુંગરપુર

**અલગ અલગ સમુદાય**

આ૦શ્રી વિવેકચંદ્રસૂરિજી આદિ મીયગામ કરજણ
આ૦શ્રી કળાપૂર્ણસૂરિ આદિ (કચ્છ)
મુનિશ્રી રૂપસાગરજી આદિ રાણીસ્ટેશન
,, જગતચંદ્રજી દાહોદ
,, કેવળવિ કોસેગાંવ (માયસોર)

## આ૦ શ્રી સિદ્ધિસૂરિજી મ૦નો સમુદાય

સાદડી આ૦શ્રી ભદ્રંકરસૂરીશ્વરજી
મુનિરાજશ્રી જંબુવિ. આદિ
રાધનપુર આ૦શ્રી વિજયભદ્રસૂરીશ્વરજી
ૐકારસૂરીશ્વરજી આદિ રાધનપુર
મેસાણા આ૦શ્રી વિબુધસૂરિજી આદિ
અમદાવાદ પં.શ્રી સુબોધવિ. (સારંગપુર)
કોલ્હાપુર પં.શ્રી ચરણવિજયજી
સાણંદ મુનિરાજશ્રી હેમેન્દ્રવિજયજી

## જૈનેતરોની તીર્થયાત્રા

મુંબઈથી સત્સંગમંડળના ઉપક્રમે તા. ૧૯ મી ઓગષ્ટે સાત હજાર કી. મી.ની જૈન તીર્થોની યાત્રાનો સંઘ રવાના થાય છે. આબુ, રાજસ્થાન, આગ્રા, અયોધ્યાજી, રાજગૃહી, પાવાપુરી, શિખરજી, બનારસ, ઉજ્જૈન, મક્ષીજી, માંડવગઢ વગેરે પવિત્ર જૈન તીર્થોની યાત્રા ઉપરાંત ખટમંડુ સુધીનો કાર્યક્રમ છે.

શ્રીમદ્ રાજચંદ્રજીના પ્રભાવમાં આવી જે પટેલ ભાઈઓ જૈન બન્યા છે તે ભાગ્યશાળીઓ આ યાત્રા સંઘમાં મુખ્યત્વે છે, આ એ સંઘની વિશેષતા છે. યાત્રા સંઘની પ્રેરણા દાદા ભગવાન તરીકે ઓળખાતા શ્રી અંબાલાલભાઈ તરફથી મળી છે. દાદાજીની પ્રેરક વાણીથી પ્રેરાઈ મુંબઈમાં ૧૯૦૦ પટેલભાઈઓ જૈન ધર્મ પાળી રહ્યા છે અને સાંતાક્રુઝ સત્સંગ મંડળના નેજા નીચે નિયમિત પ્રાર્થના, પ્રવચનો વગેરે યોજાય છે.

આ યાત્રા સંઘ સપ્ટેમ્બરના આખરમાં પાછો ફરશે. (મંડળ અંગે માહિતી મેળવવા ઈચ્છવા પત્ર વ્યવહાર નીચેના સ્થળે કરી શકો છો.

કે. કે. પટેલ સત્સંગ મંડળ, ટેંક રોડ, સાંતાક્રુઝ (વેસ્ટ), મુંબઈ

---

પર્વાધિરાજ પર્યુષણ—પર્વના પાવન પ્રસંગે જનતાની ભીડના કારણે શ્રી ભેરૂ-બાગ તીર્થના પ્રાંગણમાં વિશેષ આયોજિત મંડપમાં વ્યાખ્યાનો થશે. આ વિશેષ પ્રસંગ પર પ્રસિદ્ધસંગીત કલાકાર શ્રી જેઠાલાલ હેમચંદ ભોજક જોધપુરમાં પધારશે.

# લબ્ધિસૂરિની લબ્ધિઓ રૂપે વિવિધ તપશ્ચર્યા તથા ધાર્મિક ઉત્સવોથી ગુંજી ઉઠેલ બેંગલોર શહેર

પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રી વિજયભદ્રંકરસૂરિજી મહારાજ** આદિ ઠા. ૧૪ ચાતુર્માસ પધાર્યા ત્યારથી સંઘમાં ધર્મજાગૃતિ સુંદર આવી છે. પૂજ્યશ્રીના જ્ઞાન સાથે ગમ્મત કરાવનારા **શ્રી ભગવતીસૂત્ર** તથા **શ્રી મલયસુંદર ચરિત્ર** પરના વ્યાખ્યાનોએ આબાલવૃદ્ધને આકર્ષી લીધા હતા.

**તપશ્ચર્યાની** હારમાળા :–વદ ૫થી **સિદ્ધિતપનો** પ્રારંભ થતાં ૨૬ ભાઈ–બહેનો જોડાયેલ. દરેક પારણાંનો જુદા જુદા ભાવીકો લાભ લઈને રૂપીયા–શ્રીફળની પ્રભાવના આપતા હતા. **ચત્તારિઅટ્ઠદસદોય** તપમાં પણ ૧૮ ભાવીકો જોડાયા છે. સવિધિ **નવકાર મંત્રનો** તપ મંડાતાં નાના બાળક–બાલીકાઓએ હોંશભેર પ્રવેશ કરતાં ૨૨૧ સંખ્યા થઈ હતી. સાત દિન એકાસણા અને આઠમ–ચૌદશના આયંબીલ જુદા જુદા ભાગ્યશાળી તરફથી કરાવાયા હતા. દરેક અનુષ્ઠાન સામુદાયિક થતાં તપસ્વીઓમાં ઉત્સાહ સારો દેખાતો હતો. નવકારમંત્રના તપસ્વીઓને કટાસણાની પ્રભાવના અપાઈ હતી. શ્રા. સુ. ૧થી **પચરંગી તપારંભ** થતાં ૭૫ ભાવીકોએ લાભ લીધો હતો. સુ. ૨થી **સામુદાયિક ચંદનબાળાના અઠ્ઠમો** થતાં ૫૦ બાલીકા–યુવતિઓએ આરાધના કરી હતી. સુ. ૫ના વ્યાખ્યાન પછી સફેદ સાડી અને ફુલની માળા પહેરીને ચંદનબાળા બનેલ તપસ્વિનીઓએ પૂ. ગુરૂદેવને લાભ આપવા માટે વિનંતિ કરતાં, બેન્ડ તથા સંઘ સાથે આયંબીલખાતામાં પૂ. ગુરૂદેવ પધારેલ. ત્યાં પહેલા અડદના બાકુલા વ્હોરાવવા માટે આયંબીલની બોલી થતાં ૨૮૧ આયંબીલ થયેલ. બાદ બીજી, ત્રીજી આદિ બોલી થતાં બેહજાર આયંબીલ થયા હતા. દરેક તપસ્વિનીએ ગુરૂપૂજન–જ્ઞાનપૂજન કરી બાકુલા વ્હોરાવેલ. અને હર્ષમાં આવીને કેટલીક બ્હેનોએ અક્ષત, બદામ, રૂપાનાણાની વૃષ્ટિ કરી હતી. **પહેલીજવાર** સામુદાયિક અઠ્ઠમો થતાં આ દૃશ્યને જોવા નાની–મોટી બ્હેનોથી હોલ ચીક્કાર ભરાઈ ગયો હતો. સુ. ૬ ના પચરંગી તથા ચંદનબાળાના અઠ્ઠમવાળા તપસ્વીઓને પારણાં કરાવાયાં હતાં. શ્રા. સુ. ૧૧થી **શત્રુંજય-મોદક તપનો** મંગળ આરંભ થતાં ૨૨૫ ભાવીકોએ પ્રવેશ કરીને મહાતીર્થની આરાધના કરેલ. એકાસણું, નીવી, આયંબીલ, પારણાં આદિ જુદા જુદા પુણ્યશાળીઓ તરફથી થયેલ. વદ ૨થી **અક્ષયનિધિ તપારંભ** થએલ. વદ ૬ના રવિવારે ખીરના એકાસણા સાથે સવા લાખ **નવકારમંત્રનો** જાપ થતાં સારી સંખ્યામાં થઈ હતી.

**અઠ્ઠાઈ ઉત્સવ–શાન્તિસ્નાત્ર આદિ મહોત્સવો**

પૂ. આ. વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજની બારમી પુણ્યતિથિ નિમિત્તે શ્રીસંઘ તરફથી વદ ૧૨થી અઠ્ઠાઈ ઉત્સવનો પ્રારંભ થયેલ. મોહનલાલ મુળચંદ તરફથી કુંભસ્થાપન થયું હતું. સાત દિવસ જુદા જુદા ભાવીકો તરફથી પૂજા, આંગી તથા શ્રીફળ, બુંદીના પેકેટ આદિની પ્રભાવના થઈ હતી. શ્રા. સુ. ૧ના જલયાત્રાનો વરઘોડો ચઢ્યો હતો. સુ. ૩ના નવગ્રહપૂજન અને સુ. ૪ના અક્ષત દ્વારા જંબુદ્વિપમાં વિહરમાન વીશ ભગવંતોની માંડલા દ્વારા રચના કરવામાં આવેલ. અને વીશ વિહરમાન પૂજા શા માનમલ રાજાજી તરફથી ભણાવાયેલ. તેમના તરફથી શ્રીફળની પ્રભાવના થયેલ.

શ્રા. સુ. ૫ના સવારે ૮॥ વાગે પૂજ્યશ્રીની અધ્યક્ષતામાં સ્વ. દાદા ગુરૂદેવેશની ગુણાનુવાદ સભા થતાં પ્રથમ મંગલાચરણ બાદ લબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળા અને લબ્ધિસૂરિ હિન્દી સ્કુલના બાલક–બાલીકાઓએ ગુરૂગીતો ગાયા હતા. પછીથી ધાર્મિક શિક્ષક તિલક શાહે વક્તવ્ય કરેલ. મુનિશ્રી અરૂણપ્રભવિજયજીએ ગુરૂસ્તુતિ સંભળાવેલ. પછી મુનિશ્રી અભયવિજયજીએ ગુરૂગુણોનું બ્યાન કરાવેલ. અને પૂજ્યશ્રીએ એક



પૂ. આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વરજી મ.ની નિશ્રામાં પૂ. આચાર્યશ્રી શાંતિચંદ્રસૂરીશ્વરજી મ ના કાળધર્મ નિમિત્તે બેંગલોર ગાંધીનગરમાં શ્રી ચંપાલાલજી મંગળચંદજી તરફથી ભણાવાયેલ પૂજા પ્રસંગે ૪૫ આગમોનું અક્ષતોથી કાઢવામાં આવેલ માંડલાનું દૃશ્ય



પૂ. આચાર્યશ્રી ભદ્રંકરસૂરીશ્વર  મ.ની નિશ્રામાં બેંગલોરમાં પૂ. આચાર્યદેવેશ શ્રી  બ્ધિસૂરીશ્વરજી મ. ની બારમી સ્વર્ગારોહણ તિ  થે નિમિત્તે શ્રી આદિજિનમંદિરના નવા ઉપાશ્રયન  હોલમાં સંઘવી માનમલ રાજાજી તરફથી વીસ વિ  હરમાનની પૂજા ભણાવાઈ, તે પ્રસંગે અઢીદ્વીપ  ાથે પાંચ મેરૂ-પર્વત આલેખીને બનાવેલ માંડલા  દૃશ્ય.

---

કલાક ગુરૂદેવનું જીવનચરિત્ર સંભળાવેલ. જેમાં સંઘને ઘણું ઘણું જાણવા મળ્યું હતું. ઉપસંહારમાં શ્રી લક્ષ્મીચંદજીએ જણાવેલ કે, સ્વર્ગસ્થ ગુરૂભગવંત અહીં પધાર્યા નથી, પણ તેમની લબ્ િઓ રૂપે તેમના વિદ્વાન શિષ્યો પૂ. આ. શ્રી ગંભીરસૂરિજી મ., પૂ. આચાર્ય શ્રી લક્ષ્મણસૂરિજી, પૂ. આ. ી નવીનસૂરિજી, પૂ. આ. શ્રી જયંતસૂરિજી મ., પૂ. આ. શ્રી વિક્રમસૂરિજી મ. અત્રે પધારેલ. તેઓ દ્વારા લ બ્ધિસૂરિ હિન્દી અને લબ્ધિસૂરિ ધાર્મિક સ્કુલો, જે સુંદર પ્રગતિ પર છે. તથા આત્મ-કમલ-લબ્ધિ-લક્ષ્મણ જૈન પુસ્તકાલય પણ છે. અને ગાંધીનગર કેન્ટોમેન્ટ, દાદાવાડી માગડી રોડ, જયનગર આદિના મંદિરોની પ્રતિષ્ઠા, ઉદ્યાપન આદિ દ્વારા અનેકગણો અમારા શ્રીસંઘને સુંદર લાભ મળતો રહ્યો છે વગેરે. સર્વમંગલ  ાદ સભા વિસર્જન થઈ હતી.

બપોરના વિજયમુહૂર્તે શા મોહનલાલ મુલચંદ તરફથી શાન્તિસ્નાત્ર ઠાઠથી ભણાવા લ. જીવદયાની ટીપ પણ સારી થએલ. આ વખતે એક નવું અનુષ્ઠાન કરાવવામાં આવેલ. શાન્તિસ્નાત્રના ારંભથી શાન્તિ-કલશ સુધી મૂળનાયક પ્રભુને દૂધની અખંડધારાનો અભિષેક કરાવાયેલ. તેનું ઘી ૬૦૧) મણ થ લ. વિધિવિધાન નથમલજીએ સુંદર કરાવેલ. અ. વ. ૭ના શ્રી પુખરાજજીની વિનંતિથી પૂજ્યશ્રી સંઘ સાથે તેમના ગૃહાંગણે ઘરમંદિરે દર્શન કરવા પધારેલ. ચૈત્યવંદનાદિ કર્યા બાદ તેના કુટુંબે ગુરૂપૂજન કરેલ. અંતે લાડુની પ્રભાવના સંઘને આપી હતી. શ્રા. સુ. ૭ના ગુજરાતી સંઘના ઉપક્રમે બારમી તિથિ નિમિત્તે મહાવીરસ ામીના મંદિરમાં વ્યાખ્યાન, પૂજા, આંગી, પ્રભાવના આદિ થયેલ.

ગાંધીનગરમાં પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ.ની બારમી તથા પૂ. આ. ાન્તિચંદ્રસૂરિજી મહારાજના કાળધર્મ નિમિત્તે અ. વ. ૧૩-૧૪-૦)) ત્રણ દિન ઉત્સવ થયેલ. શ્રી ચ ાલાલ તરફથી અક્ષત દ્વારા ૪૫ આગમના માંડલાની રચના કરવાપૂર્વક ૪૫ આગમની મોટી પૂજા ભણાવાઈ હતી.

શું એ મધમાખીઓને પણ આજના માનવીઓની જેમ મોંઘવારીનો ભય છે ? ત્યારે તો એ ફૂલોનો રસ એકઠો કરે છે અને મધ બનાવીને સંઘરી રાખવા ઈચ્છે છે; પરંતુ કોણ રહેવા દે છે એની પાસે ? માનવી કેટલે બેરહમ અને લાલચુ છે, જે બીજાના શ્રમનું મૂલ્ય ચુકવ્યા વિના હજમ કરી જાય છે. શું મનુષ્યની હરકતોથી મધમાખીઓ અણજાણ છે કે પ્રત્યેક વેળા એના દગાનો ભોગ બને છે ? કે પછી એના પર એવું ભૂત સવાર થઈ ગયું છે કે જરૂરત વિના ફુલોને સતાવે છે અને મધની ખેતી કરે છે ? કોઈ કિંમત ચૂકવ્યા વિના મધની ફસલને લણી લેવી, એ મધમાખીઓને અન્યાય કરવા બરાબર નથી ? પરંતુ નિસહાયને આજ સુધી, કયારેય – કદિ ન્યાય મળી શકયો છે ? —સાધ્વી મંજુલાશ્રીજી

પ્રભાવના, આંગી વગેરે થયું હતું. બન્ને માંડલું બનાવવામાં શ્રી પાનાચંદભાઈ માસ્તર આદિ યુવકમંડળનો પ્રયાસ ઘણો સ્તુત્ય હતો.

**લબ્ધિસૂરિજી પાઠશાળાનો સમારોહ :–** માગડી સંઘ તરફથી ઘરમંદિરની સાલગિરિ હોઈ શ્રા. સુ. બી. ૧૩ ના પૂજ્યશ્રી સંઘ સાથે ઠાઠથી બે માઈલ દૂર માગડી રોડ પધાર્યા હતા. ત્યાં પૂજા ધામધૂમપૂર્વક ભણાવાયેલ. તેમજ વાર્ષિક અષ્ટપ્રકારી પૂજાના ચઢાવા ઘણા સુંદર થયા હતા. બુંદીના પેકેટની પ્રભાવના થઈ હતી. સવારના પૂજ્યશ્રીની અધ્યક્ષતામાં લબ્ધિસૂરિ જૈન ધાર્મિક પાઠશાળાનો પંચમાસીક ઈનામિ મેળાવડો યોજાતાં બાળક–બાલીકાએ સંવાદ કરેલ. પાંચ ભાઈઓના હસ્તે ઈનામો અપાયેલ. અંતે પૂજ્યશ્રીએ ધાર્મિક જ્ઞાનનું મહત્ત્વ સમજાવેલ વદ ૬ રવિવારે ભુવન કાવ્યકેલિ ગ્રંથનો પ્રકાશન સમારોહ ઠાઠથી ઉજવાએલા છે.

**લબ્ધિસૂરિ સંગીત મંડળ :–**આ પ્રસંગોની સાથોસાથ લબ્ધિસૂરિ સંગીત મંડળની સ્થાપના થયેલ. તે મંડળે પ્રભુભક્તના કાર્યોમાં સારો એવો રસ લીધેલ છે ને પ્રગતિ કરતા દર શનિ–રવીવારના ભક્તિના કાર્યક્રમો યોજાય છે.

આગ્રહ રાખો...
ઉપયોગ કરો....
EPI
વોર્મ ડ્રાઈવ
હોઝ કલીપ
ભારતમાં સર્વશ્રેષ્ઠ.
: ઉત્પાદકો :
**સરલા ઈન્જી. વકર્સ**
મ્યુનસીપલ ઓફિસ સામે
ઘોડબંદર રોડ, કાંદીવલી.
[ મુંબઈ–૬૭ ]



**લક્ષ્મી છાપ**
**સત ઈસબગોલ**
કબજીયાત, મરડો અને મસા માટે
દેશ–પરદેશમાં ખ્યાતનામ છે.
—: વિક્રેતા :—
જયંત આયુર્વેદ ભવન, રાજકોટ
પારેખ મેડિકલ સ્ટોર્સ, ગાંધીરોડ, અમદાવાદ
રસીકલાલ મનસુખલાલ
૨૯૪, શેખ મેમણ સ્ટ્રીટ મુંબઈ–૨
ઉત્પાદક :– લક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન
( ઉ. ગુજરાત )

## મુંબઈ વાલકેશ્વરમાં મુનિ શ્રી યશોવિજયજીની વિવિધ પ્રવૃત્તિઓનો ખ્યાલ આપતી

# તસ્વીરો .........

**નોંધ**—દિગમ્બર સમ્પ્રદાયના સર્વોચ્ચ નેતાઓ સાહુ શ્રી શાન્તિપ્રસાદજી જૈન તથા શ્રી શ્રેયાંસપ્રસાદ જૈને શ્વેતામ્બર વિદ્વાન શ્રી અગરચંદજી નાહટા તથા ભારતીય જ્ઞાનપીઠના ડાયરેકટર શ્રી લક્ષ્મીચંદ જૈન સાથે જાણીતા મુનિ શ્રી યશોવિજયજી મહારાજની મુલાકાત લીધી હતી. આ મુલાકાત બે દિવસ ચાલી હતી. જેણે આઠ કલાકનો સમય લીધો હતો. આ મુલાકાત દરમિયાન ભગવાન શ્રી મહાવીરના કલાત્મક તથા અન્ય પ્રકાશન અંગે વિચાર વિનિમય થયો હતો. શ્રી શાન્તિપ્રસાદજીએ જણાવેલું કે ભલે લાખોનું ખર્ચ થાય પણ બંને ફિરકાની માન્યતાવાળું ભગવાનશ્રી મહાવીરનું સંયુક્ત પ્રકાશન થાય તો ઘણું યોગ્ય થશે. અન્તમાં મુનિજીએ આ ઉજવણીને તેજસ્વી અને યાદગાર બનાવવી હોય તો તીર્થોના ઝઘડાઓનો નિકાલ લાવવો જ જોઈએ અને એ માટે પ્રયાસ કરવા અપીલ કરી હતી. ત્યારબાદ મુનિજી જોડે જૈનમંદિરમાં જઈને જિનબિંબોના દર્શન કર્યા હતાં.

卐



મુનિ શ્રી યશોવિજયજી સાથે ચર્ચા વિચારણા કરી રહેલા સાહુ બંધુઓ.



શ્વેતામ્બર જૈન મુનિના વાસક્ષેપ દ્વારા આશીર્વાદ લઈ રહેલા દિગમ્બર નેતા શ્રી શાન્તિપ્રસાદજી



મહારાષ્ટ્રના શિક્ષણપ્રધાન શ્રી નામજોશી સાથે ભગવાન શ્રી મહાવીરની ૨૫મી શતાબ્દિ મહારાષ્ટ્ર રાજ્યની ઉજવણી બાબતમાં વાર્તાલાપ કરી રહેલા મુનિજી.



મધ્યપ્રદેશમાં આવેલ ચંબલની પ્રખ્યાત ખીણના જાણીતા ધાડપાડુઓ મુનિજીના દર્શને.

## મુનિશ્રી અને ધાડપાડુઓ

આ ધાડપાડુઓને સર્વોદય કાર્યકર્તા શ્રી સુબ્બારાવ તથા કુમારી ભારતી વખારીઆ મુનિજી પાસે બોધ આપવા લાવેલ. મુનિજીના ઉપદેશની એવી હૃદયસ્પર્શી અસર થઈ કે ધાડપાડુઓએ પોતાના પાપનો પશ્ચાતાપ કર્યો, ક્ષમા માગી, ને વધુ સારૂં જીવન ગાળવા ખાત્રી આપી. પહેલા દિવસના ઉપદેશની અસર એવી થઈ કે ધાડપાડુઓએ બીજા દિવસે કહ્યું કે અમારે આજે પણ બોધ સાંભળવો છે. બીજા દિવસે પણ તેઓ આવ્યા, ફરી ઉપદેશ આપ્યો. અન્તમાં તેઓએ મુનિજીને જોરદાર વિનંતી કરતા કહ્યું કે 'આપ અમારે ત્યાં જો પધારો તો ધાડપાડુઓને ભેગા કરીએ અને આપ જો સમજાવશો તો તે પણ આખર મનુષ્ય છે. આપના ઉપદેશથી તેમના જીવનમાં જરૂર પલટો આવશે. મુનિજીએ કહ્યું કે વાત તદ્દન સાચી છે પણ અત્યારે હું શું જવાબ આપું. પછી ધાડપાડુઓએ ઉમેર્યું કે આ ધંધો તેઓ મૂકી દીધા પછી સરકાર કે પ્રજા અમારી પેટની ચિંતા કરી માર્ગ પર ચઢાવે તો થોડા વરસોમાં અમે સારા માનવી બની શકશું.

મુનિજીએ સુબ્બારાવ ભારતીબેન જોડે ચર્ચા કરી એક સંસ્થા ઉભી કરવી અને ત્યાં સારા લોકસેવકો કે સર્વોદય કાર્યકર્તાઓને રોકી રાષ્ટ્રિય રીતે વ્યવસ્થિત કાર્ય કરવું જોઈએ એમ ભાવના વ્યક્ત

થઇ હતી. જૈન આગેવાનો જોડે આર્થિક સહાય બાબતની ચર્ચા થઇ ત્યારે મુનિજીએ કહ્યું કે "મને તો એમ સમજાય છે કે જો પ્રખર ઉપદેશક સુયોગ્ય જૈન સાધુઓ સંકલિત રીતે એ ત્રણ વરસ મીશનની ઢબે ઝુંબેશ ઉપાડે અને જૈનસંઘ બધી જાતનો સહકાર આપે તો ધાડપાડુનાં કઠોર હૈયાને જરૂર પીગળાવી શકાય. થોડી ઘણી સફળતા મળ્યા વિના ન રહે અને પાંચ સાત વરસે જો સારા નાગરિકો તરીકે જીવન જીવતા થઇ જાય તો આ સૈકાનું અહિંસા પરમોધર્મને માનવાવાળા જૈનોનું તેના પોતાના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાય એવું શકવર્તી કાર્ય લેખાશે."

**ભ. મહાવીરનું ચિત્ર સંપૂટ નવેમ્બરમાં પ્રગટ થશે.**

વરસોથી ભગવાન શ્રી મહાવીરના ચિત્રસંપૂટનું જે ભગીરથ કાર્ય પૂ. મુનિશ્રી યશોવિજયજી કરી રહ્યા હતા તે અંગે જાણવા મળ્યું છે કે એનું પ્રકાશન નવેમ્બરમાં કરવાનો નિર્ણય લેવાયો છે. આ પ્રકાશન અજોડ બનશે. ભગવાન શ્રી મહાવીરની રંગીન લાઈફ પ્રથમ જ પ્રકાશિત થશે.

**જૈન રેકર્ડ ઓલ ઇન્ડિયાના વિમાનમાં ગાજતી થઈ**

પૂ. મુનિ શ્રી યશોવિજયજી સ્થાપિત જૈન સંસ્કૃતિ કલાકેન્દ્ર તરફથી પ્રગટ થએલી જૈન આરતી દીવાની રેકર્ડ હમેશાં એર ઈન્ડિયાના પ્લેનમાં વગાડવામાં આવે છે. એર ઇન્ડિઆ તરફથી બહાર પડેલી પ્રચારપત્રિકામાં આ જણાવ્યું છે.

## વાલકેશ્વરમાં આરાધનાઓ અને પાઠશાળાનો મેળાવડો

જૈન ધાર્મિક શિક્ષણના ઉપક્રમે વાલકેશ્વર શ્રી આદિનાથ જૈન પાઠશાળાના મેળાવડા પ્રસંગે શ્રાવણ સુદિ ૭ રવિવારે પૂજ્ય આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું 'અંતરનાં અજવાળા' એ વિષય ઉપર પ્રવચન આપતા અગાઉ પ્રારંભમાં શ્રી ચીમનલાલ પાલિતાણાકરે, શ્રી તુલશીદાસ જગજીવનદાસે અને કાંતિલાલ ઉજમશીલાલે વક્તવ્ય કર્યા બાદ પૂજ્ય આચાર્ય મહારાજે હૃદયસ્પર્શી અને મનનીય પ્રવચન આપેલ હતું.

પ્રવચન બાદ પાઠશાળાની બાળાઓએ ગહૂંલી ગાઈ હતી તે પછી પાલનપુરનિવાસી શ્રી ડાહ્યાભાઈના શુભ હસ્તે પાઠશાળામાં ઉત્તીર્ણ થનારને ઈનામો અપાયા હતા. આ પાઠશાળામાં ૫૦થી ૬૦ વર્ષની બેનો ભણવા આવે છે ને પરીક્ષાઓ આપી ઉત્તીર્ણ થાય છે. વાલકેશ્વરની પાઠશાળાના કાર્યકર્તા શ્રી શાંતિલાલ કેશવલાલ ઝવેરી, શ્રી કાંતિલાલ ખેમચંદ, શ્રી પ્રફુલ્લ કાંતિલાલ પાઠશાળાને વધુ વેગવતી બનાવવા ધ્યાન આપે છે ને વધુ ધ્યાન આપશે. છેવટે શ્રી ડાહ્યાભાઇએ પાંચ મિનિટ વક્તવ્ય કરી મેળાવડો પૂર્ણ થયો હતો.

## સિદ્ધચક્રપૂજન

વાલકેશ્વર બાબુ અમીચંદ પનાલાલ આદીશ્વર જૈન દેરાસરના ઉપાશ્રયમાં અષાડ વદિ ત્રીજથી પૂજ્યપાદ યુગદિવાકર આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્ય મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજ વગેરે મુનિમંડળની નિશ્રામાં શેઠશ્રી મોહનલાલ લલ્લુભાઇ તરફથી વર્ધમાનતપની આરાધના શરૂ થતા તેમના ચિ. શ્રી ચિમનલાલના ધર્મપત્ની શ્રી કંચનબેન પણ જોડાયા હતા. આ તપની પૂર્ણાહુતી પ્રસંગે સમ્રાટ અશોક સોસાયટીના પટાંગણમાં વિશાળ મંડપ ઊભો કરી શ્રી સિદ્ધચક્ર બૃહત્પૂજન શ્રાવણ શુદિ સાતમ રવિવારે ભણાવવામાં આવ્યું હતું. શ્રી બાબુભાઇ કડીવાળાએ પૂજનમાં અને સંગીતકાર શ્રી નટવરલાલે પ્રભુભક્તિમાં ખૂબ જ જમાવટ કરી હતી. અન્તમાં શ્રીફળની પ્રભાવના કરી હતી.

આઠમને સોમવાર સવારે પૂજ્ય આચાર્યદેવનું મંગલ પ્રવચન રાખ્યું હતું. વિશાળમંડપ ભરાઇ ગયો હતો. વ્યાખ્યાન બાદ સંઘપૂજા કરવામાં આવી હતી અને લાડવાની પ્રભાવના કરવામાં આવી હતી. જીવદયાની ટીપ શરૂ થતા પાંચેક હજારની થઈ હતી.

શ્રાવણ શુદિ ૯ ને મંગળવારે સવારે ૯ વાગે પારણા ૭૦ ભાઈ-બહેનોને કરાવવામાં આવ્યા હતા. અને દરેક તપસ્વિઓને લગભગ ૯૦) રૂપિયાની પ્રભાવના જેટલી વસ્તુ મળી હતી.

વર્ધમાન તપના આરાધના કરનાર તરફથી શ્રાવણ શુદિ તેરશ રવિવારે શ્રી અષ્ટાપદ તીર્થની મોટી પૂજા મહાવીર સંયુક્ત મંડળે ભણાવી હતી. અંતે સાકરના પડાની પ્રભાવના થઇ હતી.

[ અવશ્ય વાંચો 'જૈન' સાપ્તાહિક ભાવનગર
વાર્ષિક લવાજમ રૂા. ૧૩ ]

( આ સંસ્થાને આપવામાં આવતી મદદ ઇન્કમટેક્ષમાં બાદ મળે છે. )

# શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ-પાલિતાણા

卐 ( સ્થાપના સંવત ૧૯૬૨ ચૈત્ર સુદી ૧૦ ) 卐

## મહા મંગલકારી પર્યુષણપર્વ અને આપણું કર્તવ્ય

આપણી શિક્ષણ સંસ્થાઓને વધુ સમૃદ્ધ બનાવવાની ખાસ જરૂર છે. પાયાના શિક્ષણ માટે ખંત અને પુરૂષાર્થથી આ બાલાશ્રમ છેલ્લા ૬૭ વર્ષથી જૈન સમાજના બાળકોને શિક્ષણ, સંસ્કાર અને ધર્મભાવના આપી રહેલ છે. સ્વતંત્ર ઉજાસવાળું મકાન, જૈન દેરાસર, સ્વતંત્ર હાઇસ્કૂલ, કસરતશાળા અને નિયમિત ધાર્મિક શિક્ષણ માટેની પૂરતી વ્યવસ્થા છે.

સડસઠ (૬૭) વર્ષ દરમ્યાન વ્યવહારીક તેમજ ધાર્મિક શિક્ષણક્ષેત્રે આ સંસ્થાએ જે કાર્ય કરેલ છે તેમજ અત્યારે કરી રહેલ છે તેમાં સંસ્થા પ્રત્યે મમત્વની લાગણી ધરાવતા કેળવણીપ્રેમી અને ભાવનાશીલ દાનવીરો તેમ જ શુભેચ્છકોનો ફાળો નોંધપાત્ર છે.

આજે સંસ્થાનો લાભ ૧૪૦ વિદ્યાર્થીઓ લઈ રહેલ છે. અને છેલ્લા થોડા વર્ષથી સંસ્થાનો ખર્ચ રૂા. ૧,૦૦,૦૦૦) સુધી પહોંચી ગયેલ છે. જ્યારે સ્થાયી આવક રૂા. ૭૫,૦૦૦) હોઈ બાકીના રૂા. ૨૫,૦૦૦) નો તોટો સમાજ પૂરો કરી આપે છે. પણ આ વર્ષે સખ્ત મોંઘવારી હોવાથી ખર્ચ રૂા ૧,૩૦,૦૦૦-૦૦ થી રૂા. ૧,૪૦,૦૦૦-૦૦ સુધી પહોંચી જશે. જ્યારે સ્થાયી આવક તો ૭૫,૦૦૦-૦૦ની જ છે, આ મોટા તોટા માટે સંસ્થા સમાજ ઉપર આધાર રાખે છે.

સંસ્થાને આર્થિક રીતે સદ્ધર બનાવવા પેટ્રન તથા આજીવન સભ્ય બનવા તથા સ્વામિવાત્સલ્ય ટ્રસ્ટ ફંડની યોજનામાં રૂા. ૨૫૦૧) થી ૨૫૧) સુધી આપી મુકરર તિથિ નોંધાવી લાભ લેવ વિનંતિ છે.

પૂજ્યપાદ આચાર્ય મહારાજો, મુનિમહારાજો તથા સાધ્વીજી મહારાજો તેમજ ગામે ગામના શ્રી જૈન સંઘોને બાલાશ્રમને મદદ કરવા માટે પ્રેરણા આપવા નમ્ર વિનંતિ કરીએ છીએ. 卐 મહા મંગલકારી પર્વાધિરાજના પુણ્ય પ્રસંગે આ સંસ્થાને અચુક યાદ કરી ફુલ નહિ તો ફુલની પાંખડી રૂપે અવશ્ય મદદ મોકલશો.

લી. ભવદીય

| | |
|---|---|
| જાદવજી સોમચંદ મહેતા | વાડીલાલ ચત્રભુજ ગાંધી |
| જગજીવન પોપટલાલ શાહ | પ્રમુખ |
| ભોગીલાલ પ્રભુદાસ શાહ | રમણીકલાલ નગીનદાસ પરીખ |
| માનદ્ મંત્રીઓ | ઉપ-પ્રમુખ |

મુખ્ય કાર્યાલય : ધનબીલ્ડીંગ, ચોથે માળે, ૨૩/૨૫ ઘોઘા સ્ટ્રીટ ફોર્ટ મુંબઈ-૧ [ટે. નં. ૨૫૪૧૩૦]

**સ્થળ : શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાલાશ્રમ : તલાટી રોડ, પાલિતાણા [ સૌરાષ્ટ્ર ]**

# શ્રી સીમન્ધરસ્વામી-મહાતીર્થ

## યાત્રાએ પધારવા ભાવભર્યું આમંત્રણ

**ભારતવર્ષના શ્રી જિનમંદિરોમાં પદ્માસને બિરાજમાન શ્રી જિનેશ્વરદેવના પ્રતિમાજી મહારાજમાં સહુથી વિશાળ ૧૪૫" ઇંચિ (બાર ફુટને એક ઇંચ)ના મૂળ-નાયક તરીકે પરમાતારક દેવાધિદેવ શ્રી સીમન્ધરસ્વામીજી પરમાત્માના પ્રતિમાજી મહારાજ સં. ૨૦૨૮ના વૈશાખ સુદ ૬ના શુભ દિવસે પ્રતિષ્ઠિત થયેલા છે.**

અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની સારામાં સારી સગવડતા છે.

—: આ તીર્થમાં નીચેની યોજના મુજબ લાભ લેવા વિનંતી છે :—

- ☆ રૂા. ૧૧૧૧ આપનારનું નામ દેરાસરની તક્તીમાં લખાશે.
- ☆ રૂા. ૧૧૧૧ સાધારણ ખાતે ભેટ આપનારનું નામ આરસીની તક્તીમાં લખાશે.
- ☆ રૂા. ૧૧૧૧ આપનારનો ફોટો શ્રી જૈન ભોજનશાળાના હોલમાં મૂકાશે.
- ☆ રૂા. ૫૧૧ ભેટ આપનારનું નામ ભોજનશાળાની કાયમીસહાયક તિથિબોર્ડમાં લખાશે.
- ☆ રૂા. ૫૧૧૧ આપનારના નામની ધર્મશાળાના મોટા રૂમ ઉપર આરસની તક્તી મૂકાશે.
- ☆ રૂા. ૨૫૫૧ આપનારના નામની ધર્મશાળાના નાના રૂમ ઉપર આરસની તક્તી મૂકાશે.

**પ્રમુખ : શ્રી માણેકલાલ ડી. શાહ ● મંત્રી : શ્રી રમણલાલ ધરમચંદ શાહ**

**શ્રી સીમન્ધરસ્વામિ જિનમંદિર ખાતું,**

**મહેસાણા (ઉ. ગુજરાત)**

# અત્યંત વિચારણીય સુચના--જૈનોના સંપ-ઝંપ માટે

ઘણા સમયથી ચર્ચાય છે કે જૈનો (શ્વેતામ્બર મૂર્તિપૂજકો) નિર્નાયક છે. આ, સમાજને, તેના કરતાં સાધુસમુદાયને વધુ લાગુ પડે છે. એક જ સંપ્રદાય તેમાં કેટલા સંઘાડા, વાડા અને આંતરિક તેમજ બાહ્ય કેટલો વિખવાદ ?—એકલો મતભેદ નહિ, પણ મન અંતરનો ભેદ ?

શું ભગવાન્ આપણને બચાવે ? ઉપાય તો આપણા હાથમાં જ છે, જો આપણે આપણા મહાન શાસન અને સમાજના સંગઠ્ઠન, સંઘ અને ઝંપ માટે સહૃદયી બની યે તો.

દુનીઆની વસ્તીમાં મોટામાં મોટો સમુદાય ૭૦ કરોડ ખ્રીસ્તીઓનો છે. છતાં, તેમના એક જ સર્વમાન્ય મોટા ગુરુ પોપ છે. ખ્રીસ્તીઓમાં રોમન કેથોલીકો, પ્રોટેસ્ટન્ટ એમ ફીરકાઓ છે. પણ પોપને સર્વે માને છે. અને પોપની આજ્ઞા દરેક ખ્રીસ્તી માથે ચઢાવે છે. પોપની પણ એકની હયાતી પછી, બીજાની ચૂંટણી બીશપો, આર્ચ-બીશપો તેમજ કાર્ડીનલો કરે છે, અને મુખ્યત્વે કાર્ડીનલોમાંથી થાય છે. આજ પ્રમાણે હિંદુભાઈ-ઓમાં મોટા શંકરાચાર્ય હોય છે, બૌદ્ધધર્મીઓ, હીબ્રુઓ (જ્યુઝ), તેમજ બીજા ધર્મોના અનુયાયી-ઓમાં હોય છે.

શું આ પ્રમાણે એક સાધુ સંમ્મેલન તુરતમાં જ ભરી હાલના આચાર્યોમાંથી એક "પોપ" અગર સર્વોપરી "મહાનાચાર્ય" કેમ ના ચુંટી કઢાય ? હાલમાં પૂ. નંદનસૂરીશ્વરજી, પૂ. પ્રતાપસૂરીશ્વજી, પૂ. રામસૂરીશ્વરજી, વી.વી. વયોવૃદ્ધ, અનુભવી અને જ્ઞાની આચાર્યો વિદ્યમાન છે. તેમાંથી એકને "પોપ" જેવા સર્વોપરી ધાર્મિક નેતા કેમ ના બનાવી શકાય ? જે કોઈ આચાર્ય શાસનના નંબર ૧ (પ્રથમ) બને તેમણે બધા મતભેદો ભૂલી (મારો કક્કો એજ ખરો બીજા નહિ ), બધાંને માન્ય અને બધાંના લાભમાં તેજ ખરૂં એ મહાન્ સિદ્ધાંત અપનાવવો જ પડશે. આવા "મહાનાચાર્ય"નો ઓર્ડર એ સર્વમાન્ય અને સર્વવંદ્ય બનશે.

ઉપર પ્રમાણે અશકય વસ્તુને ભગીરથ પ્રયત્નથી શકય બનાવી સાધુસંસ્થાની એકયતા અને સાચી એકદીલી સધાશે. આનું અનુકરણ જૈન સમાજ પણ કરી સંગઠ્ઠીત બનશે, ઐકય સાધશે, અને ઉન્નત થશે.

આમ, નિનાર્યક (ઘેટાં, બકરાંનો સમાજ)નું કલંક કયારે, વહેલામાં વહેલી તકે દૂર કરી દુની-યાના ધર્મોમાં આપણું અગ્રસ્થાન લઈશું ? શાસન-દેવ સૌ કોઈને સદ્બુદ્ધિ આપો.

જૈન જયંતિ શાસનમ્ લી. "શુભેચ્છક"


## ખુશ ખબર

અમારે ત્યાં આયંબિલમાં વાપરવા માટેના પાપડ, ખાખરા, ચણા, ચોખાની રેટીમાં, સેકેલી સેવ તેમ જ પાકુ મીઠું, જીરાળું વગેરે દરેક ચીજો મળશે.

આ ઉપરાંત ઘરવપરાશનાં ઉત્તમ ટેસ્ટફૂલ પાપડ (મગના તેમ જ અડદના) ડબલ મરી, લીલા મરચાંવાલા તેમ જ ચોખાની સેવ, જીરાળું, ચોખાના ખીચીયા વગેરે મળવાનું

ભરોસાપાત્ર સ્થળ :-
શાહ વાડીલાલ નાથાલાલ
ખાત્રીનો માળો, બીજે માળે, ભુલેશ્વર, કુલગલી
મુંબઈ-૨.

## ક્ષમાપના ....અને.... આવતો અંક

અમારા "જૈન" સાપ્તાહિકનો આવતો અંક તા. ૧-૮-૭૩નો બંધ રહેશે. અને સંવત્સરી બાદ તા. ૮-૮-૭૩ શનિવારના બહાર પડશે. તેની દરેક ગ્રાહકો નોંધ લેશે. પ્રાપ્ત થયેલ લેખન કૃતિઓ, જાહેરાતો સ્થળ અને સમયના અભાવે આપી શકેલ નથી. જે હવે પછીના અંકમાં સમાવેશ કરીશું. વર્ષ દરમ્યાન જાણતા અજાણતા આપના હૃદયને અમારાથી દુઃખ પહોંચ્યુ હોય, તે બદલ સર્વ જીવોની સાથે આપશ્રીને પણ અંતઃકરણ પૂર્વક ખમાવીએ છીએ.

—તંત્રી "જૈન"

**સુરેન્દ્રનગર :** અત્રે આચાર્યશ્રી દક્ષસૂરીશ્વરજીના પ્રવેશદિનથી જ તપ-ત્યાગનું વાતાવરણ સુંદર સર્જાયેલ છે. અ. શુ. ૧૧ ના ૨૫૦ આયંબીલો શેઠ મોહનલાલ ઠાકરશી તરફથી થયા હતા. ભગવતીજી સૂત્ર તથા વિક્રમચરિત્રને મહેતા વ્રજલાલ પાનાચંદભાઈએ વાજતે ગાજતે ઘરે લઈ જઈ રાત્રી જગો આપી પુનઃવાજતે ગાજતે બીજે દીવસે લાવી વહોરાવેલ. ઉપજ ૩૮૬ મણ ઘીની થઈ હતી. સ્વસ્તિક તપ, શં. પાર્શ્વનાથના અઠમો થતાં સારી સંખ્યા જોડાઈ હતી. પ્રભાવનાઓ સારી થઈ હતી. શ્રા. શુ. ૧૦થી વોરા ડુંગરશીભાઈ તલકશીભાઈના આત્મશ્રેયાર્થે શ્રી શાંતિસ્નાત્ર સહ પંચાન્હિકા મહોત્સવ ધામધુમથી ઉજવાયેલ.

**પાનસર :** પૂ. કેસરસૂરિના મુનિશ્રી આણંદવિજયજીની નિશ્રામાં ચાતુર્માસ દરમ્યાન આરાધના સુંદર થઈ રહેલ છે. તેના સંસારી પિતા ડભોડા નિવાસી શાહ કાન્તીલાલ ચુનિલાલ તરફથી કામળી વહોરાવવાનો લાભ લેવાયો હતો. કલ્પસૂત્ર ગુર્જર-અનુવાદ શ્રાવિકા મંગળાબહેને વહોરાવેલ. પંન્યાસ શ્રી તિર્થવિજયજી ગણિવર તથા મુનિશ્રી ક્ષમાવિજયજી આદિ ઠા. ૪ અત્રે બિરાજમાન છે.

**પર્યુષણમાં પ્રગટ થશે :** મુંબઈ વસતા જૈન સંગીતકાર શ્રી અંબાલાલ એચ. પાટણવાળાની 'સુરસાગર' નામની સ્તવનની પુસ્તિકા પર્યુષણમાં પ્રગટ થનાર છે.

### અઠ્ઠમ તપની આરાધના

શ્રી સંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના તથા ચંદનબાળાના અઠ્ઠમ તપની આરાધના શ્રાવણ શુદિ ૧૩-૧૩-૧૪ શરૂ થતા તેમાં ૯૨ ભાઈ-બહેનો જોડાયા હતા ત્રણે દિવસે બપોરે પૂજા ભણાવવામા આવી હતી. ઉત્તરપારણા અને પારણા એક સદ્ગૃહસ્થ તરફથી કરાવામાં આવ્યા હતા. પારણા પ્રસંગે દરેક તપસ્વીને ૧૦) રૂા. ની પ્રભાવનાઓ મળી હતી. આમ વાલકેશ્વર ધર્મભાવનાથી ગાજી ઉઠ્યું છે.

મફત, મફત, મફત

## સફેદ ડાઘ

સોમરાજી દવાએ સફેદ ડાઘના રોગીઓને પૂર્ણ લાભ કરી આપીને સંસારમાં ખ્યાતી મેળવી છે. એક શીશી દવા મંગાવીને પૂર્ણ ફાયદો મેળવો. ફક્ત સાત દિવસમાં લાભ થશે.

Prem Trading Co [S. N.]
Po. KATRI SARAI (Gaya)

卐

### બાળપોથી છપાઇ ગઈ છે.

હિંદી-ગુજરાતી સચિત્ર બાળપોથીની ચોથી આવૃત્તિ. પડતર કિં રૂા. ૧) (ભૂલથી ૦-૫૦ પૈસા કિંમત છપાઈ ગઈ છે.) પાંચથી ઓછી કોપી પોસ્ટથી મોકલી શકાશે નહિ. પાઠશાળા માટે કિંમત પૂછાવો.

તપસ્વીઓ માટે:- બહુ નબળાઈ આવી હોય શરીરને ટકા રૂપે અકસીર દેશી દવા મોકલાશે.

શા. માસિંગજી કપુરચંદ
૭૬, સુતારચાલ, મુંબઈ-૨

# શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ-શિવપુરી

☆ [સંસ્કૃત મહાવિદ્યાલય] ☆

શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ-શિવપુરી (મધ્યપ્રદેશ) દ્વારા સંચાલિત છાત્રાલય ૧૫ ઓગસ્ટ ૧૯૭૩થી પ્રારંભ કરેલ છે. આ સંસ્થા શાસનદીપક પૂ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ છે. આ મહાવિદ્યાલયમાં પં. શ્રી બેચરદાસ, શ્રી જયભિખ્ખુ જેવા મહાન વિદ્વાનોએ વિદ્યાભ્યાસ કરેલ છે.

થોડા વર્ષોથી આ સંસ્થા બંધ પડેલ હતી પણ સ્થાનિક સંઘના સહકારથી અને મુંબઈની કમિટીની પ્રેરણાથી ચાલુ કરેલ છે. છાત્રાલયમાં ધોરણ ૮ થી આગળના અભ્યાસ માટે દાખલ કરવામાં આવે છે. આ મહાવિદ્યાલયમાં વિદ્વાનો તૈયાર કરવાની પણ સગવડ છે. વિદ્યાર્થીઓને ધાર્મિક તથા સંસ્કૃતના અભ્યાસ માટે સગવડ છે. આ સંસ્થામાં વી.ટી.પી. હાયર સેકન્ડરી સ્કુલ ચાલે છે. જે સરકાર માન્ય છે. ધોરણ ૧ થી ૧૧ સુધી દરેક વિષયો લેવામાં આવે છે. શિવપુરીમાં ડિગ્રી કોલેજ અને આઈ. ટી. આઈ પણ છે. કોલેજમાં અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યાર્થીઓને પણ પ્રવેશ આપવામાં આવે છે.

દાખલ થવા ઇચ્છતા વિદ્યાર્થીઓએ નીચેના સરનામેથી અરજી પત્રકો તથા માહિતી મંગાવી પ્રવેશ જલ્દી મેળવી લેવા વિનંતી છે. મર્યાદિત સંખ્યામાં વિદ્યાર્થીઓને દાખલ કરવાના હોઈ જલદી પ્રવેશ મેળવવા સંપર્ક સાધો.

સ્વતંત્ર હવા ઉજાસવાળું મકાન, જૈન દેરાસર, સ્વતંત્ર હાઈસ્કુલ, અને બીજી સુવિધા છે. ધાર્મિક અભ્યાસ કરનાર વિદ્યાર્થીને વીના લવાજમે દાખલ કરવામાં આવશે.

**વિજ્ઞપ્તિ:** પૂજ્યપાદ આચાર્યપ્રવરો તથા પૂ. મુનિપુંગવો તેમ જ ગામેગામના શ્રી જૈન સંઘોને વિજ્ઞપ્તિ કરીએ છીએ કે: પર્વાધિરાજ પર્યુષણ પર્વ પ્રસંગે આ સંસ્થાને અચૂક યાદ કરી "ફુલ નહિ તો ફુલની પાંખડી" મોકલવા પ્રેરણા કરશો અને મોકલશો.

લિ૰ ભવદીય,
શાંતિલાલ મગનલાલ શાહ
રૂપચંદ પન્નાલાલ ભણશાળી
મંત્રીઓ

ઠેકાણું :

**શ્રી વિજયધર્મસૂરિ સમાધિમંદિર**

રેલ્વે સ્ટેશન પાસે, શિવપુરી (મધ્યપ્રદેશ)

મહા ચમત્કારીક શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ

# યાત્રાએ પધારી જીવન સાર્થક કરો

( ટ્રસ્ટ રજી. નં. ૧૩૩/૭૨–૭૩ )

ભ૦શ્રી પાર્શ્વનાથ હાથ (૧૪ નવકૂટ)ની કાયા ધરાવતા હતાં, તે કાયા સમાન સેંકડો વર્ષની પ્રાચીન પ્રતિમા શ્રી નાગેશ્વર તીર્થમાં લીલવર્ણની સાત ફણાવાળી ઉભી **શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ** પ્રભુની બિરાજે છે. દર સાલ હજારો યાત્રિકો આવીને દર્શન કરી જીવન સાર્થક કરે છે.

મુંબઈથી વડોદરા, રતલામ અને દિલ્હી રેલ્વે (બ્રોડગેજ) લાઈનમાં વિક્રમગઢ આલોટ, થુરીઆ, ચૌમહલા સ્ટેશનો આવેલાં છે.

ચૌમહલાથી નાગેશ્વર તીર્થ નવ માઈલ છે. ચોમાસામાં બેલગાડીની વ્યવસ્થા છે. ચૌમહલાની બાજુના સ્ટેશન તાલાવલીથી પગરસ્તો ચાલુ છે. આ બે રસ્તાઓ સિવાયના બધા રસ્તાઓ ચોમાસાના કારણે બંધ છે, જેની યાત્રિકોએ નોંધ લેવી.

આલોટથી જીપની, ચૌમહલાથી બસ સર્વીસની અને થુરીયાથી પગરસ્તાની સગવડ ચોમાસાને કારણે હાલ બંધ છે. મુંબઈથી આલોટનો અને દિલ્લીથી ગંગધારનો રોડમાર્ગ હાલમાં કંઈ ઉપયોગી નથી.

તીર્થ ઉપર ભોજનશાળા, ધર્મશાળાની સારી એવી વ્યવસ્થા છે.

**—: નીચે જણાવેલ સીરનામે નાણાં મોકલવા વિનંતી છે :—**

**શ્રી જૈન શ્વેતામ્બર નાગેશ્વર પાર્શ્વનાથ તીર્થ પેઢી**

(રાજસ્થાન) ( જિ. ઝાલાવાડ ) સ્ટે. ચોમહલા, પો. ઉન્હેલ.

**શ્રી વાડીલાલ ચત્રભુજ ગાંધી**

નવરોજ ક્રોસ લેન, પ્રદીપ નિવાસ, ઘાટકોપર, મુંબઈ–૭૭

**શ્રી મનુભાઈ જેસીંગભાઈ ૫૪, મસ્કતી માર્કેટ, અમદાવાદ**


**✻ કમલ છાપ કેસર ✻**

૧, ૨, ૩, ૫, ૧૦, ૫૦, ૧૦૦, ૨૫૦ અને ૫૦૦ ગ્રામના સીલબંધ પેકિંગમાં

**આજનો ભાવ—૩૦૦૦) રૂપિયા પ્રતિ કીલો**

સૂચના : અસલી કેસરનો ચૂરો નથી આવતો. તે રંગેલું ઘાસ હોય છે. અસલી ચૂરો લખવાવાળાના વિશ્વાસમાં રહેશો નહિં.

**રાજસ્થાન ટ્રેડર્સ**

૨૧૬ વડગાદી, મુંબઈ–૩.

ટેલીગ્રામ 'સત્ય કી જીત' ફોન: ૩૨૭૧૧૪, ૩૨૭૧૪૧


મહારામુન્દ (મ. પ્ર.)

આર્યપુત્ર શ્રી ઉદયસાગરજી ઠા. ૩ ની શુભનિશ્રામાં અનેક ભવ્યાત્માઓએ વ્રત પચ્ચખાણ લીધા છે. પ્રવચન શૈલીથી પ્રભાવિત થઈ શહેરની અગ્રગણ્ય વ્યક્તિઓ હંમેશા વ્યાખ્યાનનો લાભ લઈ રહેલ છે. ૧૬-૮-૭૩ થી અક્ષય નિધિ તપનો પ્રારંભ થતાં ઉત્સાહ સારો હતો. આ દિવસથી અઠ્ઠાઈ મહોત્સવ પ્રારંભ થયેલ છે.

સુધાના ઉપર : ગણિવર્ય શ્રી હેમેન્દ્રસાગરજીને પોષ્ટેજી ટોમી ( મુંગાંઢ ) કાઢવા માટે સુરતની જનરલ હોસ્પીટલમાં તા. ૨૩–૮–૭૩ ના દાખલ કરવામાં આવેલ. ઓપરેશન સફળ થયું હતું. હવે તબિયત સુધારા ઉપર છે. શીતલવાડી ઉપાશ્રએ પૂજ્ય શ્રી આજકાલમાં આવનાર હતા.

પુના : સોલાપુર બજારમાં મુનિશ્રી મતિવિજયજીની નિશ્રામાં શાહ મોહનલાલ દેવરાજના માતુશ્રી પાનીબાઈના સ્વર્ગારોહણ અંગે શ્રા. શુ. ૧૩ ના શાંતિસ્નાત્ર સાથેનો અઠ્ઠાઈ મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો. ક્રીયા માટે ડભોઈથી ડાહ્યાભાઈ અને ગવૈયા મુંબઈથી આવેલ. ઉત્તરાધ્યયન સૂત્ર અને ઉપદેશ પ્રાસાદની વાચનાં ચાલુ હોઈ સંઘમાં ઉત્સાહ સારો છે. પચરંગી તપમાં ૧૦૦ ની સંખ્યા જોડાઈ હતી. વાંકડીવાળા શ્રી હીરાભાઈએ પારણા કરાવી શ્રીફળની પ્રભાવના કરી હતી.

અમદાવાદ : ઉજમફઈની ધર્મશાળામાં ઊ. શ્રી ધર્મસાગરજીના વ્યાખ્યાનમાં આગમવાચના હંમેશા અઢીથી ચાર સુધી ચાલતા ૧૦૦૦ થી ૧૨૦૦૦ની સંખ્યા લાભ લઈ રહી છે. તત્વ જિજ્ઞાસુઓ દૂર દૂરથી વાચનાનો લાભ લેવા આવે છે. હંમેશા ભાવુકો તરફથી મોદકની પ્રભાવના થાય છે.

જૈન મરચન્ટ સોસાયટીમાં મુનિશ્રી અશોકસાગરજીની શુભનિશ્રામાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથના અઠમો થતાં ૧૦૦ની સંખ્યા થઈ હતી. રથયાત્રા ૧૨ બગી, રથ, હાથી, પાંજરાપોળનું મંડળ વગેરેની શોભાયમાન બનેલ. આ વિસ્તારમાં આવી રથયાત્રા પ્રથમ જ નીકળેલ. નવકારમંત્રની આરાધના શરૂ થતાં ૨૦૦ની સંખ્યા જોડાઈ છે.

ચપલના (મંદસાર) : મુનિશ્રી બલભદ્રવિજયજીના ચાતુર્માસથી લોકો ધર્મપ્રવૃત્તિમાં સારો એવો લાભ લઈ રહેલ છે. જિનાલયનો જિર્ણોદ્ધાર થઈ રહ્યો છે. આ અંગે અત્રેના શ્રાવકો ટીપ માટે બહારગામ ગયા હતા શ્રી સકળ સંઘ સહકાર આપે.

સિરોહી : આચાર્યશ્રી ભુવનસૂરીશ્વરજી મ૦ની શુભનિશ્રામાં અ૦વદિ ૨નાં સામુદાયિક નવકાર મંત્રની આરાધના થતાં ૩૧૦ ભાવિકો જોડાયા હતા. સવારે સમુહસ્નાત્ર, પ્રવચન આદિ થયેલ. એક ભાવિકે ખીરના એકાસણુ કરાવ્યા હતા. વ્યાખ્યાનમાં પ્રતિદિન સંખ્યા વધતી જાય છે.


# જૈસલમેર પંચતીર્થીની યાત્રા કરી દુર્લભ માનવજીવન સફળ કરો

જૈસલમેર જુહારિયે, દુઃખ વારિયે એ,
અરિહંત બિંબ અનેક, તીર્થ તે નમુ એ. —શ્રી સમયસુંદરજી મ૦

**પંચતીર્થી:** જૈસલમેર પંચતીર્થીમાં જૈસલમેર દુર્ગ, અમરસાગર, લૌદ્રવપુર, બ્રહ્મસર તથા પોકરણના જિનાલય છે. તેમાં ૬૦૦૦ પ્રતિમાઓ બિરાજમાન છે.

**વિશેષતાઓ :** જૈન જગતમાં જૈસલમેર અનેક વિશેષતાઓથી પ્રસિદ્ધ છે.

(૧) પ્રાચીન–ભવ્ય–કલાત્મક જિનાલય તથા પન્ના અને સ્ફટિકની પ્રતિમાઓ.

(૨) શ્રી જિનભદ્રસૂરિ જ્ઞાનભંડાર, તાડપત્રીય ગ્રન્થ આદિ.

(૩) પ્રથમ દાદાગુરુ આ૦ શ્રી ૧૦૦૮ શ્રી જિનદત્તસૂરિજી મ૦ની પછેડી, ચોલપટ્ટો અને મુહપતિ જે અગ્નિસંસ્કાર પછી પણ અક્ષુણ્ણ રહ્યા છે.

(૪) ચૌદમી સદીમાં મંત્રિત કરાએલ અને તાંબાની શલાકા લગાડેલ શ્રી જિનવર્ધનસૂરિજી દ્વારા પ્રતિષ્ઠિત થયેલ જિનપ્રતિમાજી તથા ભૈરવજીની મૂર્તિ.

(૫) અનેક દાદાવાડી, ઉપાશ્રય, અધિષ્ટાયકદેવના દેવસ્થાનો તથા પટવાની હવેલીઓ આદિ જોવાલાયક સ્થળો.

(૬) લૌદ્રવપુરનાં અધિષ્ટાયક દેવ પણ બહુ જ ચમત્કારિક છે. ભાગ્યશાળીઓને કોઈ કોઈવાર દર્શન આપે છે.

**સુવિધાઓ :** યાત્રિકો તથા શ્રીસંઘોને રહેવાની પુરી સગવડ છે. રાજસ્થાનની મરુભૂમિમાં આ સ્થળ હોવા છતાં અહીં પાણી અને લાઈટની પુર્ણ વ્યવસ્થા છે. ઉપરાંત, શ્રદ્ધાળુ દાનવીરો દ્વારા કાયમી તિથિના સહયોગથી પ્રતિદિન ભોજનશાળા ચાલે છે.

**જવા–આવવાના સાધનો :** જૈસલમેર પહોંચવા માટે જોધપુર મુખ્ય કેન્દ્ર છે. તે ભારતના વિવિધ ભાગો સાથે અવરજવરના સાધનોથી જોડાએલ છે. જોધપુરથી દિવસના બે વખત બસ જાય છે અને રાત્રે ૧૦ વાગે ટ્રેઈન ઉપડે છે, જે સવારે ૮ વાગે જૈસલમેર પહોંચાડે છે. અમરસાગર, લૌદ્રવપુર તથા બ્રહ્મસર જવા માટે નિયમિત બસની સગવડતા મળે છે.

**નોંધ :** અમરસાગર અને લોદ્રવપુરના જિનાલયોનું જીર્ણોદ્ધાર કાર્ય સં. ૨૦૨૮ના શ્રાવણ સુદ ૫, તા. ૧૪–૮–૭૨થી શરૂ થઈ ગયેલ છે.

આપને નમ્ર વિનંતી છે કે આ પુન્યક્ષેત્રની પંચતીર્થીની યાત્રા કરી અને ભંડારોના દર્શન કરી દુર્લભ માનવજીવન સફળ કરો.

**નિવેદક : નેમચંદ જૈન (પ્રચારમંત્રી, જૈન ટ્રસ્ટ.)**
C/o. મે. જૈન્સ કું. ૧૦૧ યશવંત પ્લેઈસ, ચાણક્યપુરી, નવી દિલ્હી-૧૧
ફોન: ઘર–૬૬૨૦૩૬, દુકાન–૬૨૫૩૭૬.

**નિવેદક : માનમલ ચોરડિયા (વ્યવસ્થાપક)**
**શ્રી જૈસલમેર લોદ્રવપુર પાર્શ્વનાથ જૈન દેરાસર ટ્રસ્ટ**
તાર : જૈન ટ્રસ્ટ] જૈસલમેર (રાજસ્થાન) [ફોન : ૩૦

**ઘાટકોપર :** પૂ. સાધ્વીશ્રી હેમલતાશ્રીજી ઠા. ૪ની નિશ્રામાં આયંબીલ તપ છઠ્ઠ તપ, પંચ જ્ઞાનનાં પાંચ દિવસ, તથા અરિહંતપદનાં જાપ સહિત ત્રણ એકાસણા, અષ્ટકર્મસુદન ઇત્યાદિ અનેકવિધ તપશ્ચર્યામાં ભાવીકો સારી સંખ્યામાં જોડાયેલ. તા. ૫-૮-૭૩નાં પાનબાઈ ભીમશીનાં તપનાં અનુમોદન અર્થે શાહ ભીમશી ખેતશી કચ્છ-મોટા રાવાલા તરફથી શ્રી સિદ્ધચક્ર મહાપૂજન ભણાવવામાં આવેલ. તે સમયે જીવદયામાં સારી રકમ થયેલ. દરરોજ બા. બ્ર. પ. પૂ. સ. રત્નરેખાશ્રી ધર્મરત્ન પ્રકરણ અને માનતુંગ માનવતી ચરિત્ર છણાવટથી વિવેચન કરતાં રોચક શૈલીમાં ફરમાવી રહ્યાં છે. શ્રોતાગણ સારી સંખ્યામાં લાભ લઈ રહ્યાં છે.

**ધ્વજવંદન** શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળની પ્રભાત ફેરી ૧૫મી ઓગસ્ટના બેન્ડ સાથે વાજતે ગાજતે નીકળેલ. બાદ શ્રી વરધીલાલ વમળશી શાહે ધ્વજવંદન કર્યું હતું. સંસ્થાની આજની સભાએ ચાલુ વર્ષે બાવન પૂરા થતાં હોઈ શાનદાર ઉજવણી કરવાનું નક્કી કરેલ.

**હરસોલ :** પં શ્રી સ્વયંપ્રભવિજયજી ગણિ સ્વરવાચનાં રૂ. ૪૦૦)ની ઉદયમણા પૂર્વક શરૂ કરેલ છે, વિવિધ પ્રભાવનાઓ આદિ થાય છે.

**સિરોહી :** મુનિશ્રી જયપદ્મવિજયજીની શુભ નિશ્રામાં ચૌમશી ચૌદશના પૌષધ સારા થયા હતા. પેથડશા અને વિક્રમ ચરિત્ર, 'શ્રી ચંદ્રકેવલી' ચરિત્રો વ્યાખ્યાનમાં લોકાગચ્છ ઉપાશ્રયે વંચાઈ રહેલ છે.

**રૂ. ૫૦૦૧)નું દાન :** સ્વ. શ્રી ચુનીલાલ નારણદાસ વોરાના સ્મરણાર્થે શ્રી મહુવા યશોવૃદ્ધિ જૈન બાળાશ્રમ- (મુંબઈને) ને રૂ. ૫૦૦૧)ના સ્કોલરનું દાન તેમના ધર્મપત્ની ચંપાબેન ચુનીલાલ વોરા અને અન્ય સંબંધીઓ તરફથી મળેલ છે. જેનો સંસ્થાએ સાભાર સ્વીકાર કરેલ. બાળાશ્રમ-મુંબઈની સામાન્યસભા તા. ૧૯-૮-૭૩ના શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહ હોલમાં વ્યવસ્થાપક સમિતિ તેમજ ટ્રસ્ટીઓની ચૂંટણી કરવા મળેલ.

**પાલનપુર :** આ૦શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજીની નિશ્રામાં શં. પાર્શ્વનાથના અઠ્ઠમો ૧૪૧ થતાં ભણશાળી કનૈયાલાલભાઈએ પારણા કરાવી રૂ. ૧ની પ્રભાવના આપી હતી. શ્રા. શુ. ૧ થી નવ એકાસણાના તપમાં ૨૫૭ની સંખ્યા જોડાઈ હતી. તેઓને હંમેશા વિવિધ પ્રભાવનાઓ થતી હતી. છેલ્લે કટાસણા તથા મુહપત્તીની પ્રભાવના થયેલ. સવા લાખ નવાકારમંત્ર તપમાં ૨૫૦ની સંખ્યા જોડાઈ છે. વિવિધતપશ્ચર્યાઓ ચાલી રહી છે.








**વીના મૂલ્યે :** લઘુ તથા બૃહદ શાંતીસ્નાત્રમાં જરૂરી ચીજોની યાદી પોસ્ટેજના ૦-૨૦ પૈસા મોકલવાથી વીનામૂલ્યે મળશે. **શા ઈન્દુલાલ મગનલાલ** પાલેજવાળા, રાધનપુરી બજાર, **ભાવનગર** ૧

## જૈન આગેવાનનું દુઃખદ અવસાન

મુંબઈ શહેરના આગેવાન ઉદ્યોગપતિ અને સતત દાનનો પ્રવાહ વહેવડાવનાર જૈન સદ્‌ગૃહસ્થ શેઠ શ્રી શાંતિલાલ ચુનીલાલ કપાશી ( જે. પી. મહારાષ્ટ્ર રાજ્ય ) તા. ૧૮–૮–૭૩ના રોજ સવારે ૧૦ કલાકે સ્વર્ગવાસી થયા છે.

તેઓ શ્રી ચુડા (સૌરાષ્ટ્ર)ના વતની હતા અને મુંબઈ શહેરમાં " રૂબી કોચ બિલ્ડર્સ "ના નામે સંસ્થા ઉભી કરી. તેમની કાર્યકુશળતા અને પ્રમાણિકતાના ઉદાત ગુણોથી સંસ્થાએ વિકાસ સાધ્યો અને દેશ વિદેશમાં ખ્યાતિ પ્રાપ્ત કરી. દેશના નિકાસ ક્ષેત્રે અપ્રતિમ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

તેમના પત્ની શ્રીમતી કમળાબેન કપાસીની ધાર્મિક પ્રેરણાથી અનેક ઉદાર સખાવતો મુંબઈ શહેરમાં તેમજ સૌરાષ્ટ્રમાં કરવાથી અનેક કુટુંબોને રાહત પહોંચી છે. તેઓશ્રીની માનવતાભર્યા સ્વભાવથી અનેક કુટુંબોમાં ઘેરી શોકની લાગણી પ્રવર્તી છે. ઘણીએ ધાર્મિક તેમજ સામાજિક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા હતા તેથી તમામ સંસ્થાઓને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે. શાસનદેવ સદ્‌ગતના આત્માને શાંતિ અર્પે. તેના કુટુંબ પર આવી પડેલ દુઃખમાં અમો હમદર્દી પાઠવીએ છીએ.

## કાળધર્મ પામ્યા

ઘાણેરાવમાં આચાર્યશ્રી હિમાચલસૂરીશ્વરજીના આજ્ઞાવર્તી સાધ્વીજી લાભશ્રીજી અશાડ શુદિ ૧૦ (મારવાડી)ના ૧–૩૦ વાગે દીર્ઘ ચારિત્ર પાળ્યા બાદ ૯૦ વર્ષની ઉંમરે સમાધિપૂર્વક કાળધર્મ પામેલ છે. સંઘે સેવા સારા પ્રમાણમાં કરી હતી.

ચિત્તોડગઢમાં આ. શ્રી નીતિસૂરિજીના સમુદાયના પ્રવર્તક મુનિશ્રી સોમવિજયજી મ.ના વયોવૃદ્ધ શિષ્ય મુનિશ્રી ઉમેદવિજયજી તા. ૧૬–૮–૭૩ના રાત્રીના ૧૦ વાગે ૭૦ વર્ષની ઉંમરે કાળધર્મ પામ્ય છે. છેલ્લા થોડા વખતથી પૂ. મુનિરાજશ્રી અસ્વસ્થ રહેતા હતા અને મેઠવાડયાથી તબીયત વધુ નરમ રહી હતી. અત્રેના ગુરૂકુળના સ્થાપક મુનિશ્રીના કાળધર્મથી આજુબાજુમાં શોકની લાગણી પ્રસરી ગઇ હતી. તા. ૧૧મીના સ્મશાનયાત્રા નિકળતા આજુબાજુના ગામોમાંથી ઠીક સંખ્યા એકઠી થઇ હતી. પૂજ્યશ્રીની સ્મૃતિ અર્થે એક દેવકુલીકા બનાવવાનો સંઘે અને ગુરૂકુળના કાર્યકર્તાઓએ નિર્ણય લીધો હતો. આ સમયે ૩–૪ હજાર જેવી રકમ પણ એકઠી થવા પામી હતી. સાંજના શોકસભા ભરી શ્રદ્ધાંજલી અર્પવામાં આવી હતી.

## શ્રી કપુરચંદ નેમચંદ મહેતાનું દુઃખદ અવસાન



સ્પષ્ટ વક્તા, નવી પેઢીને સાહસ, પરિશ્રમ અને પુરુષાર્થના ગુણો આપવાની ઈચ્છાવાળા શ્રી કપુરચંદ નેમચંદ મહેતાનું તા. ૨૦–૮–૭૩ના હૃદય બંધ પડી જવાથી ૭૩ વર્ષની વયે મુંબઈમાં દુઃખદ અવસાન થએલ છે.

સૌરાષ્ટ્રના નાન એવા વડાલ ગામે સામાન્યસ્થિતિના ધર્મપરાયણ કુટુંબમાં શ્રી કપુરચંદ નેમચંદ મહેતાનો જન્મ થયો હતો. મૂળ જેતપુરના વતની. થોડું શિક્ષણ પ્રાપ્ત કરી વ્યાપાર અર્થે બેંગલોર ગયા હતાં. ત્યાંથ. મુંબઈ આવ્યા.

પોતાની ઉગતી અવસ્થામાં, પ્રતિકુળ સંજોગોને, પોતાના પુરૂષાર્થ તથા બુદ્ધિથી અનુકુળ બનાવી મુંબઇ જેવા ક્ષેત્રમાં લક્ષ્મીનંદનની પંક્તિમાં બિરાજવું તે કંઈ નાની–સૂની વાત નથી. શ્રીયુત કપુરચંદભાઇએ આ સિદ્ધ પ્રથમ નોકરી અને બાદ વ્યાપાર કરીને હાસલ કરેલી. તેઓ મુંબઈ, કલકત્તા, સિકંદ્રાબાદ, બેંગલોર અને ગૌહતી વગેરે સ્થળોની મોટી મોટી ૨૬ કંપની-

ઓનું સંચાલન કરી રહ્યા હતા.

જાતમહેનત અને પોતાની આવડત–હોંશીયારીથી ધન રળવું એ જેમ એક ગુણ છે તેમ એ ધનને પોતાના હાથે છૂટથી ઉદારતાપૂર્વક વાપરી જાણવું એ એનાથી ઘણા મોટા ગુણ છે. સંપત્તિ તો ઘણાયને મળે છે પણ મળેલ તકનો લાભ લઈ લેવાની આવી ચકોર અને દીર્ઘદૃષ્ટિ બહુ ઓછાને સાંપડે છે. તેમણે દાન આપવા સાથે સાથે તેનો ઉપયોગ યોગ્ય થાય છે કે કેમ? તેની સાવધાની રાખતા હતા. સ્વભાવે કોઈ વખત સ્પષ્ટ વક્તાના કારણે આકરા થઈ જતાં, કોઈકને ગમતા નહિં, પણ તે સમયે તેમના મનમાં સરળતા સિવાય અન્ય કાંઈ હોતું નહિ.

આજ સુધીમાં તેઓએ લાખોની નહિં બલ્કે કરોડોની કમાણી કરીને ધાર્મિક અને શૈક્ષણિક ક્ષેત્રે લાખો રૂપિયાનું દાન કર્યું હતું. જેવા કે, શૈક્ષણિક ક્ષેત્રે શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂા. અઢિ લાખ, શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થી વસતિગૃહને રૂા. ત્રણ લાખના બોન્ડ, શ્રી જૈન વિદ્યા પ્રસારક મંડળ–પીંચવડને ઈન્ડસ્ટ્રીયલ ઈન્સ્ટીટયુટ શાળાનું રૂપ આપવા માટે રૂા. એક લાખ, શેઠ નેમચંદ કચરાભાઈ તથા માતુશ્રી લાડકીબાઈ નેમચંદ બોર્ડીંગ–જેતપુર, તબીબી ક્ષેત્રે શ્રી શાંતાબેન ઝવેરચંદ નેમચંદ મહેતા જૈન કલીનીક અર્થે રૂા. દોઢ લાખ, મજેવડીમાં પ્રસુતિગૃહ અને આ ઉપરાંત શ્રી મોહનલાલજી જૈન લાઈબ્રેરી–મુંબઈને રૂા. પચ્ચીશ હજારનું દાન આપેલ. સામાજિક ક્ષેત્રે મધ્યમવર્ગના કુટુંબોને માટે શ્રી નેમચંદ કચરાભાઈ અને લાડકીબાઈ નેમચંદ ચેરિટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી રૂા. પાંચ લાખથી વધુ ખર્ચ કરી સસ્તા ભાડાના મકાનો બનાવ્યા. પોતાની રોકસી સીનેમા પાસેના 'મહેતા મહેલ'ને મહેતા ચેરીટી ટ્રસ્ટ માટે આપી દીધેલ છે. જેની વાર્ષિક આવક રૂપિયા આઠ લાખ થાય છે, જે ધર્માદા કાર્યો માટે વપરાય છે. ગયા વર્ષના દુષ્કાળ દરમ્યાન પોતાના વડાલ ગામમાં રાહત અર્થે ખર્ચવા રૂા. ચાર લાખ આપ્યા હતા.

સમાજને વિચારશીલ, સેવાભાવી, ઉદ્યમી, સંસ્કારશીલ દાનવીરની ખોટ પડી છે. શાસનદેવ સ્વર્ગસ્થના આત્માને શાંતિ અર્પે. તેમના કુટુંબ પર આવી પડેલ દુઃખ બદલ સહાનુભૂતિ પાઠવીએ છીએ.

તેઓશ્રીની જેમ જ તેમનાં બન્ધુઓ શ્રી ઝવેરચંદ નેમચંદ મહેતા તથા શ્રી કેવલચંદ નેમચંદ મહેતા ચકોરદૃષ્ટિ ધરાવતા સખાવતપ્રેમી શ્રીમંત મહાનુભાવો છે, જનસેવા, સમાજસેવા અને ધર્મસેવાના કોઈ ને કોઈ સત્કાર્યમાં તેઓ પોતાની સંપત્તિ હોંશપૂર્વક અર્પણ કરીને પોતાના ધનને અને જીવનને કૃતાર્થ કરતા રહે છે. સારા કામ માટે સખાવત એ જાણે એમના કુટુંબનો–જીવનનો આનંદ અને સહજક્રમ બની ગયેલ છે.

## તાલધ્વજ તીર્થમાં તપશ્ચર્યા

આચાર્યશ્રી રૂચકચંદ્રસૂરીશ્વરજી વ્યાખ્યાનમાં ભગવતીજીસૂત્રનું વાંચન કરી રહેલ છે. અષાડ વદી ૧૪–૦))નાં છઠ્ઠની તપશ્ચર્યા ૨૨૫ થયેલ. અત્તરવાયણા સંઘના ભાઈઓ તરફથી તથા પારણા શાહ શાંતિલાલ ફુલચંદભાઈ તરફથી થયા હતા.

મોક્ષતપ, શ્રા. શુ. ૪ થી ૧૧ નાં થતાં ૬૦ ભાઈઓ–બહેનોએ લાભ લીધો હતો. તેનાં પારણા શાહ મણીલાલ ગુલાબચંદ તરફથી થયા હતા. રૂા. ૧) મુજબ પ્રભાવના કરી હતી. શ્રા. શુ. ૫નાં ૧૦૮ આયંબીલ શેઠ રમણીકલાલ અમૃતલાલ નાણાવટી તરફથી થયા હતા. શ્રા. શુ. ૧૨ના શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામનાં અભિષેકની મહાપૂજા, સ્વ. શાહ હીંમતલાલ ગુલાબચંદ કામરોળવાળા તરફથી ઉપાશ્રયમાં ભણાવી પ્રભાવના, અંગરચના થયેલ. સંગીતકાર પાલિતાણાથી આવેલ. આ તપશ્ચર્યાઓ ઉપરાંત માસક્ષમણ–૪, સોળભથ્થા–૮, પંદર ઉપવાસ–૧૦ શરૂ થયેલ છે.

શ્રા. વ. ૫નાં પાંચસો કલ્યાણકની આરાધના નિમિત્તે એકાસણા શાહ લાલચંદ હીરાચંદ મોરચંદવાળા તથા અન્ય ભાઈઓ તરફથી થયેલ.

## મહેસાણા જૈન પાઠશાળા

શ્રીમદ્ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળાના વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા એક ઈનામી સમારંભ આચાર્યશ્રી વિબુધપ્રભસૂરીશ્વરજીની નિશ્રામાં તા. ૧૫–૮–૭૩ના યોજવામાં આવ્યો હતો. મંગળાચરણ, આમંત્રણપત્રિકા વાંચન, સ્તુતિ, વાર્ષિક રિપોર્ટ વાંચન કર્યા બાદ ગૃહપતિ શાંતિલાલ મહેતાએ પરીક્ષકોના અભિપ્રાય સભા સમક્ષ વાંચી સંભળાવ્યા હતા. પરીક્ષક વાડીભાઈ, પંડિત શીવલાલભાઈ પાટણવાળા, પંડિત પુખરાજજી, સંસ્થાના માન સેક્રેટરી શ્રીયુત ચીમનલાલ અમરતલાલ શાહે પ્રસંગોચિત વક્તવ્યો કરી સંસ્થાની સંઘોપયોગી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો. શ્રીમાન શેઠશ્રી શ્રેણીકભાઈ કસ્તુરભાઈ તથા શેઠ શ્રી. રમેશભાઈ બકુભાઈ તરફથી પંડિતો તૈયાર કરવાની યોજનમાં બે વિદ્યાર્થીઓને દરેકને માસિક રૂ. ૧૫૦) સ્કોલરશીપ આપવામાં આવે છે. તેવી જાહેરાત માનદ્ મંત્રીશ્રીએ સભામાં કરી હતી. શ્રી મહેસાણા સંઘના ટ્રસ્ટી શ્રીયુત ચંપકલાલ પ્રભુદાસ મણીયારના શુભ હસ્તે રૂ. ૧૧૩૮) ની રોકડ રકમનું ઈનામ વહેંચાયું હતું. જેમાં મુંબઈવાળા શ્રી ચીમનલાલ પાલિતાણાકરની પ્રેરણાથી શેઠ શ્રી જીવતલાલ પ્રતાપશીભાઈ મારફત શેઠશ્રી શાંતિદાસ ખેતસીભાઈના ટ્રસ્ટમાંથી રૂ. ૫૦૦), રાજનગર વાર્ષિક ઈનામી પરીક્ષાની સંસ્થા તરફથી રૂ. ૧૭૧) અને શેઠ ચંપકલાલ મણીયાર તરફથી રૂ. ૫૧) ઈનામ ખાતે સંસ્થાને ભેટ મળ્યા હતા. આચાર્યશ્રીએ સમ્યગ્જ્ઞાન વિષયક મનનીય વ્યાખાન આપ્યા બાદ સભા વિસર્જન થઈ હતી.

**અઢાર અભિષેક :** અમદાવાદ નવરંગપુરામાં શ્રી સરસ્વતી જૈન છાત્રાલયના ઘર દહેરાસરમાં મુળનાયક આદિ જિનબિંબોને અઢાર અભિષેકની ક્રિયા આ૦શ્રી માનદેવસૂરિજીની નિશ્રામાં અ. વદિ ૧૦ ના ધામધૂમ પૂર્વક ઉજવાઈ હતી. શ્રી બચુભાઈ વાડીલાલ તરફથી પ્રભાવના કરવામાં આવી હતી.


☆ પ્રાચિન–ચમત્કારિક યાત્રાધામ મહુવા

☆ શહેરની અગત્યની જરૂરિયાતને

☆ જૈન સમાજ પૂરી કરશે.

**એક ઈંટનો રૂપિયો એક મુજબ યથા શક્તિ ફાળો નોંધાવી યાત્રિકો–ભાવિકોને ઉતરવા માટેની ધર્મશાળા બનાવવાના કાર્યમાં સહકાર આપો.**

ગુજરાતના પ્રાચીનધામ મધુમતી નગરી–મહુવામાં શ્રી જીવતસ્વામી ( મહાવીરસ્વામી )ના પ્રતિમાજી બિરાજમાન છે. શ્રી નંદીવર્ધને ભરાવેલ આ પ્રતિમાજી તક્ષશિલાથી લવાયેલ છે. આ પ્રાચિન–ચમત્કારિક પ્રભુજીના દશનાર્થે હજારો નહિં પણ લાખો યાત્રિકો પધારે રહે છે. યાત્રિકોને ઉતરવા માટે ધર્મશાળા ન હોઈ, હાલ જૈન ભોજનશાળાએ મકાન ભાડે રાખેલ છે જે ધર્મશાળા માટે મકાન બનાવવાની અગત્યની જરૂરીયાત હોઈ જૈન સમાજના સખી ગૃહસ્થો જરૂર ફાળો મોકલાવી આપે. અત્યાર સુધીમાં છુટક છુટક રૂ. ૨૦૦૦૦ જેવી રકમ એકઠી થઈ છે. વધુ રકમની જરૂરિયાત હોઈ એક ઈંટનો રૂ. ૧ મુજબ યથાશક્તિ ફાળો મોકલાવી આપવા વિનંતી છે.

મદદ મોકલવાનું સ્થળ :– લી.

**મહુવા તપાગચ્છીય જૈન સંઘની પેઢી** બાબુલાલ વનમાળીદાસ

ઠે. જૈન દેરાસર પાસે, મહુવા. હિંમતલાલ માવજીભાઈ

* ટીપેટીપે સરોવર ભરાય અને કાંકરે કાંકરે પાળ બંધાય, તેવી આ યોજનાને પુષ્ટિ મળે એવી આશા.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય

### અભ્યાસ ઉત્તેજનાર્થે ૭૩—૭૪ની આર્થિક સહાય

યુગવીર આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની પ્રેરણાથી શરૂ થએલ શ્રી મહાવીર જૈન વિદ્યાલય મુંબઈ, અંધેરી, અમદાવાદ, પૂના, વડોદરા, વલ્લભ વિદ્યાનગર અને ભાવનગરના વિદ્યાર્થીગૃહોમાં રહેતા લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે સહાય અને સગવડ આપે છે. તે ઉપરાંત ૧૯૭૩–૭૪ માટે ઉચ્ચ શિક્ષણ લેતી બહેનોને રૂ. ૨૨,૩૦૦/ વિદ્યાર્થીગૃહો બહાર રહી ઉચ્ચ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રૂ. ૨૯૦૦૦/ ખેડા જૈન વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ લોનસ્કોલરશિપ રૂ. ૯૨૫૦/ શ્રી સારાભાઈ મગનભાઈ મોદી ફંડમાંથી માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ માટે રૂ. ૨૫૬૧/ અને પરદેશ અભ્યાસ માટે રૂ. ૩૪૦૦૦/ મળી કુલ રૂ. ૯૭,૧૧૧/ની આર્થિક સહાય શિક્ષણના ઉત્તેજનાર્થે મંજુર કરેલ છે.

યુગદ્રષ્ટા આચાર્યશ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજની જન્મશતાબ્દી ત્રણ વર્ષ પહેલાં ભારત ભરમાં ઉજવાઈ. તે પ્રસંગે ઉપરોક્ત–તેમના નામના ટ્રસ્ટની રચના થઈ હતી. આ ટ્રસ્ટમાંથી અખિલ ભારતીય ધોરણે ઉચ્ચ અભ્યાસ કરનાર જૈન વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓને નિયત લોન સ્કોલરશિપ આપવામાં આવે છે. ૧૯૭૩–૭૪ના વર્ષ માટે રાજસ્થાન, મદ્રાસ, હરીયાણા, પંજાબ, બંગાલ, મહારાષ્ટ્ર, ગુજરાત અને બીજા પ્રાંતોમાંથી ૧૮૭ અરજીઓ મળી હતી. તા. ૨૫–૭–૭૩ના રોજ મળેલ ટ્રસ્ટીઓની સભામાં ૭૬ ચાલુ વિદ્યાર્થીઓને રૂ. ૫૧૨૦૦/ અને આ વર્ષે નવી અરજી કરનાર ૮૧ વિદ્યાર્થીઓને રૂ. ૬૦,૭૫૦/ની રકમ મંજુર કરતાં કુલ રૂ ૧,૧૧,૯૫૦/ની રકમ આપવાનું નક્કી કરેલ છે.


Tele Phone : 2081, 2082, 2083
Tele Gram : "SUREND"

Telex ; 228
Coad : MONKEY-CB

# TRIBHOVANDAS VENDRAVAN & BROS.

POST BOX 141

**COIMBATORE - 1**

*Agents for :—*

● The Imperial Chemical Industries (India) P. Ltd. ● M/s. Esso Standard Eastern Inc. ● The Tata Oil Mills Co. Ltd. ● M/s, Parry & Co. Ltd. ● The Imperial Tobacco Co, of India Ltd. M/s. Johnson of India Ltd. ● The East Asiatic Co (India) Prvt. Ltd. ● Fertilizers & Chemicals Travancore Ltd. ● Cement marketing Co. of India Ltd.

**: BRANCHES :**

PALCHAT POLLACHI
UDAMALPET METTUPALAYAN TIRUPPUR
DHARAPURAM KANGAYAM

પર્વાધિરાજના પવિત્ર દિવસોમાં દાન આપવા યોગ્ય સંસ્થા

# શ્રી શાન્તિચંદ્ર સેવા સમાજ-અમદાવાદ

**ગુજરાતભરમાં છેલ્લા ૪૫ વર્ષથી જૈનશાસન અને સમાજઉત્કર્ષના કાર્યો કરનારી આ એક જ સંસ્થા છે.....સંસ્થાની સેવામય પ્રવૃત્તિઓ.....**

(૧) સાધર્મિક ભક્તિ :— ૩૦૦ કુટુંબો પાસે સંસ્થાએ છાપેલા ફોર્મ ઉપર અરજીઓ લઇ મદદ આપે છે. ચાલુ સાલમાં અષાડ સુદ-૧૫ સુધીમાં સાધર્મિક ભક્તિ ફંડમાં રૂા. ૧૨૦૦/-ની ઉપજ અને ૨૨૦૦૦/-ખર્ચીને મદદ કરી છે. બહારગામના કુટુંબોને પણ મદદ કરે છે. ઉપજ કરતા રૂા. દસ હજાર વધુ ખર્ચાએલા છે.

**(૨) શિવણકામના જાણકારને માસીક હપ્તેથી શીવણનાં સંચા અપાવી ઉદ્યમે લગાડે છે.** ૧૪૦ સંચાની રકમ દાનથી મેળવી આજ સુધીમાં ૪૮૪ ભાઈ-બહેનોને શીવણના સંચા અપાવ્યા છે.

એક સંચાની રકમ દાનમાં રૂા. ૪૧૨/- લેવાય છે.

**(૩) ટાઈપ મશીનો માસિક હપ્તેથી અપાવવા.**

ટાઈપનું કામ જાણનારને રોજી આપવા ટાઈપ મશીનો માસીક હપ્તેથી અપાવે છે.

પાંચ દાતારો તરફથી એકેક ટાઈપની રકમ દાનમાં મળતા પાંચ જણને ખાત્રી લઇ માસીક રૂા. ૫૦)ના હપ્તેથી વસુલ લેવાની શરતે અપાવ્યા. જેઓ ઘેર બેઠા કામ મેળવીને રૂા. ૩૦૦/- ની આવક મેળવતા થયા છે.

ટાઈપ મશીન માટેનું દાન રૂા. ૨૫૦૦ પચીસો લેવાય છે. દર ચાર વર્ષે બીજી વ્યક્તિને લાભ અપાય છે.

**(૪) તિર્થધામોમાં મેડીકલ કેન્દ્રોનું સંચાલન.**

આપણ ૩૫ તિર્થધામોમાં મેડીકલ કેન્દ્રો દ્વારા દર્દીઓને સારવાર આપવામાં સારવારના સાધનો અને દવાઓનો મફત લાભ આપે છે.

વાર્ષિક ખર્ચ રૂા. ૧૨૦૦૦બારહજાર ઉપરાંત છે. કાયમી ખર્ચના નિભાવમાં ઉદાર હાથે દાન આપો.

**(૫) મુંગા જીવોને અભયદાન. (૬) માનવરાહત ફંડ. (૭) લાયબ્રેરી. (૮) સંસ્થાના કાયમી ખર્ચના નિભાવ માટે.**

સંસ્થાના સંચાલકોએ શ્રી સાધર્મિક ભક્તિ ફંડ તેમજ મેડીકલ ફંડ માટેની ટીપ શરૂ કરી છે. બન્ને પ્રવૃત્તિ માટે રૂા. ૧૭૦૦૦ ઉપરાંત એકત્ર કર્યા છે. ઉપરોક્ત કાર્ય માટે આપનો ઉદાર હાથ લંબાવો.

લી. સેવકો :

મેનેજીંગ ટ્રસ્ટીઓ :—

**શ્રી રમણલાલ મોહનલાલ શેરદલાલ**

**શ્રી રમણલાલ ચીમનલાલ કોલસાવાલા**

**શ્રી છોટાભાઈ નરસીદાસ દોશી**

ફેવરીટવૉચ કંપનીવાળા

**શ્રી રસીકલાલ અનુભાઈ શેઠ**

**શ્રી કલ્યાણભાઈ મયાભાઈ શેઠ**

**શ્રી શાંતિલાલ જગાભાઈ – માનદ મંત્રી**

**શ્રી મહેન્દ્રભાઈ બાલાભાઈ – સહ મંત્રી**

સંસ્થાને મદદની રકમ નીચેના સરનામે મોકલો :-

## શ્રી શાંતિચંદ્ર સેવા સમાજ

પ્રમુખ : રમણલાલ મોહનલાલ શેરદલાલ

C/o. ૨૨૭૮/૪ આર. એમ. શાહની કંપની

માણેકચોક—અમદાવાદ.

## વડોદરામાં અનેરી તપસ્યાનો પ્રારંભ

શાંતમૂર્તિ આચાર્યશ્રી વિજયસમુદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ આદિ વિશાળ સાધુ-સાધ્વીજી સમુદાય ચાતુર્માસ વડોદરામાં શ્રી આત્માનંદ જૈન ઉપાશ્રયમાં બિરાજે છે. ચાતુર્માસમાં દરિદ્ર હરણતપ, નવલાખ નવકાર મંત્રનો જાપ, શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની આરાધનાર્થે અઠ્ઠમ વિ. થયા છે.

તપસ્યાની તો જાણે હારમાળા શરૂ થઇ છે. જેમાં શ્રાવણસુદિ ૧૫ સુધીમાં નીચે મુજબ છે. પૂ. નયચંદ્રવિજયજીને ૨૩મો ઉપવાસ છે. સાધ્વીશ્રી અમીતગુણાશ્રીજીને ૨૮મો, સા.શ્રી ગુણપ્રભાશ્રીજીને ૩૨ મો, દિવ્યયશાશ્રીજીને ૧૩મો ઉપવાસ છે. બધાયને આગળ વધવાની ભાવના છે, શાતા સારી છે.

પં.શ્રી જયવિજયજી, મુનિશ્રી વસંતવિજયજી, મુનિશ્રી જિતેન્દ્રવિજયજી અને મુનિશ્રી દીપવિજયજીને વર્ષીતપ ચાલે છે. મુનિશ્રી વસંતવિજયજી છઠે વર્ષીતપ કરે છે. મુનિશ્રી જીતેન્દ્રવિજય ચાર-ચાર ઉપવાસ વર્ષીતપમાં કરે છે.

સાધ્વીશ્રી વિનીતાશ્રીજી (૩૭), સાધ્વીશ્રી રાજેન્દ્રશ્રીજી (૨૮), સાધ્વીશ્રી યશોદાશ્રીજી (૨૧), સા૦શ્રી યશકીર્તીશ્રીજી (૧૭), સા૦શ્રી જીનજ્ઞાશ્રીજી (૧૭), સા૦શ્રી યશોભદ્રાશ્રીજી (૯), ચંદ્રયશાશ્રીજી (૨૭), મૃદુતાશ્રીજીને (૨૨) આ દરેકને વર્ધમાન તપની ઓળી ચાલે છે. હંમેશા વિપાકસૂત્ર અને નવકારમંત્રનો મહિમા ઉપર વ્યાખ્યાન ચાલે છે.

### સંક્રાતિ મહોત્સવ

તા. ૧૬-૮-૭૩ના રોજ સંક્રાતિદિન કોઈ બહારગામથી નિયમિત આવનાર ભાઈ બ્હેનો સારી સંખ્યામાં વડોદરા આવ્યા હતાં.

આ સભામાં પૂ. ગુરૂદેવના અનન્યભક્ત સંગીતકાર શ્રી સત્યપાલજી જૈનનું સન્માન સંઘના પ્રમુખશ્રી રમણભાઈ ઝવેરીના હસ્તે કરવામાં આવ્યું હતું. અને સંગીતવિશારદની ઉપાધિ આપી હતી. આ પ્રસંગે સંગીતકારો શ્રી લખપતરાયકોચર, રઘુવીરજૈન, શ્રી ભીમરાજ બાલીવાલા, શ્રી શાંતિસ્વરૂપજી જૈને ભક્તિ ભર્યા સ્તવનો-ભજનો બોલી સભામાં આકર્ષણ ઉભું કર્યું હતું.

શ્રી પ્યારેલાલ જૈન, શ્રી કુમારપાળ વી. શાહ શ્રી રસીકલાલ છગનલાલ, શ્રી શાંતિચંદ ઝવેરી, ખરતરગચ્છના સાધ્વીશ્રી સ્વયંપ્રભાશ્રીજી, સ્થાનકવાસી સાધ્વીશ્રી વાસંતીબાઈ, પં.શ્રી ચંદનવિજયજી તથા ચારેય બાલમુનિઓએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

મુંબઇથી શ્રી વરધીલાલ વમાશી, શ્રી કુમારપાળભાઇ, શ્રી દામજીભાઈ છેડા, શ્રી રમણભાઈ પ્રેસવાળા, શ્રી મોહનલાલ જૈન, શ્રી રસીકભાઇ ઝવેરી, શ્રી રસીકભાઈ કોરા વિ. વડોદરા આવ્યા હતાં. સભાનું સંચાલન શ્રી રસીકભાઈ કોરાએ કર્યું હતું.

**નાડોલ** : પં.શ્રી હિંમતવિજયજીની નિશ્રામાં શ્રી શં. પાર્શ્વનાથના અઠ્ઠમો-૩૫, છઠ્ઠ ૬૫, આયંબિલો-૧૫૭ થતાં પારણા શા રતનચંદજી ચતુર્ભજી તથા શ્રી જેઠમલજી ધનરૂપજી તરફથી થયેલ. જીવદયાની ટીપ થઈ હતી.

卐

With Best Complements Of

GULAB CHAND KOCHAR

WHITE CLAY, BALL CLAY, FIRE CLAY
and SILICA SAND Etc.

| Mines: | Office: |
| --- | --- |
| SRI KOLAYATJI | Labhuji-Ka-Katar, |
| Dist: BIKANER | BIKANER [Raj ] |
| PHONE: 11 | PHONES Office 429 |
| | RESI: 1129 |

## નરોડામાં જૈન ઉપાશ્રય

જૈન સમાજના જાણીતા કાર્યકર, ઉદ્યોગપતિ અને શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના પૂર્વ પ્રમુખશ્રી હીરાલાલ એલ. શાહે પોતાના વતન નરોડામાં તેમની જમીન શ્રી સંઘને અર્પણ કરેલ છે અને તે સ્થળે શ્રીમતી ગજરાબેન હીરાલાલ શાહ જૈન ઉપાશ્રય તથા સ્વ. પ્રસન્નબેન લલ્લુભાઈ શાહ જ્ઞાનમંદિર બંધાવવાનું નક્કી થતાં રૂ. વીશ હજારની રકમ આપેલ છે. નરોડા આજે અમદાવાદની નજદીક આવેલ છે અને તીર્થરૂપે પ્રસિદ્ધ થયેલ છે.

**ધનબાદ :** ગણિવર્યશ્રી સ્થુલભદ્રવિજયજી વ્યાખ્યાનમાં શ્રાદ્ધપ્રકરણ અને પૃથ્વીચંદ્રચરિત્ર વાંચતા શ્રોતાવર્ગની ઉપસ્થિતિ સારી રહે છે. સ્થાનકવાસી અને દેરાવાસી બન્ને સંઘમાં સુમેળ હોઈ બધાય અનુષ્ઠાનોમાં બન્ને સંપ્રદાયો ભાગ લઈ રહેલ છે. શ્રી શં. પાર્શ્વનાથના અઠ્ઠમોમાં ૩૦ની સંખ્યા જોડાઇ હતી. સ્થાનકવાસી શ્રી મણીલાલ ભીખાભાઈએ પારણા કરાવ્યા હતા. દરેકને રૂા. ૧૦–૫૦ની પ્રભાવનાઓ થઈ હતી.

**જુનાડીસા :** અત્રે પૌષધશાળામાં મુનિશ્રી પુણ્યોદયવિજયજી તથા ઉપાશ્રયે આચાર્યશ્રી રાજતિલકસૂરીશ્વરજી બિરાજમાન છે. બન્ને સ્થળે આરાધનાઓ વિવિધ પ્રકારની થતાં સંખ્યા સારી જોડાઈ છે, ૩ દિવસના ખીરના એકાસણા સાથે અરહિંત પદના જાપ, ગૌતમસ્વામીના છઠ્ઠ, શ્રી શં. પાર્શ્વનાથના અઠ્ઠમ થતાં પારણા શેઠ પુનમચંદભાઈએ કરાવ્યા હતા. પાંચ દિવસનો મહોત્સવ થતાં અમદાવાદથી સંગીત મંડળી આવેલ. ૩ દિવસના આયંબિલો સાથે નવલાખ નવકાર મંત્રના જાપ થશે. આરાધનાઓ બન્ને પક્ષની સાથે થઈ રહી છે.

**મોરબી:** પ્લોટમાં સાધ્વીશ્રી ખાંતિશ્રીજીની નિશ્રામાં સાધ્વીજી પુનિતકલાશ્રીજીએ કરેલ માસક્ષમણની તપશ્ચર્યાના સહકારમાં અઠ્ઠમ તપ આદિ તપશ્ચર્યાઓ થઈ હતી. તપસ્વી સાધ્વીજી અને તપસ્વીઓનો વરઘોડો બેન્ડવાજાની સાથે દર્શન કરી ઉપાશ્રયે પધારેલ. આ પ્રસંગે ધ્રાંગધ્રા સંઘ, મુંબઈથી કચ્છી ભાઈઓ બહેનો પધારેલ. ગુરૂપૂજન આદિ બાદ પારણા થયા હતા. આંગી, પૂજા આદિ થયા હતા.


નીટેક્ષ ગંજી સૌને ગમે

# लालभाई दलपतभाई ग्रंथमाला-अमदावाद

2, 5, 15, 20 CATALOGUE OF SANSKRIT AND PRAKRIT MANUSCRIPTS: Muni Shri Punyavijaya's Collection Part 1 Rs. 50-00, Part II Rs. 40-00 Part III Rs. 30-00, Part IV Rs. 40-00

३. काव्यशिक्षा विनयचंद्रसूरिकृत १०-००

४. योगशतक आचार्य हरिभद्रकृत स्वोपज्ञवृत्ति तथा ब्रह्मसिद्धान्त समुच्चय सह ५-००

६, १६, २४ रत्नाकरावतारिका रत्नप्रभसूरिकृत प्रथम, द्वितीय, तृतीय भाग. ८-०, १०-०, ८-०

८. नेमिरंगरत्नाकर छंद – कवि लावण्य-समयकृत ६-००

9. THE NATYADARPAN OF RAMACHANDRA & GUNACANADRA A Critical Study Dr. K. H. Trivedi 30-00

11. AKALANKA'S CRITICISM OF DHARMAKIRTI'S PHILOSOPHY A Study : Dr. Nagin Shah 30-00

१२. रत्नाकरावतारिकाद्यश्लोकशतार्थी वाचकश्री माणिक्यगणि ८-००

१३. शब्दानुशासन–आचार्य मलयगिरि विरचित ३०-००

१४, २१. विशेषावश्यकभाष्य–स्वोपज्ञ वृत्ति सह द्वितीय भाग, तृतीयभाग २०/- २१/-

१७. कल्पलता विवेक–कल्पपल्लवशेष—अज्ञातकर्तृक ३२-००

१८. निघण्टुशेष–सटीक–हेमचन्द्रसूरि ३०-००

19 Yogabindu with English Trans. 10 00

२२. शास्त्रवार्तासमुच्चय हिन्दीअनुवाद सह २०/-

२३. तिलकमंजरीसार, पल्लीपालधनपालकृत १२/

२५, ३३. नेमिनाह चरिउ, हरिभद्र ४०/-४०/-

26. A Study of Mahapurana 30-00

27. Yogadristisamuccaya with English translation 8-00

28 37. Dictionary of Prakrit Proper Names Pt. I, II. 32-00, 35-00

२९. प्रमाणवार्तिक भाष्यकारिकाधपादसूचि ८-०

३०. प्राकृत जैन कथा साहित्य— डॉ. जगदीशचन्द्र जैन १०-००

31. Jain Ontology, Dr. Dixit 30-00

32. The Philosophy of Sri Svaminarayana. by Dr. J. A. Yajnik 30-00

34. Harsavardhana's Adhyatmabindu: Editore : Muni Shri Mitranandavijayaji and Dr. Nagin J. Shah. 6-00

35. Cakradhara's Nyayamanjari-granthibhanga : Editor : Dr. Nagin J. Shah: 36-00

36. New Catalogue of Sanskrit and Prakrit Mss. Jesalmer Collection Compiler: Muniraja Punyavijayaji. 40-00

38. karma & Rebirth Dr. T. G. kalghatgi. 6-00

41. Jaina Philosophical Tracts Dr Nagin J. Shah 16-00

સંશોધિત ત્રૈમાસિક ભા. ૧. ૨૦-૦૦

પાટણ શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિરના જૈન ભંડારોનું સૂચીપત્ર ભા.૧ સંપાદક મુનિરાજ શ્રી પુણ્યવિજયજી કિંમત ૫૦/-

**લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર**

**અમદાવાદ–૩૮૦૦૦૯**

# શિવપુરી સંસ્થાની પુનઃ શરૂઆત

શ્રી વીરતત્વ પ્રકાશક મંડલ–શિવપુરી (મધ્ય-પ્રદેશ) સંસ્થાની સ્થાપનાના શાસનદીપક પૂ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજની પ્રેરણાથી સ્થપાયેલ છે. આ સંસ્થા ઘણા સમયથી બંધ હતી. તે માટે તેમ જ સંસ્થાના ચાલુ વહીવટ માટે સ્થાનિક કાર્યકરોનો સહકાર મેળવવા આ સંસ્થાના મંત્રીઓશ્રી શાંતિલાલ મગનલાલ શાહ તથા શ્રી રૂપચંદ પન્નાલાલ ભણશાળી તા. ૧૫–૭–૭૩ના મુંબઈથી શિવપુરી ગયા હતાં.

અત્રે પૂ. આચાર્યશ્રી વિજયેન્દ્રદીનસૂરીશ્વરજી મહારાજ ચાતુર્માસ બિરાજે છે, તેઓની સાથે આ સંસ્થા ચાલુ કરવા સંબંધી પ્રેરણાત્મક વાતો થયા પછી તેઓની નિશ્રામાં સ્થાનિક સંઘને એકત્ર કર્યો જેમાં મારવાડી સમાજ તથા પંજાબી સમાજના ભાઈઓએ સંયુક્ત રીતે આ સંસ્થા ચાલુ થાય તો સહકાર આપવા સ્વીકૃતિ આપી અને તે અનુસાર સ્થાનિક કાર્યકરોમાંથી શ્રી કાનમલજી સાંકળા અને શ્રી અમાનમલ ટોડરમલ ભાંડાવતને ટ્રસ્ટીઓ તરીકે નિમણુંક કરવામાં આવી. સાતભાઈઓની સ્થાનિક કમિટી નિયુક્ત કરવામાં આવેલ છે. જેમાં પ્રમુખ તરીકે શ્રી દશરથમલ કાનમલજી સાંકળાને તથા મંત્રીઓ શ્રી કનકમલજી સુપાર્શ્વમલ અને લાલા તારાચંદજી જૈનને લેવામાં આવેલ છે. સ્થાનીક-સમિતિ ઉપર બીજા પાંચભાઈઓ તથા કમીટી ઉપર બીજા ૪ ચાર શીવપુરીના ભાઈઓને લેવાનું નક્કી થયું હતું. આ સંસ્થા ચાલુ કરવા વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા સંબંધી નિર્ણય લેવાયેલ, અને રૂા. ૧૫૦૦૦/–ની રકમ તાત્કાલીક મેળવવા અને તે માટે મુંબઈની કમિટીએ રૂ. ૧૦૦૦૦ દશ હજાર તરત જ આપવાનો નિર્ણય લીધો છે. સંસ્થાના વહીવટી કામ માટે તથા સંચાલન માટે શ્રી સત્યનારાયણજી પંડયા તથા શ્રી કાશીનાથજીને ઓનરેરિયમ આપી રાખવાનું નક્કી કરેલ છે.

પૂ. આચાર્ય મહારાજે સંઘને પ્રેરણા કરી હતી અને આ સંસ્કૃત મહાવિદ્યાલયને પુનઃ ચાલુ કરવા બદલ સંતોષ વ્યક્ત કર્યો હતો. મુંબઈની એક વ્યવસ્થાપક સમિતિ નિયુક્ત કરવાનું નક્કી કરી બન્ને મંત્રીઓ અહિંથી ચિતોડ ગયા હતા. મંત્રીઓએ પૂ. આચાર્ય મહારાજની તથા સંઘનો આભાર માન્યો હતો.

આ૦શ્રી વિજયેન્દ્રદિન્નસૂરિજીના મ૦ની નિશ્રામાં વ્યાખ્યાનમાં ઉત્તરાધ્યયનસૂત્ર તથા ચંદ્રલેખા ચરિત્ર વંચાતા તેનો સારો લાભ લેવાઈ રહેલ છે. પર્યુષણ આરાધનામાં અનેરો ઉત્સાહ થવાનો સંભાવના છે. શ્રી સંઘમાં ૧૧, અઠ્ઠાઈ, આયંબીલ, પચરંગી તપ, ચંદનબાળાના અઠ્ઠમ, નવકાર મંત્ર તપ આદિ આરાધનાઓ થઈ રહી છે.

મુંબઈ : આચાર્યશ્રી અશોકચંદ્રસૂરીશ્વરજીની નિશ્રામાં પચરંગી તપ, અમઠ્ઠતપ અને અક્ષયનિધિ આદિ શરૂ થયેલ છે. તપસ્વીઓને રૂા. ૫–૫ મુજબની પ્રભાવનાઓ આપવામાં આવી હતી. અઠ્ઠાઈમહોત્સવ પણ શરૂ થયેલ.




# સતનામાં સાધ્વીશ્રી સુબોદયાશ્રીજીની સુરમ્ય સુવાસ

વ્યાખ્યાન વાચસ્પતિ કલિકુલકિરીટ આચાર્ય શ્રી લબ્ધિસૂરીશ્વરજીના પટ્ટ પ્રભાવક શ્રી જયંતસૂરીશ્વરજીના આજ્ઞાવર્તી સરલાશયી માતૃ સાધ્વી શ્રી સર્વોદયશ્રીના શિષ્યા સાધ્વી શ્રી સુબોદયાશ્રી આદિ ઠાણા ૪ અમારે આંગણે ચાતુર્માસાર્થે પધારેલ છે. તેઓશ્રીના પદાર્પણથી અમારા ગામની રોનક બદલાઈ ગઈ છે. તેઓશ્રીના ચાતુર્માસ પ્રવેશને દિવસે કોઈ સમય અમારા ગામમાં નહિ થયેલ એવા મહામંગલકારી ૮૧ આયંબિલની તપશ્ચર્યા થઈ હતી. તે ઉપરાંત તેઓશ્રી જે દિવસથી અત્રે પધાર્યા ત્યારથી નાના બાળકોમાં–યુવકોમાં અને વૃદ્ધોમાં વિવિધ હરિફાઈઓ યોજીને દરેકને ધર્મમાર્ગે પ્રયાણ કરાવે છે. દર રવિવારે વિવિધ વિષયો ઉપર વ્યાખ્યાન અને અવનવી હરિફાઈઓ યોજાય છે. શાસ્ત્રકાર મહર્ષિયો ફરમાવે છે "पढमं नाणं तओ दया" સૌ પ્રથમ માનવીમાં જ્ઞાનની આછી પણ ચીનગારી પ્રગટતી હશે તો આગળ ઉપર તે મહાજ્ઞાની બની શકશે. તે માટે સૌ પ્રથમ અઠવાડિયામાં ૫૧ ગાથાની હરિફાઈ રાખેલ. જેમાં ૧૧ આરાધકો ઉત્તીર્ણ થયા.

માનવી બુદ્ધિનો ભંડાર હોવાથી અભ્યાસ તો કરી લે પરંતુ તેની શુદ્ધ–અશુદ્ધતાનો ખ્યાલ ત્યારે જ આવે છે કે જ્યારે પ્રેકટીકલ થાય. તે માટે બીજા અઠવાડિયામાં "લોગસ્સ સૂત્ર" લખવાની હરિફાઈ રાખેલ. જેમાં ૨૦ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયેલ.

આટલું જ્ઞાન મળ્યા પછી તેઓમાં કેટલી સમતાં ભાવનો વિકાસ થયો છે તેની યોગ્યતા જોવા માટે અઠવાડિયામાં ૫૧ સામાયિક કરવાની હરિફાઈ રાખેલ. આ હરિફાઈમાં જેઓ "યાવજ્જીવ"નું ચારિત્ર લેવા માટે નિર્બળ હતાં તેમણે પણ પ્રાયઃ તપની સાથે આખો દિવસ સામાયિકમાં જ પોતાને દિવસ પસાર કરી થોડા દિવસના ચારિત્રના પ્રભાવની મજા પણ માણી લીધી. આ હરિફાઈમાં આશ્ચર્યની વાત તો એ છે કે જે આખો દિવસ ઘરનાં બારણાંની સાથે ગેલ કરતાં માઉં ખાઉં કરતા ૬–૭ વર્ષના કુમળા બાળકોએ પણ વિજયમાળા પહેરી. ૧૫ વર્ષના એક બહેને (લક્ષ્મીબહેન) આઠ દિવસમાં ૧૨૫ સામાયિક કરી ચારિત્રનો સ્વાદ ચાખ્યો. વીર્ય કેવું પ્રગટયું છે તે જોવા માટે ૫ મિનિટમાં કોણ સૌથી વધુ ખમાસમણાં દઈ શકે છે? આ હરિફાઈ યોજેલ. જેમાં ૩ ભાવિકોનો નંબર આવ્યો. ૧૫૩ ખમાસમણાં દઈ પોતાની કેટલી શક્તિ છે તે જોયું.

હવે સતના નગરવાસીઓ માટેનો અનુપમ પ્રસંગ કવિકુલ કીરીટ આચાર્ય શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજીની ૧૨મી સ્વર્ગતિથિનો આવ્યો. આ નિમિત્તે પંચાહ્નિકામહોત્સવ ખુબ જ ઠાઠમાઠથી હર્ષોલ્લાસથી નિર્વિઘ્ને પરિપૂર્ણ કરી પોતાના માનવજીવનને ધન્ય બનાવ્યું. છે. શ્રાવણ શુકલ ૧ થી સુદ ૫ ગુરૂદેવશ્રીનું જીવન ચરિત્ર વંચાયું. પ્રથમ દિવસે ઉપવાસ ૮૧ અને અઠ્ઠમ ૫૧ થયેલ. ૩–૪–૫ અઠ્ઠમતપની મહાન આરાધનામાં અત્તરવાયણાં શ્રી હાથીભાઈ દેવકરનભાઈ તરફથી થયેલ. શુ. ૬ના શ્રી તેજપાલ સોમચંદભાઈ તરફથી તપસ્વીઓના પારણાં થયેલ. મહોત્સવના કળશરૂપ શાંતિપૂજા શ્રી હાથીભાઈ દેવકરન તરફથી સાધ્વીશ્રી મહારાજની નિશ્રામાં ખુબ જ ધામધૂમથી થયેલ. ખરેખર શાસનની આવી પ્રભાવના પ્રથમ જ જોવા મળી. ધન્ય હો વીરના શાસનને, ધન્ય હો એ ગુરૂવરોને.

શ્રાવણ સુદ ૩ના દિવસે નુતન જિનાલયમાં પાટલીનું મુહૂર્ત કરેલ ત્યારે મહાન માંગલિક કાર્યો થયેલ. મહાનસૂત્ર–ભક્તામરસૂત્ર સાધ્વીજીએ સંભળાવેલ. નૂતન જિનાલયનું કામ પૂરજોશથી ચાલી રહ્યું છે.


**વિનામૂલ્યે :** આચાર્ય શ્રી જિનેન્દ્રસૂરીશ્વરજી મ. સા.ની સ્મૃતિ અર્થે તેમનો ચાર કલરનો ફોટો શા. કસ્તુરભાઈ મહેન્દ્રકુમાર ઠે. મસ્કતી માર્કેટ, દુકાન નં. ૩૭, અમદાવાદ લખવાથી વિના મૂલ્યે મળશે. મઢાવવા વિનંતિ છે.

અમદાવાદ સાબરબાગ સોસાયટીમાં બિરાજીત સાધ્વીશ્રી શીલ ણાશ્રીજીએ સિદ્ધિતપની તપશ્ચર્યા નિમીત્તે શ્રી બૃહ સિદ્ધચક્રપૂજન સાથેનો પંચાન્હિકા મહોત્સવ મુનિ ા ચંદ્રશેખરવિજયજીની નિશ્રામાં તા. ૧૯-૮-૭૩થી ૨૨-૯-૭૩ સુધીનો ઉજવાયો છે. શ્રી હીરાબેન પૂ. વી. જૈન પાઠશાળાનો વાર્ષિક ઈનામી મેળાવડો તા. ૨૧ના મુનિશ્રીની નિશ્રામાં ગીતનૃત્ય સંવાદ અને પ્રવચનાદિથી યોજાયો હતો. ઇનામો સંઘવી શેઠશ્રી ધનજીભાઈ કાનજીભાઈ કાછોલીવાળાના શુભહસ્તે વહેંચાયા હતા.

પાંજરાપોળ ઉપાશ્રયે આ૦શ્રી કસ્તુરસૂરીશ્વરજીની નિશ્રામાં ચોવીશ તીર્થંકરોની આરાધનામાં ૧૫૦૦, શ્રી જીરાવલા પાર્શ્વનાથના અઠ્ઠમનાં ૨૦૦ અને તેની ચૈત્યપરિપાટીના કાર્યો થયેલ. આ૦શ્રી કુમુદ-ચંદ્રસૂરિ અને આચાર્યશ્રી ચંદ્રોદયસૂરિએ સૂરિમંત્રની બીજી ઓળીપૂર્ણ કરતા કોલ્હાપુરવાળા શા. અમૃતલાલ હીરાલાલ તરફથી શ્રી મોરીયા પાર્શ્વનાથ જિનાલયે શ્રા. વદિ ૧ના ૧૨૫૦૦ ફુલોની આંગી રચવામાં આવી હતી. આ ઉપરાત ૧૦૮ અભિષેકો થયેલ. પ્રખરવકતા આ૦શ્રી ચંદ્રોદયસૂરીશ્વરજીના દર રવીવારે અદ્ભુત શૈલીથી જુદા જુદા વિષયોના પ્રવચનો સાંભળવા હોલ ચીક્કાર ભરાય જાય છે.

ભાવનગર : આ વિજયમેરુપ્રભસૂરીશ્વરજી મ૦ સા.ની શુભ નિશ્રામાં શ્રાવણ વદ-૪-૫-૬ના શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ ભગવંતના અઠ્ઠમ અખંડ દીપક-જાપ સહિત લગભગ ૩૫૦ ઉપરાંતની સંખ્યામાં થયેલ. નાની વયના ૧૦-૧૫ બાળક-બાલિકાઓ જોડાયેલ. આ અઠ્ઠમતપના અત્તરવાયણા-પારણા અને પ્રભાવનાનો લાભ જસાણી જેઠાલાલ કુંવરજી ઊમરાળાવાળા ગ્રુપે લીધેલ. બીજી નાની-મોટી આઠ પ્રભાવનાં થયેલ. પ્રસ્તુત સારી રકમની સામુદાયિક ટીપ થયેલ. દરેક તપસ્વીઓને સુંદર પૂજાની પેટી આપવામાં આવનાર છે. એકંદરે નાની-મોટી તપ-શ્ચર્યાઓની સંખ્યા સારા પ્રમાણમાં છે. શ્રા.વદ-૫ ના પૂ. આચાર્યશ્રીજીએ રોચક શૈલીમાં "અવસર બેર બેર નહિ આવે" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપેલ. શ્રોતાજનોએ સારી સંખ્યામાં પધારી લાભ લીધેલ.

દાદાસાહેબમાં પં. શ્રી બળવંતવિજયજીની નિશ્રામાં નવદિવસના એકાસણા સાથે નવકારમંત્રના જાપ થતાં ૧૭૫ની સંખ્યા (આબાલ-વૃદ્ધ) જોડાયેલ. આ વિસ્તારના શ્રીસંઘે નવે દિવસ એકાસણા કરાવ્યા હતાં. આ પછી શ્રી શં. પાર્શ્વનાથના અઠ્ઠમોમાં પણ ૧૨૫ની સંખ્યા જોડાઇ હતી. અત્તરવાયણા તથા પારણા શેઠ જગજીવનદાસ મગનલાલ દાઠાવાળાએ કરાવેલ. જુદી જુદી ૧૯ પ્રભાવનાઓ થઇ હતી. આરાધનાણાં પર્યુષણ જેવી ધૂમધામ જોવામાં આવતી હતી.

પર્યુષણપર્વના પુનિત પ્રસંગે સર્વને
અમારા... "મિચ્છામિ દુક્કડમ્"

PRAVINCHANDRA & Co.
158-60 Kalbadevi Road
BOMBAY-2.
Phone: 113433/311444

અવશ્ય વાંચો "જૈન" સાપ્તાહિક

[આ વર્ષ દુષ્કાળનું હોય, માનવરાહતની, જીવદયાની તેમ જ અન્ય સંસ્થાઓને સહકાર આપવાનું રખે ચુકતા.]

પારિતોષિકો : શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ તરફથી ૧૯૭૮ ના પારિતોષિકો માંહે શ્રી માણેકબા જૈન વિદ્યાર્થી પારિતોષિક એસ એસ. સી. માં પ્રથમ આવેલ શ્રી રશ્મિકાન્ત કનુભાઈ દોશીને અને સંસ્કૃતમાં કુ. ઇલા કપુરચંદ વોરાને શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશીપ પ્રાપ્ત થયેલ છે. બી. એસ. સી. ( ટેક ) માં આગળ અભ્યાસ કરવા ઈચ્છતા શ્રી ગિરિશકુમાર એસ. શાહને શેઠ હેમચંદ ચત્રભુજ સ્કોલરશીપ મળેલ છે.

વેરાવળ : મુનિશ્રી ચંદ્રશેખરવિજયજીની નિશ્રામાં ભ. મહાવીરની વર્ષગાંઠ નિમિત્તે એક ભાઈ તરફથી પંચાન્હિકા મહોત્સવ ઉજવાયેલ. શ્રી ગોરધનદાસ દીપચંદના સુપુત્રો તરફથી ૩ દિવસની પૂજા થતાં સુમતિ–પાર્શ્વ અને મહાવીર મંડળે સારી રમઝટ બોલાવેલ. શ્રી સંઘમાં વિવિધ તપશ્ચર્યાઓ થઈ રહી છે, તેની અનુમોદનાર્થે પ્રભાવનાદિ થાય છે. વ્યાખ્યાન તેમજ પ્રતિક્રમણમાં પણ પ્રભાવનાઓ થાય છે.

ભૂજપુર : આગમપ્રજ્ઞ કીર્તિસાગરજીની નિશ્રામાં નવકાર મંત્રના જાપ સાથે એકાસણા, શં. પાર્શ્વનાથના અઠ્ઠમો, શ્રી ગૌતમસ્વામીજીના અઠ્ઠમોની તપશ્ચર્યા થઈ છે. જ્ઞાનશાળાના બાલક–બાલિકાઓની પરીક્ષા મુનિશ્રી કલાપ્રભસાગરજીએ લેતા શા મોકાસી જેસંગ તરફથી ઇનામ વિતરણ થયેલ. વ્યાખ્યાનમાં તરંગવતિ ચરિત્ર સુંદર શૈલીમાં વંચાઇ રહેલ છે.

ભરૂચ : વેજલપુરમાં સાધ્વીશ્રી નેમશ્રીજીની નિશ્રામાં શ્રા. શુ. ૫ના આ. શ્રી કેસરસૂરિજીની પૂણ્યતિથિ ગુણાનુવાદ સભા યોજાતા શ્રી કેશુભાઈ, શ્રી ચંદ્રકાન્ત માસ્તર, ડો. ભગવાનદાસના પ્રવચનો થયા હતા. બપોરે ૫૬ દિક્કુમારીકાનું સ્નાત્ર રાસ–ગરબાથી ઉજવાયેલ. આ પ્રસંગ યાદગાર નિવડયો હતો. શ્રી સંઘની આગ્રહભરી વિનતીથી પૂ. સાધ્વીજી મહારાજ પર્યુષણના વ્યાખ્યાનો વાંચશે. જેનો ભાઈઓ–બહેનો સૌએ લાભ લેવાનો નિર્ણય કરવામાં આવેલ છે. સંઘમાં અને સાધ્વી સમુદાયમાં વિવિધ તપ આરાધના થઇ રહી છે.


રાગ દ્વેષને દૂર કરીને મૈત્રી ચાહું આપની. દીલમાં દર્દ અને આંખમાં આંસુ સાથે આપ સૌને અંતઃકરણથી ખમાવું છું.

અનેક શુભેચ્છાઓ સાથે

સ્થાપના : ૧૯૫૩

ઓફીસ : ૫૬૨
રહેઠાણ : ૧૦૭૦

સ્થાપક : સ્વ૦ મણીલાલ જીવરાજ શાહ ( વઢવાણવાળા )

સંચાલક :

**અમૃતલાલ મણીલાલ શાહ**

ડીલર્સ :- એશીયન પેઇન્ટસ, એપકોલેક પેઈન્ટસ, ગેલ્વેનાઈઝ પાઈપ તથા પાઇપ ફીટીંગ તથા સ્લુસ એન્ડ રીફલેકસ વાલ્વ, મશીનરી તથા દરેક એન્જીનોને લગતા સ્પેરપાર્ટસ, સેકશન હોસ પાઇપ તથા ડીલીવરી હોસ પાઈપ તથા કોલ હોસ પાઈપના મુખ્ય વિક્રેતા સ્પેશીયાલીસ્ટ : બોલબેરીંગ ટેપર એન્ડ રોલર તથા રબરબેલ્ટીંગ, પાણીના પમ્પો, પટ્ટાઓ, સ્પીટપુલી તથા ટુલ્સના સ્ટોકીસ્ટ.

**મે. અરૂણ એન્ડ કંપની**

ગણપતી પેઠ, સાંગલી ( મહારાષ્ટ્ર ) S. RLy.